બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

શ્રી આનંદ – ક્ષમા – લલિત – સુશીલ – સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

અભિનવ "હેમ" લઘુપ્રક્રિયા

ભાગ = પહેલા

મૂલ કર્તા :– પૂ. મહોપાધ્યાય વિનય વિજયજી ગણિવર્ય

ગ્રન્થ રચના પ્રેરણા દાતા

વિદ્યાભ્યાસંગી પૂ. મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મહારાજ સાહેબ





સંપાદન – અનુવાદ – સસંદર્ભ વિવરણ

પૂ. ગ્રેજ્યુએટ પ્રવચનકાર મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ.સા.ના શિષ્ય


પૂ. મુનિરાજશ્રી દીપરત્નસાગરજી (M. Com. M. Ed.)

કિંમત :– પઠન પાઠન

સંવત ૨૦૪૨ વીર સંવત ૨૫૧૨ સને ૧૯૮૬ વિજયા દશમી

પૂ. આગમોદ્ધારક આ. દેવ શ્રી આનંદસાગરસૂરિજી મ. સા.







વિજ્ઞપ્તિ

પૂજ્ય આચાર્યાદિ મુનિવરો તેમજ અન્ય વિદ્વાનો વગેરે

ચતુર્વિધ શ્રી સંઘને નમ્ર વિનંતી

આ પુસ્તક સંબંધિ સૂચનો, મંતવ્યો, સુધારણા વગેરે જરૂરી લાગે તે નીચેના સરનામે સત્વરે લખી મોકલશો.

પૂ. મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ. સા.

C/O. પ્રવીણચંદ્ર જે. મહેતા હેડ પોસ્ટ ઓફિસ પાછળ, જામનગર

મુદ્રક
ગિરીશભાઈ કોઠારી
શ્રી મહાવીર પ્રિન્ટીંગ પ્રેસ
નાની બજાર,
ધ્રોલ.

પ્રકાશક
અભિનવ શ્રુત પ્રકાશન
C/O. પ્રવિણચંદ્ર જે. મહેતા
" કલ્યાણ નિવાસ "
હેડ પોસ્ટ ઓફિસ પાછળ,
જામનગર.

શ્રી નેમિનાથ ભગવાન



કૃષ્ણ-બલભદ્રજી પૂજિત કસે ટીના પ્રતિમાજી

(જે દહેરાસરજીનું બારણું મોટું થતુ નથી
અને શિખર થતું નથી.)



શ્રી નેમિનાથ ભગવાન

જામનગરના શેઠજીના દહેરાસરજીના
જૂના મૂળનાયકજી
(હાલ અરિહંત રૂપે ઉપ બિરાજમાન
કરી પુન: પ્રતિષ્ઠા થયેલ છે)
(૫૦૦ વર્ષ કરતાં જૂના આ પ્રતિમાજી છે)

બાલ બ્રહ્મચારી પ્રભુના દર્શન પૂર્વક અભ્યાસ કરતાં અભ્યાસી-અભ્યાસક નિર્મલ બ્રહ્મચર્ય પામી પરંપરાએ શાશ્વત સુખને પામો એ શુભેચ્છા

-: પ્રસ્તાવના :-

નામાભિધાન :- આ ગ્રંથનું નામ અભિનવ 'હેમ' લઘુ પ્રક્રીયા કેમ ?

ખરેખર તો આ ગ્રંથનું અપર નામ "ગુરૂકૃપા" રાખવું જોઇએ. કારણ કે સૌ પ્રથમ વર્ષે બે બુક, પછી સિદ્ધહેમ વ્યાકરણ માટે એક વર્ષ અને પછી બે વર્ષ આ ગ્રંથનુ લેખન કાર્ય એમ ચાર વર્ષ પર્યન્ત મારા **પૂ. ગુરુદેવ મુનિરાજ શ્રી સુધર્મ સાગરજી મહારાજ** સાહેબે મારા પર કોઇ જ કામ કે જવાબદારી મુકયા નહીં, માત્ર હુ ભણ્યા કરું-લખ્યા કરૂ બધીજ કાર્ય ઓઝ-ગોચરી પાણી પણ પૂ ગુરુ મહારાજે જ સંભાળ્યા પૂરતો સમય અધ્યયન માટે મળ્યો, ચોમાસાની પસંદગી પણ મારા અભ્યાસને આશ્રીનેજ કરતા હતા પુસ્તક-પ્રત કે તેવી જે અન્ય સામગ્રીની જરૂર પડે તે પણ તેટલીજ ઝડપથી મેળવી આપતા હતા અને જે "સિદ્ધહેમ" માટે ભણવાની મારી આનાકાની હતી તે પણ તેઓએ પૂરા ઉત્સાહથી, પ્રોત્સાહન આપવા પુર્વક, આગ્રહ પૂર્વક બધીજ અનુકુળતા ઉભી કરીને પણ મને ભણવા અને પછી આ ગ્રંથ લખવા માટે વિશિષ્ટ પ્રેરણા આપી- એકજ ધ્યેય- કે હું ભણીને ભવિષ્યમાં બે-પાંચ ને પણ પણ ભણાવી શકું-અથવા- આ ગ્રંથથી ઘણા પૂ સાધુ સાધ્વીજી મહારાજોને સ્વ-અધ્યયનની તક મળે-એમ કરતા ગ્રન્થ લખાયો, પ્રકાશન ખર્ચનો અંદાજ મેળવ્યો તે. રૂા. ૮૦૦૦૦ થી ૧-લાખ-મને થયું હવે આ ગ્રન્થ અભેરાઇ ને જ શોભાવી શકે, પ્રકાશિત ન થઇ શકે. ૭ માસ પડી રહ્યા બાદ ફરી મારા માટે જ પૂ ગુરુદેવ શ્રી સુધર્મ સાગરજીને મહેનતું બનવુ પડયું-તેમણે કહયું કે "તુ પ્રેસ કોપી તો કર" પ્રકાશન થશે-અને તેમનીજ સંપૂર્ણ પ્રેરણા-અને માંડલી કામકાજ ઉપરાંત પૂ. વડીલો સાથેના પત્ર વ્યવહાર દ્વારા તેઓએ સ્વાભાવિક અને દૃઢ વિશ્વાસ પૂર્વક મક્કમ ગતિએ આગળ વધીને પ્રકાશન માટેની ખર્ચની જવાબદારી પૂર્ણ કરાવી. મારે તો માત્ર થોડા મહીનાઓની મહેનત અને સંકલન બુધ્ધિથી જસ લેવાનોજ રહ્યો ટુંકમાં કહું તો માત્ર ચાર વર્ષના ટુંકા દીક્ષા પર્યાયમાં આટલું મોટું-ભગીરથ કાર્ય પૂર્ણ થવાની સફળતાનુ એક માત્ર રહસ્ય એ કે બાકીના તમામ ક્ષેત્રે મારા પૂ ગુરુદેવ સફળ અને સમર્થ હતા

આમ છતાં આ ગ્રન્થનુ નામ "ગુરૂકૃપા" ન રાખતાં અભિનવ 'હેમ' લઘુ પ્રક્રીયા કેમ ? પૂ. ગુરુમહારાજે જ "અભિનવ લઘુ પ્રક્રિયા" એવુ નામ સુચવેલુ, એટલે આ નામાભિધાન પણ તેમની જ સહજ સ્ફૂરણાની પ્રસાદી ગણાય-અને 'હેમ' શબ્દ વચ્ચે ગોઠવવાનુ સુચન પૂ આ. દેવ મિત્રાનંદ સૂરીશ્વરજીનું હતું-અમને પણ થયું કે કલિકાલ સર્વજ્ઞ ભગવંત પૂજ્ય હેમચંદ્રાચાર્યનું પ્રભિધાન કર્યા સિવાય આગળ વધવું ઠીક નથી માટે અભિનવ 'હેમ' લઘુ પ્રક્રીયા નામાભિધાન થયું.

ઉદ્‌ભવ

૧૧૯૩-૯૫ના સમય ગાળામાં પૂ. કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે **સિદ્ધહેમ શબ્દાનુશાસનની** રચના કરી પછી તત્સમ્બન્ધિ અન્ય સંસ્કૃત સાહિત્યોની રચનાઓ થઇ, જુદા જુદા વિદ્વાનોએ અષ્ટાધ્યાયી ક્રમમાં રહેલાં શબ્દનુશાસનને પ્રક્રિયા ક્રમમાં ફેરવ્યો પણ તે બધામાં મહોપાધ્યાય વિનય વિજયજી દ્વારા ૧૭૧૦ માં રચાયેલ **હૈમ લઘુપ્રાક્રયા** પૂસ્તક વધુ પ્રચલિત બન્યું આજ પર્યન્ત તે ગ્રન્થનો અભ્યાસ પૂ સાધુ સાધ્વીજી કરી રહ્યા છે.

સમયના વહેણ સાથે પલટાતી પરિસ્થિતીમાં પૂ. સાધુ સાધ્વીજી મહારાજાને 0 પંડિતો પ્રાપ્ત થવા મુસ્કેલ બનતા જાય છે, 0 પ્રત્યેક સ્થાનોમાં શ્રી સંઘો દ્વારા પંડિતોની સગવડ મળવી પણ સુલભ નથી 0 મહિને ૪૦૦-૫૦૦ રૂા. જેવી રકમ પંડિતો માટે આપવાની થાય તે પૂ સાધુ મહારાજે કરતાં પણ પૂ. સાધ્વીજીઓને કેટલી દુર્લભ છે તે અનુભવી જ સમજી શકે-મારા જ પુજય ગુરૂદેવને અત્યંત જ્ઞાન પિપાસા છતાં રૂા. ૧૫ ના નજીવા તફાવત માટે એક ચાતુર્માસમાં અભ્યાસ થઇ શકયો ન હેતો આવી મુસ્કેલીઓ તો કેટલાંયે વડીલોના મુખેથી સાંભળી-આવા કારણોસર જ કયારેક ગામડામાં ચાતુર્માસ માટે પણ સંમતિ અપાતી નથી. આ અને આવા કેટલાંક કારણોની માનસ વિચારણા ચાલતી હતી જ-ત્યાં પૂ. આ વિજય સુશીલ સૂરીશ્વરજી કૃત હેમશબ્દાનુશાશન સુધા ભાગ -૧ પુસ્તક હાથમા આવ્યું અને એક વિચાર સ્ફુર્યો મારા પૂ. ગુરુદેવશ્રી ને વાત કરી સંદર્ભગ્રન્થો એકઠા કર્યા અને લઘુ પ્રકીયા ગ્રન્થનુ ગુજરાતી ભાષાન્તર શરૂ કરવા નકકી કર્યુ

હૈમ લઘુ પ્રક્રિયા ગ્રન્થ ઘણાં ભણી રહ્યા છે ૧૭૧૦ થી આજ સુધી એનું ભાષાન્તર થયુ નથી. અભ્યાસકની સુવીધા અને પંડિત તથા ખર્ચની દુર્લભતા નિવારવા તેનું ભાષાન્તર કરવું યોગ્ય લાગ્યુ પૂ. જિતરત્ન સાગરજી તથા પૂ મુકિતરત્ન સાગરજી પાસેથી તેમના પ્રક્રિયા અભ્યાસની નોટ્સ મેળવી. શ્રી શંખેશ્વર આગમમંદિરમાં ઉપાશ્રયમાં આ કાર્યનો આરંભ કર્યો મારા પૂ ગુરુ મહારાજની ઇચ્છા એવી હતી કે પુસ્તક માત્ર અનુવાદ સ્વરૂપે ન રાખવું પણ વિવિધ ગ્રન્થોનો એવો નિચોડ મુકવો કે જે ગ્રન્થોનો અભ્યાસ લઘુવૃત્તિ ભણનારા પણ ભાગ્યે જ કરતાં હોય. તેથી લગભગ ૭ માસ સુધી વિવિધ ગ્રન્થો એકઠા કર્યા અને મૂળ ગ્રન્થ કરતાં લગભગ ત્રણ ગણા મોટાં એવા આ અભિનવ 'હૈમ' લઘુ પ્રક્રિયા નામક અનુવાદ અને વિવેચન ગ્રન્થનો ઉદ્‌ભવ થયો જેમાં અભ્યાસક પૂ સાધુ-સાધ્વીજી મ. ગુજરાતી માધ્યમ દ્વારા પ્રક્રિયા ક્રમમાં તત્સમ્બન્ધિ સૂત્રોમાં લઘુવૃત્તિ કરતાં પણ વધારે માહિતીપૂર્ણ અને સરળ રીતે સિદ્ધહેમ શબ્દાનુશાશનનું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે તેવી અતુટ શ્રદ્ધા છે.

0 વ્યાકરણ અભ્યાસ શા માટે ?

વિદ્યા વ્યાસંગી પૂ. ગુરુદેવ શ્રી સુધર્મસાગરજી મ.સા. ની અનન્ય પ્રેરણાથી ઉદ્દભવેલ આ ગ્રંથ તૈયાર થયો પણ વ્યાકરણ અભ્યાસની આવશ્યકતા સમજ્યા વિના માત્ર ગતાનુગતિક રીતે એ સુકથી લઘુવૃત્તિ પર્યન્તનાં અભ્યાસને આપણા નિસ્પૃહી પંડીતવર્ય શ્રી વસુભાઈ "કાળી મજુરી" સમાન ગણે છે. તેથી વ્યાકરણ અભ્યાસનું મહત્વ માનસમાં પ્રતિપાદિત કરીને ધ્યેયસિદ્ધિની દિશામાં કદમ માંડવા ઉચિત જણાય

કોઈપણ ભાષાનાં પ્રમાણિક અને સર્વાંગસંપૂર્ણ અભ્યાસ માટે તેના વ્યાકરણનું જ્ઞાન નિતાન્ત આવશ્યક છે. વાણી દ્વારા માનવ પોતાના વિચારોને આકાર આપે છે – વાણીનુ નિયમન વ્યાકરણ થકી થાય છે. તેથી વ્યાકરણ અભ્યાસ વિના શિષ્ટ વાણી વ્યવહાર મુશ્કેલ બને. શાસ્ત્રગ્રંથોના અધ્યયન અને પરિશીલન માટે પણ વ્યાકરણ જ્ઞાન આવશ્યક છે. તેથી જ કહેવાય છે કે :-

"વ્યાકરણ એ ભાષાનું ઉત્પાદક શાસ્ત્ર છે. પ્રયોગનું શુદ્ધત્વનું જ્ઞાન કરાવનાર છે શાસ્ત્રમાં નૂતન જ્યોત પ્રગટાવનાર છે. સકલ શાસ્ત્રમાં દીપક સમાન છે ... શબ્દ ધાતુરૂપ દરિયો છે. સંજ્ઞા પરિભાષા ન્યાયો–ગણો–ધાતુઓ–કારકો અવ્યયો પ્રત્યયો આદિને પ્રતિપાદન કરનાર અનુપમ ખજાનો છે.–ગ્રન્થ રચનામાં સહાયક છે –ગ્રન્થ માર્ગમાં મુસાફરી કરનારને ભોમિયા તુલ્ય છે."

0 "લોકમાં અને શાસ્ત્રમાં આવતા શબ્દો જેના વડે સધાય એવું જે શબ્દ શાસ્ત્ર તેનું નામ વ્યાકરણ."

—

'આવશ્યક વૃત્તિ' પૂ. હરિભદ્રસૂરિજી

0 વ્યાકરણ ભણવાથી પદની સિદ્ધિ થાય છે. પદની સિદ્ધિ થવાથી અર્થનો નિર્ણય થાય છે. અર્થનો નિર્ણય થવાથી તત્ત્વનું જ્ઞાન થાય છે. તત્ત્વજ્ઞાન થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે

શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર

મેં પોતે સંસારી પણામાં યુનિવર્સિટી માન્ય ચાર ડીગ્રી-B. Com, M. Com, B. Ed. M. Ed. પ્રાપ્ત કરી અને Ph.d. માટે વાંચન-અભ્યાસ કર્યો તેના નિચોડ રૂપે એક વાત તો સ્પષ્ટ સમજાઇ કે કોઈપણ વિષયના તલસ્પર્શી અભ્યાસમાં તેના પાયાના ચોક્કસ સિદ્ધાંતો સંકલ્પનાઓ કે મૂળભૂત તત્વોનો સ્પષ્ટ ખ્યાલ જરૂરી છે. તો પછી માતૃભાષા સિવાયની અને વાણી વ્યવહારમાં પરોક્ષ બનેલી એવી સંસ્કૃત ભાષાના પથ પર વ્યાકરણ સિવાય કઇ રીતે કદમ માંડી શકાય ?

0 આ અભિનવ 'હેમ' લઘુપ્રક્રિયાના અભ્યાસનું મહત્ત્વ :–

જે રીતે અષ્ટાધ્યાયી (સિધ્ધહેમમાં સાત અધ્યાય) ક્રમમાં રચાયેલ વ્યાકરણોને કાલક્રમે પ્રક્રિયા ક્રમમાં પરિવર્તિત કરવાની આવશ્યકતા ઉદ્ભવી અને જુદા જુદા પ્રક્રિયા પુસ્તકોની રચના થઇ, હેમ લઘુપ્રક્રિયાને પણ મુદ્રિત કરાવતી વખતે પૂ. **આ. દેવ પ્રિયંકરસૂરિજીએ** "ટીપ્પણો" ને મુકીને અભ્યાસકને સરળ અભ્યાસ કાર્યમાં મદદરૂપ થવા પ્રયાસ કર્યો, તે રીતે આ અનુવાદ **સ્વઅધ્યયન–અધ્યાપન કાર્યમાં તો ઉપયોગી** થશે–તદ્ઉપરાંત તેમાં નિમ્ન લિખિત વિશેષતાઓ સમાવિષ્ટ છે, તે અભ્યાસને સઘન બનાવશે.

0 માત્ર બે બુક કરતા વિશેષ જાણકારી મળે

0 લઘુવૃત્તિના અભ્યાસમાં પણ ઉદ્ભવતી કેટલીક સમસ્યાઓનું અહીં બૃહદ્વૃત્તિ––ન્યાસ જેવા સંદર્ભગ્રન્થો દ્વારા થયેલ ગુજરાતી અવતરણ **સંદિગ્ધતાને નિવારવા મદદ રૂપ બને :–**

0 **સૂત્ર સમ્બન્ધી આમ કેમ ?** એવા કેટલાંક પ્રશ્નો ઉપસ્થિત થશે દા. ત. સ્વર સન્ધિ સૂત્ર : ૧૪ एदोतः पदान्ते डस्य लुक्–એ સૂત્રની વૃત્તિમાં पदान्ते કેમ ? એવો પ્રશ્ન પ્રક્રિયાકોરે લખ્યો છે. પણ આવું નિદર્શન કોઇકજ સૂત્રમાં થયું છે– જ્યારે બૃહદ્વૃત્તિમાં આવા પ્રશ્નો પૂરતાં પ્રમાણમાં છે– તેમાંના મોટા ભાગના પ્રશ્નોનો અનુવાદ આ ગ્રંથમાં આપીને **સૂત્રને અસંદિગ્ધ બનાવવા પ્રયાસ** થયો છે.

0 **કેટલાંક સૂત્રોની વૃત્તિ પ્રક્રિયાકારે અપૂર્ણ રાખી છે.** જેમકે ङणो कटावन्तौ शिटि नवा :– વ્યંજન સન્ધિ સૂત્રઃ ૯ અહીં વૃત્તિમાં "पदान्ते" જ માત્ર લખ્યું છે. બાકીનો અર્થ સૂત્ર પરથી સમજવાનો છે.–તેવા સંજોગોમાં આ ગ્રન્થમાં આપેલ વૃત્યર્થ વિશેષ મહત્વનો બની રહે છે–કેમકે આવી અપૂર્ણ વૃત્તિમાં સિદ્ધહેમ શબ્દાનુશાસનની વૃત્તિને આધારે કરેલો અનુવાદ પણ સાથે મુકેલ છે.

0 **अनु, पदान्ते જેવા શબ્દો પ્રક્રિયાની વૃત્તિમાં છોડી દેવાયા છે** પણ અર્થની દૃષ્ટિએ **જરૂરી** જણાતા તેને અનુવાદ કરતી વખતે યોગ્ય સ્થાન આપેલ છે. જેમકે રેફસન્ધિ સૂત્રઃ ૧૧ रोरेलुगदीर्घश्चादि दुतः માં अनु લખ્યું નથી–તો આ ગ્રન્થના વૃત્યર્થમાં अनु શબ્દ અને તેનું કાર્ય સ્પષ્ટ કરાયેલ છે.

0 दिवऔः सौ વ્યંજનાન્ત સ્ત્રીલીંગ સૂત્ર-૬ની જેમ કેટલાંક **સૂત્રોમાં વૃત્તિજઆપી નથી** તે સ્થિતિમાં અભ્યાસક કે નૂતન અધ્યાપકને આ ગ્રંથ વૃત્યર્થ પૂરો પાડશે.

0 त्रि चतुर स्तिसृ–चतसृस्यादौ–વ્યંજનાન્ત સ્ત્રીલીંગ સૂત્ર–૪ (પ્રક્રિયા અને હૈમપ્રકાશ બન્નેમાં) વૃત્તિમાં स्वरादि શબ્દ લખ્યો છે–પણ સિદ્ધહેમ શબ્દાનુશાસન તથા અન્ય પ્રક્રિયા ગ્રન્થ જોતાં સ્પષ્ટ થાય છે કે પ્રક્રિયાકાર અથવા મુદ્રણકારે આ શબ્દ સ્ખલનાથી નોંધેલ છે–અભ્યાસક તેને કંઠસ્થ ન કરી બેસે તે માટે આ ગ્રંથ તે **શબ્દની અપ્રસ્તુતતા પ્રગટ કરે છે.**

0 પ્રક્રિયામાં કેટલાક સૂત્રો એવા છે કે જેમાં એક કરતા વધારે સૂત્રોની વૃતિ અથવા સૂત્ર સાથે પ્રત્યક્ષ સંબંધ ન ધરાવતી વિગતો આવેલી છે. તો ત્યાં અભ્યાસકને મુંઝવણ ન થાય તે રીતે શેષવૃત્તિના અલગ વિભાગમાં આવા સૂત્રોનું પૃથકરણ કરેલ છે. જેમકે રોર્ય: સૂત્ર. સ્વરે વા અને રોર્ય: બન્નેની વૃત્તિ ભેગી કરી દીધી

0 સ્વરે વા ડ નશ્ચ જેવા સૂત્રોમાં કેવળ (ગગન) ઉદાહરણ આપીને બીજા સૂત્રને જોડી દેવાયું છે. ત્યા અનુવાદ કરતી વખતે તે ઉદાહરણનુ મૂળ સૂત્ર તથા વૃત્તિ અલગ પાડી ઉદાહરણ સ્પષ્ટ કરેલ છે.

0 કેટલાક સૂત્રોમાં અંતર્ગત એવા બીજા સૂત્રો " કે જેનું સૂત્ર કે વૃત્તિ " કંઇજ લખ્યા વિના ગોઠવાયા છે જેમકે વાઽન્તૌ સમાસે – ક્વચિત્ કહીને છોડી દીધુ છે. ત્યા મૂળ સૂત્રો અને વૃત્તિ સિદ્ધહેમ વ્યાકરણાધારે નોંધી અને અનુવાદમાં સ્પષ્ટ સમજ આપેલી છે.

સંક્ષેપમા કહીએ તો વૃતિનો અભાવ, અપૂર્ણ વૃતિ, વૃતિમાં સ્ખલના, એક કરતા વધુ સૂત્રોની સાથેજ ગોઠવણી મૂળ સૂત્ર સિવાયના અન્ય સૂત્રો હોય પણ વૃતિ નહીં, વૃતિ હોય તો સૂત્રો નહીં, કયાંક માત્ર ઉદાહરણ હોવા–આવા પ્રકારની પ્રક્રિયાની રચનાને કારણે અભ્યાસમાં પ્રવર્તતિ અનેક સંદિગ્ધતાના નિવારણ માટે પૂરતો પ્રયાસ કર્યો છે

0 સંદર્ભસાહિત્ય પરથી ન્યાયોની લિંગાનુશાસન પરથી લિંગ નિર્ણયની, કયાંક ઉણાદિની એમ પ્રસંગોચિત જ્યાં જે જે સંદર્ભ આવશ્યક લાગ્યા તેની મૂળ સંદર્ભ સહિત નોંધ કરાયેલી છે.

0 લઘુ પ્રક્રિયાની મૂળવૃત્તિ પણ જેમનીતેમ નોંધી છે. જેથી મૂળ ગ્રન્થને શોધવા જવાની કે બે પુસ્તકો રાખવાની આવશ્યકતા ન રહે

0 કયાક કયાંક નામના રૂપોની સાધનિકાઓ પણ આપી છે. જેથી આગળ-પાછળના સૂત્ર સંબંધો સ્પષ્ટ બની રહે.

0 વિશેષ સંદર્ભ સાહિત્યની વિશિષ્ટતાને પણ અનુવાદ કરી સ્થાન આપેલું છે.

0 પરિશિષ્ટોની રચના કરી શબ્દરૂપાવલી જેવા વિભાગનો પણ સમાવેશ થયો છે.

આમ આ અનુવાદ ગ્રંથ માત્ર લઘુપ્રક્રિયાનોજ બોધ ન કરાવતા બૃહદ્ વૃતિ, ન્યાય સંગ્રહ, ઉણાદિ, લિંગાનુશાસન, ગણપાઠ વગેરેની મદદથી પંચાંગી વ્યાકરણનો બોધ કરાવે છે – જે પ્રક્રિયા ઉપરાંત "માત્ર લઘુવૃતિના" અભ્યાસકને પણ ઉપયોગી થાય તેમ છે.

0 આ ગ્રંથનો ઉપયોગ કઇ રીતે કરશો :- (મારા પ. ગુરુદેવ શ્રી સુધર્મસાગરજી મ.સા. ની પ્રેરણાથી કેટલાંક દિશાસૂચનો :-

૧ અનુક્રમણિકામાં **પ્રત્યેક વિષયાંગનો અલગ પ્રકરણ રૂપે ઉલ્લેખ કરી** તેમા પ્રક્રિયા કારે દર્શાવેલા મૂળસૂત્રો તથા વણનોંધાયેલા અંતર્ગત સૂત્રોની સખ્યાની નોંધ અને પૃષ્ઠાંક દર્શાવેલા છે જેના આધરે અલગ અલગ પ્રકરણો શીખવાતું આયોજન થઇ શકશે તેમજ તે-તે પ્રકરણોની આદિમાં વિષયાંગની ભૂમિકા સ્પષ્ટ કરેલ છે. જેના વડે અભ્યાસ મુદ્દો સ્પષ્ટ થશે. જેમકે સન્ધિ વિષયમાં – સ્વર સન્ધિ વગેરેનો અર્થ સ્પષ્ટ કરી પ્રકરણ આરંભેલ છે.

૨ **મૂળ સૂત્રના ત્રણ ક્રમાંકનો** દર્શાવેલ છે. (1) સૂત્ર પૂર્વે પ્રકરણાનુસાર ક્રમાંક ૧, ૨, ૩...... (2) સૂત્રની પછી સિધ્ધહેમનો ક્રમ (3) સૂત્ર પુરૂ થયા બાદ સળંગ ક્રમ દા. ત. (૨૧) દ્વન્દ્વે વા ૧/૪/૧૧ અહીં [૨૧] સ્વરાન્ત પૂલ્લિંગનો ક્રમ છે ૧/૪/૧૧ સિધ્ધહેમનો ક્રમ છે અને સૂત્રાંતે [૧૧૯] સળંગ સૂત્રનો ક્રમાંક છે. द्वन्द्वे वा સૂત્ર છે

૩ સૂત્ર પછી **સૂત્રપૃથક્કરણ વિભાગ છે.** જેમાં પ્રારંભમાં તે સૂત્રના પદોની વિભકિત અને વચનનો ઉલ્લેખ છે. પછી સન્ધિ રહિત સૂત્રોની નોંધ છે. આ રીતે પૃથક્કરણ દ્વારા વૃત્તિની મદદ વિના પણ સૂત્ર મહદ્ અંશે સ્પષ્ટ થઇ જશે. જેમકે कादिर्व्यञ्जनम् નું कः आदिः [૧.એ] व्यञ्जनम् [૧.એ.] બે પદ એવું પૃથકકરણ કર્યુ.

૪ **ત્રીજો વૃત્તિ એવો વિભાગ** પ્રક્રિયાકારે લખેલી વૃતિ જ દર્શાવે છે. જે હૈમલઘુપ્રક્રિયા પુસ્તકની જરૂરિયાત પૂર્ણ કરશે,

[૧] જે સૂત્ર હોય તેની વૃતિ [૨] તે સૂત્ર સિવાયના અન્ય સૂત્રોની વૃતિ નામમાં વધારાના રૂપો વગેરેને "શેષવૃતિ" એવું નામ આપેલ છે.

૫ **વૃત્યર્થ એવો ચોથો વિભાગ** "હૈમ લઘુપ્રક્રિયા" ની વૃતિ [શેષવૃતિ સિવાયની] નો અનુવાદ દર્શાવે છે છતા જયાં મૂળ પૂસ્તકમાં વૃતિનો અભાવ, અપૂર્ણતા કે તેવી અન્ય સંદિગ્ધતા હોય ત્યાં આ વિભાગ દ્વારા સિદ્ધહેમ શબ્દાનુશાસનની મદદથી તે વૃત્તિનો સરળ સ્પષ્ટ પુરો અર્થ આપીને સૂત્રનો અવબોધ કરાવેલ છે. જેમકે आमोनाम्वा સ્વરાન્ત પુલિંગ ૫૧માં સૂત્રની વૃત્તિમાં માત્ર ઉદાહરણ છે. सुश्रियाम ત્યાં અનુવાદમાં પુરો વૃત્યર્થ નોંધ્યો છે.

૬ **અનુવૃતિ વિભાગ કેવળ જિજ્ઞાસુઓ માટે** નોંધેલ છે. સિદ્ધહેમ વ્યાકરણ પરથી પ્રક્રિયાક્રમમાં બનેલા પુસ્તકોમાં અનુવૃત્તિ ક્રમ જળવાતો નથી, પરિણામે કેટલાક સૂત્રો માં ન જણાતી બાબત વૃત્તિમાં જોવા મળે ત્યારે અભ્યાસકને સંશય થાય કે સૂત્રમાં ઉલ્લેખ ન હોવા છતાં આ હકીકત વૃત્તિમાં કેમ ? જેમકે घोषवति रेफ સન્ધિ સૂત્રઃ ૧૦ માં अतोऽति रोरुः સૂત્રની અનુવૃત્તિ છે. તેવા સંજોગોમાં અનુવૃત્તિવિભાગમાં નોંધેલ સૂત્રો જિજ્ઞાસા સંતોષવા દિશા સૂચક બનશે.

૭ વિશેષ વિભાગ – વિશેષ હકીકતો માટેજ છે. [તેનું મૂળનામ 'વિશેષાર્થ' અને ઉદાહરણ વિચારેલું પણ પૂ ગુરુદેવ સુધર્મસાગરજી જ્યારે સાગ્ય શતક નો અનુવાદ વ્યવસ્થિત કરતાં હતાં ત્યારે તે કાર્ય બજાવનાર જૈન સાહિત્ય વિકાસ મંડળ મુંબઈના પંડિતજી ગિરીશભાઈ સાથે વિચાર વિમર્શ થતાં અવચૂરી કે વિશેષ શબ્દ લખવા તેણે સૂચવ્યું હતું.] સંદર્ભ સૂચિ મુજબના સાહિત્ય પરથી સૂત્રો સાથે સંબંધિત પ્રશ્નો, ખુલાસાઓ, વિશેષતા, ન્યાયો, સાધનિકાઓ વગેરેની નોંધ છે. જેના અભ્યાસથી સૂત્રો વધુ સ્પષ્ટ થશે. સારો અવબોધ થશે, સંશયો નિવારવા શક્ય બનશે - છતાં સૂત્રાર્થ બરાબર સમજાય પછી આ વિભાગ વાંચવો, કેમકે જે રીતે મધ્યમવૃત્તિ કે આનંદબોધિની ટીકામાં અવચૂરી છે, અને બૃહન્ન્યાસમાં ન્યાસ વિભાગ છે. તે રીતે અહીં **વિશેષ** વિભાગ છે.

આ ઉપરાન્ત **વિશેષ ઉદાહરણો** તેમજ સૂત્રમાં આવશ્યક હોવા છતાં પ્રક્રિયા ક્રમ સાથે સંબંધ ન હોવાથી છોડી દેવાયેલા ઉદાહરણોને **બૃહદ્‌વૃત્તિમાંથી** લઈને અહીં **સ્થાન** અપાયેલ છે. જેના વડે સૂત્રના બાકી રહેલા કાર્યક્ષેત્રનો બોધ શક્ય બનશે.

૮ **પાદનોંધમાં** સંદર્ભ સાહિત્યની પૃષ્ઠાંક સહિત નોંધ છે જે વિશેષ માહિતી પ્રાપ્તિ માટે અભ્યાસકને **મૂળસ્રોત પૂરો પાડશે.** પાદનોંધ સૂચક નિશાની –०–•–०–•–० આ રીતે છે.

૯ **શેષવૃત્તિ નામક છેલ્લા વિભાગમાં** સૂત્ર સાથે સબંધિત વિશેષ હકીકતો, નામના અન્વયે કે મૂળસૂત્ર ઉપરાંતના અન્ય સૂત્રો હોય તો તેને લગતી વાત કરેલ છે. જે અંતર્ગત સૂત્રો છે તેને આવા [ ] ચોરસમા કૌંસમા અલગ ક્રમાંક આપી નોંધ્યા છે જો કે શેષવૃત્તિના સૂત્રોમાં લંબાણ ભયે માત્ર સૂત્રાર્થ સિવાય કોઈ વિવેચન કરેલ નથી.

૧૦ **પરિશિષ્ટમાં** અકારાદિ સૂત્રક્રમમાં સૂત્ર સિધ્ધહૈમક્રમ, સળંગ ક્રમાંક આપ્યા છે. તેમજ સિધ્ધહૈમ સૂત્રક્રમમાં અધ્યાયાનુસાર વિશ્લેષણ કરી સૂત્રો ગોઠવ્યા છે જેથી લઘુપ્રક્રિયા કે લઘુવૃત્તિ બન્ને ભણનારને આ ગ્રંથ ઉપયોગી થઈ શકશે.

આટલીસૂચનાથી સ્વઅધ્યયન શકય બને તેવી શુભેચ્છા સહ

મુનિ દીપરત્ન સાગર

આ ગ્રંથમાં ઉપયોગમાં લેવાયેલા કેટલાંક સંક્ષેપો.

0 પ.પુ. – પહેલો પુરુષ	૧/પ્ર – પ્રથમા વિભક્તિ	સ્વ. – સ્વરાન્ત
0 બી પુ – બીજો પુરુષ	૨/દ્વિ. – દ્વિતિયા વિભક્તિ	વ્યં. – વ્યંજનાન્ત
0 ત્રી પુ. – ત્રીજો પુરુષ	૩/તૃ. – તૃતીયા વિભક્તિ	
	૪/ચ. – ચતુર્થી વિભક્તિ	પું – પુલ્લિંગ
0 એ./એ.વ. – એકવચન	૫/પં. – પંચમી વિભક્તિ	સ્ત્રી. – સ્ત્રીલિંગ
0 દ્વિ /દ્વિ.વ. – દ્વિવચન	૬/ષ. – ષષ્ઠી વિભક્તિ	નપુ. – નપુંસકલિંગ
0 બ /બ.વ. – બહુવચન	૭/સ. – સપ્તમી વિભક્તિ	વ્યા. – વ્યાકરણ
	સં. સંબોધન વિભક્તિ	તત્પુ – તત્પુરુષ

ઋણ સ્વીકાર

પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ. સા.

જેમની અનન્ય પ્રેરણા, પરીશ્રમ ઉત્કટ લાગણી, કાર્યબોજ વહન શકિત, કૃપા આદિથી આ ગ્રન્થ લેખન અને પ્રકાશન શક્ય બન્યા.

પૂ. આ. દેવ. સૂર્યોદયસાગર સૂરીશ્વરજીમ.
જેમણે સંસ્કૃત માર્ગોપદેશિકાનો અભ્યાસ કરાવી વ્યાકરણનો મજબુત પાયો નાખ્યો, જરૂરી પુસ્તકો આપ્યા, સમાધાન આપ્યા

પૂ. આ દેવ વિજય સૂર્યોદય સૂરીશ્વરજી મ.
જેઓએ પોતાના વિનિત શિષ્ય પૂ. મુનિરાજશ્રી નંદીઘોષ વિજયજીને આજ્ઞા કરતા 'ન્યાયસંગ્રહ" ગ્રંથનો સુંદર અભ્યાસ થઈ શક્યો.

પૂ. આ. વિજય યશોદેવ સૂરીશ્વરજી મ.
જેમની વિશિષ્ટ પ્રેરણા અને આશિર્વાદથી સિદ્ધહેમ વ્યા ભણાયું.

પૂ. મુનિરાજશ્રી જિતરત્નસાગરજી, પૂ. મુનિરાજશ્રી મુક્તિરત્ન સાગરજી, પૂ. સાધ્વીજીરમ્યજ્ઞાશ્રીજી
જેઓએ પોતાની નોંધપોથીઓ એકાદ વર્ષ જેવા લાંબા સમય માટે પૂર્ણવિશ્વાસથી વાંચવા આપી.

પૂ. મુનિરાજશ્રી નંદીઘોષ વિજયજી :- પુરતો સમય આપી, સુંદર છણાવટ પૂર્વક, ટુંકા સમયમાં ન્યાયસંગ્રહ ગ્રન્થ ભણાવ્યો.

નિસ્પૃહી વિદ્વદુર્ય પંડિતજી વૃજલાલજી વાલજીભાઈ ઉપાધ્યાય

આ ગ્રન્થનું અક્ષરશઃ વાંચન લઇ, તેમના વિશાળ જ્ઞાન અનુભવોથી ગ્રન્થને ક્ષતિ રહિત કર્યો. સંશય નિવારવા પત્રોનાં તાત્કાલિક ઉત્તરો આપ્યા, ગ્રંથ રચના પૂર્વે અલ્પ મુલાકાત છતાં પંચાંગી વ્યાકરણનો અભ્યાસતો તેમણેજ કરાવ્યો ગણાય. અનન્ય દૃઢ વિશ્વાસ પ્રેરી સાહિત્ય પ્રવેશ કરાવ્યો, પોતાનો મુકત અભિપ્રાય આપી નિષ્ણાંત છાપ મારી.

પંડિતવર્ય છબીલદાસજી જેમણે સિદ્ધહેમના સૂત્રોની વિશેષતા
દર્શાવી-સમાસ પ્રકરણ માટે અભિનવ પ્રકાશ પાડ્યો.

પંડિતશ્રી ધીરૂભાઈ (મોટા) શ્રી ધીરૂભાઇ (નાના) મહાદેવભાઇ આર્ય જેમનાથી સિધ્ધહેમનુ જ્ઞાન મળ્યું

શ્રી ખુશાલભવન જૈનસંઘ—અમદાવાદ

શ્રાવક પંડિતની ૮ માસ માટે સગવડ આપી જરૂરી તમામ પુસ્તકોને ખરીદી આપ્યા, એક ન મળતા પુસ્તકની આપમેળે ઝેરોક્ષ કરાવી, તેમના ઉદાર દિલ ટ્રસ્ટીઓએ અત્યંત લાગણી પૂર્વક આ ગ્રંથની ઈમારતના સ્તંભો મૂક્યા.

સાધુ ઉપર બહુમાન, વિવેક પૂર્વક વાત કરવાની પધ્ધતિ, સાધુની અનુકુળતાં,-પ્રતિકુળતા, જરૂરિયાત મુજબ સગવડ કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ-ખુશાલભવન જૈન ઉપાશ્રયના ટ્રસ્ટીઓ જેટલી બહુજ ઓછા સંઘના ટ્રસ્ટીઓમાં હશે. ?

શ્રી લાવણ્ય સૂરિજી જૈનજ્ઞાન મંદિર, તથા અંધેરી ગુજરાતી સંઘના જ્ઞાનભંડારે અભ્યાસ માટે પુસ્તકો આપ્યા.

0 સુશ્રાવક પ્રવિણભાઇ, કાન્તિભાઇ, હર્ષદભાઈ, દિનેશભાઈ, રજનીભાઇ તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક એવા તમામ પૂ. શ્રમણ ભગવંતો તેમજ વ્યકિતઓ અને સંઘો.


ખાસ કરીને તમામ વહીવટી જવાબદારી નિષ્ઠાપૂર્વક,
કાર્યક્ષમતા અને કાર્યદક્ષતાથી બજાવનાર પ્રવિણભાઈ

આ અભિનવ "હેમ" લઘુપ્રક્રિયામાં આશિર્વાદ - પ્રેરણા
દિશાસૂચન આપનાર તથા શુભેચ્છા પાઠવનાર પૂજ્યશ્રી ઓ.

0 પૂ. આ દેવ દેવેન્દ્રસાગર સૂરિજી મ. સા.	0 પૂ. આ. દેવ વિજય રામચંદ્રસૂરિજી મ સા.
0 „ „ કંચનસાગર સૂરિજી „	0 „ „ „ ભુવનરત્ન સૂરિજી „
0 „ „ વિજય રામસૂરિજી „ (ડહેલાવાળા)	0 „ „ „ અચકચંદ્ર સૂરિજી „
0 „ „ „ જયદેવ સૂરિજી „	0 „ „ „ જિતેન્દ્ર સૂરિજી „
0 „ „ „ સૂર્યોદય સૂરિજી „	0 „ „ „ મિત્રાનંદ સૂરિજી „

પંડિત વૃજલાલ વાલજી ઉપાધ્યાય

પ્રાધ્યાપક (વેદાન્તાચાર્ય)
શાંતિભુવન, જામનગર.



નિષ્ણાંત અભિપ્રાય

શરીરમાં જેમ મુખ પ્રધાન અંગ છે તેમ સમસ્ત વાઙ્મયમાં વ્યાકરણ પ્રધાન અંગ છે. વ્યાકરણનું પ્રયોજન જણાવતાં મહર્ષિ પતંજલિએ લખ્યું છે "रक्षोहागमलघ्वसंदेहाः प्रयोजनम्" સંસ્કૃતિની રક્ષા, બુધ્ધિનો સંસ્કાર–ઉહ, આગમનો બોધ, અતિસંક્ષેપ એવંસંદેહરહિત થવા માટે વ્યાકરણ ભણવું જોઇએ. આર્યોનો અમરવારસો આજ દિ' સુધી જે ભાષામાં સચવાયો છે. એ ભાષાનું મૌલિક જ્ઞાન ભારતીયો માટે સવિશેષ આવશ્યક છે.

ચિત્તસ્થ ભાવોને અભિવ્યકત કરવા માટે ભાષા અગત્યનું માધ્યમ છે.

" दुष्टान् शब्दान् मा प्रयुक्ष्माह दुष्टाश्च मा भूम इत्यध्येयं व्याकरणम् " આપણે દુષ્ટ શબ્દનો પ્રયોગ ન કરીએ અને સ્વયંપણ દુષ્ટ બનીએ નહિ માટે વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે. પ્રાચીન ભાષામાં સુવ્યવસ્થિત ભાષા તરીકે સંસ્કૃત ભાષાનું સ્થાન મૂર્ધન્ય છે. સમયાનુસાર વ્યાકરણોની ક્લિષ્ટતા, દીર્ઘતા અને અર્થરહિત પાંડિત્યપધ્ધતિનો અનાદર કરીને સર્વશાસ્ત્ર રહસ્યવેત્તા, વ્યાકરણ પ્રજાપતિ કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચદ્રાચાર્ય

ભગવંતનુ સંસ્કૃત વ્યાકરણ વર્તમાન કાળમાં ગુજરાતમાં એવં પૂજ્ય શ્રમણ વર્ગમાં ઠીક ઠીક પઠન-પાઠનનો વિષય બની રહ્યું છે આ અતિ આનંદનો વિષય છે. પ્રાચિન પ્રણાલિકા મુજબ અધ્યાય-પાદ-સૂત્ર સ્વરૂપ વ્યાકરણનું પઠન-પાઠન હતું કિન્તુ મહાન વૈયાકરણી ભટ્ટોજીદીક્ષિતે અષ્ટાધ્યાયી ક્રમની કઠિનતા જાણી તેન સ્થાને પ્રક્રિયા ક્રમનો ઉપયોગ કરી જેમ સિધ્ધાંતકૌમુદી ગ્રન્થની રચના કરી તદ્દત્ પ્રક્રિયા ક્રમાનુસાર સિધ્ધહેમ શબ્દાનુશાશનમાં પણ અલ્પમધ્યમ બુધ્ધિવાળા જિજ્ઞાસુ માટે લઘુ-મધ્યમ-બૃહત્ પ્રક્રિયાગ્રન્થોનું યથાસમય પ્રાકટ્ય થયું આ બધા ગ્રંથો કેવળ સંસ્કૃત ભાષામાં હોવાથી નવા ભણનારાને યોગ્ય અધ્યાપક ન મળે તો રુચિ હોવા છતાંય કષ્ટ સાધ્ય બની રહ્યા છે. એ સર્વ વિદિત હકીકત છે.

વ્યાકરણનું જ્ઞાન માતૃભાષામાં અપાય તો ઘણુ સારું આ વર્તમાનકાળની માગણીને સંતોષવ માટે યદ્યપિ પં. શ્રી શિવલાલભાઈની ત્રણેય બુકો સફળતા પામી રહી છે કિન્તુ વ્યાકરણનાં ગ્રન્થોનું એટલે લઘુપ્રક્રિયાનું મારી જાણ મુજબનુ આ પ્રથમ ગુજરાતી પ્રકાશન છે.

– એના રચયિતા જામનગરનું સંતાન –

જામનગરની ધર્મપ્રાણ ભૂમિના સંતાન્ જેમણે સંયમપુર્વેજ લૌકિક દૃષ્ટિનું કોલેજની ડીગ્રી પર્યન્તનું જ્ઞાન મેળવી લીધુ હતું યુવાન, બ્રહ્મચારી જન્માન્તરના સુષુપ્ત સંસ્કારોને તક મળતાજ અલૌકિક દૃષ્ટિના પ્રાદુર્ભાવ થયો. ભક્તિપૂર્ણ શ્રાવક કુળના ધાર્મિક સંસ્કારો, સાધુસમાગમના યોગ બળે જેઓ ભાગવતી દીક્ષા -પ્રથમ સ્વીકારી મુનિરાજ બન્યા એ **સ્વનામ ધન્ય પૂજ્ય મુનિરાજશ્રી સુધર્મસાગર.**

નિડર-સ્પષ્ટ વક્તૃત્વ, પોતાના સંયમ જીવનમાં ભણવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ સમુચિત ન ભણાયાનુ અહોનિશ દુ:ખ હતુ જ તથાપિ મુનિ જીવનને વફાદાર જીવન ચર્યામાં સમ્પૂર્ણ તન્મયતા સાધી સમય જતાં પોતાના જ સંસારી લઘુબન્ધુ મેધાવી ખૂબ ખૂબ ભણેલા હાઇસ્કૂલ-કોલેજમા પ્રાધ્યાપક પદે પંકાયેલા સુવિનિત આ ભાઈ શ્રી પોતાનાજ વડિલબન્ધુના પગલે પગલે **'निसर्गाद्द अधिगमाद्द वा'** મુનિજીવનમા પ્રવેશ પામ્યા એ છે નવાનગરની ધન્યધરા વસુન્ધરાના દ્વિતિય રત્ન, દીપકતુલ્ય પ્રકાશ પાથરતુ કુલ પ્રમુદિત રત્ન મુનિશ્રી **દીપરત્નસાગર** બાળબ્રહ્મચારી—

આ છે ગુરુશિષ્યની બન્ધુબેલડી—

ઘણું ઘણુ ભણેલા હોવા છતાંય સંસ્કૃત ભાષાના અનભિજ્ઞ સુયોગ્ય નિજશિષ્યને સંસ્કૃત ભાષાનું પર્યાપ્ત જ્ઞાન મળી રહે એવી સ્વગુરૂની મહેચ્છા, સાધુજીવનની મર્યાદા તજ્જ્ઞોનો અભાવ, ખૂબ ખુબ કઠિનાઇનો સામનો કરીને ઉત્સાહને અભંગ રાખીને મુનિરાજશ્રી દીપરત્ન સાગરજીએ ટુકા ગાળામાં સ્તુત્ય પ્રગતિ સાધી છે જેનો પ્રત્યક્ષ અનુભવ થયો

વ્યાકરણશાસ્ત્રના ગ્રંથોનું ગુજરાતી થાય એ સૈધાન્તિક રીતે બહુપ્રિય ન હોવા છતાંય જિજ્ઞાસુ ભણનારાઓની કથની-અવદશા સાંભળી-જાણીને અનુકૂલ સામગ્રી સાથેનુ યથાર્થ વિવેચન ખરેખર આવકાર્ય છે.

આજનાં શૈક્ષણિકયુગને અનુરૂપ વિવિધ રસપ્રચૂર વાનગી સાથેનું પ્રસ્તુત અભિનવ પ્રકાશન જિજ્ઞાસુ-અધ્યેયતૃગણને નિ:શંક ઉપકારક બની રહેશ. આ લઘુપ્રક્રિયા (વ્યાકરણ)નું કેવળ ભાષાન્તર માત્ર નથી તેનાથી ઠીક ઠીક વિશેષ છે.

ચડી

પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય

[એક ભ્રામક માન્યતા નું નિરસન]

લઘુપ્રક્રિયા એટલે માત્ર બે બુક નહીં

કેટલાંક વિદ્વાન પદસ્થો, શ્રાવક પંડિતો વગેરે એવો મત ધરાવે છે કે લઘુપ્રક્રિયાનો અભ્યાસ હવે નિરર્થક છે. કેમકે લઘુપ્રક્રિયા માત્ર બે બુકથી વિશેષ કંઈ નથી પણ હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમા અને મધ્યમાં કે માર્ગોપદેશિકા અને મદ્દિરાન્ત પ્રવેશિકા કરતાં હૈમ **લઘુપ્રક્રિયામાં નીચેની વિશેષતાઓ છે.**

૧. યઙન્ત પ્રક્રિયા, યઙ્લુબન્ત પ્રક્રિયા તથા નામધાતુ પ્રક્રિયાનો બોધ થાય છે

૨ તદ્ધિત પ્રત્યયોની (મુખ્ય તથા અંતર્ગત કુલ ૩૯૦ જેટલા સૂત્રો દ્વારા) વ્યવસ્થિત વિભાગીકરણ સહિત ચર્ચા

૩ બસો જેટલા સૂત્રો દ્વારા કૃદન્ત પ્રક્રિયાની ઝીણવટ ભરી છણાવટ.

૪. સૂત્રોના અંતર્ગત રહસ્યોને પ્રગટ કરતી પરિભાષાઓનું સ્પષ્ટીકરણ

૫ ધાતુઓની અનુબંધ સાથે રજૂઆત – દા ત કથણ્ માં ણ્ અનુબંધ (૧૦) ચુરાદિ ગણ ચૂચવે છે, ક્રુધચ્ માં ચ્ અનુબંધ (૪) દિવાદિ ગણ સૂચવે છે.

૬. ધાતુ પારાયણના ક્રમાનુસાર ધાતુઓનું જ્ઞાન – જે ધાતુરત્નાકર આદિ જોવામાં તથા "ધાતુપાઠ" તૈયાર કરવામાં મદદરૂપ બને છે.

૭ સિદ્ધહૈમ શબ્દાનુશાસનના અભ્યાસ માટે સૂત્રોનું યોગ્ય તાદાત્મ્ય.

૮ બે બુકમાં માત્ર ૮૦૦ જેટલા સૂત્રોનો સમાવેશ થાય છે, લઘુપ્રક્રિયામાં લગભગ ૧૭૦૦ થી ૧૮૦૦ જેટલા સૂત્રો સમાયા છે. જેથી બુક કરતાં બમણાં સૂત્રોનું જ્ઞાન થાય છે.

૯ લગભગ પોણાત્રણસો જેટલા ધાતુઓનું ધાતુરત્નાકરના ભાગોમાં થયેલ વિભાજન મુજબની પ્રક્રિયાઓ અનુસાર જ્ઞાન – સમજ.

૧૦ સંસ્કૃત માધ્યમના પ્રયોગ દ્વારા સંસ્કૃત વાંચન ક્ષમતાની ખીલવણી.

બે બુક એ "ગ્રામર – ટ્રાન્સલેશન મેથડ" અનુસાર તૈયાર થયેલ પુસ્તક છે. જે સંસ્કૃત ભાષાને વ્યવહારમાં પ્રયોજવાની પ્રાથમિક ભૂમિકા રૂપ છે. તેની અને પ્રક્રિયા વ્યાકરણની તુલનાજ અસ્થાને ગણાય.

વળી કેટલાંક માને છે કે લઘુવૃત્તિ " [**સિદ્ધહૈમ શબ્દાનુશાસન એટલે લઘુવૃત્તિ-માત્ર એવો ભ્રમ પ્રવર્તે છે.**] જ ભણવી જોઈએ પ્રક્રિયા નહીં – મુર્ધન્ય વિદ્વાનોને જ્ઞાત હશે જ કે લઘુવૃત્તિ **એ પૂર્ણગ્રન્થ નથી પણ પૂર્ણતા તરફ ગતિ કરાવતો ગ્રન્થ છે લઘુપ્રક્રિયાની જેમ લઘુવૃત્તિ એ પણ માત્ર નિદર્શન ગ્રન્થ છે.** એટલેજ આ અનુવાદ ગ્રન્થમાં બૃહદ્વૃત્તિ, ન્યાયસંગ્રહ, લિંગાનુશાસન જેવા ગ્રન્થોના અવતરણો લીધાં છે. લઘુપ્રક્રિયા એટલે માત્ર બે બુક માનીને લઘુવૃત્તિ તરફ અંગુલી નિર્દેશ કરતાં વિદ્વાનોને એટલીજ વિજ્ઞપ્તિ કે જો સિદ્ધહૈમનું સુવ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવું એજ એક માત્ર લક્ષ્ય હોય તો બૃહદ્વૃત્તિ ના સ્પષ્ટ જ્ઞાન અને સમજ વિના માત્ર લઘુવૃત્તિનું અધ્યાપન અથવાતો માત્ર **લઘુવૃત્તિના અભ્યાસથી વ્યાકરણનો પૂર્ણ બોધ થયાની માન્યતા એ પણ લઘુપ્રક્રિયા એટલે માત્ર બે બુક જેવોજ ભ્રમ છે. એ વાત નિર્વિવાદ સ્વીકારવી રહી.**

ખંભાતમાં **પંડિતવર્ય છબીલદાસજી** એ સાધુના દૃષ્ટાંત થકી કહેલું કે "લઘુવૃત્તિ ભણ્યા બાદ એમ થાય કે (अब मुझे कुछ नहीं आता) હવે મને વ્યાકરણમાં કંઇ ખબર નથી પડતી તો માનવું તેઓ સિદ્ધહૈમ શબ્દાનુશાસન વિશે કંઇક જણાતા થયા છે.

મુનિ દીપરત્ન સાગર

પ્રકાશકનું નિવેદન

લગભગ હજાર વર્ષ પૂર્વે કલિકાલ સર્વજ્ઞ ભગવંતે રચેલ સિદ્ધહૈમવ્યાકરણને, લગભગ સવા બસો વર્ષ પૂર્વે પ્રક્રિયા રૂપે ફેરવ્યા પછીનું સંદર્ભ – વિવરણ સહિતનું આ પ્રથમ ગુજરાતી પ્રકાશન છે જે ફિલોસોફી સાથે ગ્રેજ્યુએટ થયેલા અમારા પૂજ્ય મુનિરાજશ્રી સુધર્મસાગરજી મ.સા. ની અનન્ય પ્રેરણા – અંતઃકરણ પૂર્વકની ભાવના / લાગણી તથા તેમના શિષ્ય પૂજ્ય મુનિ દીપરત્નસાગરજીની મહેનતનો પરિપાક છે.

આપના કરકમલમાં આ અભિનવ લઘુપ્રક્રિયા મુકતા અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. આ વ્યાકરણના અભ્યાસથી પદસિદ્ધિનું શુદ્ધ જ્ઞાન પામી શાસ્ત્રના અર્થની વિચારણા-ચિંતન, મનન દ્વારા પરંપરાએ શાશ્વત સુખને પામો એજ શુભેચ્છા.

પુસ્તક પ્રકાશનમાં અત્યંત ઉપયોગી બનેલા એવં તન મન ધનથી સહકાર આપનારા સર્વશ્રી કાન્તિભાઈ, હિંમતભાઈ, રજનીભાઈ, હસુભાઈ, વિરૂભાઈ ......વહીવટી કાર્યવાહીમાં મદદરૂપ અનિલ મહેન્દ્રભાઈ અમરીશભાઈ ..... ઉદાર હાથે ફાળો આપનાર જામનગર જૈન સંઘ સમસ્ત ...... મુદ્રણ કાર્યમાં પ્રથમ વખત આવડું કામ ઉપાડનાર અને મુદ્રક હતાં વાચક તરીકે વિશેષ સેવા આપનાર યોગેશભાઈ, સમયની પરવા વિના મુદ્રણમાં અત્યંત નિયમિતતા અને કાળજી દાખવતા છગનભાઈ, લગભગ એકલે હાથેજ કંપોઝની જવાબદારી – લાગણી પૂર્વક બજાવનાર ચંદુભાઈ પટેલ – જેતપુરની જવાબદારી વાળી કેટલુંક કામ પુરૂ કરી દેનાર કાદરભાઈ ..... તથા કાર્ય અપૂર્ણ ન રહે તે માટે ગજુને નાની વયે સજાવનાર ફર્માની જવાબદારી સોંપી ગોવિંદ પ્રેસના પ્રતાપભાઈએ મુદ્રણ ઉપરાન્ત (વિજ્ઞ વર્ષો હોવા છતાં) માનવીક જેવી હાર્દિક ભક્તિ – આઉટ્ડિંગ પ્રીન્ટીંગ અંગે આપેલા વિશિષ્ટ સૂચન તથા માર્ગદર્શન અને છેલ્લે આઉટ્ડિંગ માટે વિરજી ઉપરની તીવ્ર શ્રદ્ધા ધગવતા દિલિપભાઈ દરબાર તથા છગનભાઈએ જે પરિશ્રમ કર્યો છે. તે અવિસ્મરણીય બની રહેશે.

આ પુસ્તકનું સર્વાંગી નિરીક્ષણ કરી વિદ્વદ્ભોગ્ય બનાવનાર નિસ્પૃહી પૂ. પંડિતજી નગીનલાલજી ઉપાધ્યાય

—સૌના આભાર સહ,

અભિનવ શ્રુતપ્રકાશન વતી,
પ્રવીણચંદ્ર કે. મહેતા
જામનગર.

તા. ક. મુદ્રક, પ્રકાશક તથા સંપાદકને પ્રથમ જ આવો ભગીરથ કાર્યનો અનુભવ હોવાથી ક્ષતિઓ રહી હોવા સંભવ છે – શુદ્ધિપત્રક તો બનાવેલ છે છતાં સુજ્ઞ વાચકોની ક્ષમાયાચના સહ

અભિનવશ્રુત પ્રકાશન

कलिकाल सर्वज्ञ पू. हेमचन्द्रसूरिभ्यो नमः
पू. महोपाध्याय विनयविजयजी गणिवरेभ्यो नमः

() अर्हम् ()

❀ સંજ્ઞા અધિકાર ❀

સમગ્ર વિષયના અભ્યાસમાં જે ચોક્કસ પદોનો ઉપયોગ કરવામાં આવે તેને સંજ્ઞા કહેવામાં આવે છે. વિદ્યાર્થી જેમ જેમ ગ્રન્થ અભ્યાસમાં આગળ વધે તેમતેમ અભ્યાસમાં આવતી હકિકતોને સમજી શકે તે માટે આવી સંજ્ઞા સૂચિનો ઉપયોગ થાય છે. તેથી ગ્રન્થકારે અહીં પણ વ્યાકરણના આરંભે સ્વર સંજ્ઞા, હ્રસ્વ-દીર્ઘ સંજ્ઞા, વ્યંજન-વિસર્ગ સંજ્ઞા, ઘોષ-અઘોષ સંજ્ઞા, પદ-વાકય-નામ-અવ્યય સંજ્ઞા વગેરે સ્પષ્ટ કરેલ છે.

પ્રથમ ત્રણ સૂત્રો બાદ औदन्ताः स्वराः ૧/૧/૪ સૂત્રથી સંજ્ઞા અધિકાર શરૂ થાય છે.

પરમાત્માને નમસ્કાર કરીને બાલજીવોના બોધની સિદ્ધિ માટે
શ્રી સિદ્ધહેમ વ્યાકરણને અનુસરતા પ્રક્રિયા વ્યાકરણની હું રચના કરૂ છું. (૧).

શબ્દરૂપ સમુદ્રમાં ચંદ્રસમાન, જગતમાં પ્રસિદ્ધ કીર્તિવાળા
શ્રી હેમચન્દ્રસૂરિ અને હેમ-વ્યાકરણને નમસ્કાર થાઓ. (૨).

શાસ્ત્રકાર (હેમચંદ્રાચાર્ય) પ્રારંભમાં વિઘ્નના નાશને માટે અને શિષ્ટાચાર
રૂપે પરમેષ્ઠિને નમસ્કાર કરવા પૂર્વક ભાવ મંગલ કરે છે. अर्हम्

સંજ્ઞા અધિકાર

સૂત્ર : (૧) अर्हम् ૧/૧/૧*

★ વૃત્તિ :— अर्हमित्यक्षरं ध्येयं, परमेश्वर वाचकम् शास्त्रादौ वर्तां क्षेम व्युत्पत्त्यभ्युदयप्रदम्

卐 સૂત્રાર્થ :— ભણનારને [1]કલ્યાણને માટે, [2]વ્યુત્પત્તિજ્ઞાન તથા [3]અભ્યુદયને આપનાર પરમેશ્વર-પરમેષ્ઠિના વાચક 'अर्हम्' અક્ષરનું શાસ્ત્રની આદિમાં ધ્યાન ધરવું જોઈએ.

★ અનુવૃત્તિ .—

卐 વિશેષ : अर्हम् એ પ્રમાણે અવ્યય અક્ષર છે. અક્ષર એટલે કદી નાશ નહીં પામનાર તેવું. अर्हम् એ પરમોચ્ચ સ્થાને રહેલો મુક્ત દશાને વરેલો એવા 'પરમેશ્વર' અર્થનો વાચક છે.

૧. ક્ષેમ – કલ્યાણ તથા વિઘ્નના અભાવ માટે

૨ વ્યુત્પત્તિ – શબ્દ-અર્થનું પરિજ્ઞાન

૩. અભ્યુદય :– પાણ્ડિત્ય અને ઇચ્છિત પ્રતિષ્ઠારૂપ ઐશ્વર્યની પ્રાપ્તિ

अर्हम એ "મંગલ સૂત્ર" છે. જૈન દર્શનમાં આ શબ્દ પૂજનીય અર્થમાં સુવિખ્યાત છે બુદ્ધ દર્શનમાં બુદ્ધ માટે अर्हत શબ્દ છે. બીજા અર્થમાં अ કાર એ વિષ્ણુનો, र કાર એ બ્રહ્માનો, ह કાર એ શંકરનો વાચક છે. આમ સર્વ ધર્મના અનુયાયીને ઇષ્ટ એવા મંગલરૂપ શબ્દને સૂત્રમાં અહીં યોજેલ છે.

[૧]

(૨) सिद्धिः स्याद्वादात् ૧/૧/૨

★ વૃત્તિ :— शब्दानां प्रसिद्धिर्ज्ञप्तिः स्यात् स्याद्वाद दर्शने शब्दे ह्येकान्तानित्यनित्यत्वा तद्दर्शनतः नसावभिव्यक्तव, संज्ञा निष्पत्तिज्ञापकम्

卐 સૂત્રાર્થ :— (સ્યાદ્વાદથી સિદ્ધિ થાય છે.) અને શબ્દને એકાન્તો નિત્ય કે એકાન્તે અનિત્ય જ ગણીએ તો શબ્દની 'જ્ઞપ્તિ' કે 'નિષ્પત્તિ' ક્યાંથી થાય (એટલે કે ન થાય) પણ સ્યાદ્વાદ દર્શનથી શબ્દોની જ્ઞપ્તિ અને નિષ્પત્તિ થાય છે.

★ અનુવૃત્તિ :—

卐 વિશેષ : આ અધિકાર સૂત્ર છે. સમગ્ર વ્યાકરણના કોઈપણ પ્રયોગમાં આ પાયાનું સૂત્ર છે. આ સૂત્ર વ્યાપકપણે પોતાના અધિકારનું ભાન કરાવે છે. વર્ણ કે શબ્દની અનેક સંજ્ઞા, હ્રસ્વ દીર્ઘાદિ વિધિ, વિશેષણ-વિશેષ્ય ભાવ, શબ્દાર્થ સમ્બન્ધ, વાચ્ય-વાચકતા લિંગવ્યવસ્થા આદિ સમગ્ર પદાર્થોની સિદ્ધિ આ સિદ્ધાન્ત પરજ નિર્ભર છે.

સ્યાદ્વાદ એટલે અનેકાન્તવાદ પ્રત્યેક વસ્તુ વિવિધ પાસાંથી સભર છે. તત્સંબંધિ વિચારણા પણ અનેક રીતે થઇ શકે. પરંતુ તેમાં વ્યવહારોપયોગી કોઇ ચોક્કસ પાસાને તત્સંબંધિ કોઈ ચોક્કસ વિચાર સાથે તુલનાત્મક રીતે પ્રાથમિકતા આપી. પ્રસ્તુત વ્યવહારની સિદ્ધિ જે નિયમ વડે થાય તેનું નામ સ્યાદ્વાદ કે અનેકાન્તવાદ.

વસ્તુના વિવિધ પાસાં એટલે દા.ત. क વર્ણ. આ વર્ણનો વિચાર અઘોષ સ્વરૂપે, માત્ર વ્યંજન રૂપે, કંઠ્ય વર્ણ તરીકે વગેરે થઇ શકે છતાં જ્યારે સન્ધિ પ્રકરણ સૂત્ર : ૪ : रः पदान्ते विसर्गस्तयोः લાગે ત્યારે क ની વિવક્ષા અઘોષ રૂપે થાય સૂત્ર : ૧૫ ...व्यञ्जने...લાગે ત્યારે क ની વિવક્ષા માત્ર વ્યંજન રૂપે થાય

૧ શબ્દની નિત્યાનિત્યતા વિચારીએ તો શબ્દ પોતાની રીતે નિત્ય છે પણ શબ્દ તરત્નુ રૂપાંતર થતા તે અનિત્ય બને છે દા ત अक्षौहिणी સન્ધિ નિયમાનુસાર अक्षौहिणी શબ્દ બને છે. વ્યાકરણ નિયમાનુસાર આ શબ્દ નિષ્પન્ન થયો કહેવાય.

अक्षऊहु રૂપાંતરિત સ્વરૂપ જ છે આમ શબ્દ નિષ્પન્ન થાય ત્યારે નિત્ય છે અને રૂપાંતર પામે ત્યારે અનિત્ય છે. સ્યાદ્વાદ જણાવે છે કે, શબ્દ નિત્ય પણ છે, અનિત્ય પણ છે

*સૂત્રની પછીનો અંક ૧/૧/૧ સિદ્ધહેમ વ્યાકરણનો ક્રમ દર્શાવે છે ૧ પહેલો અધ્યાય, ૧ પ્રથમ પાદ, ૧ પહેલું સૂત્ર પહેલા અધ્યાયના પ્રથમપાદનું પહેલું સૂત્ર એમ સમજવું

૨ જ્ઞપ્તિ નિષ્પત્તિ :– શબ્દના માત્ર નિત્ય પાસાંનો વિચાર તે જ્ઞપ્તિ અને અનિત્ય પાસાંનો વિચાર તે નિષ્પત્તિ, જ્ઞપ્તિ–જ્ઞાન, નિષ્પત્તિ સિદ્ધિ.

શેષવૃત્તિ :— तत्रादौ... (અહીં સંજ્ઞા સૂત્રની પ્રસ્તાવના છે.) પ્રારંભમાં વ્યવહાર માટે શાસ્ત્રકારે (હેમચન્દ્રાચાર્યે) સંજ્ઞા પ્રકરણ બતાવેલ છે. તે આ પ્રમાણે

[૨]

: સંજ્ઞા-સૂત્રો :

(૩) औदन्ताः स्वराः ૧/૧/૪

★ સૂત્રપૃથ :— औत् अन्ताः (૧-બ.)
स्वराः *(૧-બ.) બે પદ

★ વૃત્તિ :— औकारान्ता अकाराद्याः स्वरा वर्णाश्चतुर्दश अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ

*** (૧–બ) અહીં પ્રથમના ૧, ૨ વગેરે અંક** પ્રથમા–દ્વિતીયાદિ વિભક્તિ સૂચવે છે પછીના એ–દ્વિ–બ વગેરે વચન સૂચવે છે. જેમ કે બ–બહુવચન

*સંજ્ઞા સૂત્ર :–

સૂત્ર એટલે અલ્પ અક્ષરો વડે બહુ અર્થને ગુંથે તે, સૂત્રના દશ પ્રકારો છે :– (હૈમશબ્દાનુ શાશન સુધા –પૃ.૪૫૭)

(૧) સંજ્ઞા સૂત્ર :– અમુક સંકેત અમુક ચોક્કસ બાબતોનો ગ્રાહક છે એવું જ્ઞાન અથવા આ શબ્દની અમુક અર્થમાં શક્તિ છે તેવો નિયમ કરાવતુ સૂત્ર દા.ત. औदन्ताः स्वराः

(૨) પરિભાષા સૂત્ર :– શાસ્ત્રકાર સ્વેચ્છાએ જે સંકેત વિશેષ કરે તે પરિભાષા. (અહીં પ્રક્રિયામાં પ્રકરણ: ૨ પરિભાષા અંગે જ છે) દા.ત. ૭/૪/૧૦૮ पञ्चम्या निर्दिष्टेपरस्य પન્ચમીથી નિર્દેશ હોય તો પરને લાગે

(૩) અધિકાર સૂત્ર :– પોતાના દેશમાં વાકયતું રહિત પણું છતાં ઉત્તર સૂત્રમાં એક વાકયતાથી વાકયાર્થના બોધનું જે જનક સૂત્ર (હવે પછીના અમુક સૂત્ર કે વિભાગ સુધી આ અધિકાર સમજવા તે દર્શાવતુ સૂત્ર) દા.ત. सिद्धिः स्याद्वादात्

卐 વૃત્યર્થ :— अ કારથી માંડીને औ કાર સુધીના ૧૪ વર્ણો સ્વર કહેવાય છે. (તેની "સ્વર સંજ્ઞા" થાય).

સ્વરો :– अ आ इ ई उ ऊ ऋ ॠ
ऌ ॡ ए ऐ ओ औ

卐 વિશેષ :— સ્વર :- स्वयम्राजन्ते इति स्वराः પોતાની મેળેજ શોભે છે પ્રકાશે છે અને પૂર્ણ છે તે 0 બ.વ. કેમ? औदन्ताः, અહીં બહુવચનનું ગ્રહણ પ્લુત સંજ્ઞાને આવરી લેવા માટે છે. (સ્વરના ત્રણ ભેદ છે. હ્રસ્વ–દીર્ઘ–પ્લુત–તદ્ ઉપરાંત એક વર્ણના ઘણા ભેદો છે. તેનો સંગ્રહ બ. વ થી થઈ જશે.)

---

(૪) વિધિ સૂત્ર : સાક્ષાત્ લક્ષ્યનું સંસ્કારક છતાં સાધુત્વ પ્રકારક બોધનું જે જનક હોય તે સૂત્ર (અત્યંત અપ્રાપ્તિમાં જે આરંભ કરાય તે વિધિ) દા ત इवर्णादे रस्वे स्वरेथी इ નો य વગેરે થાય તે વિધિ

(૫) પ્રતિષેધ સૂત્ર :– પ્રાપ્તિનો પરિહાર (નિષેધ) કરનારું જે સૂત્ર દા.ત. न स्तं मत्वर्थे

(૬) નિયમ સૂત્ર : બીજાની નિવૃત્તિનું ફલપણું છતાં સિદ્ધ અર્થનું પ્રતિપાદન કરનાર સૂત્ર દા ત. नाम सिदयव्यन्जने । (सिध्धे सति आरम्भो नियमार्थम्)

(૭) વિકલ્પ સૂત્ર :– (પક્ષાન્તર સ્વીકાર) ભાવ અથવા અભાવનું વિધાયક સૂત્ર જેમકે सौ नवे तौ ૧/૨/૩૮ ऋलृति ह्रस्वो वा ૧/૨/૨

(૮) સમુચ્ચય સૂત્ર :– પરસ્પર અપેક્ષા રહિત જે અનેક તેનું એકમાં જે અન્વયતે સમુચ્ચય અથવા તો પૂર્વાપર સંગ્રહ દા.ત. अर्कौच ૧/૪/૩૯

(૯) અતિદેશ સૂત્ર :– આરોપને જણાવનાર સૂત્ર વિશેષ સ્પષ્ટતા માટે કહી શકાય કે, સંજ્ઞા સૂત્ર (૧/૧)ના છેલ્લા ચાર સૂત્રો અતિદેશ સૂત્ર છે. દા.ત. डत्यतु संख्यावत् (સામ્ય વિધાન તે અતિદેશ)

(૧૦) અનુવાદ સૂત્ર :– વિધાન કરાએલાનું જે ફેર વિધાન કરવું તે અથવા શબ્દશઃ પુનરુચ્ચારણ જેમ કે, अ इ उ वर्णस्यान्ते ऽनुनासिकोऽनीदादेः ૧/૨/૪૧ અહીં ई दू दे द द्विवचनम् ૧/૨/૩૪નો અનુવાદ છે.

નોંધ :– અભ્યાસ દરમ્યાન સૂત્ર ભણતાં તે કયા પ્રકારનું સૂત્ર છે. તેની વિચારણા કરવી.

ઔત્ માં ત્ ઉચ્ચારણ માટે જ છે ત કાર ઔની કથનીયતા સુસ્પષ્ટ કરે છે, તે ન હોય તો સન્ધિનો ભય રહે

જેમ :— ૧/૨/૨૧ इ वर्णादेरस्वे स्वरे यवरलम् વગેરે સૂત્રોમાં પ્રાપ્તિ થશે.

[૩]

(૬) एक द्वि त्रि मात्रा ह्रस्व दीर्घ प्लुताः १/१/५

★ સૂત્રપૃથક્ :— एकद्वित्रि मात्रा (१-ब.) ह्रस्व दीर्घप्लुताः (१-ब) બે પદ

★ વૃત્તિ :— मात्रा काल विशेषः

एकमात्रो वर्णो ह्रस्वः, द्वि मात्रो दीर्घः त्रिमात्रः प्लुतः स्वरानाम्. व्यञ्जनं चार्ध मात्रम्

अ इ उ ऋ ऌ इति ह्रस्वाः । आ ई ऊ ॠ ॡ ए ऐ ओ औ इति दीर्घाः । आ३ ई३ इत्यादि प्लुताः ॥

"दूराह्वाने च प्रश्ने प्रश्नाख्याने तथैव च संमत्यसूयाकोपादौ, स्वरान्त्यस्य स्वराः प्लुताः"

ते चोदात्तोऽनुदात्तः स्वरितश्च सानुनासिक निरनुनासिकाश्च इति

उच्चैर्निष्पन्न उदात्तः, नीचैर्निष्पन्नः उदात्तोऽनुदात्तश्च, स्वरितश्च समवृत्त्या मुखनासिकाभ्यामुच्चार्यमाणो, वर्णःसानुनासिकः मुखेनैवोच्चार्यमाणो, वर्णो निरनुनासिकः इत्येवमष्टादश वर्णभेदाः ऌवर्णस्य दीर्घाभावात् द्वादश, सन्ध्यक्षराणां ह्रस्वाभावात्

दीर्घप्लुतसानुनासिकादिभेदात् द्वादशैवेति पाणिनीयाः

卐 પૃથ્થર્થ :— માત્રા (શબ્દના ઉચ્ચારણ માટે) સમય વિશેષનું માપક છે. બોલતાં એક માત્રા જેટલો સમય લાગે તો હ્રસ્વ, બે માત્રા જેટલો સમય લાગે તો દીર્ઘ અને ત્રણ માત્રા જેટલો સમય લાગે તો પ્લુત સ્વર કહેવાય છે. અને જો અડધી માત્રા જેટલો સમય લાગે તે વ્યંજન કહેવાય

હ્રસ્વ સ્વર (૫) અ ઇ ઉ ઋ ઌ

દીર્ઘ સ્વર (૯) આ ઈ ઊ ૠ ૡ એ ઐ ઓ ઔ

પ્લુત સ્વર આ૩ ઈ૩ વગેરે બધાં

વ્યંજન – અર્ધમાત્રા વાળા હોય છે.

(અહીં પ્રાસંગિક નિર્દેશ માટે જણાવેલ છે.)

*સ્વર પ્લુત થવાના કારણો :–

[1]દૂરથી બોલવવામાં (દા.ત. આ દેવદત્ત અહીં આવ) [2]પ્રશ્ન કરવામાં-પ્રશ્નનો ઉત્તર આપવામાં [3]કોપ વડે દંડ કરવામાં સંમતિ આપવી, ઈર્ષ્યા, કોપ કરવામાં સ્વર પ્લુત થાય છે.

હ્રસ્વ, દીર્ઘ, પ્લુત દરેકના ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત એમ ત્રણ-ત્રણ પ્રકારો છે. તે ત્રણેના સાનુનાસિક અને નિરનુનાસિક એમ બે-બે પ્રકારો છે.

[૩×૩×૨=૧૮ પ્રકાર]

વ્યાખ્યા :—

ઉદાત્ત :– ઉંચેથી બોલાતો સ્વર ઉદાત્ત કહેવાય

અનુદાત્ત :– નીચેથી બોલાતો સ્વર અનુદાત્ત કહેવાય.

સ્વરિત :– સમાન વૃત્તિથી બોલાતો સ્વર સ્વરિત કહેવાય

સાનુનાસિક :– મુખ અને નાસિકાથી બોલાતો વર્ણ સાનુનાસિક કહેવાય.

---

*સિદ્ધહેમ વ્યા.માં સૂત્ર ૭/૪/૮૯થી ૭/૪/૧૦૨ કુલ ૧૪ સૂત્રો પ્લુત સંજ્ઞાનું વિધાન કરે છે


|૧| દૂરથી બોલાવવુ :– ૭/૪/૯૯ दूराद् आमन्त्र्यस्य गुरुः वा एकः अनन्त्यः अपि ल्लुत દૂરથી બોલવવા સામાન્ય કરતા વિશેષ પ્રયત્ન કરાય ત્યારે બોલનારને સંશય રહે કે મારું બોલેલ સાંભળશે કે કેમ? અહીં અન્ત્ય સ્વર વિકલ્પે પ્લુત થાય છે [૧]

|૨| પ્રશ્ન પ્રશ્નોત્તર :– સૂત્ર ૭/૪/૯૮ प्रश्ने च प्रतिपदम् પ્રશ્ન પૂછાયેલ અને ઉત્તર અપાયેલ વાક્યના અન્ત્ય સ્વર વિકલ્પે પ્લુત થાય છે [૨]

|૩| કોપવડે દંડ :– સૂત્ર ૭/૪/૯૦ भर्त्सने પર્યાયેન કોપ વડે દંડ વાળા વાક્યમાં આમન્ત્ર્ય પદ બે વાર બોલાય છે બે વાર બોલતા આગલા કે, પાછલા પદનો અંત્ય સ્વર વિકલ્પે પ્લુત થાય છે [૩]

|૪| સંમતિ-ઈર્ષ્યા-કોપ ૭/૪/૮૯ सम्मत्यसूया कोप कुत्सनेष्वाद्यामन्त्र्यमादौ स्वरेषु अन्त्यश्च प्लुतः સંમતિઃ કાર્યમાં અભિમતિ કે આદર. ઈર્ષ્યા/અસૂયા બીજાના ગુણ સહન ન કરવા, કોપઃ ગુસ્સો, નિંદા એ ચાર અર્થોમાં આદિ પદ બેવડાય છે. પદના અન્ત્ય સ્વરનું પ્લુત ઉચ્ચારણ વિકલ્પે થાય છે [૪]

સ્વરના ભેદો દા.ત. અ વર્ણ



આ રીતે ઇ વર્ણ ઉ વર્ણ ઋ વર્ણ લૃ વર્ણના ૧૮-૧૮ ભેદો થાય

નિરનુનાસિક – માત્ર મુખેથી જ બોલાતો વર્ણ નિરનુનાસિક કહેવાય

આ રીતે પ્રત્યેક પાંચે વર્ણના (अ વર્ણ, इ વર્ણ, उ વર્ણ, ऋ વર્ણ, ऌ વર્ણના) અઢાર અઢાર ભેદો થાય છે. જેમ કે (જુઓ પૃ.૫) સન્ધ્યક્ષરો હ્રસ્વ ન હોવાથી હ્રસ્વના ૬ ભેદ વર્જીને બાર-બાર ભેદો થાય છે. મતાંતરે પાણિનીય વ્યાકરણના મતે ऌ દીર્ઘ ન હોવાથી ऌ વર્ણના પણ હ્રસ્વ અને પ્લુત મળીને ૧૨-૧૨ ભેદો થાય છે.

★ અનુવૃત્તિ :— [illegible] ૧/૧/૪

卐 વિશેષ :— अ વર્ણાદિના ૧૮-૧૮ ભેદ ગણિયા બતાવ્યા તે મુજબ પ્લુતના ૬ ભેદનું જ વિધાન છે જેમકે (૧). સાનુનાસિક ઉદાત્ત પ્લુત (૨) નિરનુનાસિક ઉદાત્ત પ્લુત વગેરે તે જ રીતે પ્લુત ના બે ભેદ અપ્રસિદ્ધ છે

*(૧) હ્રસ્વાકાર પ્લુત (૨) દીર્ઘાકાર પ્લુત

0 હ્રસ્વાકૃત્ય अ ૩ इ ૩ उ ૩ ऋ ૩ ऌ ૩

દીર્ઘાકૃત્ય आ ૩ ई ૩ ऊ ૩ ॠ ૩ ॡ ૩ ए ૩ ऐ ૩ ओ ૩ औ ૩

આ હ્રસ્વાકૃત્ય તથા દીર્ઘાકૃત્ય પ્લુતોના પણ ઉદાત્તાદિ ૬-૬ ભેદ થાય (જેમકે હ્રસ્વાકૃતિ સાનુનાસિક ઉદાત્ત પ્લુત) —આ વિધિમાં પ્લુતના હ્રસ્વદીર્ઘ ભેદનો ઉપયોગ થાય 0 દીર્ઘાકાર પ્લુતને સ.નિર્દે.[illegible] હ્રસ્વાકાર પ્લુતને ન થાય "[illegible] ૧/૪/૨૮"

0 एक द्वि त्रि मात्रा એ પદ ઉદ્દેશરૂપ વચન છે હ્રસ્વ દીર્ઘ પ્લુતા એ વિધેયરૂપ વચન છે. જ્યાં જ્યાં ઉદ્દેશ રૂપ વચન અને વિધેય રૂપ વચનમાં વિભક્તિ વચન સંખ્યા સમાન હોય ત્યાં ત્યાં તેમનું વિધાન અનુક્રમે *યથાસંખ્ય. એટલે કે, एक-हृस्व द्वि-दीर्घ त्रि-प्लुत

0 [illegible] —સૂત્ર સમાસ પાછળ આવેલ પદ પ્રત્યેકની સાથે જોડાય છે.

0 આ સૂત્રમાં ક્રિયાપદ નથી તો પણ ક્રિયાપદ અધ્યાહાર ... ગણાય તે કઈ રીતે? —ક્રિયાપદ અધ્યાહાર હોય ત્યારે અસ્તિ ભવન્તિ *ક્રિયાપદ સમજવું

0 એકમાત્રા સ્વર અનુવૃત્તિ કેમ લીધી –एक द्वि त्रि માત્રાની વાત સ્વરને લાગુ પડે છે વ્યંજનને નહીં. જેમકે ધમા ૧+૧ રહેલા છે. અને વ્યંજનની અર્ધી-અર્ધી માત્રાથી ધ્ ની એક માત્રા વાળો થયો તો તેને હ્રસ્વ ન કહેવાય એજ રીતે વર્ણને ઉચ્ચારિત અના થાય વર્ણ અનુસરીને નહીં જેમ કે તિતઉ (ચારણી) અહીં त પછી उ રહેલો છે. તો દ્વિ માત્રા પણાથી દીર્ઘ સંજ્ઞા ન થાય.

હ્રસ્વ – હ્રસ્વ . [illegible]

દીર્ઘ : [illegible]

[૮]

(૫) अनवर्णा नामी ૧/૧/૬

★ સૂત્રપૃથ :— अनवर्णाः (૧-બ) नामी (૧-એ) બે પદ

★ વૃત્તિ :— अ वर्ण वर्जिता अन्ये स्वराः द्वादश नामिनः

卐 સૂત્રાર્થ :— अ વર્ણ (अ-आ) સિવાયના બાકીના ૧૨ સ્વરોની નામી સંજ્ઞા થાય છે.

★ અનુવૃત્તિ :— औदन्ताः स्वराः ૧/૧/૪

卐 વિશેષ :— નામીસ્વરો (૧૨) इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ 0 આ સૂત્રમાં अनवर्णाः બ.વ છે અને નામિન (નામિન+સિ=નામી થયુ છે) એ.વ છે વચન ભેદ કેમ? (અનુક્રમ અર્થ) જ્યાં *કાર્ય થી કાર્યિ સ્વરાન્ત હોય ત્યાંજ નામી સંજ્ઞા થાય અન્યત્ર નહીં દા.ત नी નો ગુણ થવામાં નામી સંજ્ઞા થાય છે કેમ કે ત્યાં इ કાર્યિ-કાર્યથી યુક્ત છે પણ *ઓ+સમાં અગાર થાય એટલે કે ગુણ થતો નથી (નામિનો ગુણ ઈત્યાદિ સૂત્ર લાગતું નથી)

0 अनवर्णाः :— બ વ. પ્લુતના ભેદ માટે છે.

0 વ્યાખ્યા :— न विद्यते अ वर्णो येषु ते अनवर्णाः

*શ્રી સિદ્ધ હેમ શબ્દાનુ શાસન લઘુવૃત્તિ પૃ ૯

* ર અ.૫ : [illegible] —[illegible] ૧૦ પૃ ૬૦

*સ્થાવ :— [illegible]

*કાર્યિ : જેનું કાર્ય કરવું છે તે દા.ત. नी ધાતુમાં इ છે તે કાર્યિ કહેવાય.

*કાર્ય :— જે બને તે દા.ત ईનો ગુણ ए થાય.

ક્ષેત્ર — ૨/૩/૮ नामिनस्तयो:ष: વગેરે સૂત્રમાં પ્રાપ્તિ છે.

[૫]

(૬) लृदन्ता: समाना: ૧/૧/૭

★ સૂત્રપૃથ :— लृत् अन्ता: (૧-બ.) समाना: (૧-બ.) બે પદ

★ વૃત્તિ :— लृकारान्ता अकाराद्या: समानाख्या: स्वरा दश

卐 વૃત્ત્યર્થ :— अ થી માંડીને लॄ સુધીના ૧૦ સ્વરોની સમાન સંજ્ઞા થાય છે.

★ અનુવૃત્તિ :— औदन्ता: स्वरा:

卐 વિશેષ :— लृत् માં त् ઉચ્ચારણ માટે છે. સમાન સ્વરો : अ आ इ ई उ ऊ ऋ ॠ लृ लॄ (દશ) अ થી लॄ સુધીના પાંચે વર્ણો અઢાર ભેદે સમજવા 0 (બ.વ થી પ્લુત સંગ્રહ)

વ્યાખ્યા : સમાન તુલ્યમાન પરિણામ જેના છે તે સમાન સ્વર કહેવાય.

ક્ષેત્ર :- ૧/૨/૧ समानानां तेन दीर्घ: વગેરે સૂત્રમાં પ્રાપ્તિ

[૬]

(૭) एऐओऔ सन्ध्यक्षरम् ૧/૧/૮

★ સૂત્ર પૃથ :— ए ऐ ओ औ (૧.એ) सन्ध्यक्षरम् (૧ એ.)

★ વૃત્તિ :— सन्ध्यक्षराख्याश्चत्वार, ए ऐ ओ औ इमे स्वरा:

卐 વૃત્ત્યર્થ :— ए ऐ ओ औ આ ચાર સ્વરોની "સન્ધ્યક્ષર" સંજ્ઞા છે.

卐 વિશેષ :— સન્ધિ થવાથી ઉત્પન્ન થતો જે અક્ષર તે સન્ધ્યક્ષર. જેમકે अ+इ=ए, अ+ए=ऐ વગેરે

આ સૂત્રથી સ્વર સંજ્ઞા પૂર્ણ થવાનો ભાવ રહેલો છે.

एश्च ऐश्च ओश्च औश्च એવો દ્વન્દ્વ સમાસ થઇ ए ऐ ओ औ થઇ સૂત્રને લીધે પ્રત્યયનો લોપ થયો છે.

ક્ષેત્ર :- ऐदौत् सन्ध्यक्षरै: વગેરે સૂત્રમાં પ્રાપ્તિ

[૭]

વર્ણ વિશેષ સંજ્ઞા

(૮) अं अ: अनुस्वार-विसर्गौ ૧/૧/૯

★ સૂત્રપૃથ :— अं अ: (૧-દ્વિ.) अनुस्वार विसर्गौ (૧-દ્વિ.) બે પદ

★ વૃત્તિ :— अकारावेतयोर्मध्ये, सुखोच्चारणहेतुकौ

卐 વૃત્ત્યર્થ :— અનુસ્વાર અને વિસર્ગમાં अ કાર સુખપૂર્વક ઉચ્ચારણ કરવા માટે મૂકાયેલો છે. [અનુસ્વાર ચિહ્ન (ం) વિસર્ગ ચિહ્ન (:)]

卐 વિશેષ :— વ્યાખ્યા :- अनुस्वार्यते इति अनुस्वार વર્ણઅક્ષર પર મુકાતું એક બિંદુતે અનુસ્વાર દા.ત. कं

विसृज्यते इति विसर्ग વર્ણ-અક્ષરની બાજુમાં મુકાતાં બે બિંદુ તે વિસર્ગ દા.ત. क:

ङ् ञ् ण् न् म् એ વ્યંજનને બદલે અનુસ્વાર બિન્દુ વપરાય છે માટે તે વ્યંજન રૂપ છે. અને વિસર્ગ પણ स् અથવા र् ને બદલે વપરાય છે. માટે તે પણ વ્યંજન રૂપ જ છે. એજ રીતે અનુસ્વાર, અનુનાસિક વર્ણને સ્થાને મૂકાય છે, સ્વરને સ્થાને નહીં. તેથી અનુસ્વાર વિસર્ગ બન્નેનાં સંબંધ વ્યંજન સાથે છે સ્વર સાથે નહીં માટે બન્ને વ્યંજન રૂપ છે.

0 સૂત્ર : कादिर्व्यञ्जनम् ૧/૧/૧૦ની એક વ્યાખ્યા પણ कस्य आदि: (ષષ્ઠી તત્પુરુષ) એ રીતે થઇ શકે ત્યારે સ્વર પછી વ્યંજન પૂર્વે અનુસ્વાર-વિસર્ગ હોવાથી તે વ્યંજન રૂપ જ છે. તેનું પ્રમાણ पुंस्+भ्याम्=पुम्भ्याम् અહીં नामसिदय्व्यञ्जनेथी પદ સંજ્ઞા, પદસ્યથી स् લોપ. કેમ કે, અનુસ્વારને વ્યંજન રૂપે ગણેલ છે.

0 अं (અનુસ્વાર) નાસિક્ય વર્ણ છે.

0 अ: (વિસર્ગ) કંઠ્ય વર્ણ છે.

ક્ષેત્ર .- नोऽप्रशानोऽनुस्वारा ૧/૧/૩ અને र: पदान्ते विसर्गस्तयो: વગેરે સૂત્રોમાં છે.

[૮]

વ્યંજન સંજ્ઞા સબંધિ સૂત્રો

(૯) कादिर्व्यञ्जनम् ૧/૧/૧૦

अं अ: (૧-દ્વિ) દ્વિ વચન છે છતાં સૂત્રકારને મળતી સત્તાનો ઉપયોગ કરી દ્વિ વચન જણાવેલ નથી.

★ અનુવૃત્તિ :— વાચ દ્વિતીય પ્રદત્તા અઘોષા ૧/૧/૧૩ ચાદિર્વ્યંજનમ્ ૧/૧/૧૦

卐 વિશેષ :—આભ્યા જેમાં ઉચ્ચારણ કરતા વિશેષ ધ્વનિ કરાય તે ઘોષ-ધ્વનિ વિગતે વાચ્ય મ નાદ *

0 સૂત્રની જરૂર શું ? ઘુટ્ પછી અઘુટ્ માટે સૂત્ર ન બનાવ્યું તો અહીં ઘોષ માટે કેમ? ઘુટ્ પછી અઘુટ્ મા સ્વરનું ગ્રહણ કરવાનું હતું જ્યારે અહીં અન્ય શબ્દથી ચાદિર્વ્યંજનમ્ ની જ અનુવૃત્તિને સ્વીકારીને ઘોષ મા સ્વરનું ગ્રહણ કરેલ નથી માટે સૂત્ર અલગ બનાવેલ છે.

0 ઘોષ ને બદલે ઘોષવાન્ કેમ? ઘોષ એ ઉચ્ચાર છે જ્યારે વર્ણો ઘોષ ઉચ્ચારવાળા છે માટે ઘોષવાન લખ્યું 0 અન્ય એ વ કેમ? (અઘોષેઅન્યઃ) અઘોષ સિવાયના અન્ય જણાવવા અને ચાદિ ની અનુવૃત્તિને લક્ષમાં લઇને અન્યઃ એકવચન મૂકેલ છે.

ક્ષેત્ર — ઘોષવતિ ૧/૩/૨૧ વગેરે સૂત્રમાં પ્રાપ્તિ છે.

[૧૪]

(૧૫) अं अः ≍ क)(प शषसाः शिट् ૧/૧/૧૬

★ સૂત્રપૃથ :— अं अः ≍ क)(प शषसाः (૧-બ) शिट् (૧ બ) બે પદ

★ વૃત્તિ :—शिट् संज्ञका वर्णाः स्युः

तत्र ≍ कः कुलिशाकृतिः गजकुम्भाकृतिः)(पवर्गाणामुच्चारणार्थकौ

卐 વૃત્યર્થ —આ સાત (૦ અનુસ્વાર. : વિસર્ગ વજ્રાકૃતિ अक्. ગજકુંભાકૃતિ अप् અને शषस)ની शिट् સંજ્ઞા છે. અહીં ≍ कની વજ્રાકૃતિ છે અને)(पની ગજ-કુમ્ભાકૃતિ છે તેમાં अ क प ત્રણે વર્ણો ઉચ્ચારણો માટે છે.

★ વિશેષ :— સૂત્રમાં બ વ જે મૂકેલ છે. તે ≍ क (क ख) અને)(प (प फ) વર્ણને જણાવવા માટે છે. પણ બન્ને વર્ણ (આકૃતિ)નો અલ્પ ઉપયોગ હોવાથી शिट् એ વ. મૂકેલ છે

0 ≍ क् (अक्) વજ્રાકૃતિને જિહ્વામૂલીય વર્ણ કહેવાય છે અને)(प (अप्) જે ગજકુમ્ભાકૃતિ

* ઘોષ :— મધ્યવૃત્તિ અવચૂરિ પ્રથમો વિભાગ પૃ પ.

છે તેને ઉપધ્માનીય વર્ણ કહેવાય છે

0 વજ્રાકૃતિ અને ગજકુમ્ભાકૃતિ બન્ને વર્ણો ર ને બદલે વપરાય છે, તેથી તે વ્યંજનરૂપ જ છે. તો કે બન્નેના પ્રયોગ બહુ જ અલ્પ થાય છે

★ ક્ષેત્ર :— शिटः प्रथम द्वितीयस्य ૧/૧/૩૫

[૧૫]

(૧૬) तुल्यस्थानास्यप्रयत्नः स्वः ૧/૧/૧૭

★ સૂત્ર પૃથ :— तुल्य स्थान आस्य प्रयत्नः (૧-એ) स्वः (૧-એ) બે પદ

★ વૃત્તિ :— आस्यप्रयत्नस्थानाभ्यां

तुल्या वर्णाः स्व संज्ञकाः ।
चतुर्दशानां स्वराणां स्वस्वभेदा यथा मिथः ।
पञ्चानामेक वर्गस्था वर्णाः स्वाः स्युः परस्परम् ।
यलवाः सानुनासिक निरनुनासिका अपि ।
अष्टौ स्थानानि वर्णानामुरः कण्ठः शिरस्तथा ।
जिह्वामूलं च दन्ताश्च नासिकौष्ठौ च तालु च ।
विसर्गोऽथाऽकुहाः कण्ठ्यास्तालव्या इचुयाश्शाः ।
उपूपध्मानीया ओष्ठ्या, मूर्धन्या ऋटुरषाः ।
दन्त्या लृतुलसा ए ऐ कण्ठतालुसमुद्भवौ ।
ओ औ कण्ठोष्ठजौ ज्ञेयौ, वो दन्तोष्ठ्यः प्रकीर्तितः ।
जिह्वाग्रच जिह्वामूलीयोऽनुस्वारो नासिकाक्षरः ।
स्वस्थाननासिकास्थानाः स्युर्ङञणनमा इति ।
स्यादुरस्यो हकारस्तु यहान्तस्थः स संयुतः ।
आस्यप्रयत्नाः स्पृष्टाद्याः, विवार स्पृष्टतादयः ।
ह्रस्ववर्णावर्णस्याऽपि, प्राग्यः कारि च केवलः ।
संयोगः स्याद् व्यञ्जनानि, स व्यवहितान्यहो ।

卐 વૃત્યર્થ :— અહીં માત્ર અર્થ છે. વિશેષ સ્પષ્ટતા માટે "વિશેષાર્થ" ખાસ જુઓ.

0 તુલ્ય છે (સરખા છે) સ્થાન અને આસ્ય (મુખ) પ્રયત્ન જેના તેની "સ્વ" (સજાતીય) સંજ્ઞા થાય છે. જેમકે ચૌદ સ્વરોના પોત પોતાના ભેદો સ્વ સંજ્ઞક છે.

0 વર્ગમાંના પાંચ-પાંચ વર્ણો પરસ્પર સ્વ સંજ્ઞક છે. —સાનુનાસિક નિરનુનાસિક य ल व ની પણ "સ્વ" સંજ્ઞા થશે. દા.ત. य-यँ, ल-लँ, व-वँ.

0 વર્ણોના આઠ સ્થાનો છે. (૧) ઉર-છાતી (૨) કંઠ (૩) શિર-મુર્ધન્ય (૪) જિહ્વામૂલ (૫) દન્ત (૬) નાસિકા (૭) ઓષ્ઠ (૮) તાલુ

સ્થાન	સ્વર	વ્યંજન
કંઠય	अ आ	કવર્ગ (क ख ग घ ङ) ह વિસર્ગ
તાલવ્ય	इ ई ए ऐ	च વર્ગ (च छ ज झ ञ) य श
ઓષ્ઠય	उ ऊ ओ औ	प વર્ગ (पफबभम) ઉપધ્માનીય
મુર્ધન્ય	ऋ ॠ	ट વર્ગ (ठटडढण) र ष
દન્ત્ય	ऌ ॡ	त વર્ગ (त थ द ध न) ल स
દંત્યોષ્ઠય		व
જિહ્વ્ય		જિહ્વામૂલીય)(क्
નાસિકય		અનુસ્વાર ङ ञ ण न म (આ પાચે સ્વસ્થાનીયપણુછે)
ઉરસ્ય		ह-अ र ल व ङ ञ ण म न

(અહીં વૃત્તિમાં ए ऐ કઠયતાલુ અને ओ औ કઠયૌષ્ઠ કહ્યા છે તે અન્ય મતે સમજવા. સ્વમતે ए ऐ તાલવ્ય અને ओ औ ઓષ્ઠય જ સમજવા).

0 આસ્ય પ્રયત્ન :– સંવાર, વિવાર, સ્પૃષ્ટતા વગેરે આસ્ય પ્રયત્ન છે.

0 સંયોગ –સ્વરના વ્યવધાન સિવાય એકઠા થયેલા વ્યંજનો તે સંયોગ છે દાત प्स=प्+स

0 વર્ણ :—જયારે વર્ણ કહેવાય દા. ત. अ વર્ણ ત્યારે સ્વ સંજ્ઞા લેવી એટલે કે अ आ **ના પ્રત્યેક ૧૮ ભેદ લેવા પણ માત્ર** कार **કાર્ય (દા.ત.** अ कार**) ના પ્રસંગે માત્ર** अ **જ લેવાય.**

卐 **વિશેષ :–** વૃત્તિની સ્પષ્ટતા માટે ખાસ:–

0 સ્થાન:– જે જગ્યાએથી વર્ણ ઉચ્ચારાય તે

0 આસ્યપ્રયત્ન :– ઓઠથી કંઠમણી (કાકડા) સુધીનો જે ભાગ તે આસ્ય અને તેમાં થતો જે યત્નવિશેષ તે "आस्यप्रयत्न" – બીજા શબ્દોમાં કહીએતો જેના વડે સ્પષ્ટ કે અસ્પષ્ટ અવાજ બહાર ફેંકી શકાય તે આસ્ય

0 (સ્થાન) करण – જિહ્વાનો મૂળ ભાગ– (જિહ્વામૂલીય), જિહ્વાનો મધ્યભાગ- (તાલવ્ય), જિહ્વાનો અગ્રભાગ (દન્ત્ય), જિહ્વાનો ઉપાગ્રભાગ (મૂર્ધન્ય) તે કરણ કહેવાય છે.

★ આઠે સ્થાનોનું વર્ણન વૃત્યર્થના કોષ્ટકમાં છે.

0 આસ્યપ્રયત્ન :–*

0 સ્પૃષ્ટ:–क થી म – સ્પર્શવ્યંજન–જે વર્ણ ધ્વનીની ઉત્પતિમાં સ્થાન-કરણ-આસ્ય પ્રયત્ન પરસ્પર સ્પર્શેતે

0 "ઇષત્સ્પૃષ્ટ" :– य, र, ल, व, (અન્તસ્થા) જે વર્ણ ધ્વનીની ઉત્પતિમાં સ્થાન અને આસ્ય પ્રયત્ન અલ્પ સ્પર્શે તે.

0 ઇસત્વિવૃત :– श ष स ह (ઉષ્માક્ષર) જે વર્ણ ધ્વનીની ઉત્પતિમાં સ્થાન, કરણ અને આસ્ય પ્રયત્ન સમીપથી સ્પર્શે

0 વિવૃત :–તમામ સ્વરો-જે વર્ણ ધ્વનીની ઉત્પતિમાં સ્થાન–આસ્યપ્રયત્ન દૂરથી સ્પર્શેતે.

"બૃહદ્વૃત્તિમાં આ ચાર ભેદ જ છે"–કેટલાંકના મતે અન્ય ત્રણ ભેદ વિશેષ વિભાજન કરતાં જણાવે છે (૧) ए ओ વિવૃતતર (૨) ऐ औ અતિ વિવૃતતર (૩) अ आ અતિ વિવૃતતમ

0 "બાહ્યપ્રયત્ન" :– દેહના કોઠામાં જે પ્રયત્ન થાય તે બાહ્ય પ્રયત્ન :– [(૧) વિવાર –(૨) સંવાર]. [(૩) શ્વાસ–(૪) નાદ] [(૫) ઘોષ (૬) અઘોષ] [(૭) અલ્પપ્રાણ–(૮) મહાપ્રાણ] [(૯) ઉદાત્ત –(૧૦) અનુદાત્ત–(૧૧) સ્વરિત]

*આ ૧૧ બાહ્ય પ્રયત્નોની વિશેષ ચર્ચા અનાવશ્યક સમજી છોડી દીધેલ છે.

વર્ણ વિભાજન માટે નીચેનું કોષ્ટક જોવું

સ્વ સંજ્ઞા (સ્વરો)

વર્ણ	સ્થાન	આસ્યપ્રયત્ન	પરસ્પરસ્વ
अ–૧૮ ભેદ	કણ્ઠય	વિવૃત્તકરણ	,,
इ– ,,	તાલવ્ય	,,	,,
उ– ,,	ઓષ્ઠય	,,	,,
ऋ– ,,	મુર્ધન્ય	,,	,,
ऌ– ,,	દન્ત્ય	,,	,,
ए ૧૨ ભેદ	તાલવ્ય	વિવૃતતર	,,
ऐ ,, ,,	,,	અતિ ,,	,,
ओ ,, ,,	ઓષ્ઠય	વિવૃતતર	,,
औ ,, ,,	,,	અતિ ,,	,,

*आस्यप्रयत्न - બૃહદ્વૃતિ– પ્રથમો વિભાગ ૧–૧–૧૭

*બાહ્ય પ્રયત્નો :– વિશેષ જાણકારી માટે જુઓ– લઘુવૃત્તિ ભાષાન્તર ખંડ–૧ પૃ. ૧૮–બૃહન્યાસ– પ્રથમોઽધ્યાવ પૃ. ૨૩

— સ્વસંજ્ઞા (વ્યંજન) —

વર્ણ	સ્થાન	આસ્યપ્રયત્ન	પરસ્પર સ્વ
क વર્ગ	કંઠ્ય	સ્પૃષ્ટ	,,
च ,,	તાલવ્ય	,,	,,
ट ,,	મુર્ધન્ય	,,	,,
त ,,	દન્ત્ય	,,	,,
प ,,	ઓષ્ઠ્ય	,,	,,
य નો	તાલવ્ય	ઇષત્ સ્પૃષ્ટ	,,
ल નો	દન્ત્ય	,,	,,
व નો	દન્ત્યોષ્ઠ્ય	,, ,,	,,

★ श, ष, स, ह, र. ની સ્વસંજ્ઞા નથી.

વિવૃત-શ્વાસ-અઘોષ- | સંવૃત નાદ ઘોષ

— બાહ્ય પ્રયત્ન —

અલ્પપ્રાણ-	મહાપ્રાણ	અલ્પપ્રાણ	મહાપ્રાણ
क	ख	ग, ङ,	घ
च	छ	ज, ञ,	झ
ट	ठ	ड, ण,	ढ
त	थ	द, न,	ध
प	फ	ब, म,	भ
	श,ष,स વિસર્ગ	य,र,ल,व,	ह, અનુસ્વાર

* પાઠ્ય પુસ્તક ધો. ૮ પૃ. ૧૬ સંસ્કૃત પાઠ્ય પુસ્તક મંડળ અમદાવાદ

ક્ષેત્ર :— इवर्णादिरस्वे स्वरे यवरलम १-२-२१

[૧૬]

(૧૭) अप्रयोगीत् १/१/३७

✱ સૂત્રપૃથ : अप्रयोगी (૧એ.) इत् (૧ એ) બેપદ

★ વૃત્તિ :— वर्णो वर्णसमूहोवा पाठे समुपलभ्यते न दृश्यते प्रयोगे यः स इत्संज्ञक इष्यते

★ શેષવૃત્તિ :—

स्यादिभ्यादिर्विभक्तिः स्या द्विभक्त्यन्तं भवेत्पदम्
आदयः शत्रुवज्ज्ञेया सर्वेन्मित्र वदागमः
अवसान विरामः स्यात्, वर्णानुच्चारण पुरः
नयोउक्लृप्तचलोऽस्व वर्णादर्शन वाचकाः
दीर्घो विसर्गानुस्वारयुक् संयोगाेा गुरुः
अर्धयोगपराद्गुरुस्वो विसर्गानुस्थितो स्तु :
अर्धदाता गुणय ञा ऋदृत्स्थानभाविन ।
वृद्धिय ञा स्मृता आ आर एदौच्व स्वरव्यंजनाः
स्वनौजसः स्तु धुटसंज्ञाः पुंस्त्रियोः दि नंपुंसके
जिना स घोषनावं मिश्रेष धुट संज्ञका अमी

卐 વૃત્યર્થ: (સૂત્ર કે ધાતુ) પાઠમાં દેખાતો પણ પ્રયોગમા ન આવતો (જણાતો) કોઇ પણ વર્ણ કે વર્ણ સમુહ ઇત્ સંજ્ઞા (इत्) રૂપ ગણાય છે.

વિશેષ :- अप्रयोगित् સૂત્રની રચના ધાતુ-નામ-પ્રત્યય વિકાર અને આગમોના અર્થમાં છે. જેમકે :- ધાતુઃ एधि-एधते "इ" (इत्) છે. शीङ् शेते "ङ्" (इत) છે.

0 નામ: माङ् माङ् नवान् 'आ" (इत्) છે.

0 પ્રત્યયઃ तिव् नवति "व्" इत છે.

0 વિકાર : क्याम क्यांक्यातामि-"आंग्" इत्

0 આગમ : इट्-(पा)- पथिथ – "ट्" इत् છે

આ પ્રત્યેક "इत्" અનુબંધો મહદ્ અંશે કોઇને કોઇ *ફળના સૂચન માટે છે.

0 અનુબન્ધો : ऌृ સિવાયના ૧૪ સ્વરો, અનુસ્વાર क, વર્ગ, च,ञ,ट,ड,ण,ड,द,न,प,न,य,ल,व,श,ष,स,ह્ ઉપ વર્ણોનો અનુબંધ તરીકે ઉપયોગ થાય છે બીજા શબ્દોમા કહીએ કે પ્રયોગ કરતી વખતે આ અનુબંધો નો ઉપયોગ થાય છે જે इत् સંજ્ઞક છે બીજા શબ્દોમાં કહીએ કે પ્રયોગ કરતી વખતે આ અનુબંધોનો ઉપયોગ થતો હોવાથી अप्रयोगी કહેવાય છે

ક્ષેત્ર :— इदित्त कर्तरी ૩/૩/૨૨ વગેરે સૂત્રોમાં

★ શેષવૃતિ :— પ્રસંગોપાત અપાયેલી અન્ય સંજ્ઞા

૧૧. વિભક્તિ-स्त्यादिर्विभक्ति. ૧/૧/૧૯ સ્યાદિ, ત્યાદિ (सि, औ, जस्,) (तिव्, तस्, अन्ति) વગેરેની વિભક્તિ સંજ્ઞા છે — — विभज्यन्ते विभागशः प्रकाश्यन्ते – કર્તા વગેરે અર્થને વિભક્ત કરે જુદા કરે તે વિભક્તિ

૧૨. પદસંજ્ઞા तदन्तंपदम १/१/२० સ્યાદિ-ત્યાદિ વિભક્તિ જેને અન્તે હોય તેને "પદ" કહેવાય છે

* અનુબન્ધ ફળ જ્ઞાપક કોઠો- સિદ્ધ હેમ લઘુવૃત્તિ (સંપા) પુ આ દક્ષ પરિશિ-પૃ. ૩૩

*अनुबन्ध फलम लघुप्रक्रिया परिशिष्ट पृ. ४१

દા.ત. राम+सि પ્રત્યય-राम ની પદ સંજ્ઞા થાય [૬]

।૩। **ગુણસંજ્ઞા** गुणोऽरेदोत् ૭/૩/૨ अर्, एत्, ओत्, જે ऋ, इ, અને उ, ના સ્થાને થાય છે, તેની ગુણ સંજ્ઞા સમજવી. [૭]

।૪। **વૃદ્ધિસંજ્ઞા** : वृद्धिराऽऽरैदौत् ૩/૩/૧ आ, आर्, ऐ, औ, જે અનુક્રમે अ, ऋ, इ, અન उ ના સ્થાને થાય છે તેની વૃદ્ધિ સંજ્ઞા સમજવી. [૮]

।૫। **ધુટ્ સંજ્ઞા** : पुंस्त्रियोः स्यमौजस् ૧/૧/૨૯ પુલ્લિગ-સ્ત્રીલિંગ ના सि, अम्, औं, (પ્રથમા-દ્વિતિયા) અને जस्, આ પાંચપ્રત્યોની "ધુટ્" સંજ્ઞા છે. [૯]

0 **શિધુંટ્** ૧/૧/૨૮ નપુંસક લિંગમાં जस्, शस्, (પ્રથમા, દ્વિતીયા બ.વ.) ના સ્થાને થયેલ "शि" પ્રત્યની ધુટ્ સંજ્ઞા સમજવી. [૧૦]

0 શેષઘુટ્ "वाःशेषे" ૧/૪/૨૮ સંબોધન વિભકિતના 'सि' પ્રત્યયને છોડીને બાકીના જે ધુટ્ પ્રત્યયો છે તેને "શેષઘુટ્" પ્રત્યયો કહેવાય છે.

પારિભાષિક શબ્દો

0 **आदेश** :- શત્રુ જેવા છે. જેમ શત્રુ બીજાને ઉઠાડીને તે સ્થાને બેસે તેમ આદેશ પણ જેનો કરવો હોય તેનો બદલામાં થાય છે.—અમુક આપેલ વસ્તુને બદલે તે જ સ્થાને અન્ય વસ્તુનું આરોપણ-જેમકે जस इः, जस् ને બદલે इ થાય છે.

0 **आगम** :- મિત્ર જેવો છે મિત્રની જેમ આગમ પાસે મૂકાય છે.-કોઇ સ્વર કે વ્યજનનો ઉમેરો મૂળ શબ્દાદિમાં થવો. દા. ત. वारीणि અહીં अनाम स्वरे नोऽन्तः થી वारि શબ્દ પછી न् નો આગમ થયો છે (रषुवर्णान्नोण સૂત્રથી न् નો ण् થયો)

0 **विराम** :- અવસાન એટલે છેલ્લું જેની આગળ કોઇપણ વર્ણનું ઉચ્ચારણ ન આવે તે વિરામ.

આગળના વર્ણના ઉચ્ચારણ માટે અથવા વિલમ્બથી ઉચ્ચારણ કરવા માટે મૂળ ઉચ્ચારણ ભાવોનું અટકવું તે વિરામ કહેવાય

દા. ત. जिनः जयति અહીં जिनः પછી વિરામ છે.-प्रथमं भवति मङ्गलम्। વાકયને અન્તે વિરામ છે

0 **लुक्** :-વર્ણનો અભાવ થવો. લુક્માં સ્થાનીવત્ ભાવ થાય છે. દા. ત. हे वारि । અહીં नाम्निनो लुग्वा ૧/૪/૬૧ સૂત્રથી सि પ્રત્યયનો લુક્ થાય છે લુક્નો સ્થાનિવત્ ભાવ થતાં પ્રત્યય નિમિત્તનું કાર્ય થવાથી सि સાથે ગુણ થશે.* हे वारे ।

0 **लुप्** :- વર્ણનો અભાવ થવો લુપમાં સ્થાનિવત્ ભાવ થતો નથી *જેમ કે अनतोलुप् ૧/૪/૫૯ દા. ત. मधु અહીં સ્થાનિવત્ ભાવ ન થતા मधु નો ગુણ થતો નથી.—સ્થાનિવત્ ભાવ માટે "પરિભાષા -પ્રકરણ"માં लुपिग्वृल्लेनत् પરિભાષા દર્શાવેલ છે.

0 **लोप** :- વર્ણનો અભાવ થવો. લોપ એ लुक् અને लुप् માટે સામાન્યવાચી શબ્દ છે.

0 **गुरु** :- દીર્ઘસ્વર, વિસર્ગયુકત અનુસ્વારયુકત, સંયોગ (જોડાક્ષર) પછી રહેલો હ્રસ્વસ્વર બધાં ગુરુ કહેવાય છે. જેમકે वप्र અહીં व ગુરુ થશે.

0 **लघु** :-જેના પછી સંયોગ (જોડાક્ષર) ન આવતો હોય, તેવો હ્રસ્વસ્વર, વિસર્ગ અને અનુસ્વાર રહિતનો હ્રસ્વ સ્વર લઘુ ગણાય છે.-પ્રાપ્તિઃ लघोरुपान्त्यस्य ૪/૩/૪ સૂત્રમાં

[૧૭]

(૧૮) लोकात् ૧/૧/૩

★ **સૂત્રપૃથ : लोकात् (પ.એ.) એક પદ**

★ **વૃત્તિ** : यदत्र संज्ञान्यायादि

वर्णाम्नायादि नोदितम्

तद्वैयाकरणादिभ्यो

लोकेभ्यो बुध्यतां बुधैः

卐 વૃત્યર્થ :- **આ વ્યાકરણ શાસ્ત્રમાં સંજ્ઞાન્યાય વર્ણ પરિપાટી વગેરે જે કંઇ કહેવામાં ન આવ્યું હોય તે બધું જ લોક વ્યવહારથી-વ્યાકરણોથી કે તજજ્ઞો પાસેથી-જિજ્ઞાસુ પુરુષોએ જાણી લેવું.**

卐 વિશેષ :—

0 સંજ્ઞાઃ—સ્વર-વ્યંજન વગેરે ઉપરાંત ક્રિયા, ગુણ, દ્રવ્ય, જાતિ, લિંગ, સ્વાંગ, સંખ્યા, વિપ્સા વગેરે

0 ન્યાય—ન્યાય સંગ્રહ પુસ્તકમાં ૧૪૦ જેટલા ન્યાયો છે.-"ન્યાયો"ને બીજા શબ્દોમાં "પરિભાષા" કહે છે. જે અત્રે એક પ્રકરણમાં પ્રસ્તુત કરેલ છે.

0 વર્ણ પરિપાટી :- अ आ વગેરે ૧૪ સ્વરો क, ख...ह એ ૩૩ વ્યંજનો

* प्रत्यय लोपेऽपि प्रत्यय लक्षणं कार्यं विज्ञायते ન્યાય ૯, ન્યાય સંગ્રહ પૃ. ૧૧૩ હેમહંસગણિ

સંજ્ઞા :-*

0 ક્રિયા :-સાધ્ય છે રૂપ તે જેનું એવી પૂર્વાપરીભૂત અવયવવાળી જે હોય તે ક્રિયા

0 ગુણ :-દ્રવ્યમા જે રહે અને દ્રવ્યથી જે દૂર થતો હોય-વગેરે લક્ષણવાળો જે હોય તે ગુણ કહેવાય

0 દ્રવ્ય :- કલમ, ઝાડ વગેરે શબ્દથી વ્યપદેશ કરાતું જે વિશેષ્ય તે દ્રવ્ય કહેવાય છે.

0 જાતિ — આકૃતિથી ગ્રહણ કરાતી, સર્વ લિંગને નહીં ભજનારી, એકવાર કથન કરાયે છતે ગ્રહણ કરવાને લાયક હોય તે જાતિ છે. જે ગોત્ર લક્ષણ અને ચરણ લક્ષણ એવા ભેદવાળી છે.

0 કાલ :- ત્રુટિ વગેરે લક્ષણવાળો કાલ છે.

0 લિંગ :- પુલ્લિંગ નપુંસકલિંગ, સ્ત્રીલિંગ.

0 સ્વાઙ્ગ :-જે વિકારરૂપ ન હોય, પ્રવાહિ ન હોય, મૂર્ત સ્વરૂપ હોય, પ્રાણિમાં રહેલું હોય, પ્રાણિથી જુદુ પડેલું હોય અને તેના સરખું પ્રતિમા વગેરે હોય તે સ્વાઙ્ગ કહેવાય.

0 સંખ્યા :-એક વગેરેનું જે કથન અથવા જે જ્ઞાન તેનો જે હેતુ તે સંખ્યા.

0 સંતાન :- પ્રસિદ્ધ સંજ્ઞા છે. પુત્ર-પુત્રી વગેરે.

0 વીપ્સા :- અનેકને કહેનાર શબ્દોનું ક્રિયા અને દ્રવ્ય વડે કરીને એકી સાથે પ્રયોગ કરનારને વ્યાપ્ત કરવાની જે ઇચ્છા તે "વીપ્સા" કહેવાય છે.

0 વર્ણ :-અકાર ભેદવાળો જે સમુદાય તે અકારાદિથી અ-વર્ણ ક-વર્ણ સમજવો.

0 ન્યાયો :-હૈમશબ્દાનુશાસન સંગૃહિત ન્યાય સંગ્રહમાં ૫૭+૬૫+૧૮=૧૪૦ ન્યાયો છે. - જે હૈમપ્રકાશ પૂર્વાર્ધમાં પૃ ૨૦થી સંક્ષેપમાં આપેલ છે. (વિશેષ અભ્યાસ માટે ત્યાંથી વાંચો) જેમ કે સ્થાનેઽન્તરતમ-નુંદેશઃ સમાનમ્ સંખ્યા વડે અને વચન વડે એમ બન્ને પ્રકારે પરસ્પર સમાન એવા પૂર્વપદને ઉત્તરપદ સાથે અનુક્રમે કથન કરવું. દા. ત. હે૦ હસ્યો-યાંતીતિ=હે૦ હસ્યાઃ, ય-આતી સંખ્યા વચન સમાન છે તેથી હે૦ નો ય અને હ ગ્રિ નો આત્ થાય.

(સૂત્રોની વ્યવસ્થિત સમજ માટે આ ન્યાયોનું જ્ઞાન અતિ ઉપયોગી છે-વિસ્તાર ભયે ૧૪૦ ન્યાયો અત્રે વર્ણવેલ નથી છતાં પ્રક્રિયામાં જ્યાં આવશ્યક લાગે ત્યાં પાદ નોંધમાં સમજ આપેલ છે.)

[૧૮]

સંજ્ઞાધિકારમાં સ્વર, હ્રસ્વ, દીર્ઘ. પ્લુત, નામી, સમાન, સન્ધ્યક્ષર, વ્યંજન, વર્ગ, અન્તસ્થા, શુદ્ધ, ઘોષ, અઘોષ, શિટ્, સ્વ વગેરે સંજ્ઞાનો સમાવેશ કર્યો છે સમગ્ર પ્રક્રિયા અભ્યાસમાં આ શબ્દોના ઉપયોગ વખતે સ્પષ્ટીકરણ રહે તે માટે સંજ્ઞા વિશેષોપયોગી છે.

શાસ્ત્રની આદિમાં સંજ્ઞાની સમજ નિતાન્તાવશ્યક છે તે હેતુથી આ પ્રકરણ રચાયું છે-સિદ્ધ હૈમ શબ્દાનુશાસનમાં અધ્યાય : ૧ પાદ : ૧ સંજ્ઞા પ્રકરણ સ્થાપિ છે.

* બૃહન્ન્યાસ. પ્રથમોઽધ્યાય પૃ. ૧૧





◊ अर्हम् ◊

❁ પરિભાષા - પ્રકરણ ❁

શાસ્ત્રકારો સ્વેચ્છાએ સંકેત વિશેષને જણાવે કે જે સંકેત સમગ્ર શાસ્ત્રને સ્પર્શે તેવા નિયમોએ કરીને યુકત હોય અનેવિશેષે કરીને ઉપયોગી હોય તે "પરિભાષા" કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો નિયમ ન હોય ત્યાં નિયમને કરનારી પરિભાષા છે.

પરિભાષાએ લઘુપ્રક્રિયાનું નવું પ્રકરણ નથી પણ સંજ્ઞાપ્રકરણના ૧૮ માં લોકાત્ સૂત્ર અંતર્ગત વૃત્તિના વિશેષાર્થ રૂપે જણાવાયેલ છે. તેમજ સિદ્ધ-હેમ વ્યાકરણના અધ્યાય: ૭ના પાદ: ૪માં આ સૂત્રો પ્રસ્તુત થયેલ છે.

સૂત્રની સ્પષ્ટ સમજ અને સંક્ષેપિત રહસ્યોને જણાવનારી આ પરિભાષાનું યથોચિત જ્ઞાન સમગ્ર પ્રક્રિયામાં વિશેષ ઉપયોગી બનશે.

જેઓશ્રી એ બાલ્યવયથી સંસ્કાર રેડી દીક્ષાને માર્ગે વાળ્યા તે ઉપકારી

માતા
તારાબહેન કાંતિલાલ ઠક્કર



પિતા
કાંતિલાલ લક્ષ્મિચંદ ઠક્કર



પરિભાષા – પ્રકરણ

•ઃ ન્યાયસંગ્રહ સૂત્ર : ૧૮ ટીકાની વૃત્તિના "ન્યાયાદિ" શબ્દનો વિશેષાર્થ ઃ•

(૧) પંચમ્યા નિર્દિષ્ટે પરસ્ય ૭/૪/૧૦૪

★ વૃત્તિ [illegible]

[illegible]

卐 સૂત્રાર્થ — સૂત્રના જે કાર્ય પંચમી વિભક્તિથી નિર્દેશ કરેલ હોય તે કાર્ય સર્વ સ્થાને પરનું જ થાય છે. (અંતર વિના)

卐 ઉદાહરણ અને સ્પષ્ટીકરણ —

[illegible]

સૂત્ર : ૯૮ [illegible] ૧/૪/૧ [illegible]

[illegible]

O [illegible]

[illegible]

[૧૯]

(૨) સપ્તમ્યા પૂર્વસ્ય ૭/૪/૧૦૫

★ વૃત્તિ [illegible]

[illegible]

卐 સૂત્રાર્થ — સૂત્રમાં જે કાર્ય સપ્તમી (વિભક્તિ) થી નિર્દેશ કરેલ હોય તે પૂર્વને જ (પૂર્વના અક્ષરને જ) અવ્યવહિત પણ થાય છે.

卐 ઉદાહરણ અને સ્પષ્ટીકરણ :– [illegible]

[illegible]

O [illegible] નહીં

[૨૦]

(૩) ષષ્ઠ્યાન્ત્યસ્ય ૭/૪/૧૦૬

★ વૃત્તિ — [illegible]

[illegible]

卐 સૂત્રાર્થ — ષષ્ઠી વિભક્તિ દ્વારા જે કાર્ય નિર્દેશ કરેલ હોય તે કાર્ય શબ્દને છેડે જ થાય પણ આખા શબ્દને ન થાય.

卐 ઉદાહરણ અને સ્પષ્ટીકરણ :—

[illegible] ૧-૪-૫૨ આ સૂત્રમાં [illegible] ષષ્ઠી વિભક્ત્યન્ત પ્રયોગ દ્વારા એનો નિર્દેશ કરેલ છે, કે ([illegible] શબ્દનો છેલ્લો ...) [illegible] (જેવા) [illegible] જેમકે [illegible]

[૨૧]

(૪) અનેકવર્ણઃ સર્વસ્ય :-૭/૪/૧૦૭

★ વૃત્તિ :— [illegible]

卐 સૂત્રાર્થ :— જે કાર્ય ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ કરી બતાવેલ હોય. પણ જો બતાવેલ કાર્ય અનેકવર્ણવાળું હોય તો તે નામને છેડે ન કરતા આખા નામને જ થાય છે.

卐 ઉદાહરણ અને સ્પષ્ટીકરણ :—

[illegible]

[૨૨]

(૫) પ્રત્યયસ્ય ૭/૪/૧૦૮

★ વૃત્તિ — [illegible]

[illegible]

卐 સૂત્રાર્થ :— પ્રત્યયના સ્થાને જે આદેશનું વિધાન કરેલ હોય તે આદેશ આખા પ્રત્યયના સ્થાનમાં જ થાય છે.

卐 ઉદાહરણ અને સ્પષ્ટીકરણ :—

[illegible]

એ જ રીતે अष्ट औ जस्-श सोः ૧/૪/૫૩ અહીં जस् -शस्ના સ્થાને औ આદેશ છે તેથી अष्ट+जस्=अष्ट+औ = अष्टौ થશે

[૨૩]

(૬) સ્થાનીવા વર્ણવિધૌ ૭/૪/૧૦૯

★ **વૃત્તિ** —आदेशः स्थानिवद् भवति, स्थान्याश्रितकार्य प्राप्नोतीत्यर्थः तत्काय यदि स्थानि वर्णाश्रितं न भवेत् । अस्ति भुवो, भविता वक्ता, अत्र स्थानिवद्भावेन धातुत्वात्तृजाद यः प्रत्यया उत्पद्यन्ते । पन्थाः इत्यादौ आत्वेकृते स्थानिवद् भावेन व्यञ्जनतया सि लोपः प्राप्तो वण.श्रयतया न भवति ।

卐 **વૃત્યર્થ : આદેશ સ્થાનીવત્ (આદેશ જેવો) થાય છે. એટલે કે સ્થાનને આશ્રીને કાર્ય પ્રાપ્ત થાય છે. પણ (अवर्णविधौ) જો તે કાર્ય સ્થાની વર્ણને આશ્રીને થતુ ન હોય.**

卐 **ઉદાહરણ-સ્પષ્ટીકરણ વિશેષાર્થ :—**

જ્યાં જ્યાં આદેશનું વિધાન છે, તે આદેશો જેના સ્થાનમાં બતાવેલા હોય તે તે મૂળ સ્થાન જેવા સમજવા એટલે કે ધાતુનો આદેશ ધાતુ જેવો, મૂળ નામનો આદેશ મૂળ નામ જેવો, વિભક્તિનો આદેશ વિભક્તિ જેવો કૃદન્તનો આદેશ કૃદન્ત જેવો સમજવો.

0 ધાતુ :- "भविता" અહીં अस् ધાતુને સ્થાને भू આદેશ થયો છે તેથી भू પણ ધાતુ જ સમજવો તેથી भू ધાતુના ऊ નો ગુણ વગેરે થયો. એજ રીતે "वक्ता" ब्रु નો वच् આદેશ થતાં वच् પણ ધાતુ ગણીને જ तृच् પ્રત્યય લાગ્યો છે.

0 વિભક્તિ :- राजन्+सि (सि નો લોપ થતાં) राजन् પદ થાય (સૂત્ર. नाम सिदय्व्यंजने ૧/૧ ૨૧) અહીં नाम्नोनोऽनह्न (૨-૧-૯૧) સૂત્રથી न् નો લોપ થતા राज અને નિ. दीर्घः (૧-૪-૮૫) થી राजा થશે. અહીં મૂળ નામનો આદેશ છે માટે મૂળ નામ જેવોજ ગણીને બીજા કાર્યો થાય.

0 અપવાદ :- अवर्णविधौ— માત્ર એક વર્ણના નિમિત્તે ન હોય તો – દા ત. दिव्+सि, दिवः औः सौ (૨-૧-૧૧૭) સૂત્રથી व् નો औ થાય છે. औ થતાં द्यौ (दि+औ) થયું છતાં सि નો લોપ કરવો. (दिर्घङ्याब् व्यंजनान्त सेः ૧-૪-૪૫થી) પ્રસંગે "व्" એટલે કે दिव्+सि થતાં વ્યંજનને માનીને सि નો લોપ ન થાય પણ द्यौ+सि=द्यौः થઈ જાય કેમકે व् એક વર્ણના નિમિત્તે કાર્ય થયું હોવાથી स्थानीवाव्रर्णविधौ સૂત્ર ન લાગે.

એજ રીતે पथिन् નું पन्था+सि થતાં पन्थाः થાય પણ सि નો લોપ ન થાય.

[૨૪]

(૭) स्वरस्य परे प्रागविधौ ૭/૪/૧૧૦

★ **વૃત્તિ :** परनिमित्तकः स्वरस्थानिक आदेशो व्यवहिते अव्यवहिते वा पूर्वविधौ स्थानिवद् भवति । मृगयति । अत्र णि परे जातस्य अल्लोपस्य-स्थानिवत्त्वेन ऋकारस्य उपान्त्यत्वाऽभावात् लघूपान्त्यगुणो न ।

卐 **વૃત્યર્થ :— પૂર્વવિધિ કરવામાં વ્યવહિત કે અવ્યવહિતપણે કશું વિધાન કરવાનું હોય ત્યારે પર નિમિત્તક સ્વરનો આદેશ સ્થાનીવત્ થાય છે.**

卐 **ઉદાહરણ-સ્પષ્ટીકરણ-વિશેષાર્થ :-**

પૂર્વે જે વર્ણવિધિનો નિષેધ કરાયો તેના અપવાદરૂપે આ સૂત્ર છે. અહીં વર્ણવિધિની છૂટ અપાઈ છે દા ત. मृगयति–તે શોધે છે. मृगणि अन्वेषणे (૧૯૩૦-ગણ ૧૦ આત્મને.) मृग ધાતુના અકારનો अतः (૪-૩-૮૨) થી અશિત્ પ્રત્યય લાગતાં લોપ (लुक्) આ સૂત્રથી પુર્વવિધિ કરવામાં સ્થાનિવત્ થાય છે. તેથી मृग+णि માં ऋ ઉપાન્ત્ય ન થતાં ऋ નો ગુણ થશે નહીં-કેમકે मृग्+अ માં अ સ્થાનીવત થશે.

એજ રીતે कथयति અહીં कथ ધાતુ अदन्त છે. પણ अ (लुक्) લોપ થયા બાદ સ્થાનિવત્ થતાં क ના अ નો आ થશે નહીં– (ञ्णिति ૪-૩-૫૦ થી अ નો आ ની પ્રાપ્તિ છે.)

[૨૫]

(૮) न सन्धिङीयक्विद्विदीर्घासद्विधाव स्क्लुकि ૭/૪/૧૧૧

★ **સૂત્રપૃથ :**— न सन्धि ङी य क्वि द्वि दीर्घ असद्विधौ-अस्क्लुकि

★ વૃત્તિ :- સન્ધિ વિધૌ ઙી વિધૌ, ય વિધૌ ક્વિ વિધૌ હ્રસ્વવિધૌ, દીર્ઘ વિધૌ, સંયોગસ્યાદૌ સ્કોર્લુક્ ૨-૧-૮૮ ઇતિ સ્કૂ લુગ્વર્જિતે અસદ્વિધૌ ચ પરં સૂત્રેણ પ્રાપ્ત. સ્થાનિવદ્ભાવો ન ભવતિ । ૩અયન્તિ-ઇત્યાદૌ અવર્ણસ્ય - ઇવર્ણસ્થાને યત્વે વિધૌ સ્થાનિવદ્ભાવ ... પ્રાપ્ત સ્થાનિવત્ત્વ ન ભવતિ । એવમન્યત્રાપિ ।

卐 સૂત્રાર્થ : સન્ધિ વિધિ, ઙી વિધિ, ય વિધિ, ક્વિ વિધિ, હ્રસ્વ વિધિ, દીર્ઘ વિધિ અને (સંયોગસ્યાદૌ સ્કોર્લુક્ ૨/૧/૮૮) થી થતાં સ્ક ના લોપને વર્જીને અસદ્ વિધિમાં પરનિમિત્તક કાર્ય કરવામાં સ્થાનીવત્ભાવ થતો નથી.

卐 ઉદાહરણ સ્પષ્ટીકરણ-વિશેષાર્થ :-
દા. ત આયન્તિ-અર+ઇ+અન્તિ (અર+ઇણ)=અર+ય્+અન્તિ - (ઇણ શ્યસ્ત્રે ૧/૨/૨૧) થી સ્વર ઇ નો આદેશ ય થશે) એ રીતે બનતા આયન્તિ મા જો સ્વર (ઇ) ને સ્થાનિવત્ માનીએ તો અર+ઇ નું ઐ (અવર્ણસ્યવર્ણ ૧/૨/૬) થાય

એટલે આ સૂત્ર મુજબ સન્ધિવિધિમાં આદેશનું પૂર્વ કાર્ય કરતા સ્થાનિવત્ ભાવ થયો નહી

એજ રીતે ઙી વગેરે વિધિમા પણ સ્થાનિવત્ ભાવ ન થય — જેમ કે ઙી વિધિ — બિમ્બમ્ :- બિમ્બ્યા: ફલમ્ ઇતિ બિમ્બ અહીં બિમ્બ+ઙી (૨/૪/૧૯ ગૌરાદિભ્યો ઙી) બિમ્બી+અ (દ્વિનાદિભ્યો ઽણ ૬/૨/૮૫થી અ પ્રત્યય) બિમ્બી (ફલે ૬/૧/૫૮ થી અ નો લોપ) બિમ્બ્ (ઙ્યાદે ગૌણ સ્ય ૨/૪/૯૫ ઈ લોપ) બિમ્બ (દનાદિભ્યોઽણ ૬/૨/૮૫ થી લોપની પ્રાપ્તિ રહેશે નહી-તેથી અ પ્રત્યય થશે)

અહી ઙી નો સ્થાનિવત્ ભાવ માનીએ તો બિમ્બ+ઙી+સિ થશે અને અ નો લોપ થઇ જશે (અસ્ય ઙ્યાંલુક્ ૨-૪-૮૬)

0 દ્વિર્ભાવવિધિ - દધિ+અત્ર=દધ્યત્ર અહીં દધ્+ય્+અત્ર એ સ્થિતિમા (અદિ રાત્. ૧/૩/૩૨થી) ધ્ નો દ્વિર્ભાવ થતા દધ્ધ્+ય+અત્ર=દધ્ધ્યત્ર રૂપ સધાય. અહીં દ્વિર્ભાવ કરતા દધ્ય નું દધિ એમ સ્થાનિવત્ રૂપ માનતાં દ્વિર્ભાવ થઇ શકે નહી તેથી આ સૂત્રથી સ્થાનિવત્ ભાવનો નિષેધ કરાયો છે.

[૨૬]

(૯) લુપ્યય્વૃલ્લેનત્ ૭/૪/૧૧૨

★ સૂત્રપૃથ :- લુપિ અ-ય્વૃત્ લ્ હ યનત્

★ વૃત્તિ :— પરસ્ય પ્રત્યયસ્ય લુપિ સત્યાં સ્થાનિવદ્ભાવેન લુપ્યમાનં પ્રત્યય નિમિત્તં પૂર્વકાર્યં ન ભવતિ, ય્વૃત્ લ્ હ્યમ્ યનત્ ઇતિ વર્જયિત્વા । ઙ્ ઇત્યાદૌ સેર્લુપિ સત્યા સ્થાનિવદ્ભાવ નિષેધાત્ ત્યદા-દ્યત્વ-સત્વાદિકં ન ભવતિ.

卐 સૂત્રાર્થ :- પર પ્રત્યયનો લોપ થયે છતે લોપ થયેલાં પ્રત્યયને સ્થાનિવત્ માનીને તે પ્રત્યય નિમિત્તનું પૂર્વ કાર્ય થશે નહીં. આ નિયમ ય્વૃત્, લ્હ્યમ્ યનત્ વગેરેને વર્જીને લાગશે.

卐 ઉદાહરણ-સ્પષ્ટીકરણ-વિશેષાર્થ :-
ઇદમ્+સિ અહીં ઇદ ને લાગેલ સિ નો (અનતો લુપ્ ૧-૪-૫૯થી) લોપ થશે.

આ સૂત્રમાં લુપ્ શબ્દ સ્થાનીવત્ ભાવનો નિષેધ કરે છે. તેથી આદ્વેરઃ ૨ ૧/૪૧ સૂત્ર લાગી દ નો અ અને તઃ સૌ સઃ ૨/૧/૪૨ સૂત્રથી ત નો સ ન થતાં "ઇદમ્" એવું નપુ એ વ. રૂપ આપી શકાયું

0 ય-વૃત્લ્યેનત્ કેમ મૂક્યું ? દા. ત નિજાગર્તીતિ (લ્ય કાર્ય છે) નિ+ગૃ (ધાતુઃ ગૄત નિગરણે-તુદાદિ ગણ) નિ+ગૄ+યઙ -ભ્ર ગ્નાદ...ગૃણા... નિ+ગર્+ય-ય નો બહુલમ્ ૩-૪-૧૪થી લોપ થશે નિ+ગગર્+ય ન ... થી દ્વિત્વ નિ+જગર+ય-ગહોર્જઃ ૪/૧/૪૦ થી ગ્ નો જ્, નિ+જાગર+ય (આ ગુણાથી જા) નિ+જાગલ્+ય -ગ્રોયઙિ ૨ ૩ ૧૦૧ નિ જાગલ્+ઈ - યઙ્લુબન્તાથી નિજાગલ્ટીતિ જો ય ને સ્થાનીવત્ માને તો ર્ નો લ ગ્રોયઙિ થી ન થાય

[૨૭]

(૧૦) વિશેષણમન્તઃ ૭/૪/૧૧૩

★ સૂત્રપૃથ : વિશેષણમ્ અન્તઃ

★ વૃત્તિ :— વિશેષણમ્ અન્તસ્ય બોધક ભવતિ અતઃ સ્યમોઽમ્ - જ્ઞાનમ્

卐 સૂત્રાર્થ :- વિશેષણએ અન્તનું (અન્તે થતાં કાર્યનું) બોધક (જણાવનાર) થાય છે.

卐 ઉદાહરણ અને સ્પષ્ટીકરણ :—
વિશેષણ :- નામ કે ધાતુથી અભિન્ન અવયવ

"નામના અર્થમાં વધારો કરે તે વિશેષણ"

0 નામનું વિશેષણ :- अतः स्यमोऽम् १/४/५७ આ સૂત્રમાં अतः પદ નામના વિશેષણ સ્વરૂપે મુકેલ છે. અથી પર એટલે કે અકારાન્ત નામ પછી આવેલ सि-अम् નો अम् થાય છે. તેથી ज्ञान+सि=ज्ञान+अम् ज्ञान+म् (समानादमोऽतः अ થી લોપ).

तद्+सि અહીં तद् વ્યંજનાન્ત છે માટે सि નો अम् થશે નહીં.

0 ધાતુનું વિશેષણ :- नामिनो गुणो ४/३/१ અહીં नामिनः એ પદ ધાતુનું વિશેષણ છે. તેનો "नाम्यन्त स्वर युक्त धातु" એવો અર્થ થશે. -તેથી અહીં જે ધાતુને છેડે નામિ સ્વર હોય તે ધાતુનો ગુણ થાય એવો અર્થ અભિપ્રેત થશે.

દા.ત. चि+ता=चे+ता इ નો ગુણ).

[૨૮]

(૧૧) सप्तम्या आदिः ७/४/११४

★ વૃત્તિ :— सप्तम्यन्तस्य विशेष्यस्य यद् वर्ण-बोधक विशेषण, तत् आदिबोधक भवति । इनङीस्वरे लुक्-पथः, पथाम् ।

卐 વૃત્ત્યર્થ :— **સપ્તમી અન્તવાળા વિશેષ્યનું જે વર્ણ બોધક વિશેષણ તે (आदिबोधक) આદિને જણાવનાર હોય છે.**

卐 **ઉદાહરણ અને સ્પષ્ટીકરણ :—**

0 વિશેષાર્થ :- स्वरे परे, व्यञ्जने, धुटि વગેરે सप्तम्यन्त રૂપો છે એટલે કે, આદિમાં સ્વરવાળા, આદિમાં વ્યંજનવાળા કે, આદિમાં धुट् વાળા એવો અર્થ સમજવો.

દા.ત. इनङी स्वरे लुक् १/४/७९ અહીં स्वरे એવો સપ્તમ્યન્ત નિર્દેશ છે पथिन्+शस् (अस्)= पथ्+अस् (इन् નો લોપ આદિમાં સ્વરવાળા પ્રત્યયથી થયો) -पथः -(स् નો र्, र् નો વિસર્ગ) પરંતુ पथिन्+सु અહીં આદિ સ્વર નથી પણ स् પછી સ્વર છે માટે इन् નો લોપ થશે નહીં.

સૂત્ર- धातोरि वर्णोवर्णस्येयुवस्वरेप्रत्यये -અહીં स्वरे -સપ્તમ્યન્ત વિશેષણ છે. -प्रत्यये તેનું વિશેષ્ય છે. તો તેનો અર્થ स्वरादि प्रत्यय એવો કરવો.

[૨૯]

(૧૨) प्रत्ययः प्रकृत्यादेः ७/४/११५

★ વૃત્તિ :— प्रत्ययः प्रकृत्यादि समुदायान्त बोधको भवति, न तुनस्य अधिकस्यवा । यञिञः गार्ग्यायणः ।

卐 વૃત્ત્યર્થ :— **પ્રત્યય પ્રકૃતિ વગેરે સમુદાયનો (જ) બોધક (જણાવનાર) છે. તેથી કંઇ ઓછા-વધતા (પ્રમાણમાં) નહીં.**

卐 **ઉદાહરણ-સ્પષ્ટીકરણ-વિશેષાર્થ :—**

પ્રકૃતિ :- જે જેનો પ્રત્યય તે તેની પ્રકૃતિ.

-નામ કે ધાતુથી જે પ્રત્યયનું વિધાન કરેલ હોય તે પ્રત્યય માટે "તે" નામ કે ધાતુને પ્રકૃતિ રૂપ સમજવા -ઓછાં વધતાં નહીં.

દા.ત. गार्ग्यायणः गार्ग्यस्यो अपत्य इति गार्ग्यायणः (यञिञः ६/१/५४) થી गार्ग्य+आयनण्

જો गार्ग्य ના परम् શબ્દ સાથે સમાસ કરીને परमगार्ग्य શબ્દ બને તો ત્યાં यञिञ સૂત્રથી आयनण् પ્રત્યય લાગશે નહીં, કેમકે અહીં परमની અધિક પ્રકૃતિ છે.

मातृभोगीणः - मातुर् भोगः इति मातृभोगः तस्मै हितः मातृभोगीणः (७/१/४० भोगोत्तरपदा मीनः) इन प्रत्यय લાગ્યો. તેમાં मातृ भोग એ શબ્દો બે છે પણ સમાસરૂપ થઇ એક શબ્દ બન્યો मातृभोगीन એ આખી નામ રૂપ પ્રકૃત્તિ થઇ અહીં પ્રથમા એક વચનનો सि પ્રત્યય લાગ્યો ત્યારે (तदन्त पदम्) થી પદ સંજ્ઞા થતા न् નો ण् થયો (रषृवर्णानो ण २/३/६७) मातृभोगीणः શબ્દ બની શક્યો જો માત્ર भोगीन् શબ્દને પ્રકૃત્તિ માને તો न् નો ण् ન થાય.

(૧૩) गौणो ङ्यादिः ७/४/११६

★ સૂત્રપૃથ :— गौणः ङीआदिः

★ વૃત્તિ :— ङीप्रत्ययादारभ्य ष्य यावत् ङ्यादि । प्रत्ययो गौणो यद्यस्ति तदा प्रकृत्यादि समुदायस्यान्त-बोधको भवति, यदि गौणा नास्ति तदा सामान्यतः समुदायान्त बोधकोभवति । वन्धौ ब्रहुव्रीहौ-अतिकारीष गन्ध्यावन्धुः, अत्रगौणः । परमकारीष गन्धीवन्धुरित्यत्रा गौणत्वाऽभावादीय भवत्येव

卐 વૃત્ત્યર્થ :— **ङी પ્રત્યયથી માંડીને ष्य સુધીના પ્રત્યયો ङ्यादि કહેવાય. જો પ્રત્યય ગૌણ હોય તો પ્રકૃતિ-આદિ સમુદાયનો બોધક બને છે. જો પ્રત્યય ગૌણ ન હોય તો (મુખ્ય હોય તો) સામાન્ય સમુદાયનો બોધક**

-તેથી જ "પર" નો પ્રયોગ કર્યો છે. *
દા.ત. अज+आ (आत् २/४/१८ સ્ત્રીલિંગે) अजा બકરી
वृक्ष+सि (स्यादि)=वृक्षः वृक्ष.
जुगुप्+सते (त्यादि)=जुगुप्सते - (गुप्=રક્ષણ કરવું)

[૩૩]

(૧૬) સ્પર્ધે ૭/૪/૧૧૯

★ વૃત્તિ :— द्वयोर्विध्योरन्यत्र सावकाशयोस्तुल्य वलयोरेकत्रोपनिपातः स्पर्द्धः, तत्र सूत्र पाठे यः परः स एव विधिस्तत्र भवति । वृक्षान् इत्यादौ सावकाशस्य "नपुंसकस्य शिः" इत्यस्य च वनानि (वन-शस्)

卐 વૃત્ત્યર્થ :— **પોત પોતાના વિષયમાં [1]સાવકાશ અને [2]તુલ્ય બળવાળી એવી બે વિધિઓ એક સ્થાને આવે તો તે સ્પર્ધ કહેવાય. તે બંનેમાં જે વિધિ સૂત્રપાઠમાં 'पर' (પછી) હોય તે વિધિજ ત્યાં થાય છે.**

卐 **ઉદાહરણ-સ્પષ્ટીકરણ-વિશેષાર્થ :—**
[2]સ્પર્ધ અને સ્પર્ધા બંને સમાનાર્થી શબ્દો છે સ્પર્ધા જીવંત વસ્તુમાં હોય, પણ અહિં સૂત્રોની સ્પર્ધાની વાત હોઈ 'સ્પર્ધ' શબ્દ પ્રયોજેલ છે.
સૂત્રોમાં જણાવેલા જે બે વિધાનો એક કે વધુ પ્રયોગમાં સાથેજ પ્રાપ્ત હોય. એટલે કે પરસ્પર સ્પર્ધક રૂપે આ સૂત્રોની પ્રાપ્તિ હોય ત્યારે "સ્પર્ધ" શબ્દ સૂચવે છે.

[1]સાવકાશ :— પ્રયોગમાં સાવકાશ વિધિ એટલે તે વિધાન અન્ય પ્રયોગમાં ચરિતાર્થ હોવું તે. દા.ત. वृक्षान् —આ પ્રયોગમાં शसोऽता.. पुंसि १/४/૪૯ની સાવકાશ પ્રાપ્તિ છે. તેથી वृक्ष+शस्=वृक्षा+न=वृक्षान्
0 यशांसि—અહીં नपुंसकस्यशिः १/४/૫૫ની સાવકાશ પ્રાપ્તિ છે.वनानि(वन+शस्)અહીં शसोऽता शश्च—१/४/૪૯ ની પ્રાપ્તિ છે. તથા नपुंसकस्यशीः १/४/૫૫ની પણ, પ્રાપ્તિ છે.પરંતુ ૧/૪/૫૫એ 'પર' સૂત્ર છે માટે તે પ્રાપ્ત થતા वन+शि થશે वन+न+इ (श इत् स्वराच्छो १/४/૬૫થીન્) वना+न+इ (नि दीर्घः १/४/८५થી अ નો आ

(૧૭) आसन्न :— ૭/૪/૧૨૦

★ વૃત્તિ :— इह शास्त्रे आसन्नाऽनासन्नयोः प्रसंगे, यथास्वं स्थानार्थ प्रमाणादिभिरासन्न एव विधिर्भवति । दण्डाग्रम-इत्यादौ कण्ठययोरकारयोः कण्ठय एचाऽऽकारो दीर्घो भवति ।

卐 વૃત્યર્થ :— **આ શાસ્ત્રમાં સ્થાન અને પ્રમાણ વડે જે 'स्व' હોય તેના નજીક (કે સદૃશ અને દૂર (કે અસદૃશ) પ્રસંગે નજીકની વિધિજ થાય છે.**

卐 **ઉદાહરણ-સ્પષ્ટીકરણ-વિશેષાર્થ :—**
0 आसन्न :— પાસેનું કે કોઇપણ રીતે નજીકનો સંબંધ ધરાવતું.
अनासन्न :— દૂરનું અથવા અસદૃશ

સમગ્ર પ્રક્રિયામાં આવતા આદેશોના વિધાનો ચોક્કસ સ્થિતિમાં ચોક્કસ આદેશ સૂચવતા નથી. બધાં સામાન્ય આદેશો છે. આ પરિસ્થિતિ નિવારવા આ પરિભાષા બનાવેલ છે.—જેમકે-સ્વરનો આદેશ નજીકના સ્વરાદેશ રૂપે સ્વીકારવો.

શાસ્ત્રકાર 'आसन्न' પરિભાષાને સ્પષ્ટ કરવા ત્રણ મુખ્ય બાબત દર્શાવે છે: (૧) ઉચ્ચારણ સ્થાન વડે (૨) અર્થ કરીને (૩) હ્રસ્વ-દીર્ઘાદી પ્રમાણ વડે નિકટતા

(૧) ઉચ્ચારણ— "स्व" दण्डाग्रम=दण्ड+अग्रम् सूत्र विधान समानानां तेन दीर्घः १/२/१ અહીં કયા સ્વર પછી કયો સમાન સ્વર આવે તો દીર્ઘ થાય તે સ્પષ્ટ નથી—નિકટતાની દૃષ્ટીએ दण्डमां અન્તે કંઠય अ છે પછી अग्रम् માં કંઠય अ છે માટે समानानांथी કંઠય आ સમજવો,

(૨) અર્થ :—वातण्डय युवतिः અહીં वतण्डी નો પુંવત્ ભાવ કરવાનો છે પુલ્લિંગ શબ્દો અનેક છે. પણ અર્થાપેક્ષાએ "वातण्ड्य" શબ્દ નિકટ છે તેથી वतण्डी चासौ युवति श्च કર્મધારય સમાસમાં પુંવત્ कर्मधारये ३ २/५७થી પુંવત્ થતા આસન્ન એવું वातण्ड्य

(૩) હ્રસ્વ-દીર્ઘાદિપ્રમાણ :— अमुष्मै अदस्+ङे — अद+ङे आद्वेरः થી स् નો अ, लुगस्याऽदेत्यपदे થી પૂર્વનો अ લોપ થયો) अम+स्मै (मोऽवर्णस्य થી म, सर्वादेः स्मै થી स्मै,अमु+स्मै ;मादु वर्णोऽनु २/१/४७થીअ નોउ અહીં ૨/૧/૪૭થી પર વર્ણનો उ વર્ણનું વિધાન કરે છે હ્રસ્વ દીર્ઘની સ્પષ્ટતા નથી તેથી આ પરિભાષાનુસાર હ્રસ્વ સ્થાને હ્રસ્વ થયો.

ο ο ο ο ο ο ο ο ο ο ο ο ο ο ο ο ο

સૂત્રઃ— મધ્યમવૃત્તિ-અવચૂરી ભા.-૨ પૃ ૫૪૬-૭.

(૧૮) सम्बन्धिनां सम्बन्धे ७/४/१२१

★ વૃત્તિ :— सम्बन्धिशब्दमुद्दिश्य यत्कार्यमुक्तं तत् कार्यं सम्बन्ध वाचकादेव तच्छब्दाद् भवति । श्वशुर शब्दात् पत्नीपित्रर्थवाचिन एव श्वशुरादयः इति इति य-प्रत्ययः, श्वशुर्य इति । श्वशुर इति कस्यचित् संज्ञायांतु इञेव श्वाशुरिः ।

卐 સૂત્રાર્થ :- सम्बन्धि શબ્દને આશ્રીને જે કાર્ય કહેવાયું હોય તે કાર્ય સમ્બન્ધ વાચક શબ્દથી જ થાય છે.

卐 ઉદાહરણ-સ્પષ્ટીકરણ-વિશેષાર્થ :— જે શબ્દો સગપણ સમ્બન્ધિ હોય (એટલે કે માતા -પિતા વગેરે). તેને અંગે જે કોઇ વિધાન સૂત્રમાં થયું હોય તે તેજ સમ્બન્ધને ધ્યાનમાં રાખી લગાડાય. દા.ત. श्वशुर्य. श्वशुरस्य अपत्यं इति श्वशुर्यः (श्वशुराद् यः ६/१/९१ થી य)

પરંતુ श्वशुर શબ્દ કોઇના નામ રૂપે હોય અર્થાત્ સગપણ સમ્બન્ધ સૂચક ન હોય તો ૬/૧/૯૧ ન લાગતાં अत इञ् ૬/૧/૩૧ થી इञ् લાગી श्वाशुरिः શબ્દ બનશે.

[૩૬]

(૧૯) समर्थः पदविधिः ७/४/१२२

★ વૃત્તિ :— पद सम्बन्धी विधिः समर्थाश्रितो भवति, यत्र सामर्थ्यं तत्र भवतीत्यर्थः । तेन देवदत्तस्य पुत्रेण सह सम्बन्धे देवदत्त पुत्रयोः सामर्थ्य-सद्भावेन समासात्मकः पदविधिर्भवति, धनं देवदत्तस्य पुत्रो मैत्रस्येत्यत्र देवदत्तस्य धनेन सह, मैत्रशब्दस्य च पुत्रेण सह सम्बन्धे सति तु देवदत्त पुत्रयोः सामर्थ्या-भावेन न समासः ।

卐 સૂત્રાર્થ :- પદ સમ્બન્ધિ વિધિ सम् अर्थ (સંગત અર્થ) વાળો સમજવો. જ્યાં સંગતતા (સામર્થ્ય) હોય ત્યાં તે પદ વિધિ થાય એ પ્રમાણે અર્થ કરવો.

卐 ઉદાહરણ સ્પષ્ટીકરણ-વિશેષાર્થ :—

0 સમર્થ :- એક પ્રકારનો વિશિષ્ટ સમ્બન્ધ વાક્યમાં એક બીજા પદોનો પરસ્પર અન્વયની દૃષ્ટિએ સંબંધ એટલે સમર્થ કહેવાય.

0 સામર્થ્ય :- સમર્થ અર્થમાં સમ્બન્ધિ પણું તે સામર્થ્ય.

0 પદવિધિ :- એક-બે કે વધારે પદની વિધિ.

સામર્થ્ય → પદની સંગતિ બે પ્રકારે છે.

[૧]. વાક્યમાં પરસ્પર પદની અપેક્ષાએ

[૨] સમાસમાં વપરાયેલા પદોનો એકાર્થી ભાવ

0 પદવિધિ થવાના સ્થાનો → (૧) સમાસ (૨) નામ ધાતુ (૩) કૃત્ પ્રત્યય (૪) તદ્ધિત (૫) ઉપપદ વિભક્તિ (૬) યુષ્મદસ્મદ્ દેશ (૭) પ્લુતવિધિ

[૧]. સમાસ :- देवदत्तस्य पुत्र इति देवदत्तपुत्र બન્નેમાં પદની સંગતતા છે માટે સમાસ થયો પણ धनं देवदत्तस्य, पुत्रो मैत्रस्य એ બે વાક્યમાં देवदत्त पुत्र સમાસ ન થાય કેમ કે બન્ને પદો સંગત નથી.

[૨] નામધાતુ - पुत्रमिच्छति - पुत्रीयति (क्यनि ૪/૩/૧૧૨થી क्यन् પ્રત્યય) પણ-पश्यति पुत्रम्-इच्छति सुखम् તો તેમાં પદ વિધિ થઇ શકે નહીં.

[૩] કૃત્ પ્રત્યય :- कुम्भं करोति इति कुम्भकार :- (णक-तृचौ ૫/૧/૪૮ થી णक) पश्यति कुम्भम्-करोति कटम् - અહીં પદ વિધિ થશે નહીં

[૩૭]

તપગચ્છના આચાર્યદેવ આગમોદ્ધારક પૂ. આનંદસાગર સૂરીશ્વરજીના સમુદાયના ઉદાર દિલ ઉપાધ્યાય પૂ. ક્ષમાસાગરજીના પ્રશિષ્ય નિરાડંબરી પૂર્યંન્યાસ સુશીલસાગરજી ગણિવર્યના શિષ્ય ગ્રેજ્યુએટ પ્રવચનકાર પૂ. મુનિરાજ શ્રી સુધર્મસાગરજીના શિષ્ય મુનિ દીપરત્નસાગરજી (M Com, M. Ed) કરેલ સંજ્ઞા (પરિભાષા યુક્ત) પ્રકરણનો ગુજરાતી અનુવાદ તથા સસંદર્ભ વિવરણ સમાપ્ત.

() अर्हम् ()

❀ સન્ધિ પ્રકરણ ❀


સન્ધિ–અર્થ (સંસ્કૃતમાં) "બે શબ્દ (પદ) સાથે આવે ત્યારે પાસે પાસેના સ્વર કે વ્યંજન કે વિસર્ગના જોડાવાથી તેઓમાં જે પરિવર્તન આવે છે તેને સન્ધિ કહેવાય છે." (ગુજરાતી વ્યાકરણ)

સ્વર–અર્થ (સંજ્ઞાધિકારમાં ૧/૧/૪ સૂત્રથી સ્વર સંજ્ઞા દર્શાવેલ છે)
સંસ્કૃત — स्वयं राजन्ते इति स्वराः
"જે વર્ણોના ઉચ્ચારણ આપ મેળે થઈ શકે એટલે કે અન્ય વર્ણોની મદદ વિના થઈ શકે તે "સ્વર" કહેવાય છે. (ગુજરાતી વ્યાકરણ)

સ્વર સન્ધિ :- જયારે બે સ્વરો જોડાઈને કોઈ પરિવર્તન ધારણ કરે ત્યારે તે પરિવર્તનને "સ્વર સન્ધિ" કહેવાય છે.
જેમ કે, वृषभ+अजित=वृषभाजितौ

વ્યંજન અર્થ :- વિ+અંજન વિશેષે કરીને અંજન (મેળવણી) એટલે વ્યંજન
સંસ્કૃત :- व्यज्यते प्रकाश्यतेऽर्थोनेन इति व्यंजनम्

વ્યંજન સન્ધિ :- વ્યંજન સાથે વ્યંજનના જોડાવાથી જે પરિવર્તન આવે તેને વ્યંજન સન્ધિ કહેવાય છે.



સ્વર સન્ધિ

(((સૂત્રકારે अ કારાદિ ક્રમ લક્ષમાં રાખીને સન્ધિ સૂત્રો રચેલ છે.)))

(१) समानानां तेन दीर्घः १/२/१

★ સૂત્રપૃથ :— समानानां (૬-બ) तेन (૩-એ) दीर्घः (૧-એ) ત્રી પદ

★ वृत्ति — समानानां तेन परेण समानेन सह दीर्घः स्यात्। द्वयोः स्थाने एको दीर्घः स्यादिति तात्पर्यम्। ... दण्डाग्रम्। ... दधि-इदं दधीदम्। मधु-उदकं मधूदकम्। पितृ-ऋषभः पितॄषभः। क्लृ-लृकारः क्लृकारः।

卐 સૂત્રાર્થ :— સમાનસંજ્ઞક સ્વરનો પર (પછી) રહેલ તેજ સમાનસંજ્ઞક સ્વરની સાથે દીર્ઘ આદેશ થાય છે. એટલે કે બન્ને ના સ્થાને એક દીર્ઘ થાય છે. (लोकात्)– લોકવ્યવહાર-સ્વર વિનાનુ હોય તે વ્યંજન, પર સ્વર સાથે જોડાય છે.

ઉદા. સમાન વર્ણો अ इ उ ऋ लृ अ+अ श्रमण+अजित=श्रमणाजितः અહીં श्रमण ના ण ના अ સાથે अजित ના अ ની સન્ધિ છે. શ્રમણ-અજિત, 0 अ+आ-तव+आयुः=तवायुः તારૂ આયુષ્ય, इ+इ-दधि+इदम्=दधीदम्-દહીં અહીં; 0 उ+उ-मधु+उदकम्=मधूदकम् (અહીં મધુના ध નો उ અને उदकम् નો उ બન્ને મળી ऊ થયો.)

0 ऋ + ऋ – पितृ + ऋषभः = पितॄषभः

0 लृ + लृ – क्लृ + लृकारः = क्लृकारः

卐 વિશેષ :— આ સૂત્રમાં બહુવચન (સમાનાનાં) વર્ણ ને વ્યાપ્તિ=વ્યક્તિ વિષયની પ્રાપ્તિને માટે છે. તેથી ઉત્તર સૂત્રમાં વિવક્ષિત સમાન વર્ણમાં દા.ત. ऋ र्लृ ह्रस्वो वा १/२/२ થી હ્રસ્વ વિકલ્પે થાય છે. નહીં તો ऋस्तयोः १/२/५ થી ऋ દીર્ઘ થાત 0 વળી પરિભાષા (૭/૪/૧૨૦)થી સ્થાનની દૃષ્ટિએ સમાનતા લેવી. જેમ કે अ+अ=आ થયું.

0 પ્રશ્ન :— સૂત્રમાં तेन* મૂક્યું તેને બદલે વર્ણ મૂક્યું હોત તો ... १/२/२१ માં

---

*સ્વ. – હૈમલઘુપ્રક્રિયા ... ૯ ૧૯.

અન્ય ની જરૂર ન રહેત. —તે સ્વેન મૂક્યું હોત તો इ અને ऋ ના સમાન આસ્ય પ્રયત્નથી दधि+ऋद्धिः दधीद्धिः થઇ જાત માટે तेन યોગ્ય છે

0 આ સૂત્રથી વીસ (२०) પ્રકારે સ્વર સન્ધિની પ્રાપ્તિ થશે. દા.ત. अ+अ=आ, अ+आ=आ, आ+अ =आ, आ+आ=आ એ ચાર એમ રીતે इ उ ऋ लृ દરેક વર્ણના ચાર-ચાર ભેદો ગણતાં વીસ ભેદે સન્ધિ થશે. સમાનાના થી થતી ચતુર્ભંગી :– (૧) બન્ને હ્રસ્વ સ્વર (૨) બન્ને દીર્ઘ સ્વર (૩) પૂર્વમાં હ્રસ્વ પછી દીર્ઘ (૪) પૂર્વે દીર્ઘ પછી હ્રસ્વ

[३८]

(२) अवर्णस्येवर्णादिनैदोदरल् १/२/६

अ वर्णस्य (६-એ.) इ वर्णादिना (३ એ.) एत् ओत् अर् अल् (१-બ.)

★ वृत्ति :— अवर्णस्य, इवर्ण, उवर्ण, ऋवर्ण, लृवर्णैः सह एत् ओत् अर् अल् इत्येते आदेशाः स्युः (यथासंख्यमनुदेशः समानानाम्) तव-इदं तवेदम्। गङ्गा-उदकं गङ्गोदकम्। महा-ऋषिः महर्षिः। तव -लृकारः तवल्कारः।

卐 સૂત્રાર્થ :— अ વર્ણ નો इ વર્ણ, उ વર્ણ, ऋ વર્ણ અને लृ વર્ણની સાથે અનુક્રમે ए (एत्) ओ (ओत्) अर् अल् એ પ્રમાણે આદેશ થાય છે.

0 ઉદા અ+इ तव+इदम्=तवेदम् તારૂ આ અહીં तव ના (अ સાથે इदम् ના इ ની સન્ધિ ए થઇ) 0 गङ्गा+उदकम्=गङ्गोदकम्–ગંગાજળ (અહીં आ સાથે उ મળીને ओ થયો છે. 0 महा+ऋषिः=महर्षिः*–મહર્ષિ (અહીં आ+ऋ નો अर् થયો.) 0 तव + लृकारः=तवल्कारः – તારી વક્રતા

卐 વિશેષ — *यथासंख्यमनुदेशः समानानाम् એ ન્યાય મુજબ इ વર્ણાદિના માં એકવચન છે. અને

---

*महर्+षि=महर्षि–અનુબિત્તા ન્યાય થી र ના રેફનું ઉર્ધ્વગમન થતા ष ઉપર રેફ થયો છે

*यथासंख्यमनुदेशः समानानाम् પ.સં. ૩૯ ન્યાય ૧૦ પૃ.૧૦

ऐदोदरल् માં પણ એ વ. છે તે બન્ને એકવચન અનુક્રમ લેવા માટે છે તેથી इ નો ए, उ નો ओ, ऋ નો अर्, ऌ નો અલ્ થયા.

0 अ વર્ણ એટલે (अ કે आ) સામે इ વર્ણ (इ કે ई) આવે તો બન્નેને બદલે ए બોલાય છે. (अ વગેરેમાં હ્રસ્વ-દીર્ઘ-પ્લુત ત્રણે આવી શકે.)

0 अ+इ,उ,ऋ,ऌ, ૧૬ ભેદે સન્ધિની પ્રાપ્તિ છે, જેમકે

अ+इ=ए–देव+इन्द्र=देवेन्द्र–દેવેન્દ્ર

अ+ई=ए–तव+ईहा=तवेहा–તારી ચેષ્ટા

आ+इ=ए–माला+इयम्=मालेयम्–આ માલા

आ+ई=ए–सा+इक्षते=सेक्षते–તે જુએ છે

अ+ऊ=ओ–तव+उदकम्=तवोदकम्–તારૂં પાણી

अ+ऊ=ओ–तव+ऊढा=तवोढा–તારૂં સ્વીકારાયેલુ

आ+उ=ओ-माला+उदकम्=मालोदकम् માળા માટે પાણી

आ+ऊ=ओ-वनिता+ऊढः=वनितोढः વનિતા વડે વરન કરાયેલ

આજ રીતે ऋ વર્ણ અને ऌ વર્ણ સાથે ચાર ચાર-ચાર ભેદે કુલ સોળ ભેદ થશે.

0 સૂત્રકારે સૂત્રમાં પણ अवर्णस्य+इवर्णमां સન્ધિ પ્રયોજી अवर्णस्य કરેલ છે

[૩૯]

(૩) ऋणे प्रदशार्णवसन कम्बल वत्सर वत्सतरस्यार्–૧/૨/૭

★ **સૂત્રપૃથ** :— **ऋणे** (૭–એ.) (૧) प्र (૨) दश–(૩) ऋण–(૪)वसन–(૫) कम्बल (૬) वत्सर (૭) वत्सतरस्य (૬–એ) आर (૭–એ.) त्रीपद

★ **વૃત્તિ** : – प्रादिनां सप्तानाम् वर्णस्य ऋणे परे ऋता सहार् स्यात् । प्र–ऋणम् प्रार्णम् । ऋण–ऋणम् ऋणार्णम् ।

卐 **વૃત્યર્થ** :— **प्र,-दश–ऋण,-वसन कम्बल –वत्सर–वत्सतर આ સાતે શબ્દો પછી ऋण શબ્દ આવે તો તે સાતેના અન્ત્ય अ નો ऋ સાથે आर् થાય છે.**

ઉદા. – **प्र+ऋण=प्रार्णम=વધારાનું દેવું**

ऋण+ऋणम्=ऋणार्णम=કર્જ માટે કર્જ

બન્ને ઉદા. માં અન્ત્ય अ (प्+र्+अ) નો ऋणम् ના (પૂર્વ) ऋ સાથે आर् થયો.

★ **અનુવૃત્તિ** :– अवर्णस्येवर्णादिनै दोदरल् ૧/૨/૬

卐 **વિશેષ** :— सूत्र अवर्णस्य ૧/૨/૬માં ऋ ના अर् ની પ્રાપ્તિ હતી તેના અપવાદ રૂપે આ સૂત્ર બન્યુ છે

0 समानानां ૧/૨/૧ સૂત્રમાં મુકેલ બહુવચન વ્યાપ્તિ માટે છે. ૧ ऋलृति ૧/૨/૨ થી વિકલ્પે હ્રસ્વની પ્રાપ્તિ છે. તેથી અહીં प्र+ऋणम्=प्रार्णम् અથવા प्रऋणम् પણ થઇ શકે.

0 **અન્ય ઉદા.** :– दश+ऋणम=दशार्णम દશનું ઋણ

वसन+ऋणम=वसनार्णम– કપડાં માટેનું ઋણ

कम्वल+ऋणम=कम्बलार्णम–કંબલ માટેનું ઋણ

वत्सर+ऋणम=वत्सरार्णम–વર્ષ માટેનું ઋણ

वत्सतर+ऋणम=वत्सतरार्णम–વછેરા માટે કરેલું ઋણ

*કેટલાંકને મતે वत्सरर्णम्

0 સૂત્રકારે સૂત્રમાં પણ સન્ધિ પ્રયોજી दशार्ण-दश+ऋणम કર્યું.

[૪૦]

(૪) ऋते तृतीया समासे ૧/૨/૮

★ **સૂત્રપૃથ** .— **ऋते (૭–એ) तृतीया समासे (૭–એ) બે પદ**

★ **વૃત્તિ** — अ वर्णस्य ऋते परे तृतिया समासे ऋता सहार् स्यात् । शीत-ऋतः शीतार्तः, इत्यादि ।

卐 **વૃત્યર્થ** :— **अ વર્ણ પછી ऋत શબ્દનો ऋ આવે અને अ વર્ણવાળો શબ્દ તથા ऋत શબ્દ બન્ને તૃતીયા તત્પુરૂષ સમાસથી જોડાય ત્યારે अ નો ऋની સાથે आर् થાય ઉદા. शीत+ऋतः=शीतार्त અહીં शीतेन ऋतः ઠંડીથી પીડાયેલ એવો તૃતીયા સમાસ થતા शीतના અન્ત્ય अ સાથે ऋની સન્ધિ आर थशे.**

★ **અનુવૃત્તિ** :–अवर्णस्ये वर्णादिनै दोदरल् ૧/૨/૬

卐 **વિશેષ** :— આ સૂત્ર अवर्णस्ये નો અપવાદ છે.

0 નિમિત્ત (अ વર્ણાન્ત શબ્દ અને નિમિત્ત (ऋत)

*वत्सरणम् – બૃહન્યાસ – પ્રથમોऽધ્યાય ૧/૨/૭

એકજ તૃતીયા સમાસમાં હોવા જોઈએ
0 ऋत्यति हृस्वोवा १/२/२ થી વિકલ્પે હ્રસ્વ થતા શીત ઋતઃ પણ થાય.
0 ? અહીં તૃતીયા સમાસ કેમ કહ્યું ?
परमश्वासौ ऋतश्च – परमर्तः ખૂબ પીડાયેલો. અહીં કર્મધારયસમાસ છે માટે સત્ર ऋते तृतीया ન લાગતા अवर्णस्ये १/२/६ લાગી अ+ऋ=अर् થયો
0 ? સમાસ કેમ કહ્યું ?
दुःखेन ऋत =दुखेनर्तः દુઃખ પિડીત અહીં दुःखेन શબ્દ તૃતીયા છે પણ તેનો ઋત શબ્દ સાથે સમાસ થયો નથી માટે આ સૂત્ર લાગી आर् થશે નહીં

क्षुवार्त :– क्षुध+ऋत=क्षुदृतः અહીં क्षुधा+आर्त એ રીતે आङ ઉપસર્ગ પૂર્વક ऋत ધાતુ છે. સમાસ નથી તેથી क्षुवा+आर्त=क्षुधार्तः થયું તે ऋत्यारुपसर्गस्य १/२/९ સૂત્રથી अ વર્ણ (ઉપસર્ગ-आ) અને ઋકારની સન્ધિથી થયેલ आर છે

[૪૧]

(૫) ऐदौत्सन्ध्यक्षरैः १/२/१२

★ સૂત્રપૃથ :– ऐत् औत् (१-બ) सन्ध्यक्षरैः (३-બ.) બે પદ

★ વૃત્તિ : अवर्णस्य सन्ध्यक्षरैः परैः सह ऐ औ स्याताम् । तव–ऐषा तवैषा महा – ऐश्वर्य महैश्वर्य । तवओदनः–तवौदनः तव–औपगवः तवौपगवः।

卐 વૃત્યર્થ :– अ વર્ણ (अ आ) થી પર સન્ધ્યક્ષર (ए, ऐ, ओ, औ) આવે તો अ વર્ણની સાથે તેનો ऐ औ થાય છે (એટલે કે अ કે आ+ए કે ऐ=ऐ અને अ કે आ+ओ કે औ=औ
ઉદા.- महा+ऐश्वर्य=महैश्वर्यम् મોટું ઐશ્વર્ય
तव एषा तवैषा–તારૂ-આ
બધા ઉદાહરણમાં અન્ત્ય अ વર્ણની સન્ધ્યક્ષર સાથે સન્ધિ છે.

★ અનુવૃત્તિ :– अवर्णस्येवर्णादिनैदोदरल् १/२/६થી अवर्णस्य

卐 વિશેષ :– આ સૂત્રથી આઠ ભેદે સન્ધિની પ્રાપ્તિ છે अ+ए, आ+ए એ રીતે...
0 ? સૂત્ર ऋत्याल्वा १/२/११ માં ઉપસર્ગ સહિત अ ની વાત છે અહીં માત્ર अ વર્ણની વાત કેમ? સૂત્રમાં सन्ध्यक्षरैः (ऐ ના)પ્ર યોગ દ્વારાજ આડકતરૂ સૂચન છે કે अवर्णस्य १/२/६ ની જ અનુવૃત્તિ લેવાની છે તેથી ઉપસર્ગ સહિત અને રહિત બન્ને अ વર્ણ લેવા.
0 ? બ.વ. કેમ મૂકયુ ? ઉપસર્ગની અનુવૃત્તિ અટકાવવા सन्ध्यक्षरैः બહુવચન મૂકયું
0 ? સ્થાનિ-आसन्न પરિભાષા થી (બે માત્રામાં) ऐ માં ए અને औ માં ओ સમાઇ જાય છે.

[૪૨]

(૬) वौष्ठौतौ समासे १/२/१७

★ સૂત્રપૃથ :– वा (१-એ) ओष्ठ ओतु (७-એ) समासे (७-એ) (ત્રિ પદ)

★ વૃત્તિ :– ओष्ठौत्वोः पदयोः समासेऽवर्णस्य लुग्वा स्यात् । बिम्बोष्ठी । बिम्बौष्ठि स्थूलोतुः । स्थूलौतुः

▢ क्वचिदन्यत्राप्येदोतो: परयोरवर्णस्य लुग्वाच्या अद्य–ओम् अद्योम् । इह–एवतिष्ठ इहेवतिष्ठ (क्वचिद्वर्णस्येवर्णोवर्णाभ्यां सहैत्वोत्वे वाच्ये) स्व–ईरः स्वैरः । स्व–ईरिणी स्वैरिणी। अक्ष–ऊहिनी अक्षौहिणी। प्र–ऊढः प्रौढः

卐 વૃત્યર્થ :– अ વર્ણથી પર જયારે ओष्ठ અનેओतु શબ્દનો ओ આવ્યો હોય તથા તે अवर्णान्त શબ્દની સાથે ओष્ઠ અને ओतु શબ્દનો સમાસ થયો હોય ત્યારે अवर्णान्त શબ્દના અન્ત્ય अ વર્ણનો વિકલ્પે लुक् લોપ થાય છે. ઉદા. बिम्बाकारावोष्ठौ यस्या सा: बिम्बोष्ठि पक्षे बिम्बौष्ठि (अ લોપ થયો ત્યારે बिम्ब्+ओष्ठि 0 अ લોપ ન થાય ત્યારે बिम्बौष्ठि–ऐदौत्सन्ध्यक्षरैः થી औ થશે.
0 स्थूलश्चासौ ओतुश्च–
स्थूलोतु–स्थूल्+ओतु अ લોપ
स्थूलौतु–સ્વર સન્ધિ

★ અનુવૃત્તિ :– [1]अवर्णस्येवर्णादिनैदोदरल् १/२/६ થી अवर्णस्य [2]अनियोगेलुगेवे १/२/१६ થી लुक्

卐 વિશેષ :– बिम्बोष्ठि પાકા ટીંડોરા જેવા લાલ હોઠ વાળી ओष्ठ+ई–नासिकोदरो... २/४/३१

થીજી ओष्ठ+ई-अस्यङ्‌ याळुक् २/४/८६ થી अ લોપ
0 ? સમાસ કેમ કહ્યું? हे पुत्र ओष्ठं पश्य । पुत्रौष्ठं
–અહીં पुत्र અને ओष्ठ શબ્દનો સમાસ થયો નથી માટે
अनो વિકલ્પે લોપ થશે નહીં –તેથી अ+औ=औ થશે

★ શેષવૃત્તિ — क्वचिदन्यत्र* :-
।૧। अनियोगे लुगेवे: ૧/૨/૧૬ अ વર્ણથી પર "મરજી પડે તેમ" અર્થનો સૂચક एव શબ્દનો ए આવેલ હોય તો अ વર્ણનો લોપ થાય છે.
इह एव तिष्ठ = इह + एव = इहेव तिष्ठ મરજી પડે તો અહીં ઉભો રહે [૧૧]
।૨। ओमाङि ૧/૨/૧૮ अ વર્ણ પછી ओम् શબ્દ આવે તથા आङ् ઉપસર્ગપૂર્વક કોઈ ધાતુ આવે તો अ વર્ણનો લોપ થાય છે.
अद्य+ओम्=अद्योम् (આજે) अ નો લોપ [૧૨]
।૩। स्वैरस्वैर्यक्षौहिण्याम् ૧/૨/૧૫ स्व ના अ વર્ણ પછી ईर અને ईरी નો ई આવે તો अ વર્ણ અને ई ને બદલે ऐ થાય છે. તથા अक्ष ના अ વર્ણ સામે ऊहिणी નો ऊ આવે તો તે બન્ને બદલે औ બોલાય છે.
स्व+ईर=स्वैर સ્વચ્છંદી अ+ई=ऐ
स्व+ईरिणी=स्वैरिणी–સ્વચ્છંદી સ્ત્રી
अक्ष+ऊहिणी=अक्षौहिणी·અક્ષૌહિણી સેના[૧૩]
।૪। प्रस्यैषैष्योढोढ्यूहेस्वरेण ૧/૨/૧૪ प्र ના अ વર્ણ પછી एव કે एष्य નો ए આવેલ હોય તો अ+ए નો ऐ થાય છે તથા ऊढ, ऊढा, ऊह નો ऊ આવેલો હોય તો अ+ऊ નો औ થાય છે. प्र–उढ:=प्रौढ: – પ્રૌઢ [૧૪]

[૪૩]

(૭) इवर्णादेरस्वे स्वरे यवरलम् ૧/૨/૨૧

★ સૂત્રપૃથ :— इवर्णादे: (૫–૬એ) अस्वे (૭–એ.) स्वरे (૭-એ.) यवरलम (૧-એ) (ચાર૫૬)
વૃત્તિ :— इउऋऌवर्णानामस्वे स्वरे पदे यरलवा: स्युः । दध् य् अत्र इति तावद्भवति ।

卐 વૃત્ત્યર્થ :–इ उ ऋ ऌ વર્ણનો વિજાતિય સ્વર પરમાં આવે ત્યારે અનુક્રમે य् व् र् ल् થાય છે. દા.ત. दधि अत्र અહીં इ પછી अ અસ્વ સ્વર છે તેથી दध्+य्+अत्र એ રીતે इ નો य થશે. दध्यत्र દહીં અહીં

*હેમપ્રકાશ પૂર્વાર્ધ –પૃ. ૬૫

卐 વિશેષ :— इवर्णादे: પંચમી ષષ્ઠી કેમ?
इवर्णादे: –ષષ્ઠી એ.વ.નો અર્થ :– (इ વર્ણનો य વગેરે) इ વર્ણની સામે, इ વર્ણ સિવાયનો વર્ણ, उ વર્ણની સામે उ વર્ણ સિવાયનો વર્ણ એ રીતે...સમજવું
0 ઉદા :– नदी+एषा=नद्येषा આ નદી
मधु+अत्र=मध्वत्र=म+ध्+उ+अत्र અહીં उનો व् થયો છે.
पितृ+अर्थ=पित्रर्थ: –પિતાનું બંધન ऋ નો र् થયો.
ऌ+आदि:=लादि: –અહીં ऌ નો ल થયો
वधू+आसन=वध्वासनः –વહુનું આસન અહીં*1 इ નો य्, उ નો व्, ऋ નો र्, ऌ નો ल्, એ રીતે "અનુક્રમે"* નો અર્થ સમજવો.
0 इवर्णादे: (પંચમી એ વ. નો અર્થ) :– (इ વર્ણથી પર–એવો અર્થ થશે) - इ વર્ણ વગેરે પછી અસ્વ સ્વર આવે ત્યારે य વગેરે ઉમેરાય છે.
દા ત. दधि+अत्र=दधि+य्+अत्र=दधियत्र
मधु+अत्र=मधु+व्+अत्र=मधुवत्र
पितृ+अर्थ=पितृ+र् +अर्थ पितृरर्थ
0 दधि+अत्रના જુદા જુદા સૂત્રોથી થતા વૈકલ્પિક રૂપોની નોંધ*2 :-
૧) दध्यत्र–इवर्णादेरस्वे स्वरे... ૧/૨/૨૧
(૨) दद्ध्यत्र–इवर्णादे (૧/૨/૨૧), अदीर्घाद (૧/૩/૩૨) तृतीयस्तृतीय... (૧/૩/૪૯)
(૩) दध्ध्यत्र–इवर्णादे (૧/૨/૨૧) ततोऽस्या:(૧/૩/૩૪)
(૪) दद्ध्यत्र–इवर्णादे(૧/૨/૨૧), अदीर्घात्,(૧/૩/૩૨) तृतीयस्तृतीय (૧/૩/૪૯) ततोऽस्या: ૧/૩/૩૪
(૫) दधियत्र –इवर्णादे ૧/૨/૨૧ पंचमी व्याख्याने
(૬) दधिअत्र ह्रस्वोऽपदेवा (૧/૨/૩૨)
0 સપ્તમ્યા પૂર્વસ્ય પરિભાષા: ૨ મુજબ अस्वे स्वरे –સપ્તમી નિર્દેશ છે માટે તે કાર્ય પૂર્વને થાય.
0 આ સૂત્રથી ૯૬ ભેદે સન્ધિની પ્રાપ્તિ થશે. જેમકે इ વર્ણ પછી અસ્વ સ્વર આવેતો य થાય. કુલ સ્વર ૧૪ તેમાં इ વર્ણના इ, ई બે ભેદ×૧૨ સ્વર अ, आ, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ=૨૪
એ રીતે उ વર્ણ × અસ્વ સ્વર=૨૪
ऋ વર્ણ × અસ્વ સ્વર. ऌ વર્ણ × અસ્વ સ્વર

[૪૪]

૧ * લઘુવૃત્તિ ભાષાંતર ભાગ–૧.
૨.*હેમશબ્દાનુશાસન સુધા –પૃ. ૫૬,

(૮) अदीर्घाद्विरामैक व्यञ्जने १ ३/३२

★ સૂત્રપૃથ :— अदीर्घात् (५-એ) विराम एक व्यञ्जने (७-એ.) બે પદ

★ વૃત્તિ :— अदीर्घात्स्वरात्परस्य इह रवर वर्जस्य वर्णस्य विरामे असंयुक्त व्यञ्जने च परेऽनु द्वित्वं वा स्यात् । इति धस्य वा द्वित्वम् ।

卐 વૃત્ત્યર્થ — અદીર્ઘ સ્વરથી પર આવેલા એવા र, ह અને સ્વર સિવાયનાં કોઈપણ વર્ણ જો તે વર્ણ પછી અસંયુક્ત (એકજ) વ્યંજન આવે અથવા વિરામ આવે (કશું ન આવે તો તે વર્ણ બેવડાય છે [1] (अनु) બીજા કાર્યો કરીને દ્વિત્વ કાર્ય કરવું. તેથી ध् બેવડાય-જેમકે दधि+अत्रनुंदध्यत्र થયા બાદ दध्ध्यत्र થશે.

★ અનુવૃત્તિ — म्नां स्यः १/३/३० हादर्हस्व-रस्यानु नवा १/३/३१

卐 વિશેષ :— [1]अनु -વર્ણને બેવડાવવા બાબત વ્યાકરણનુ બીજું કોઈ પણ કાર્ય કરવાનુ હોય, તો ને કાર્ય કરી લીધા પછી આ સૂત્ર લગાડવું

ઉદા. विगत- त्वक् આમડી त्वक्क અથવા त्वक् બન્ને રૂપે થઇ શકે. કેમકે સૂત્રાનુસાર स्वर પછી र, ह स्वर વર્જિત અન્ય વ્યજન છે. क છે क् પછી વિરામ છે માટે क् વિકલ્પે બેવડાય

0 એક વ્યંજન :— दध्यत्र नुं दध्ध्यत्र થશે.

प्लुत-गोर् त्रात=गोत्त्रात् અથવા गोत्रात् હે ગાયની રક્ષા કરનાર

0 (પરિભાષા) पञ्चम्या निर्दिष्टे परस्य ७/४/१४ મુજબ પંચમીથી નિર્દેશ (अदीर्घात्) કરેલ છે. માટે તે કાર્ય પરને થાય.

0 अदीर्घ — એટલે હ્રસ્વ અથવા પ્લુત સ્વર

0 र ह, સ્વરનું વર્જન કેમ?

[र] स्+र+दौ नु व+र्र + वा न थाय પણ वर्ता જ થાય. વરવા યોગ્ય કન્યા.

[ह] न + ह्यम्=नह्यम्-गाढ ह બેવડાય નહી.

[स्वर] दिइ+उ=दिइउः ચાલણી इ બેવડાય નહી કારણ ઉદાહરણમાં અદીર્ઘસ્વરનો છે. પણ પછી र, ह, સ્વર છે માટે આ સૂત્ર ન લાગે

0 દીર્ઘ નું વર્જન કેમ ? वाक् वाचा અહી वा (આ દીર્ઘસ્વર છે) માટે क् ન બેવડાય

0 असंयुक्त व्यंजन :- इन्द्र અહીં इन् માં न् પછી द्+र् એ સંયુક્ત વ્યંજન છે માટે બેવડાય નહીં

0 दधि-दध्+इ-स्वर છે. વ્યંજન નથી માટે બેવડાય નહી

0 त्वरक् અહીં संयोगस्यादौ स्कोर्लुक् २/१/८८થી થી આદિ र् નો લોપ થશે નહીં જો તે સૂત્ર લાગે તો આ સૂત્ર નકામુ બને

[૪૫]

(૯) तृतीयस्तृतीय चतुर्थे १/३/४९

★ સૂત્રપૃથ : तृतीयः (७ એ) तृतीय चतुर्थे (७ એ) બે પદ

★ વૃત્તિ — तृतीये चतुर्थे च परे धुटस्तृतीयः स्यात्। एकवर्गीया मिथः स्वा इति पूर्वे धकारस्य दकारः । दद्ध्यत्र । दध्यत्र । मधु-अत्र मद्ध्वत्र । पितृ अर्थः पित्रर्थः । पित्रर्थः । तृ- इत् लिट् इरण देरित्यत्र पञ्चमी व्याख्याने दधियत्र मधुवत्र इत्यादि । गौरि अर्थेत्यत्र गौर्‌ य् क्वचित् जातं अदीर्घाद्विरामेति सूत्र प्राप्तेन रेफस्य द्वित्वम् किन्तु

卐 વૃત્ત્યર્થ — ત્રીજો કે ચોથો (વર્ગીય વ્યંજન) પરમાં આવે ત્યારે धुट् વ્યંજનનો ત્રીજો અક્ષર થાય. એક જ વર્ગના વ્યંજનો પરસ્પર સ્વ છે. -તેથી જ પૂર્વના ધ કારનો द् કાર થશે. તેથી दद्ध्यत्र અને બેવડાય નહીં તો दध्यत्र છે જ

આજ રીતે मधु+अत्र નું मध्वत्र અને બેવડાય ત્યારે मद्ध्वत्र થશે.

पितृ+अर्थ=पित्रर्थः પક્ષે पित्त्रर्थः

0 (સૂત્ર :- ७ इवर्णादेरस्वे મુજબ) પંચમી વ્યાખ્યાનથી य ઉમેરાતાં दधियत्र વગેરે થાય.

★ અનુવૃત્તિ — धुटो धुटि स्वे वा १/३/४८

卐 વિશેષ :— સૂત્રમાં तृतीय चतुर्थे લખ્યું છે. માટે વર્ગીય વ્યંજન જ સમજવાનો છે તેમ જ આસન્ન પરિભાષા મુજબ જે વર્ગના વ્યંજન હોય તેનો જ તૃતીય વ્યંજન લેવાય બીજા વર્ગનો નહીં.

0 પંચમી વ્યાખ્યાને —इ વર્ણાદિથી પર य व र ल ઉમેરાય છે જેમકે દ્વ્યાશ્રય મહાકાવ્યમાં પ્રયોગ છે

रजतं चारु ईक्षित्वा हारि अत्र च काञ्चनम् । दधि-येतन्मधुवेहत्कुमारी एवमूहते

0 ? तृतीयंचतुर्थे કેમ કહ્યું? लिख्यते અહીં लिख् ના ख પછી य છે. માટે ख् નો ग् ન થાય.

0 ? धुट् કેમ કહ્યુ? गल्भते –गल्+भ અહીં भ् ચતુર્થ વ્યંજન છે. પણ પૂર્વે ल् धुट् વર્ણ નથી માટે તૃતીય વ્યંજન થાય નહીં.

0 ? धुटस्तृतीयः ૨/૧/૭૬ સૂત્ર પદાન્તે વચન છે, તેથી આ સૂત્ર *અપદાન્ત માટે સમજવું.

ઉદા. :– सज्जति–सस्ज्+अ (श)+ति ગણઃ ૧ ની ધાતુ+વિકરણ अ+પ્રત્યય तिव्, मश्+जति–सस्यशषौ स् નો श् થયો. धुट् નો ત્રીજો વર્ણ થાય તેના સ્થાને તૃતીય–વર્ગીય દન્ત્ય વ્યંજન થયો सज्जति તે શુદ્ધ કરે છે. 0दोह्+धा = दोघ् + धा – म्वादेर्दादेर्घः ૨/૧/૮૩ થી ह् નો घ् –दाग्+धा આ સૂત્રથી घ् નો ग=दोग्धा તે દોહશે/દોહનાર

[૪૬]

(૧૦) र्हादर्ह स्वरस्यानु नवा ૧/3/31

★ સૂત્રપૃથ :— र्हात् अर्ह स्वरस्य अनु नवा

★ વૃત્તિ :–स्वरात् पराभ्या रहाभ्यां परस्य रहस्वरं वर्जस्य वर्णस्यानु द्वित्वं वा स्यादिति यकारस्य वा द्वित्वम् । गौर्य्यत्र गौर्यत्र । नह्यि–अत्र नह्य्यत्र । नह्यत्र ।

卐 વૃત્યર્થ :— સ્વરથી પર र, ह, હોય અને તેના પછી र, ह અને સ્વર સિવાયનો કોઈ પણ વર્ણ આવે તો તે વર્ણ વિકલ્પે બેવડાય છે. ('अनु–અન્ય કાર્ય કર્યા પછી) જેમકે – गौरी+अत्र–गौर्+य् +अत्र (इवर्णादेरस्वेस्वरे થી य) गोर्य्यत्र पक्षे गोर्यत्र (આ સૂત્રથી વિકલ્પે બેવડાય) એજરીતે नहि+अत्र–नह्य्यत्र पक्षे नह्यत्र

★ અનુવૃત્તિ — ह्रस्वान्ङणना द्वे ૧/3/૨૭ થી द्वि

卐 વિશેષ :— अनु :– વ્યાકરણ સંબંધી અન્ય કાર્ય र् અને ह् માટે કર્યા પછી આ સૂત્રનો ઉપયોગ કરવો ઉદા. :– र् :– अर्+कः =अर्क्कः पक्षे अर्कः –સૂર્ય ब्रह्+म–ब्रह्म्म –પક્ષે ब्रह्म

*अपदान्त–मध्यमवृत्ति અવચૂરિ પ્રથમ વિભાગ પૃ-૩૫

0 ? अ–र्हस्वर કેમ કહ્યું?

0 ह પછી र् – पद्मह्रदः કમળથી ભરેલ જળાશય पद्मह्+रदः અહીં સ્વર પછી ह् છે પણ તેના પરમાં र् છે માટે र् બેવડાય નહીં

0 र् પછી ह् :– अर्हः યોગ્ય પુરુષ અહીં र् પછી સ્વર છે માટે તે ह ન બેવડાય.

र પછી સ્વર;–कर्+अः=करः અહિં र પછી સ્વર છે માટે તે अ ન બેવડાય.

0 ? अनु કેમ કહ્યું? प्रोर्णुनाव તેણે ઢાંક્યું उर्णुगक् आच्छादने –અદાદિ ગણ (૨) ધાતુ ऊर्णु, उर्णु+णव् (अ) પરોક્ષા ત્રી.પુ એ.વ. [આ સૂત્રાનુસાર ऊर्+णु સ્વર પછી र् પછી ण् છે માટે દ્વિત્વ થવું જોઈએ. પણ अनु કરવું] તેથી ऊर्णु नु+अ – [णु ના દ્વિર્ભાવ स्वरादे द्वितीयः ૪/૧/૪ થી દ્વિત્વ, अयिरः ૪/૧/૬થી र् ને નિષેધ ण પષત્ પરે ૨/૧ ૬૦ થી ण् અસદ્ થતાન્] ऊर्णुनौ+अ नामिनोऽकलिहले ૪/3 ૫૧ થી વૃદ્ધિ. ऊर्णु-नाव् –ओदौतोऽवाव ૧/૨/૨૪ થી. प्र+ऊर्णु प्रोर्णुनाव् –પછી प्रोर्णुनाव् પણ પહેલાં દ્વિત્વ કરતો प्रोर्ण्णुनाव् થઈ જાત.

[૪૭]

(૧૧) एदैतोऽयाय् ૧/૨/૨૩

★ સૂત્રપૃથ :— एत् ऐतः (૧–એ.) अय् आय् (૧–એ બે પદ

★ વૃત્તિ :— एकारैकारयोः स्वरे परे अयायौ स्याताम् । ने–अनं नयनम् । नै अकः नायकः

卐 વૃત્યર્થ :— ए કાર અને ऐ કારનો કોઈપણ સ્વર પરમાં (પછી) આવતા અનુક્રમે अय् आय् થ ય છે. ए+સ્વર=अय्+સ્વર ઉદા.ત. ने+अनम् = नय्+अनम्=नयनम्= આંખ ऐ+સ્વર=आय्+સ્વર नै+अकः=नाय्+अकः=नायकः દોરનાર

★ અનુવૃત્તિ :— इवर्णादेरस्वेस्वरेयवरलम् ૧/૨/૨૧ થી સ્વરે

卐 વિશેષ :— 0 इवर्णादि सम्बन्धि अस्व (સૂત્ર ૧/૨/૨૧) અહીં નિવૃત્ત થાય છે તેથી સ્વ કે અસ્વ સ્વર ગમે તે આવે તો પણ આ સૂત્ર લાગુ પડશે –જેમ કે

0 આ સુત્રથી ૨૮ ભેદે – સન્ધિ પ્રાપ્ત થાય છે
ए+૧૪ સ્વરે, ऐ+૧૪ સ્વર
वृक्षे+एव=वृक्षय्-एव=वृक्षयेव – વૃક્ષમાંજ
रै-ऐन्द्री=राय्+ऐन्द्री=रायैन्द्री સોનાની ઇન્દ્ર પ્રતિમા
0 एदैतः अयाय् બન્નેમા એકવચન યથા સંખ્યમ્ માટે છે

[૪૮]

(૧૨) ओदौतोऽवाव् ૧/૨/૨૪

★ સૂત્રપૃથ: ओत्-औतः (૬-એ.) अव–आव् (૧-એ) બે પદ

★ વૃત્તિ :- ओकारौकारयोः स्वरे परे अवावौ स्याताम् । लो-अनं लवनम् । लौ-अकः लावकः ।

☐ (पदान्तेऽपायवावां य्वोः स्वरे परे लुग्वा वाच्या, लुकि सत्यामसन्धिश्च) ૧/૩/૨૪ ते-आगताः न आगताः । तयागताः । तस्मै-इदम् तस्माइद । तस्मायिदं । पटो विह । पटविह । वृक्षौ-इह वृक्षाईह । वृक्षाविह ।

卐 વૃત્યર્થ — ओ કાર, औ કારનો કોઈપણ સ્વર પરમાં આવે ત્યારે અનુક્રમે अव्, आव् થાય છે. જેમકે लो+अनम्= लव्+अनं=लवनम् જેના ૧૩ છોય તે. लौ+अकः=लाव्+अकः=लावकः છેદનાર

★ અનુવૃત્તિ :— इवर्णादेरस्वे स्वरे यवरलम् ૧/૨/૨૧ થી स्वरे

卐 વિશેપ :— 0 આ સુત્રથી ૨૮ ભેદે સન્ધિપ્રાપ્ત થાય છે ओ+૧૪ स्वर, औ+૧૪ स्वर
ઉદા .- ओ-पटो+ओतुः=पटव्+ओतुः=पटवोतुः હે પટો બિલાડો છે.
औ-गौ+औ=गाव्+औ=गावौ–બે ગાય કે બળદ.

★ ઉપવૃત્તિ :- ૧ स्वरे वा ૧/૩/૨૪ – સૂત્ર ૧૧-૧૨ (૧-૨-૨૩ ૨૪)થી જે अय्, आय् अव्, आव् થવાનું વિધાન છે તેમાં પદને અન્તે રહેલા य् અને व् નો સ્વર પરમાં આવતા વિકલ્પે (लुक्) લોપ થાય છે લોપ થયા બાદ પાસે પાસે આવેલા સ્વરોની સન્ધિ થતી નથી જેમકે :—
0 ते+आगताः=तय्+आगताः तयागताः વિકલ્પે य લોપ થતા तआगताः તેઓ આવ્યાઃ
0 तस्मै+तस्माय्=इदम्-य નો વિકલ્પે य લોપ तस्मा इदम् લોપ ન થાય તો तस्मायिदम्–તેને માટે આ
0 पटो+इह=पटव्+इह વિકલ્પે व् લોપ पट इह પક્ષે पटविह હે ચતુર અહીં.
0 वृक्षौ+इह=वृक्षाव्+इह વિકલ્પે व લોપ वृक्षाविह પક્ષે वृक्षा इह અહીં બે વૃક્ષો [૧૫]

[૪૯]

(૧૩) स्वरे वाऽनक्षे ૧/૨/૨૯

★ સૂત્રપૃથ: स्वरे (૭-એ) वा (૧-એ अन्-अक्षे ૭-એ.) ત્રિપદ.

★ વૃત્તિ — गो शब्द सम्बन्धिन ओकारस्याक्ष शब्द वर्ज स्वरे परे अव इत्यकारान्त आदेशो वा स्यात् । गो-ईशः गवेशः गवीशः ।

☐ — (इन्द्रे परे संज्ञायां च नित्यम्) ૧/૨/૩૦ गवेन्द्र । गवाक्षः ।

卐 વૃત્યર્થ : ગો શબ્દ સમ્બન્ધિ (પદાન્ત) ओ કારનો अक्ष શબ્દના સ્વરને વર્જીને બાકીના સ્વર પરમાં આવતા अव એવો अ કારાન્ત આદેશ વિકલ્પે થાય છે. દા.ત गो+ईशः गव+ईशः=गवेशः (अवर्णस्ये ૧/૨/૬ થી अ+इ=ए થયો)-ગાયનો માલિક જ્યારે अव ન થાય ત્યારે गो+ईशः गवीशः (ગોનું गव्–ओदौतोऽवाव् ૧/૨ ૨૪ થી)

★ અનુવૃત્તિ — गोर्नाम्न्यवोऽक्षे ૧/૨/૨૮થી गो एदोतः पदान्तेऽस्य लुक् ૧/૨/૨૭થી पदान्ते

卐 વિશેપ - 0 अनक्षे કેમ કહ્યું ?
गो+अक्षम्=गोऽक्षम्-ગાયની આંખ અહીં अक्ष શબ્દ છે માટે ओ નો अव ન થાય પણ (एदोतः पदान्ते ૧/૨/૨૭થી) अ લોપ થાય
0 ગોના ओનું વિધાન કેમ કર્યું ?
*चित्रगु+अर्थ=चित्रग्वर्थ :-કાબર ચિતરી ગાયો જેની પાસે છે તેવો ગોવાળીયો.

અહીં ગોનો ओ નહીં પણ उ છે માટે આ સૂત્ર ન લાગે-પણ (इवर्णादेरस्वे ૧/૨/૨૧થી उ+अ=व
ઉદા : गो+अग्रम्=गव+अग्रम्=गवाग्रम् (अ+अ=आ= समानानां तेन ૧/૨/૧) પક્ષે गोऽग्रम् (एदोतः पदान्ते ૧/૨ ૨૭થી अ લોપ)

चित्रग्वर्थ: મધ્યમવૃત્તિ અવચૂરિ પ્રથમો વિભાગ-પૃ. ૧૯

થશે. गोश्चान्ते ह्रस्वो ૨/૪/૯૬થી ગો શબ્દનું ગુ થશે.

0 स्वरे કેમ કહ્યું ?

ગો+કુલમ્=ગોકુલમ્–ગોકુળ અહીં વ્યંજન છે માટે આ સૂત્ર ન લાગે.

★ શેષવૃત્તિ :– ।૧। ईन्द्रे :– ૧/૨/૩૦ ગો શબ્દના ओ થી પર इन्द्रनो इ આવેલ હોય ત્યારે ओ નો अव નિત્ય થાય છે જેમકે :– ગો+ईन्द्रः= गव+इन्द्रः=गवेन्द्रः ગાયોનો ઇન્દ્ર–સાંઢ. [૧૬]

।૨। गोर्नाम्न्यवोऽक्षे ૧/૨/૨૮ ગો શબ્દ સમ્બન્ધિ ओ થી પર अक्ष શબ્દનો अ હોય તો અને अक्ष યુક્ત गो શબ્દ વિશેષ નામ રૂપે હોય તો ओ નો अव થાય છે. જેમકે :– ગો+अक्षः=गव+अक्षः=गवाक्ष –ગોખલો–અહીં गवाक्ष વિશેષ નામ છે. જો વિશેષ નામ ન હોય તો ગો+अक्षाणि गोऽक्षाणि (ગાયની ઈન્દ્રિયો) એવું રૂપ થાય (एदोतः पदान्तेऽस्यलुक् ૧/૨/૨૭) [૧૭]

[૫૦]

(૧૪) एदोतः पदान्तेऽस्य लुक् ૧/૨/૨૭

★ સૂત્રપૃથ :— **एत्–ओतः (૫. એ) पदान्ते (૭. એ) अस्य (૬ એ) लुक् (૧. એ) ચારપદ**

★ वृत्ति :– पदान्तस्थाभ्यामेदोद्भ्यां परस्याकारस्य लुक् स्यात् । तेऽत्र पटोऽत्र । पदान्ते इत्येव । ने-अन नयनम् ।

卐 વૃત્યર્થ :– પદાન્તમાં રહેલ ए કાર અને ओ કારથી પર अ કારનો (लुक् લોપ થાય છે. જેમકે ते+अत्र=ते+त्र=तेऽत्र–તેઓ અહીં पटो+अत्र=पटो+त्र=पटोऽत्र=હે ચતુર ! અહીં–

પદાન્ત જ કેમ કહ્યું ?– ने+अन=नयनम् અહીં–ने પદાન્ત નથી તેથી अ નો લોપ ન થતા (एदैतोऽयाय् ૧/૨/૨૩થી) अय् થયો.

卐 વિશેષ 0૧ अનો લોપ કેમ કહ્યો ? पटो+इह=पटविह અહીં પરમાં अ નથી પણ इ છે તેથી अ નો લોપ ન થતાં (ओदौतोवाव् ૧/૨/૨૪થી) ओ નો अव् થયો.

0૨ एदोतः કેમ કહ્યું ? दधि+अत्र=दध्यत्र–इ કારથી પર अ છે માટે લોપ ન થતાં (इवर्णादेरस्वे ૧/૨/૨૧થી)य

0૩ तेऽत्र-અહીં ते પછી (ऽ) અવગ્રહની જે નિશાની છે. તે કરી શકાય પણ કરવું જ જોઇએ તેવો નિયમ નથી.*

0 एदोतः અહીં પંચમી નિર્દેશ છે તેથી पञ्चम्या-निर्दिष्टेपरस्य પરિભાષા મુજબ પછીના अનો લોપ થયો.

0 આ સૂત્ર ए નો अय् અને ओ નો अव् થવાના અપવાદ રૂપે બનેલ છે.

[૫૧]

0 પૂ. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરે રચેલ હૈમલઘુપ્રક્રિયાના સ્વરસન્ધિ પ્રકરણનો તપાગચ્છીય જૈનાચાર્ય આગમોદ્ધારક પૂ. આ. દેવ આનંદ સાગર સૂરીશ્વરજીના સમુદાયના જ્ઞાનપિપાસુ પૂ. મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ. સા. ના શિષ્ય મુનિ દીપરત્નસાગરે(*M.Com;M.Ed.*)કરેલ ગુજરાતી અનુવાદ તથા વિવેચન સમાપ્ત.

આ સ્વર સન્ધિ પ્રકરણમાં અકારાદિ ક્રમમાં સ્વરોની સન્ધિ દર્શાવી છે. અભ્યાસકે પ્રત્યેક સ્વરોની સન્ધિ અને તેમાં લાગતા સૂત્રોના અભ્યાસ સઘન રીતે કરવા માટે નીચે મુજબ સાધનિકા કરવી

સ્વર	ક્રમ	સૂત્ર	સન્ધિ	ઉદા.
अ+अ	૧	समानानांतेन.	अ+अ=आ	दण्डाग्रम
	૨	—	—	—
ए+अ	૧	एदैतोऽयाय्	ए+अ=अय्+अ	नयनम्
	૨	एदोत्तःपदान्ते	ए+अ=ए	तेऽत्र

અહીં માત્ર બે ઉદાહરણ દર્શાવેલ છે. એ જ રીતે ૧૪ સ્વર પછી ક્રમશ ૧૪ સ્વર ઉપર દર્શાવ્યા મુજબ લઇ ૧૯૬ ભેદે સ્વરસન્ધિ પ્રકારોનું કોષ્ટક બનાવવું જેમાં ૧ સ્વર પ્રકાર ૨ પ્રક્રિયા સૂત્ર ક્રમ ૩ સૂત્ર ૪ સન્ધિસ્વરૂપ ૫ ઉદાહરણ એવા પાંચ ભાગ કરી કોષ્ટક બનાવતા સ્વરસન્ધિનો કોઇપણ ભેદ અને તેમાં લાગતાં સૂત્રોની અસર સ્પષ્ટ થશે.

*અવગ્રહ (ऽ) સિદ્ધહૈમ બૃહદ્વૃત્તિની જુની પ્રતમાં एदोतः पदान्तेऽस्यलुक् સૂત્રમાં આ નિશાની નથી. હાલના પુસ્તકોમાં છે.

() अर्हम ()

❀ અસન્ધિ ❀

સ્વર સન્ધિ પ્રકરણમાં બે ભિન્ન સ્વરો વચ્ચે થતી સન્ધિનું કથન કરેલ છે. તે સિવાય સ્વર સન્ધિના અપવાદ રૂપે જે વિધાનો થયા છે તેને અસન્ધિ કહે છે. અસન્ધિ એટલે સન્ધિની અપ્રાપ્તિ.

" न विद्यते सन्धिः यस्य सः असन्धि"

નથી વિદ્યમાન સન્ધિ જેમાં તે અસન્ધિ કહેવાય.

(૧) प्लुतोऽनितौ ૧/૨/૩૨

★ સૂત્રપૃથ :— प्लुतः (૧–એ)
अनू–इतौ (૭–એ) બે પદ

★ વૃત્તિ :— इति वर्जे स्वरे परे प्लुतः सन्धिभाग् न स्यात् । चैत्र ३ अत्रन्वसि । इतौ तु सुश्लोकेति ।

卐 વૃત્યર્થ :— इति (ના इ) સિવાયના (બાકીના) સ્વર પર છતાં પ્લુત (સ્વર ની સન્ધિ ન થાય. (सन्धिभाग – સન્ધિકાર્યને ભજનાર ન થાય). જેમકે चैत्र ३ अत्रन्वसि चैत्र+अत्र (અહીં समानानां तेन दीर्घः થી चैत्रात्रनी પ્રાપ્તિ છે, પણ આ સૂત્ર તેનું વર્જન કરે છે. તેથી સન્ધિ ન થાય.)
अनू–इतौ કેમ કહ્યું?
सुश्लोकेति – હે સારી કીર્તિવાળા
અહીં सुश्लोक ३!+इति! છે તેમાં અન્ત્ય अ+इति નો इ થઇ ए થયો (अवर्णस्येवर्ण ... ૧/૨/૬ થી)

★ અનુવૃત્તિ — स्वरेवाऽनक्षे ૧/૨/૨૯ થી स्वरे
वाऽन्यसन्धिः ૧/૨/૩૧ થી असन्धिः

卐 વિશેષ :— *પ્લુત – चैत्र ३ अत्र માં
चैत्र પછી "३" નિશાની પ્લુત બતાવે છે
दूरादामन्त्र्यस्य ૭/૪/૯૯ થી અહીં चैत्रनो સ્વર अ પ્લુત થયો છે

0 બૃહન્ન્યાસ :— કેટલાક इति શબ્દ પર છતાં અસન્ધિ વિકલ્પે ઇચ્છે છે તેમના મતે सुश्लोक ३ इति વિકલ્પે બે રૂપો થાય છે

[૫૨]

*પ્લુતનો અર્થ :— સંજ્ઞા સૂત્ર. ૪ – ૧/૧/૫ જુઓ
વિધેય સૂત્ર ૭/૪/૮૯ થી ૧૦૨

(૨) इ ३ वा ૧/૨/૩૩

★ સૂત્રપૃથ :— इ (પ્લુત) (૧–એ.)
वा (૧–એ) બે પદ

★ વૃત્તિ :— इः प्लुतः सन्धिं वा नैति । लुनीहि ३ इति, लुनीहीति ।

卐 વૃત્યર્થ :— इ ३ (પ્લુત) સ્વર પછી બીજો કોઇ સ્વર આવે તો તે સ્વર, પ્લુત इ સાથે વિકલ્પે સન્ધિ થતો નથી.
लुनीहि ३+इति=लुनीहीति –જો સન્ધિ પામે તો –વિકલ્પે लुनीहि ३ इति –એ પ્રમાણે રૂપ

★ અનુવૃત્તિ :— प्लुतोऽनितौ ૧/૨/૩૨ થી प्लुत
स्वरेवाऽनक्षे ૧/૨/૨૯ થી स्वरे
वाऽन्यसन्धिः ૧/૨/૩૧ થી असन्धिः

卐 વિશેષ :— इति પર છતાં સન્ધિની પ્રાપ્તિ હતી તે આ સૂત્ર થી વિકલ્પે પ્રાપ્ય બનાવી છે.
ઉદા. (૨) चिनुहि ३ इदम् પક્ષે चिनुहीदम्

[૫૩]

(૩) ईदूदेद् द्विवचनम् ૧/૨/૩૪

★ સૂત્રપૃથ :— ईत् ऊत् एत् (૧–એ.)
द्विवचनम् (૧–એ) બે પદ

★ વૃત્તિ — एते त्रयो द्विवचनान्ताः सन्धिं नाप्नुवन्ति । मुनी इह । साधू एतौ । माले इमे । पचेते इति ।

卐 વૃત્યર્થ :— ई, ऊ, ए —આ ત્રણે દ્વિ-વચનાન્ત હોય ત્યારે તેના પછી સ્વર આવે તો સન્ધિ થતી નથી –જેમકે :–
(१) मुनी+इह –અહીં બે મુનિ-મુની શબ્દ એ मुनि પુંલ્લિંગ શબ્દનું દ્વિવચનનું રૂપ છે તેથી અન્ત્ય ई સાથે સન્ધિ ન થાય.
0 એજ રીતે –साधू+एतौ આ બે સાધુ

(ઉકારાન્ત) નામનું દ્વિવચનનું રૂપ સાઘૂ થયું
0 (આ કારાન્ત) નામ माला નું દ્વિવચન माले દ્રમે આ બે માલા
0 ક્રિયાપદ ત્રીજો પુરુષ દ્વિવચન एते પ્રત્યય पच् ધાતુ पचेते+एते -આ બે પકાવે છે.
(આ રીતે ત્રણે દ્દષ્ટાન્તમાં સન્ધિ થશે નહીં)

★ **અનુવૃત્તિ** :— वाऽत्यसन्धिः ૧/૨/૩૧ થીઅસન્ધિ स्वरेवाऽनक्षे ૧/૨/૨૯ થી स्वरे

卐 વિશેષ :— આ સૂત્ર બનાવતા समानानां तेन दीर्घः १/२/१, इवर्णादेरस्वे स्वरे यवरलम् १/२/२१, एदैतोऽ यायू ૧/૨/૨૩ આ ત્રણે સૂત્રના કાર્યનો નિષેધ થવાથી દીર્ઘ ई, નો उ નો व्, ए નો अय् વગેરે થશે નહીં
0 ? ईदुदेद् કેમ ? -वृक्षौ+अत्र वृक्षावत्र (ओदौतो-वाव થી अव्) અહીં वृक्षौ દ્વિ વ. છે પણ અન્તે ई, ऊ, ए નથી માટે સન્ધિ થઇ.
0 ? દ્વિ.વ. કેમ? કુમારી+अत्र=कुमार्यत्र અહીં અન્તે ई છે પણ કુમારી શબ્દએ દ્વિ-વચન નથી માટે (इवर्णादेरस्वेस्वरे થી) इ નો य् થયો.
0 ન્યાય :- *निरनुवन्धग्रहणे सामान्येन ન્યાયાનુસાર સૂત્રમાં પણ ईदूदेद् નામ કે ધાતુ તેવી સ્પષ્ટતા ન કરી હોવાથી નામ અને ધાતુ બન્નેનુ ગ્રહણ કરેલ છે. તેથી જ पचेतेइमे માં સન્ધિ ન થઈ એજ રીતે પ્લુતમાં પણ સન્ધિ ન થામ. જેમકે अग्नी ३ अत्र (अग्नि નું દ્વિ.વ.+પ્લુત)

[૫૪]
(૪) अदोमुमी ૧/૨/૩૫

★ **સૂત્રપૃથ :- अदस् मु-मी** (૧. દ્વિ) **એક પદ**
★ **वृत्ति** :—अदस् शब्द सम्बन्धिनौ मु-मी सन्धिं नाप्नुतः । अमुमुईचा । अमी अश्वाः

卐 **વૃત્યર્થ :— अदस् શબ્દ સમ્બન્ધી मु અને मी નીસ્વર પર છતાં સન્ધિ ન થાય જેમકે [1]अमुमु+ईचा અને [2]अमी अश्वाः બન્નેમાં સન્ધિ ન થઈ**

★**અનુવૃત્તિ** :—वाऽत्य सन्धिः ૧.૨/૩૧ થી અસન્ધિ स्वरे वाऽनक्षे ૧-૨-૨૯ થી स्वरे

*ન્યાયસંગ્રહ :- ન્યાય-૫ પૃ. ૫૩:

卐 વિશેષ — *अमुमु+ईचा. अदस् (મૂળ શબ્દ) अञ्चू गतौ च इति (अञ्च ધાતુ ક્રમાંક ૧૦૫ ગણ-૧ પરસ્મૈ.) (अञ्च ગતિ કરવી-પૂજા કરવી)
अदस्+अञ्च+क्विप् — [illegible]
अदस्+अच्+क्विप (अञ्चोऽनर्चा ४/२/४६ થી न् નો લોપ)
अदस्+अद्रि+अच् (सर्वादि विष्वग् ३/२/२२थी अद्रि આગમ
अद्+अद्रि+अच् (डित्यन्तः ०/१/११४ થી अस् લોપ
अदद्रि+अच् → -अदद्+इ+अच्
अमुमु+इ+अच् मोऽवर्णस्य २/१/४५ થી द् નો म्,
0 वाऽद्रौ २/१/४६ થી द નો म
0 मादु वर्णोऽनु २/१/४७ થી म ના अ નો ऊ
—अमुमु+ई+च् (अश्चप्रागूदीर्घश्च २ १/१०४ થી अच् નો च्, इ—दीर्घ)
अमुमुईचा तृतीया એ.વ નું રૂપ થયું.
[2]अमी+अश्वाः
अदस्+जस् – પ્રથમા બ.વ.
अद+अ+जस् (आद्वेरः २/१/४१ થી अ)
अद्+अ+जस् (लुगस्यादेत्य २/१/११३ થી अ નો લોપ)
अम+जस् (मोऽवर्णस्य २/१/४५ થી द નો म)
अम+इ (जस् इः १/४/९ થી इ)
अमे (अवर्णस्येवर्णे १/२/६ થી ए)
अमी (वहुष्वेरी થી ए નો ई)
अमी–अश्वाः સન્ધિ ન થાય.
0 ? अदसो मुमी કેમ? —अमुष्य मुमी કેમ નહીં.
અહીં વપરાયેલ अदस् શબ્દ અવિવક્ષિત અર્થ અને પ્રયોગમાં વપરાતો છે. સાર્થક अदस् શબ્દ સમ્બન્ધી કાર્યના અભાવે अदस् જે થાય છે, તે પ્રયોગ ન હોવાથી अमुष्य એ વિગ્રહ અહીં લેવાયો નથી.
0 સૂત્રમાં मु मी પૃથક્ પૃથક્ ગ્રહણ છે. તે સમાહાર છે. દ્વન્દ્વમાં मुम्यो થાય.
0 આ સૂત્રના ઉદાહરણમાં अमुमुईचा ની સાધનિકા અહીં દર્શાવી છે. તે દષ્ટાન્ત ચાર ભેદે દર્શાવી શકાય *(જુદા જુદા ચાર મતો)

*બન્ને પ્રયોગની સિદ્ધિ :- મધ્યમવૃત્તિ અવચૂરિ પ્રથમો વિભાગ પૃ. ૨૦
ચાર મત :- બૃહન્ન્યાસ પ્રથમોऽધ્યાય સૂત્ર ૧/૨/૩૫
परतः केचिदिच्छन्ति केचिदिच्छत्ति पूर्वतः
उमयोः केचिदिच्छन्तिकेचिदिच्छन्तिनोभयोः

(૧) બન્ને द નો म થાય :- अमुमुईचा સન્ધિ સ્વર
(૨) પછીના द નો म — अदमुईचा
(૩) પૂર્વના द નો म — अमुईचा
(૪) બન્ને द નો म ન થાય — अदईचा

[૫૫]

(૫) चादिः स्वरोऽनाङ् १/२/३६

★ સૂત્રપૃથ :— च-आदिः (૧-એ) स्वरः (૧-એ) अन-आङ् (૧-એ) સમુ ૫૬

★ વૃત્તિ — आङ् वर्ज चादि स्वर सन्धि ना नैति । अ अपहि । इ इन्द्रं पश्य । उ उत्तिष्ठ । आ एवम् । अनादिनिदिम् । आ-इहि एहि ।

卐 વૃત્યર્થ :— आङ् વર્જીને चादि ગણમાં રહેલા સ્વર ભૂત અવ્યય તેના પછી સ્વર આવે તો સન્ધિ ન પામે अ+अपहि=अ अपेहि અરે ખસીજા इ इन्द्र पश्य અરે ઇન્દ્રને જો उ उत्तिष्ठ = અરે ઉઠ આ ઉદાહરણમાં समानानांतेनदीर्घः સૂત્ર લાગી अ નો आ કે इ નો ई ન થયો.

0 अनाङ् કેમ કહ્યું ?
आ + इहि = एहि – આવ
અહીં आङ् (आ) અવ્યય છે તેથી સન્ધિ થતા (अवर्णस्येवर्णादिनै १ २/६ થી) ए થયો.

★ અનુવૃત્તિ — स्वरस्याऽन १/२/२१ थी स्वर वाऽत्यसन्धि १/२/३१ थी अनन्त

卐 વિશેષ :—*चादि ગણમાં અવ્યય ખાસ સુધી છે –અહીં માત્ર સ્વરભૂત અવ્યયની જ વાત આ સ્વરભૂત અવ્યયમાં (ઔદન્તા સ્વર એ) ૧૪ સ્વર अ થી औ સુધી સમાવિષ્ટ છે –आङ् (ङ् इत् વાળો आ) એક અલગ અવ્યય થાય છે,
0 સ્વરરૂપ અવ્યયનો અર્થ :- પૂરવું તિરસ્કાર કરવો, આમંત્રણ આપવું, નિષેધ કરવો એવો છે.
0 आङ् નો અર્થ :- મર્યાદા પ્રાપ્તિ, લાભની ઇચ્છા, કંઈ, આરંભ એવો થાય છે

0 आ અને आङ् બન્ને અવ્યયો જુદા છે. જેમકે:- आ एव नु तं तु तं તે એમ છે ? અહીં आ+एव ની સન્ધિ ન થઈ
જ્યારે आङ् ના *ભિન્ન ભિન્ન અર્થો :-
0 અલ્પ અર્થ :- आ+उष्णम्=ओष्णम् અલ્પ ગરમ
0 ક્રિયાયોગ અર્થ :- आ+इहि=एहि અહીં આવ
0 મર્યાદા અર્થ :- आ+उदकान्तात्–ओदकान्तात्– જળપર્યન્ત
0 અભિવિધિઅર્થ :- आ+आर्यम्य.=आर्यम्य આય પૂરો સુધી.

[૫૬]

(૬) ओदन्तः १/२/३७

★ સૂત્રપૃથ :— ओत् अन्तः (૧-એ) એક ૫૬

★ વૃત્તિ :— ओदन्त चादिः स्वरे सन्धि न भवतो अहो अत्र ।

卐 વૃત્યર્થ :—ओ અન્તવાળા चादि ગણના અવ્યયોની સ્વર પર છતાં સન્ધિ થાય નહિં જેમકે :-
अहो अत्र-સન્ધિન થાય-अहो-અવ્યય છે.
(एदोतः पदान्तेऽस्यलुक् થી अ નો લોપ ન થાય)

★ અનુવૃત્તિ :— स्वरे वाऽनक्षे १/२/२૯ थी स्वरे वाऽत्यसन्धिः १/२/३१थी असन्धि चादि स्वरोऽनाङ् १/२/३६ थी चादिः

卐 વિશેષ :— चादिमां ओ કારાન્ત અવ્યયો अहो-અન્વાદેશ, नो-નિષેધ,
अहो–हहो-हो अहो-आहो–उताहो-સંબોધન સૂચક વગેરે ओ કારાન્ત અવ્યય છે,
જેમકે आगच्छ–અરે આવ
0?0 चादिः કેમ કહ્યું ?
मिथोऽत्र-અહીં मिथो+अत्र ની સન્ધિ થઈ કેમ કે ओ કારાન્ત છે પણ चादिः નથી

[૫૭]

(૭) सौ नवेतौ-१/२/३८

*चादि અવ્યય :- બૃહદ્વૃત્તિ-પ્રથમ વિભાગ સૂત્ર ૧-૧-૩૧ મા ખાસ જોવા
* બૃહદ્ હૈમ પ્રક્રિયા-ગણપાઠ વિભાગ.

आङ् ના અર્થો :- હૈમશબ્દાનુશાસન સુધા-પ્રથમ વિભાગ સૂત્ર ૧/૨/૩૬

★ સૂત્રપૃથ :- सौ (૭-એ.) नवा (૧-એ). इतौ (૭-એ.) ત્રિપદ

★ વૃત્તિ — सि निमित्त ओकार इतौ परे सन्धिं वा नैति । पटो-इति पटविति ।

卐 વૃત્યર્થ — सि પ્રત્યય લાગીને ओ કારાન્ત બનેલ શબ્દથી પર इति આવે તો વિકલ્પે અસન્ધિ થાય જેમકે :-
पटो+इति=पटोइति પક્ષે पटविति - હે ડાહ્યા (સન્ધિ-ओदोतोऽवाव् થી થઇ)

★ અનુવૃત્તિ :- वाऽत्यसन्धिः ૧/૨/૩૧ થી असन्धि

વિશેષ :- સૂત્રમાં नवा ગ્રહણ કરવાનું કારણ અનુવૃત્તિ માટે છે. કેમકે वा ની અનુવૃત્તિ નીચેના સૂત્રોમાં જતી નથી.
0 सि निमित्त ओ કઇ રીતે ?
पटु+सि (સંબોધન એ.વ.)
पटो (हृस्वस्व गुणः ૧/૪/૪૧ થી पटो)
0 ? इतौ કેમ કહ્યું ?
पटो+अत्र=पटोऽत्र-इति નથી
માટે વિકલ્પે असन्धि ન થાય.
0 ? पटो +इति સ્વરૂપે ચાર રૂપો પ્રાપ્ત થશે.*
पटो इति - સન્ધિ ન થાય ત્યારે
पट विति - ओदौतोऽवाव् ૧/૨/૨૪
पट इति - स्वरेवा ૧/૩/૨૪
पट विँति -अस्पष्टाववर्णा ૧/૩/૨૫

[૫૮]

(૮) वाऽत्यसन्धिः ૧/૨/૩૧

★ સૂત્રપૃથ :- वा (૧-એ) अति (૭-એ.) असन्धिः (૧-એ.) ત્રિ પદ

★ વૃત્તિ : गोरोकारस्याति परेऽ सन्धि-र्वा स्यात् । गो-अग्रम् गवाग्रम् । गोऽग्रम् ।

卐 વૃત્યર્થ :- गो શબ્દ સમ્બન્ધિઓ કારની अ કાર પર છતાં વિકલ્પે અસન્ધિ થાય. જેમકે गो+अग्रम् ગાયની આગળ સન્ધિ ન થાય :- गोअग्रम्
સન્ધિ गोऽग्रम् (एदोतः पदान्ते થી) गवाग्रम् (स्वरेवाऽजक्षे થી अव समानानां तेन ओ)

*पटो+इति :- હૈમપ્રકાશ મ. વ્યા. -પૃ. ૭૨

★ અનુવૃત્તિ :- गोर्नाम्न्यवोऽक्षे ૧/૨/૨૮ થી गोः एदोतःपदान्तेऽस्यलुक् ૧/૨/૨૭ થી पदान्ते

卐 વિશેષ — 0 ? अति કેમ કહ્યું ? गो +इङ्गितम्=गवेङ्गितम् -अ પર માં નથી માટે આ સૂત્ર ન લાગે.
0 ? गो કેમ કહ્યુ ?
द्योऽग्रम् - द्यो+अग्रम् છે માટે અસન્ધિ ન થાય.
0 ? गो નો ओ કેમ કહ્યુ ?
चित्रग्वग्रम् - चित्रगु+अग्रम् છે.

[૫૯]

(૯) ऋलृति हृस्वो वा ૧/૨/૨

★ સૂત્રપૃથ :- ऋलृति (૭-એ.) हृस्वः (૧-એ.) वा (૧-એ.) ત્રિ પદ

★ વૃત્તિ :- ऋति लृति च परे समानानां हृस्वो वा स्यात् । हृस्वविधान सामर्थ्यादसन्धिः । इदमेव हृस्वस्यापि हृस्वविधाने फलम् । वालऋश्यः । वालर्श्यः ।

卐 વૃત્યર્થ :- ऋ કાર અને लृ કાર પરમાં આવે ત્યારે સમાન (સ્વર) નો હ્રસ્વ વિકલ્પે થાય છે —"હ્રસ્વનું પણ હ્રસ્વ" એ વિધાન સામર્થ્યથી અસન્ધિ થાય તેવું ફલિત છે. वालश्चासौ ऋश्यश्च-वाल+ऋश्यः નાના મૃગ वाल ऋश्यः વિકલ્પે वालर्श्यः -(इवर्णादेरस्वे થી अर्).

★ અનુવૃત્તિ :- समानानां तेन दीर्घः ૧/૨/૧ થી समानानां

卐 વિશેષ :- અહીં હ્રસ્વ હોવા છતાં જે હ્રસ્વનું વિધાન કર્યુ છે તે સન્ધિ અટકાવવા માટેનું છે "વસ્તુ સિધ્ધ હોવા છતાં જયારે કોઇ વસ્તુનું આરોપણ થાય ત્યારે નિયમ માટે જ હોય છે."*
0 ? 0 हृस्वोऽपदेवा ૧/૨/૨૨ થી હ્રસ્વ વિકલ્પે સિધ્ધ જ છે છતાં આ સૂત્ર કેમ ?
સૂત્ર :- हृस्वोऽपदेवा થી જયાં વિકલ્પ પ્રાપ્ત નથી તેવા अ વર્ણ અને પદાન્ત બન્ને સંજોગોમાં આ સૂત્રથી વિકલ્પ હ્રસ્વ થાય છે. જેમકે :-
0 अ વર્ણ वालऋश्यः 0 પદાન્ત-घुलि ऋतुः

* सिद्धे सति आरम्भो नियमार्थम्-
ન્યાય સંગ્રહ-ન્યાયઃ ૨૫, પૃ ૨૫.

0 ? સમાન કેમ કર્યું ?
ग्लौ+ऌकृति=ग्लावॢकृति
ઔ કાર સમાન સ્વર નથી.
0 ? ऋ ऌ પદમાં હોય તો-કેમ કહ્યું ?
वध+ऋद्धम्=वधर्द्धम्-પદમાં જ છે
0 હોતૄકાર :- હોતૃ+ઋકાર – હોમકરનારનો ઋ કાર રૂપ અસન્ધિ :- होतृकार. વિકલ્પે
होतॄकार (ऋस्तया १/२/५)
होतृकार (ऋत समानेन १/२/६) વિકલ્પે ऋ

[૬૦]

(૧૦) ह्रस्वोऽपदे वा ૧/૨/૨૨

સૂત્રપૃથ :— ह्रस्वः (૧-એ) अपदे (૭-એ) वा (૧-એ) ત્રિપદ

★ વૃત્તિ :— इ उ ऋ ऌ वर्णानामन्ते स्वरे परे ह्रस्वो वा स्यात्, न चेत्तौ निमित्त निमित्तिनावेक पदे स्याताम्। नदि एषा। मधु अत्र। एकदेशे नु–नदी

◻ (अ इ उ वर्णस्य हिमानुनासिकः वा) ૧/૨/૪૧ गामी। गाम। दधि। दधि।

卐 સૂત્રાર્થ :— इ, उ, ऋ, ऌ વર્ણનો, જો અસ્વ સ્વર પરમાં આવે તો હ્રસ્વ વિકલ્પે થાય છે.-જો[1] નિમિત્ત અને નિમિત્તિ[2] એક પદમાં ન હોય તો જેમકે –

नदी+एषा આ નદી.-આ સૂત્રથી હ્રસ્વ થાય તો नदि एषा થશે. વિકલ્પે સન્ધિ થાય તો नद्येषा થશે. (इवर्णादेरस्वे ૧/૨/૨૧ થી)
मधु+अत्र-मधुनत्र વિકલ્પે मध्वत्र
0 પદમાં હોય તો સન્ધિ થાય જ –જેમકે
नदी + औ (દ્વિ.વ.) = नद्यौ –બે નદી

આહીં નિમિત્ત અને નિમિત્તિ બન્ને એક પદમાં છે તેથી સન્ધિ થઇ.

★ અનુવૃત્તિ :— इवर्णादेरस्वे स्वरे यवरलम् ૧/૨/૨૧ થી અસ્વે સ્વરે

卐 વિશેષ :— આ સૂત્રમાં હ્રસ્વનું વિધાન છે તે દીર્ઘ અને હ્રસ્વ બન્ને સ્વર માટે છે તે કઇ રીતે ? *સર્વત્રસ્વરાગ પ્રાપ્તિઃ ન્યાયનુસાર –જેમ વરસાદ પડે ત્યારે જરૂરી કે બિનજરૂરી બધે જ વરસે છે તે રીતે આ સૂત્ર પોતાના વિષયમાં સર્વત્ર પ્રવર્તે છે –આથી જ તેનું અનર્થક પણું જણાય છે –જ્યાં જેમ વરસાદથી શાખાન્તરે ધાન્ય વધુ પાકે તે ફળ છે તેમ અહીં પણ શાખાન્તર ફળ એ છે કે હ્રસ્વનું હ્રસ્વ વિધાન કરવાથી ફરી સન્ધિ ન થાય. તેથી દધિ અત્ર મા દધ્યત્ર તો ન થશે નહીં.

★ શેષવૃત્તિ :— (૧) अइउवर्णस्यान्तेऽनुनासिकोऽनीदादेः ૧/૨/૪૧ –જે શબ્દોમાં અન્તે अ વર્ણ इ વર્ણ, उ વર્ણ રહેલ હોય. તેમની પછી વિરામ (કોઇ સ્વર કે વ્યંજન ન) હોય તો તે अ-इ-उ વર્ણ વિકલ્પે અનુનાસિક થાય.
જેમકે गाम, गामँ-ગતિ
दधि, दधिँ-દહીં
જો કે ઇદુદ્દ્વિવચનમ્ વગેરે પ્રયોગમાં અનુનાસિક ન થાય જેમકે –अग्नी, अग्नी વગેરે [૧૮]

[૬૧]

અસન્ધિપ્રકરણમાં દર્શાવેલાં અપવાદોના અભ્યાસથી સન્ધિ ક્યાં ક્યાં ન થાય તેનો ખ્યાલ આવશે છતાં નીચેનું સૂત્ર સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં ખાસ જોઇ લેવું.

न सन्धिः ૧/૩/૫૨

[1] નિમિત્ત :- જેને આશ્રીને કાર્ય કરવાનું હોય તે નિમિત્ત. જેના ઉપર કાર્ય કરવાનું હોય તે

[2] નિમિત્તિ.

*સર્વત્ર ન્યાય સંગ્રહ–ન્યાય ૧૨ પૃ. ૧૧૫

પૂ. મહોપાધ્યાય વિનયવિજયજી ગણિવરે રચેલ હૈમ લઘુપ્રક્રિયાના અસન્ધિ પ્રકરણનો, તપાગચ્છીય જૈનાચાર્ય આગમોદ્ધારક પૂ. આનંદસાગર સૂરીશ્વરજીના શિષ્ય ઉદાર દિલ પૂ. ઉપાધ્યાય ક્ષમાસાગરજીના પ્રશિષ્યરત્ન સ્વભાવી પૂ. પંન્યાસ સુશીલ સાગરજીના ક્રિયારુચિ વંત પૂ. મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ. સા. ના શિષ્ય

મુનિ દીપરત્નસાગરજી(M.Com.,M.Ed.) કરેલ અનુવાદ તથા સંશોધન વિવરણ સમાપ્ત.

() अर्हम् ()

❀ વ્યંજન સન્ધિ ❀

જે રીતે સ્વર સન્ધિમાં બે ભિન્ન સ્વરોની સન્ધિ અંગેના વિધાનો છે તે રીતે આ પ્રકરણમાં બે ભિન્ન વ્યંજનોની સન્ધિ સમ્બન્ધિ નિર્દેશન છે. સિદ્ધહૈમ શબ્દાનુ શાશનનો અધ્યાય :૧ પાદ : ૩ વ્યંજન સન્ધિ માટે રચેલ છે. તેના આધારે પ્રક્રિયાનું આ પ્રકરણ ઉદ્‌ધૃત થયેલ છે.

વ્યંજન સન્ધિ

(૧) धुटस्तृतीयः २/१/७६

★ **સૂત્રપૃથ** :— धुटः (૧–એ.) तृतीयः (૧–એ.)

★ **વૃત્તિ** : पदान्ते धुटां स्वतृतीयः स्यात्. वाग् मह इति भवति ।

卐 **વૃત્ત્યર્થ :— પદને અન્તે રહેલાં ધુટ્ નો (સ્વ)[1] ત્રીજો અક્ષર થાય છે. જેમકે वाक्+मह=वाग्+मह (कनो સ્વ વર્ગનાં ત્રીજો અક્ષર ग)**

★ **અનુવૃત્તિ** :— पदान्ते २/१/६४

વિશેષ :– स्वः– અહીં વૃત્તિમાં स्व શબ્દ પ્રયોજયો છે તે કોઇ અનુવૃત્તિ સ્વરૂપે નથી પણ आसन्न પરિભાષાથી स्व નો પ્રયોગ કરી પોતાના જ વર્ગનો ત્રીજો અક્ષર એવું સૂચવે છે.

0 પદાન્ત કેમ કહ્યું ?

वाचौ – वाच्+औं અહીં च પદાન્ત નથી.

0 ઉદાહરણ :-

वाच्+भिः = वाक्+भिः (चजःक-गम २/१/८६ થી च નોक्) =वाग्+भिः (આ સૂત્ર થી क्नोग्–नाम-सिद्यव्यज्जने १/१/२१ થી પદ સંજ્ઞા)

0 षष् + भिः= षड्+भिः છ વડે (અહીં ष् મૂર્ધન્ય છે તેનો स्व તૃતીય ड થશે. કેમકે ट વર્ગ પણ મૂર્ધન્ય છે.)

0 ? कश्चरति માં स् નો द् કેમ ન થયો ?

कस्+चरति- (સોરુ :- અંતરંગ છે)

कर्+चरति અહીં कर् પદ છે પણ (चटते सद्वितीये १/३/७ સૂત્રના વિધાન બળથી) र् નોस् થશે.

कश्+चरति

(૬૨)

(૨) तृतीयस्य पञ्चमे १/३/१

સૂત્રપૃથ :— तृतीयस्य (૬–એ.) पञ्चमे (૭.એ)

વૃત્તિ :— वेति पदान्त इति अनुनासिकइति चानुवतर्ते । एवमन्यत्राप्यपेक्षितं पदं सूत्रान्तरादनुवर्तनीयम्। पदान्तस्थस्य वर्गतृतीयस्य पञ्चमे परे स्वः पञ्चमो वा स्यात् । वाङ्महः । वाग्मह ।

વૃત્ત્યર્થ :— (वा, पदान्त અને अनुनासिक ની અનુવૃત્તિ ચાલુ છે – [1]એજરીતે જે કોઇ પદની જરૂરીયાત લાગે તે પણ બીજા સૂત્રોથી અનુવર્તન કરી લેવું.)

પદાન્તે રહેલ વર્ગીય ત્રીજા અક્ષર પછી વર્ગીય પાંચમો અક્ષર આવે તો તે ત્રીજા અક્ષરનો (સ્વ વર્ગનો પાંચમો અક્ષર વિકલ્પે થાય છે. જેમકે वाग् + मह = वाग्मह વિકલ્પે वाङ्मह ग વર્ગનો અનુનાસિક ङ् છે

★ **અનુવૃત્તિ :— सौ नवेतो १/२/३८ થી नवा अइउ वर्णस्यान्तेऽनुनासिकोऽनीदादेः १/२/४१ થી अनुनासिकः**

एदोतः पदान्तेऽस्यलुक् १/२/२७ થી पदान्ते

卐 **વિશેષ** :— [1]વૃત્તિમાં જણાવેલ છે કે કોઈપદની જરૂરિયાત લાગે તો બીજા બીજા સૂત્રોથી અનુંવર્તન કરવું –તે ન્યાય :– *अपेक्षातोऽधिकारः ને આધારે સમજવું અપેક્ષા–ષ્ટતા–ઈષ્ટ હોય તે રીતે સૂત્રોનો અધિકાર ચાલે છે તેમ સમજવું.

0 अनुनासिक શબ્દથી સ્વ સ્વ વર્ગનો પાંચમો અક્ષર સમજવો.

o o o o o o o o o o o o o o o o o

* ન્યાય :– ન્યાય સંગ્રહ ૧૨, પૃ. ૧૨.

0 ? ત્રીજો અક્ષર કેમ કહ્યું ?
स्वर्+नयति અહીં પરમાં અનુનાસિક (न) છે પણ र् ત્રીજો અક્ષર નથી માટે સન્ધિ ન થાય.

0 ? પદાન્ત કેમ કહ્યું ?

विद्+नद् (પ પુ બ વ.) અહીં द् ત્રીજો અક્ષર છે न પરમાં છે પણ પદાન્ત નથી

0 ? પઞ્ચમ કેમ કહ્યું ?
वाग्+अन-अ પઞ્ચમ વર્ણ નથી માટે આ સૂત્ર ન લાગે

0 ? તો मुनौव्यञ्जने स्वौ ૧/૩/૧૪ થી ककुन्मण्डलम् મા અનુસ્વાર કેમ નહીં ? ककुद्+मण्डलम् - અહીં પદાન્તે द (ત વર્ગનો) ત્રીજો અક્ષર છે - પછી म એ પાંચમો અક્ષર આવેલો છે તેથી द् નો म् વિકલ્પે થાય ककुम्+मण्डलम्

અહીં अजुवगानस्वेरेवाऽम ૧/૨/૮૦ સૂત્રથી असत् અધિકાર મુજબ પદાન્ત म અન્ત થતા ફરી द् થશે તેથી न नो मुनौ व्यञ्जन स्वौ લાગી અનુસ્વારની પ્રાપ્તિ રહેશે નહીં તેમજ -

*असिद्ध बहिरङ्गमन्तरङ्गे ન્યાય મુજબ म કારના સ્થાનમાં અનુસ્વારનુ કાર્ય બહિરંગ હોવાથી અસિદ્ધ થશે.

[૬૩]

(૩) प्रत्यये च ૧/૩/૨

★ સૂત્રપૃથ — प्रत्यये (૧-એ) च (૧-એ).

★ વૃત્તિ :- प्रत्ययस्य पञ्चमे त्र च नित्यम् भवति । वाग् मय वाङ् मयम् ।

卐 સૂત્રાર્થ :- પ્રત્યયમા રહેલ પાંચમો (વર્ગીય) વ્યંજન પરમા આવે તો (પદના અન્તે રહેલ વર્ગીય ત્રીજા વ્યંજનનો, પાંચમો વ્યંજન) નિત્ય થાય છે. જેમકે वाग्+मयम्= वाङ्मयम् : શાસ્ત્ર અહીં मयट् પ્રત્યય છે. (नामसिद्धय व्यञ्जने ૧/૧/૨૧ થી પદ સંજ્ઞા થતા) ग् નો સ્વ પાંચમો વર્ણ ङ् થયો.

★ અનુવૃત્તિ :— तृतीयस्य पञ्चमे ૧/૩/૨ एदोतः पदान्तेऽस्य लुक् ૧/૨/૨૭ થી પદાન્ત

卐 વિશેષ :— પઞ્ચમ -ङ् ञ् ण् न् म्
0 સ્વ વર્ગના પાંચમો અક્ષર એ સાથના પાન્ત્યાયા

*ન્યાય સંગ્રહ ન્યાય ૨૦ પૃ. ૨૦.

થી સમજવું.

0 સૂત્રમાં च કાર મૂકવાથી वा -વિકલ્પેની અનુવૃત્તિ આ સૂત્રમાં લેવી નહીં -પછીના સૂત્રમાં લેવી.

0 ? પદાન્ત કેમ કહ્યું ?
वज्रः -वज्+र એક જ પદ છે માટે ज् નો ञ् થયો નહીં.

0 ઉદા .- षट्+नाम् 'છ ના' અહીં ષષ્ઠી બ.વ નો आम् પ્રત્યય છે -તેનો ह्रस्वापश्च ષ્ણામ્ ૧/૪/૩૩ સૂત્રથી नाम् થયો છે. षण्+नाम् (આ સૂત્રથી ड નો ण्) षण्णाम् (र वर्णान्तस्य... ૧/૮/૧૦ થી न् નો ण्)

[૬૪]

(૪) ततो हश्चतुर्थः ૧/૩/૩

★ સૂત્રપૃથ :— ततः (૫-એ) हः (૬-એ.) चतुर्थः (૧-એ) ત્રણ પદ

★ વૃત્તિ :- पदान्तस्थात्तृतीयात्परस्य हस्य पूर्व तृतीयस्वस्वर्गस्चतुर्थो वा स्यात् । वाग्घरिः । वाग्हरिः । तत्-हितम् । तद्धितम् । तद् हितम् ।

卐 સૂત્રાર્થ :—પદાન્તમાં રહેલા વર્ગના ત્રીજા અક્ષર પછી ह આવેલ હોયતો તે ह ને બદલે પૂર્વે રહેલા ત્રીજા અક્ષરના સ્વ વર્ગનો ચોથો અક્ષર વિકલ્પે થાય છે. જેમકે

वाग्+हरिः=वाग्घरिः વિકલ્પે वाग्हरिः

અહીં ग्-क વર્ગનો ત્રીજો વર્ણ છે પછી ह આવેલ છે. માટે ह નો घ् વિકલ્પે થયો. એજ રીતે :- तत्+हितम्=તેના હિત માટે तद्हितम्-धुटस्तृतीयः ૨/૧/૭૬ થી द् વિકલ્પે એજ રીતે :- तद्धितम् -આ સૂત્રથી ह નો ध्

★ અનુવૃત્તિ :—एदोतः पदान्तेऽस्य लुक् ૧/૨/૨૭ થી पदान्ते तृतीयस्य पञ्चमे ૧/૨/૧ થી तृतीयस्य

卐 વિશેષ :— વર્ગનો ત્રીજો અક્ષર :—
ग्, ज्, ड्, द्, ब्, - વર્ગનો ચોથો અક્ષર
घ्, झ्, ढ्, ध्, भ्

0 ? ततः કેમ કહ્યું ? तृतीयની અનુવૃત્તિ માટે ततः કર્યું છે. પણ વિભક્તિનો ફેરફાર ગ્રહણ કરી तृतीयस्य છઠ્ઠી વિભક્તિને બદલે ततः પંચમી વિભક્તિ કરેલ છે.*

[૬૫]

*ततः પંચમી વિભક્તિ વિધાન જુઓ ન્યાય ૧૩ પૃ ૧૩ "અર્થવશાદ્વિભક્તિ પરિણામઃ"

(૫) નોઽપ્રશાનોઽનુસ્વારાનુનાસિકૌ ચ
પૂર્વસ્યાઘુટ્પરે ૧/૩/૮

★ સૂત્રપૃથ :— नः (૬–એ.) अप्रशानः (૬–એ) अनुस्वार:-अनुनासिकौ (૧–द्वि) च (૧–એ.) पूर्वस्य (૬–એ) अ–घुट्परे (૭–એ) છ પદ

★ વૃત્તિ : - पदान्तस्थस्य प्रशान्वर्ज शब्द सम्बन्धिनो नस्य चटतेषु सद्वितीयेष्व धुट्परेषु शषसा यथासङ्ख्यं स्युः, अनुस्वारा नुनासिकौ च पूर्वस्य भवांश्चारुः। भवाँश्चारुः भवांश्छेकः । भवाँश्छेकः भवांष्टीकः । भवाँष्टीकः भवांष्ठकारः । भवाँष्ठकारः भवांस्तनुः । भवाँस्तनुः । भवांस्थुडति । भवाँस्थुडति प्रशान् वर्जनात् प्रशांश्चरः । अघुडिति किम् । भवान्त्सरुकः

卐 વૃત્ત્યર્થ :— પ્રશાન્ શબ્દને વર્જીને કોઈ પણ શબ્દ સંબંધિ પદાન્તમાં રહેલા ન્ નો- [1]અઘુટ્ છે પરમાં જેને તેવા-ચ –છ, ટ-ઠ, ત–થ, પરમાં આવતા અનુક્રમે શ, ષ, સ થાય છે. તેમજ પૂર્વના અક્ષર પર [2]અનુસ્વાર અને [3]અનુનાસિક થાય છે.

0 ઉદાહરણો :- भवान्+......

च- भवान्+चारु :- भवा+श्+चारु=भवांश्चारुः વિકલ્પે भवाँश्चारुः :- આપ સુંદર છો. અહીં અન્ત્ય ન્ પછી ચ્ છે. તેની પરમાં સ્વર છે. જે અઘુટ્ છે. તેથી ન્ નો શ્ થયો-વિકલ્પે અનુસ્વાર તથા અનુનાસિક (ँ) થયા એજરીતે

छ–भवान्+छेकः :=भवा+श्+छेकः भवांश्छेकः વિકલ્પે भवाँश्छेकः– તમે વિદગ્ધ છો.

ट–भवान्+टकः=भवा+ष्+टीकः
भवांष्टीकः વિકલ્પે भवाँष्टीकः તમે ટીકાકાર છો.

ठ भवान्+ ठकारः=भवा+ष्+ठकारः भवांष्ठकारः
વિકલ્પે भवाँष्ठकारः તમે ઠકાર છો શૂન્ય છે.

त् भवान्+तनुः=भवा+स्+तनु भवांस्तनुः વિકલ્પે भवाँस्तनुः તમે પાતળા છો.

भवान्+थुडति=भवा+स+थुडति–भवांस्थुडति વિકલ્પે भवाँस्थुडति તમે ઢાંકો છો.

0 ? अ प्रशान् કેમ કહ્યુ ?

प्रशान्+र =प्रशान्+चरः=प्रशाञ्चरः
(त.वर्गश्चयवर्ग ૧/૩/૬૦થી ન્ નો ઞ્) પ્રકૃષ્ટ જાસુસ. प्रशाम्यति इति– मोनोस्वोश्च ૨/૧/૬૭ થી મ્ નો ન્ થતા प्रशान्

अघुट् કેમ કહ્યુ ?

भवान्+त्सरुकः = भवान्त्सरुकः=તમે ઠગ છો ? અહીં ત્ પછી સ્ છે જે ધુટ્ છે માટે આ સૂત્ર ન લાગે

★ અનુવૃત્તિ :— एदोतः पदान्तेऽस्यलुक् ૧/૨/૨૭ થી पदान्ते, चटते सद्वितीये ૧/૩/૭ शषसे शषसं वा ૧/૩/૬ થી शषस

卐 વિશેષ :— [1] અઘુટ્ य, र, ल, व, ङ्, ञ्, ण्, न्, म्, સ્વરો

0 [2]अनुस्वार - આગમરૂપે છે(मित्रवदागमः) સ્વરની ઉપર આવે છે.

0 [3]अनुनासिक–આદેશ રૂપ છે (शत्रुवदादेशः) સ્વરનું ઉચ્ચારણ જ બદલાય છે.

0 [4]અનુક્રમે श, ष, स એટલે च, छ ની પૂર્વે न નો श.ट, ठ ની પૂર્વે न નો ष.त, थ ની પૂર્વે न નો स्

[૬૬]

(૬) द्विः कानः कानि सः ૧/૩/૧૧

★ સૂત્રપૃથ :— द्विः (૧–એ.) कानः (૬–એ.) कानि (૭–એ.) सः (૧–એ.) ચાર પદ

★ વૃત્તિ :— द्विरुक्तस्य कानः कानि परे सःस्यात् । अनुस्वारानुनासिकौ च पूर्वस्य । कांस्कान् । काँस्कान् ।

卐 વૃત્ત્યર્થ :— બે વખત બોલાયેલ [2](વીપ્સા અર્થમાં) કાન્ ([1]किम्नुं દ્વિ.બ.વ. कान्) શબ્દ પરમાં कान् આવતાં પૂર્વના ન્ નો સ્ થાય છે. (न्) પૂર્વના અક્ષર પર અનુસ્વાર, અનુનાસિક થાય છે.

कान्कान् = का+स् + कान् =
कांस्कान् વિકલ્પે काँस्कान् – કોનેકોને

★ અનુવૃત્તિ :— नोऽप्रशानोऽनुस्वारानुनासि कौच पूर्वस्याघुट्परे ૧/૩/૮ થી अनुस्वारा नुनासिकौ च पूर्वस्य

○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○

*भवतु ऋ इत् છે તેથી भवत्+सि પ્ર.પુ. એ વ. –ऋदुदित ૧/૪/૭૦ થી न् આગમ भवन्त्-अभ्वादेरत्वसः ૧/૪/૯૦ થી દીર્ઘ भवान्त-दीर्घङ्याब ૧/૪/૪૫ થી सि નો લોપ पदस्य ૨/૧/૮૯ त लोप भवान्

卐 વિશેષ — ¹શાન્ - ક્વિપ્ + ગમ્ ક્વિપ્. ક્વિપ્ગમાદિ‍નવ/૧/૮૦થી ક્વિપ્ નો ક ગમેઃ ત્રાણમ્યતનુ ક્વિ ૧/૪/૮૯ થી ગમ નો ન્ અને ક્વિપ્ થતા શાન્ થયું.
0 બીજા અર્થ - શાન્ધાત્ ૪/૪/૮૦ થી એ વખત શાન્ શાન્ થયું
0 અહીં *ત્રુટિ વિધાન-લોપ, ૨/૧/૭૦થી થતા મૂ ના ન ના નિર્દેશને માટે છે
0 પરિભાષા - પ્રકૃતિવત્ ૭/૪/૧૦૬ મુજબ પછી વિભક્તિ નિર્દેશિત કાર્ય શબ્દને છે? લાગુ પડે તેથી અહીં શાન ના ન નો મૂ થયો
0? દ્વિત્વ કેમ કર્યું ?
શાન શાન કર્યા-કયા ક્યા નિર્દેશોને જુએ છે-અહીં શાન વિષ્ણુ અર્થમાં નથી એક શાન પ્રથ વ્યાપ્ત છે-"શાન"-બીજો શાન નીચા અર્થમાં છે માટે સૂત્ર ન લાગે

[૬૭]

(૭) न शि ञ्च १/३/१९

★ સૂત્રપૃથ : न (૬ એ) शि (૭ એ) ञ्च (૧ એ)

★ વૃત્તિ : पदान्तस्थस्य नस्य शे परे ञ्च वा स्यात्। भवाञ्च्शूरः भवान् शूरः वस्त्र इन्दव। भवाञ्च्छेते वोततिः।

卐 વૃત્યર્થ :- પદાન્તમાં રહેલા न નો श પર આવતાં ञ्च વિકલ્પે થાય છે. જેમકે भवान्+शूरः આપ વીર છો.
भवाञ्च्शूरः ¹વિકલ્પે भवान्शूरः (વિશેષમાંજુઓ)
0 ञ्च કેમ કર્યું ।
(અનુવૃત્તિમાં ઉપરના सूत्र... શ ...થી ...લીધું છે. તેનો અર્થ એ કે न-न् સંબંધિ ન હોવો જોઈએ.-જેમકે] भवान् + ...तिःतमे छो छो-અહીં न પછી श છે પણ તે न સંબંધિ છે માટે સૂત્ર ન લાગે

★ અનુવૃત્તિ - एकातः पदान्तेऽस्य लुक् १/२/२७थी पदान्ते., ड.णोः कटावन्तौ शिटि नवा १/३/१७थी नवा इनः स रंमाल्यः १/३/१८थी अव्यः

卐 વિશેષ : ¹भवान्+शूरः વિકલ્પે
૧ भवाञ्च्शूरः- नः शिञ्च् थी ञ्च्
૨ भवाञ्शूरः तवर्गस्य १/३/६०थी न નો ञ्
૩ भवाञ्छूरः प्रथमादधुटि शश्छः १/३/४थी श् नो छ्
૪ भवाञ्छूरः १/३/६० અને १/३/४
(भवाञ्च्+छूरः च लोप) धुटो धुटि स्वे वा १/३/४८थी च् लोप
0 આદેશ ભણથી नतः स्याम् २/१/८६ લાગીને श ना ष् થશે નહીં
0? श પરમાં કેમ ?
भवान् इंगति-શ પરમાં નથી માટે સૂત્ર લાગશે નહીં

[૬૮]

(૮) प्रथमादधुटि शश्छः १/३/४

★ સૂત્રપૃથ — प्रथमात् (૫-એ) अधुटि (૭-એ) शः (૬-એ) छः (૧-એ) ચારપદ

★ વૃત્તિ :— पदान्तस्थात्प्रथमात्परस्य शस्याधुटि छो वा स्यात्। भवाञ्छूरः। इति विकल्पद्वय चैकल्प्यम्। अधुटीति किम् ? वाक्श्च्योतति।

卐 વૃત્યર્થ — પદને અન્તે રહેલા (વર્ગના) પ્રથમ અક્ષર પછી, અઘુટ જેના પરમાં છે એવા श નો छ વિકલ્પે થાય છે. જેમકે भवान्+शूरः આપ શૂરવીર છો= भवाञ्च्+शूरः (न शि ञ्च १/३/१९थी न् नो ञ्च) = भवाञ्च्+छूरः- [च પ્રથમ અક્ષર છે તેનાથી પર श् છે श् પછી સ્વર છે તે અઘુટ છે માટે श् નો छ् થયો.]
(૧) भवाञ्छूरः વિકલ્પે (૨) भवाञ्च्शूरः વિકલ્પે (૩) भवाञ्शूरः (આ સૂત્ર વિકલ્પે હોવાથી તેને બદલે न वर्ग ञ्च वर्गे १/३/६० થી न् નો ञ् થશે.)
અઘુટ કેમ ? वाक्+श्च्योतति-વાણી ટપકે છે. અહીં श् પછી च ઘુટ છે માટે સૂત્ર ન લાગે.

★ અનુવૃત્તિ : - एकातः पदान्तेऽस्य लुक् १/२/८७ થી पदान्ते.

卐 વિશેષ :- प्रथमात्-એટલે क,च,ट,त,प-
0 અઘુટ :- સ્વરો, य,व,र,ल,ङ,ञ,ण,न,म,
0 આ સૂત્ર વિધિ સૂત્ર છે.-
0! સામાન્ય પ્રશ્ન થાય કે અહીં અનુવૃત્તિ તૃતીયાન્ત ની છે. (તૃતીયસ્ય પञ्चमे १/३/१) નો આ સૂત્રની શી જરૂર ?

* प्रकार :- હૈમપ્રકાશ પૂર્વાર્ધ- પૃ.૬૭૮-"परिभाषा મા ન્ત્ર વર્તિ"

આ સૂત્ર વિધિ દર્શાવે છે જેથી ङ्नः सः त्सोऽश्चः १/३/१८ સૂત્ર स् ના त्स् નું વિધાન કરે છે. જેથી षड्+त्सीदन्ति થશે. અહીં अघोषेप्रथमोऽशिटः १/३/५०થી षड्ના ङ्नोद्द *થયો નહીં તેથી સૂનો શ્ થઈ છ થશે નહીં–આમ પ્રથમાત્ એ વિધિ છે.

[૬૯]

(૯) ङ्णोः कटावन्तौ शिटि नवा १/३/१७

★ **સૂત્રપૃથ** :— ङ्णोः (૬-દ્વિ) कटौ १ દ્વિ) अन्तौ (१-દ્વિ) शिटि (७-એ) नवा (१-એ) પાંચપદ

★ **વૃત્તિ** :— पदान्ते । प्राङ्क्शेते । प्राङ्क्छेते । प्राङ्शेते । सुगण्ट्शेते । सुगण्ट्छेते । सुगण्शेते ।

卐 **વૃત્ત્યર્થ** :– પદાન્તમાં (પદાન્તે રહેલા ङ् અને ण् નો પરમાં આવતા અનુક્રમે क् અને ट् આગમ વિકલ્પે થાય કે प्राङ्+शेते–પૂર્વ દિશામાં સૂએ છે. (૧) प्राङ्क्शेते– (આ સૂત્રથી ङ् પછી क् આગમ વિકલ્પે (૨) प्राङ्शेते (क् આગમ ન આવે) વિકલ્પે (૩) प्राङ्क्छेते प्रथमादधुटि १/३/४ થી छ्

सुगण्+शेते સારો ગણનારો સૂએ છે.

सुगण्ट्शेते पक्षे सुगण्ट्छेते पक्षे सुगण्शेते ત્રણે વિકલ્પ ઉપર મુજબ સમજવા.

★ **અનુવૃત્તિ** :– ऐदोतःपदान्ते ऽस्यलुक् १/२/२७ થી पदान्ते

卐 **વિશેષ** — क् નો આગમ એટલે ङ्क् અને ट् નો આગમ એટલે ण्ट्

0 સૂત્રમાં ङ्णो- અને कटौ બન્ને દ્વિવચન મૂકયા તે यथासङ्ख्यम् (અનુક્રમ) દર્શાવવા માટે છે.

0 ? ङ्णो કેમ કહ્યું ?

भवान्शेते અહીં पदान्त न् છે તેથી क्-ट् આગમ ન થાય

0 ? शिट् કેમ કહ્યું ?

प्राङ् +करोषि=क् शीट् નથી

0 ? પદાન્ત કેમ ?

वंभण्षि–वंभण्+सि ण् પછી स् છે પણ ण् પદાન્ત નથી માટે ट् આગમ ન થાય

o o o o o o o o o o o o o o o o o o o

* सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य–ન્યાય ૧૯ પૃ. ૧૯ આ ન્યાયાનુસાર–જે નિમિત્તને માનીને જે કાર્ય થયું હોય તે કાર્ય તેના નિમિત્તનો ઘાતક બનતું નથી–તેથી અહીં પણ ङ् ના નિમિત્તે થયેલો त्स છે તેથી તે त्त ને માનીને ङ् નો ट् ન થાય તે જ રીતે અહીં તૃતીયાત્ ને બદલે પ્રથમાત્ લેતા પ્રથમાત્ નો ઘાત થઈ શકે નહીં

[૭૦]

(૧૦) तौ मुमो व्यञ्जने स्वौ १/3 १४

★ **સૂત્રપૃથ** :– तौ (१.દ્વિ)मुम. (६.એ.) व्यञ्जने (७.એ. स्वौ (१ દ્વિ.) ચાર પદ

★ **વૃત્તિ** — मुइत्यागमस्य पदान्तस्थस्य च मस्य व्यञ्जने परे तस्यैव स्वावनुस्वारानुनासिकौ स्याताम् । त्वम् चारुः । त्वं चारुः । त्वञ्चारुः । त्वंटकः । त्वण्टकः कंयः । कँय्यः । पुरो व्यंजनाभावे तु नानुस्वारः । त्वम् ।

■ सम्राट इति तु निपातः ।

卐 **વૃત્ત્યર્થ** :—मु [1] એ પ્રમાણે આગમ્ નો म અને પદાન્તમાં રહેલાં म् નો વ્યંજન પર આવતા [2]સ્વ (તે જ વર્ગનો) અનુનાસિક અને અનુસ્વાર વિકલ્પે થાય છે. જેમ કે :–(પદાન્તમ્) त्वम्+चारुः = त्वंचारुः पक्षे त्वञ्चारुः તમે સુંદર છો. (અહીં પદાન્ત म् પછી વ્યંજન છે તેથી म् નો એક વખત (અનુસ્વાર અને એક વખત સ્વ અનુનાસિક च् નો ञ् થયો.

0 (પદાન્તમ્+ट्) त्वम्+टक :– त्वंटकः પક્ષે त्वण्टकः–ट् નો સ્વાનુનાસિક ण् થયો.

0 (પદાન્તમ્+य्) कम्+यः=कंयः પક્ષે कँय्यः આગળ વ્યંજનના અભાવે અનુસ્વાર થતો નથી. જેમ કે त्वम् અહીં વિરામ છે. તેથી त्वं: થાય નહીં.

★ **અનુવૃત્તિ** :— एदोतः पदान्तेऽस्य लुक् १/२/२७થી पदान्ते नोऽनुस्वारानुनासिकौ च पूर्वस्याधुट्परे १/३/८ थी अनुस्वारानुनासिकौच

卐 **વિશેષ** :— 'मु આગમ :— यङ्न्त પ્રક્રિયામાં આગમ मु છે. मुरतोऽनुनासिकस्य ४/१/५१ થી मु (म्) જેમ કે–

0 चंक्रम्यते પક્ષે चङ्क्रम्यते તે વક્રગતિથી ચાલે છે.

અહીં પમમ્+ય વ્યઞ્જનાદેરેકસ્વરાત્ ૩/૪/૯ થી ય પમમ્+ય સન્યઙશ્ચ ૪/૧/૩ થી દ્વિર્ભાવ. પમમ્+ય પમૂ.ચય ૪/૧/૪૧ થી પનોપૂ. પમૂમમ્ય=મુરતોઽનુના સિકસ્ય ૪/૧/૫૧થી મુ આગમ (મ્) મ્ નો અનુસ્વાર કે અનુનાસિક થતા પંમમ્ય પક્ષે પઙ્ક્રમ્ય થયું.

0 સ્વ અનુનાસિકનું વિશેષણ છે. અનુસ્વારનું નહીં કેમ કે અનુસ્વારમાં સ્વ સંભવ નથી પણ અનુનાસિકમાજ છે.

0 અનુનાસિક ङ, ञ्, ण्, न्, म्, यँ, लँ, वँ, છે. श, ष, स, र, ह નો અનુનાસિક નથી

0 ? પદાન્ત મ કેમ કહ્યું ?

गम्यते – गम्+य+ते–म् પદાન્ત નથી માટે गं ન થાય.

0 ? વ્યંજને કેમ કહ્યું ?

त्वमत्र त्वम्+अत्र अ સ્વર છે

0 ? स्वौ કેમ કહ્યું ?

रंरम्यते વાર વાર રમે છે रम्+रम्यते मु (म्) આગમ છે તેથી અનુસ્વાર થયો પણ र નો અનુનાસિક કોઇ છે જ નહીં તેથી અનુનાસિક ન થાય

त्वंशण्डः. त्वम्+शण्ड श નો કોઇ અનુનાસિક નથી.

0 ? तौ નું ગ્રહણ કેમ કર્યું ?

तौ નું ગ્રહણ અવધારણ માટે છે तौ ગ્રહણ કરવાથી અનુસ્વાર, અનુનાસિક ની અનુવૃત્તિ આવે છે. પણ लुक् (૧/૩/૧૩)ની અનુવૃત્તિ આવતી નથી लुक् ની અનુવૃત્તિ લઇએ તો म નો લોપ થતા અનિષ્ટ પ્રયોગ થશે.

0 ? બન્ને म् કારનું પૃથગ્ ગ્રહણ કેમ ? म् કાર પદાન્તે લેવાનો છે, मु આગમ છે તે પદાન્તમાં નથી લેવાનો માટે બન્ને म् નું પૃથગ્ ગ્રહણ કરેલ છે.

★ ઉપવૃત્તિ :- (૧) सम्राट् ૧/૩/૧૬ सम्+राट् ફક્ત આ પ્રયોગમાં तौ मुमोव्यञ्जनेस्वौ સૂત્ર ન લખતા सम्राट्-सम्राजौ એ રીતે નિપાત કરાય છે सम्राट् મોટો રાજા (પ. પુ. એ. વ.) [૨૯]

[૭૧]

(૧૧) હ્રસ્વાદ્ ङणनो द्वे ૧/૩/૨૭

★ સૂત્રપૃથ :- ह्रस्वात् (૫-એ.) ङणनः (૧-એ.) द्वे (૧-દ્વિ.) ત્રિ પદ

★ વૃત્તિ :— ह्रस्वात्परेषां पदान्तस्थानां ङ् णानां स्वरे परे द्विः स्यात् । कुङ्ङास्ते । सुगण्णीह । लिखन्नास्ते ।

卐 વૃત્ત્યર્થ :— હ્રસ્વસ્વર થી પર અને પદાન્તમાં રહેલ ङ्, ण्, न्, પછી સ્વર આવે તો (ત્રણે વ્યંજન) બેવડાય છે. બેવડાય છે.

0 कुङ्+आस्ते કુટીલ ગમન કરનાર બેસે છે હ્રસ્વ उ અને ङ् અને ङ् પછી સ્વર છે માટે ङ्ङ् થયું

0 તેજ રીતે सुगण्+ईह સારો ગણનાર અહીં =सुगण्णीह

0 लिखन्+आस्ते= लिखन्नास्ते લખતો બેસે છે

★ અનુવૃત્તિ :— एदोतः पदान्तेऽस्य लुक् ૧/૨/૨૭ થી પદાન્તે ~ स्वरे वा ૧/૨/૨૪ થી स्वरे

卐 વિશેષ :— 0 ? પદાન્ત કેમ કહ્યું ?

दण्डिनौ–दण्डिन्+औ–न् પદાન્ત નથી તેથી દ્વિત્વ ન થાય.

0 ? હ્રસ્વાત્ કેમ કહ્યું ?

भवानास्ते-भवान्+आस्ते-न् પદાન્ત પણ આ દીર્ઘ-સ્વર થી પર છે માટે न् બેવડાય નહીં.

0 ? ङ् ण् न् કેમ કહ્યું ?

त्वमत्र–त्वम्+अत्र અહીં પદાન્ત म् છે.

0 ? સ્વરે કેમ કહ્યું ?

प्रत्यङ्शेते–प्रत्यङ्+शेते અહીં પદાન્ત ङ् સ્વરથી પર છે. પણ તેના પછી વ્યંજન છે.

[૭૨]

(૧૨) स्वरेभ्यः ૧/૩/૩૦

★ સૂત્રપૃથ .— स्वरेभ्यः (૫-બે) એકપદ

★ વૃત્તિ :— स्वरात्परस्य छस्य द्वित्वं स्यात् ।

卐 વૃત્ત્યર્થ :— સ્વરથી પર આવેલ छ બેવડાય છે.

★ અનુવૃત્તિ :— ह्रस्वाद् ङणनो द्वे ૧/૩/૨૭થી द्वे अनाङ्माङो दीर्घाद्वाच्छः ૧/૩/૨૮થી छ

卐 વિશેષ :— અહીં વૃત્તિમાં ઉદાહરણ દર્શાવેલ નથી કેમકે પછીના સૂત્ર ૧૩ (૭૪)માં તે દર્શાવવાનું છે જેમકે इच्छति અહીં इ પછી छ બેવડાય તેથી इच्छति થશે.

0 ? સૂત્રમાં બહુવચન કેમ કહ્યું ?

एदोतः पदान्ते सूत्र १/२/२७थी पदान्ते नी અનુવૃત્તિ ચાલે છે. તેને અહીં અટકાવવી છે.

0 स्वरेभ्यः કહીને સ્વરના હ્રસ્વ દીર્ઘ પ્લુત બધાં ભેદે ગ્રહણ કરવાના છે. બંને કારણે સૂત્રમાં બહુવચન મુકેલ છે.

0? સ્વરથી પર કેમ કહ્યું ;

वाक्छत्रम् क् થી પર छ् છે માટે छ् બેવડાયો નહીં

[૭૩]

(૧૩) अघोषे प्रथमोऽशिटः १/3/५०

★ **સૂત્રપૃથ :— अघोषे (૭-એ) प्रथम (૧-એ) अशिटः (૬-એ) ત્રિપદ**

★ **વૃત્તિ :—** अघोषे परे शिड्वर्जस्य घुटः स्वः प्रथमः स्यादित्याद्यछस्यचत्वे तवच्छत्रम् । इच्छति ।

卐 **વૃત્યર્થ :— અઘોષ પરમાં આવતા શિટ્ સિવાયના ધુટ્નો (ધુટ્વર્ણનો) પોતાના વર્ગનો પ્રથમ અક્ષર થાય છે.**

इच्छति-તે ઈચ્છે છે.

इछ्+अ+ति-ક્રિયાપદનું સ્વરૂપ છે.

इछ्छ्+अति-स्वरेभ्यः १/3/30 छ्छ्

इच्छ्+अति-આ સૂત્રથી छ् નો च् થયો.

કેમકે પરમાં આવેલ छ् અઘોષ છે. તેજ રીતે तवच्छत्रम्-તારું છત્ર तव+छत्रम्

★ **અનુવૃત્તિ :—** घुटोघुटि स्वे वा १/३/४८ घुटः

卐 **વિશેષ :—**"अघोषः" न घोषः इति अघोषः "अशिटः" न शिटः इति अशिटः-જે **શિટ્ નથી તે** (शिट् સંજ્ઞા જુઓ સૂત્ર ૧૫)

0? अशिट् કેમ કહ્યું ?

पयस्सु પાણીમાં पयस्+सु स् शिट् છે માટે પૂર્વનો स् બેવડાશે નહીં.—અહીં પ્રશ્ન થાય કે शषसे शषसं वा १/३/३६थी पयस्सु થવાનું જ હતું તો अशिट् લખવાની જરૂર શી ?

—વિસર્ગ પણ કંઠ્ય છે તેથી વિસર્ગનો પહેલો વર્ણ क् થશે. આમ વિસર્ગના સ્થાને क्નું ગ્રહણ અટકાવવા अशिट् પ્રયોગ જરૂરી છે. દા.ત. वृक्षः पुरुषः "अशिट्"ન કહ્યું હોય તો वृक्षक् એવો અનિષ્ટ પ્રયોગ થઇ જાય

ઉદા -वाक्पुता-વાણી વડે પવીત્ર वाचापुता वाच्+पुता -वाक्+पुता (चजः क-गम् २/१/८६થી च्નો क् થશે. वाग्+पुता (घुटस्तृतीयः २/१/७६थी क्नો ग्) वाक्+पुता (આ સૂત્રથી ग्નો क् થયો.)

0? જો च्નો क् થાય છે તો ફરી ग् અને क् શા માટે કરવા ?

પદ સંજ્ઞા થયા બાદ *પ્રત્યેક સૂત્રનો પ્રયોગ થતો હોય ત્યાં સુધી કરવો જોઇએ જો બાધકસૂત્ર આવે તો પ્રયોગ ન કરાય

[૭૪]

(૧૪) अनाङ्माङो दीर्घाद्वा छः १/3/२८

★ **સૂત્રપૃથ :— अन्-आङ् माङ् : (૫-એ) दीर्घाद् (૫-એ) वा (૧-એ) छः (૬-એ) ચારપદ**

★ **વૃત્તિ :—** दीर्घाद्दीर्घस्यानीयाच्च प्लुतात्स्वरात्परश्छो द्विर्वास्यात् । कन्याच्छत्रं, कन्याछत्रम् । मुनेच्छत्रं, मुनेछत्रम् । ([1]आङ्माङ्भ्यां तु नित्यम् ।) आच्छाया, माच्छिदत् ।

卐 **વૃત્યર્થ :— (दीर्घात्स्वरात्) દીર્ઘ-સ્વરથી પર छ વિકલ્પે બેવડાય છે. જેમકે कन्यायाः छत्रम्-કન્યાનું છત્ર**

कन्या+छत्रम्=कन्या+छ्छत्रम् (જો छ् બેવડાય તો छ्छ् = (૧) कन्याच्छत्रम् (अघोषे प्रथमो १/3/५०થી छ् નો च) વિકલ્પે (૨) कन्याछत्रम्

★ **અનુવૃત્તિ :—** ह्रस्वाद्ङणनोद्वे १/२/२७થી द्वे । एदोतः पदान्तेऽस्यलुक् १/२/२७थी पदान्ते

卐 **વિશેષ :—** सूत्र-अनाङ्माङो...१/३/२८ અને प्लुताद्वा १/३/२९ બન્ને स्वरेभ्य १/३/३०ના બાધક સૂત્રો છે. કેમકે स्वरेभ्यः થી નિત્ય દ્વિર્ભાવની પ્રાપ્તીને આ સૂત્રો વિકલ્પે પ્રાપ્ય બનાવે છે. તેથી

*यावत्संभवस्तावद्विधिः ન્યાય ૫૬, પૃ. ૧૦૧ આ ન્યાય મુજબ જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી વિધિ કરવી પણ પછી ઉપર મુજબ क्नો ग् અને ग्નો क् અને એમ વારંવાર પણ ન કરવું કેમકે घुटस्तृतीयथी ग् અને अघोषेथी क् એમ થયા જ કરશે.

चटवर्गौ १/३/६० थी टवर्गस्य ट वर्ग
0 सस्य शषौ १/३/६१ थी सस्य ष

卐 વિશેષ — "નામ" નું ગ્રહણ શા માટે? નામ્ ૧/૪ ૩૦ થી *પ્રત્યય નામનું કરવું નામન નપુંસકલિંગ કે ચાર સંબંધિ અવ્યયનું ગ્રહણ ન થાય તેથી ષણ્ણાં નામ્-ષટ્+નામ માં ન નો ણ્ થશે નહીં
0 ? પદાન્ત કેમ કર્યું ?
ईड्टे-ईड्+ते-અપદાન્ત છે માટે ત નો ટ થયો-સ્તુતિ કરે છે
0 ? ટ વર્ગાત્ કેમ કર્યું ?
तट्टकार – तत्+टकार અહીં ટ થી પર ત્ નથી પણ ત થી પર ટ છે

[૭૯]

(૧૯) ષિ તવર્ગસ્ય ૧/૩/૬૪

★ સૂત્રપૃથ :- ષિ (૭-એ) તવર્ગસ્ય (૬-એ)
★ વૃત્તિ — पदान्तस्थस्य तवर्गस्य षे परे टवर्गो न स्यात् । तीर्थकृत् षोडशः शान्तिः ।

卐 વૃત્ત્યર્થ — પદાન્તે રહેલા ત વર્ગનો ષ પરમાં આવતા (ત વર્ગ+ષ) ટ વર્ગ થતો નથી. तीर्थकृत् षोडशः शान्तिः- તીર્થંકર સોળમાં શાન્તિનાથ-(અહીં ત્ પછી ષ્ છે તો પણ આ સૂત્ર ત ના ટ નો નિષેધ કરે છે તેથી તિર્થંકૃટ્ ન થાય)

★ અનુવૃત્તિ — तवर्गस्य श्चवर्गष्टवर्गाभ्यां योगे चटवर्गौ १/३/६० थी न तवर्गस्य ष् योगे
0 पदान्ताट्टवर्गादनाम्नगरीनवतेः १/३/६३ थी पदान्तात्

卐 વિશેષ :- 0 ? ષ પરમાં હોય તો એમ કેમ કર્યું? तत्+टीकते= तट्टीकते–ત પછી ટ છે માટે ત નો ટ થયો

[૮૦]

(૨૦) લિ લૌ ૧/૩/૬૫

★ સૂત્રપૃથ :— લિ (૭-એ) લૌ (૧ દ્વિ) દ્વિ પદ
★ વૃત્તિ :— पदान्तस्थस्य तवर्गस्य ले परे लौ स्याताम् । तत्र नकारस्य सानुनासिको लः, शेषाणां निरनुनासिकः । तद्–लूनम्, तल्लूनम् । भवान्लिखति भवाँल्लिखति ।

* "तन्मध्ये प्रत्ययाः प्रत्ययस्यैव" ન્યાય-૨, પૃ ૫૧ મુજબ પ્રત્યય અને અપ્રત્યયની પ્રાપ્તિમાં પ્રત્યયનું જ ગ્રહણ થાય માટે અહીં 'નામ્' પ્રત્યય જ લેવો.

卐 વૃત્ત્યર્થ. - લ પરમાં આવતા પદાન્તમાં રહેલાં ત વર્ગના ન્ નો સાનુનાસિક લ્ઁ અને શેષ વ્યંજન (ત્, થ્, દ્, ધ્) નો નિરનુનાસિક લ થાય છે જેમકે :-
तद्+लूनम्=तल्+लूनम=तल्लूनम्-તે કાપેલું
भवान्+लिखति=भवाल्ँ+लिखति=भवाँल्लिखति આપ લખો છો

★ અનુવૃત્તિ :— तवर्गस्य श्चवर्गष्टवर्गाभ्यां योगे चटवर्गौ १/३/६० थी तवर्गस्य.

卐 વિશેષ —: 0 ? લૌ દ્વિ વચન કેમ કર્યું? ક્યારેક અનુનાસિકને સ્થાને અનનુનાસિક આદેશ પણ થાય છે. જેમકે वाहन् आः स्थाने १/४/५२ न् કારને સ્થાને आ થયો છે જ્યારે અહીં અનુનાસિક (ન્) ના સ્થાને અનુનાસિક (લ્ઁ) નું ગ્રહણ અને નિરનુનાસિક (ત્ થ્ દ્ ધ્) ના સ્થાને નિરનુનાસિક (લ) નું ગ્રહણ કરવા માટે દ્વિ વચન મુકેલ છે.
સંક્ષેપમાં કહીએ તો સાનુનાસિક અને નિરનુનાસિક બન્ને લ ના ગ્રહણ માટે દ્વિવચન મુકેલ છે.

[૮૧]

પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી ગણિવરે રચેલ હેમ લઘુ પ્રક્રિયાના વ્યંજન સન્ધિ પ્રકરણનો ગુજરાતી અનુવાદ તથા વિવેચન સમાપ્ત

વ્યંજન સન્ધિ પ્રકરણમાં ક્રમશઃ વ્યંજનોની સન્ધિ દર્શાવી છતાં તેના સઘન અભ્યાસ માટે અભ્યાસકે નીચે મુજબની સારણિકા કરવી.

વ્યંજન	ક્રમ	સૂત્ર	સન્ધિ	ઉદા.
क्+क्				
क्+ख्				
थी				
क्+ह्				
એ જ રીતે				
ह्+क् थी				
ह्+ह्				

કુલ ૩૩ વ્યંજન × ૩૩ વ્યંજન ૧૦૮૯ ભેદે સન્ધિ પ્રાપ્ત થઇ શકે છે. દરેક વ્યંજન સન્ધિમાં જે જે સૂત્રો લાગી શકે તે લગાડીને પ્રાપ્ય સન્ધિ સાથે ઉદાહરણ સહ નોંધ કરવી.—

○ अर्हम् ○

❀ રેફ સન્ધિ ❀

જે રીતે સ્વર સન્ધિમાં બે ભિન્ન સ્વરોની સન્ધિ અને વ્યંજન સન્ધિ બે ભિન્ન વ્યંજનોની સન્ધિનું સ્વરૂપ પ્રગટ થયું તેમ અહીં રેફ સન્ધિ અંગેની ચર્ચા કરેલ છે. -વ્યવહારમાં રેફ સન્ધિ -"વિસર્ગ સન્ધિ" તરીકે ઓળખાય છે. છતાં અહીં રેફ સન્ધિ શિર્ષકજ વિશેષ યોગ્ય છે કેમકે ર માં થતા ફેરફારો અંગેની અહીં વિચારણા છે. સિદ્ધહૈમ શબ્દાનુશાશનમાં આ પ્રકરણ મુખ્યત્વે અધ્યાય : ૧ પાદ : ૩ લેવાયેલ છે.

રેફ સન્ધિ

(૧) सोरुः २/१/७२

★ સૂત્રપૃથ :— सः(૬-એ)रुः(૧-એ) દ્વિપદ

★ વૃત્તિ :— पदान्ते सोरुः स्यात् । उकारः स्वाभाविक रेफाद् मेदज्ञापनार्थ इत् । कर् चारु इति जाते ।

卐 વૃત્યર્થ :— પદાન્તે રહેલા સ્નો रु થાય છે. (रुમાં ऊकार इत् છે.) સ્વાભાવિક र् અને रु નો र् અલગ પાડવા માટે रु લખ્યું છે.-દા.ત. क+सि+चारु (सि प्रत्यय-स् कस्+चारु=कर्+चारु- (स् નો આ સૂત્રથી र्-रु થયો)

★ અનુવૃત્તિ :— पदान्ते २/१/६४

卐 વિશેષ :— रःपदान्ते विसर्ग स्तयोः १/३/५३ સૂત્ર માટેનું આ વિશેષણ સૂત્ર છે.

0 उ કાર જે મુકયો તે अरोः सु पिरः १/३/५७ સૂત્રનું વિશેષણ છે. ત્યાં अरोः દ્વારા આ रुકારનો નિષેધ કર્યો છે.

[૮૨]

(૧) चटते सद्वितीये १/३/७

★ સૂત્રપૃથ :—चटते(७-એ) अद्वितीये(७-એ

★ વૃત્તિ :— पदान्तस्थस्य रस्य चटतेषु;सद्वितीयेषु) परेषु यथासंख्यं शषसा नित्यं स्युः । कश्चारुः । (निरनुवन्ध ग्रहणो सामान्य ग्रहणम्) प्रातश्चरति । कश्छन्नः । कष्टः । कष्ठः । कस्तः । कस्थः ।

卐 વૃત્યર્થ :— પદાન્તે રહેલા र્નો च्छ પર છતાં श्, ट्, ठ् પર છતાં ष्, त्थ् પર છતાં स् નિત્ય થાય છે. જેમકે कश्चारुः કોણ સુંદર [निरनुवन्ध र् નું ગ્રહણ કીધું છે. તેથી સામાન્યનું ગ્રહણ કરતાં બન્ને र् લેવા*]

र्-प्रातश्चरति-હમેશા ચરે છે.

प्रातर्+चरति=प्रातश्+चरति (र् પછી च છે માટે र् નો श् થયો). रु-कश्छन्नः-કોણ છાનો છે? कस्+छन्न :-कर्+छन्नः (सोरु : २/१/७२થી) कश्+छन्नः (આ સૂત્રથી र् નો श्) એ જ રીતે—कष्टः:- કોણ ટ છે. कस्+टः-र् નો ष्

कष्ठः - કોણ ઠ છે. कस्+ठ

कस्तः કોણ त છે कस्+त्-र् નો स्

कस्थः કોણ थ છે कस्+थ्

★ અનુવૃત્તિ :- एंदातः पदान्तेऽस्यलुक् १/२/८७ થી- पदान्ते रः करवं-पकयोः ≍क≍पौ १/३/५ થી रः शषसे शषस वा १/३/६થી शषस

卐 વિશેષ :— 0१ चटते नास्थाने च्छ्, ट्ठ, त्थ् કર્યું હોત તો ?

—તેમ કરતાં નિમિત્તનું લંબાણપણું થતાં આદેશનો અનુક્રમ સચવાશે નહીં. चटते सद्वितीये કરતા शषसे

---

*ન્યાય :— निरनुवन्ध ग्रहणे सामान्य ग्रहणम् ન્યાય-૩૨, પૃ ૩૦ જ્યારે અનુબન્ધનું ગ્રહણ ન કર્યું હોય ત્યારે સામાન્યથી એટલે કે (नरनुवन्ध અને સાનુબન્ધ બન્નેનું ગ્રહણ કરવું. र, र, બન્ને લેવા)

સાથે યથાસંખ્ય જાણવી શકારો ચૂન્-શ્, ટ્ઠ-ષ્, ત્થ સ્

[૮૩]

(૩) શષસે શષસં વા ૧/૩/૬

★ સૂત્રપૃથ :— શષસે (૭-એ) શષસં (૧-એ) વા (૧-એ) ત્રિ પદ

★ વૃત્તિ — પદાન્તસ્થસ્ય રસ્ય શષસેષુ પરેષુ શષસા વા સ્યુ । કશ્શેતે પક્ષે-

卐 વૃત્ત્યર્થ — પદાન્તમાં રહેલા ર નો શ, ષ, સ પરમાં આવતા અનુક્રમે શ, ષ, સ વિકલ્પે થાય છે જેમકે શ્-ક+સ્+શેતે-કોણ સૂએ છે-કર્+શેતે (સોરુ: ૨/૧/૭૨ થી ર્) કશ્+શેતે (શ્ પરમાં છે માટે ર્ નો શ્) પક્ષે (વિકલ્પે) જુઓ સૂત્ર ૪ (૮૫)

★ અનુવૃત્તિ :— એદાત પદાન્તેઽસ્યલુક્ ૧/૨/૮૭ થી પદાન્તે ર ક્ગ-પ્ફયોઃ ≍ક)(પૌ ૧/૩/૫થીરઃ

卐 વિશેષ :—તૌ નંવ તૌ ૧/૨/૩૮થી નવા ની અનુવૃત્તિ ચાલુ છે છતા અહીં વા કેમ મુક્યું? —વા નો નિર્દેશ ઉત્તર સત્રોમા જતી નવાની અનુવૃત્ત અટકાવવા માટે છે

0? ગિર્ઃ કેમ થયુ ?

ગિર્+સુ-અહીં અંશ સુપિ ર ૧/૩/૫૭ સત્રથી ર્ પછી સુ આવે તો ર્ મા ફેરફાર થતો નથી

ઉદા ચશ્ નો કર્ (સોરુ.થી)

(ષ્) કર્+ષણ્ડ.=કષ્+ષણ્ડ =કષ્ષણ્ડ. કોણ સાંઢ છે ?

(સ્) કર્ +સાધુ.=કસ્+સાધુ =કસ્સાધુ કોણ સાધુ છે?

[૮૪]

(૪) રઃ પદાન્તે વિસર્ગસ્તયોઃ ૧/૩/૫૩

★ સૂત્રપૃથ :— રઃ (૬-એ) પદાન્તે (૭.એ) વિસર્ગઃ (૧-એ.) તયોઃ (૭-દ્વિ.) ચાર પદ

★ વૃત્તિ :— પદાન્તસ્થસ્ય રસ્ય વિરામેઽઘોષે પરે ચ વિસર્ગઃ સ્યાત્ । કઃ શેતે । કષ્ષણ્ડ ।, કઃ ષણ્ડઃ । કસ્સાધુ , કઃ સાધુઃ ।

卐 વૃત્ત્યર્થ :- પદાન્તે રહેલા ર નો પરમાં વિરામ આવે (કશું ન આવે) અથવા અઘોષ વ્યંજન આવે તો વિસર્ગ થાય છે. જેમકે કર્ +શેતે=કઃ શેતે કોણ સૂએ છે.

(કસ્-સોરુઃ ૨/૧/૭૨ થી સ્ નો ર્ થતાં કર્ ર્ પછી બે વિકલ્પ ૧ શ્ ૨ વિસર્ગ

કર્+ષણ્ડઃ=કષ્ષણ્ડઃ પક્ષે કઃ ષણ્ડ કોણ સાંઢ છે

કર્+સાધુઃ=કસ્સાધુ પક્ષે કઃ સાધુઃ કોણ સાધુ છે

(બધા ઉદાહરણમાં ર્ પછી અઘોષ આવેલ છે તેથી ર્ નો વિસર્ગ થયો)

★ અનુવૃત્તિ :—વિરામે વા ૧/૩/૫૧ થી વિરામે અઘોષે પ્રથમોઽશિટ઼ઃ ૧/૩/૫૦ થી અઘોષે

卐 વિશેષ :–0 નિરનુબન્ધ ગ્રહણે સામાન્ય ગ્રહણમ્ ન્યાયથી રઃ માં સાનુબન્ધ અને નિરનુબન્ધ બન્ને ર્ ગ્રહણ કરવા.

જેમકે સ્વર્+સિ અવ્યયસ્ય ૩/૨/૭ થી સિ લોપ-સ્વર્ નું આ સત્રથી સ્વઃ- ર્ નો વિસર્ગ થયો

0 અનુ-અન્ય કાર્ય કર્યા બાદ વિસર્ગ કાર્ય કરવું- જેમકે આશીઃ (આશીર્વાદમાં), અહીં આશિસ્ શબ્દમાં શિ માં હ્રસ્વ ઇ છે -આશિર્-સ્ નો ર્ સોરુઃથી થયા બાદ-પદાન્તે ૨/૧/૬૪ સત્રથી શી દીર્ઘ થયો-જો ર્ નો વિસર્ગ પહેલાં કરીએ તો પૂર્વનો શિ દીર્ઘ શી થઇ શકે નહીં માટે દીર્ઘ વિધિ કર્યા બાદ વિસર્ગ કાર્ય થયું

0 ? પદાન્તે કેમ કહ્યું ?

ઇર્+તે-ઇર્તે-તે કંપે છે. અહીં ઇર્ મા ર્ પદાન્ત નથી માટે વિસર્ગ થયો નહીં.

0 ? *નૃપતેરપત્યં-નાર્પત્યઃ કેમ થયું ?

નૃપતિ+ઞ્ય+સિ (અનિદમિ...ઞ્યઃ ૬/૧ ૧૫ થી ઞ્ય) નાર્પત્યઃ વૃદ્ધિ સ્વરેષુ ૭/૪/૧ થી આદિસ્વરની વૃદ્ધિ) અસિધ્ધ બહિરઙ્ગમન્તરઙ્ગે ન્યાયથી વૃદ્ધિઅર્-આર્ આદેશ આ માને રેફ અસિધ્ધ થાય. તેથી અહીં ર્ નો વિસર્ગ પણ ન થાય. અને રઃ ક્ખ-પ્ફયોઃ થી ૧/૩/૫ ≍ક,)(પ પણ ન થાય, પણ નાર્પત્યઃ જ થયું

ઉદાહરણ :- વિરામે-વૃક્ષ+ર્=વૃક્ષ+ઃ નો વિરામ આવતા વિસર્ગ થયો. અઘોષે-કર્+કૃતિ=કઃ કૃતિ- પરમાં કૃ અઘોષ છે.

[૮૨]

• • • • • • • • • • • • • • • •

મધ્યનવૃત્ત અવચૂરિ- પ્રથમ વિભાગ પૃ. ૩૬.

(૫) रः क ख पफयोः ≍ क)(पौ १/३/५

★ સૂત્રપૃથ :— रः (૬.-એ) कख पफयोः (૬-દ્વિ ≍ कू (अक्)–)(पौ (अप्) (૧-દ્વિ) ત્રી ૫દ

★ વૃત્તિ :— पदान्तस्थस्य रस्य कखयोः परयोः ≍ क् वा पफयोः)(पोवा स्यात् । क ≍ करोति, कः करोति । क≍ खनति कः खनति । क)(पचति, कः पचति । क) फलति, कः फलति । पुन)(पुष्टं, पुनः पुष्टम् इत्यादि ।

卐 વૃત્યર્થ :— પદને અન્તે રહેલા र् નો क ख પરમાં આવતા ≍क् (જિહ્વામૂલીય अक्) અને पफ પરમાં આવતા)(प् (ઉપધ્માનીય अप्) વિકલ્પે થાય છે –
क+स् (પ્રત્યય)= कर् (सोरु થી सूनोर) कर् +करोति-કોણ કરે છે.
(क्) क ≍करोति-र પછી क् છે માટે ≍ क् પક્ષે कः करोति – (रः पदान्ते १/३/५३ થી વિસર્ગ. એજ રીતે :–
कर्+खनति=क ≍ खनति પક્ષે कः खनति – કોણ ખોદે છે.
कर्+पचति=क)(पचति પક્ષે कः पचति – કોણ રાંધે છે.
(क) कर्+फलति-કોણ ફળે છે क)(फलति વિકલ્પે कःफलति (ઉપરોક્ત ઉદાહરણ रु-उ અનુબંધ વાળા र् ના હતા સ્વાભાવિક र् નું ઉદા) પુનર્+પૃષ્ટમ્-ફરી પુછતાં પુન)(પૃષ્ટમ્ વિકલ્પે पुनःपृष्टम्

★ અનુવૃત્તિ :— एदोत्तः पदान्तेऽस्य लुक् १/२/२७ થી पदान्ते. सौ नवे तौ १/२/३८ થી नवा

卐 વિશેષ :— 0 निरनुबन्ध ग्रहणे सामान्यम् થી બન્ને र् (रु અને र) ગ્રહણ કરવા.
0 વિસર્ગ કંઠય સ્થાનીય છે તેને બદલે ≍ क् તથા ≍ख्એવા જિહ્વામૂલીય વ્યંજનો વિકલ્પે બોલાય છે. તેમજ प કે फ પરમાં આવે ત્યારે)(प् અને)(फ् એવા ઉપધ્માનીય વ્યંજનો વિકલ્પે બોલાય છે વિકલ્પે ન બોલાય તો વિસર્ગ થાય એટલે કે આ સૂત્રरःपदान्ते विसर्गस्तयो. १/३/५३ નું અપવાદ સૂત્ર છે સૂત્રમાં જે દ્વિવચન મુકેલ છે તે બબ્બેના જોડકાને અનુક્રમે લેવા માટે છે-તેથી क-ख માં ≍क्, प, फ માં)(प् થયું

[૮૬]

(૬) ख्यागि १/3/५४

★ સૂત્રપૃથ :— ख्यागि (૭–એ.) એક પદ

★ વૃત્તિ :— ख्यागि रोर्नित्यं विसर्गः । कः ख्यातः।

★ શેષવૃત્તિ :— शिट्परेऽघोषेपरेप्येवम् । कः प्साति । अघोपेपरे शिटिपरे रो लुग्वा–कश्चूयोतति: कः श्चूयोतति ।

卐 વૃત્યર્થ :— ख्याग् (ધાતુનો ख्) પરમાં આવતાં (પદને અન્તે રહેલાં) र् નો નિત્ય વિસર્ગ થાય છે. જેમકે :—
कर्+ख्यात: – કોણ પ્રસિદ્ધ છે.
क:+ख्यात: – कःख्यात:

★ અનુવૃત્તિ :— रः पदान्ते विसर्गस्तयोः १/३/५३ થી रः पदान्ते विसर्गः

卐 વિશેષ :— ख्या –અહીં ख्या એ *चक्ष् ધાતુનો આદેશ લીધો છે. –(चक्षोवाचि क्शांगख्यांग् ४/४/४ સૂત્ર મુજબ) –જ્યારે *अदादि ગણ : ૨ નો ख्याङ्क प्रकथने ધાતુ છે તેનો रः कखपफ १/३/५ સૂત્રથી ≍ क् પણ થઇ શકે
0 આ સૂત્ર रः कख–पफयोः १/३/५૩નું બાધક સૂત્ર છે.
0 ? रः पदान्ते विसर्गः १/३/५३ થી અહીં વિસર્ગ સિદ્ધ છે છતાં આ સૂત્ર કેમ બનાવ્યું ?
–૦– * ન્યાય – सिद्धे सति... મુજબ કોઇપણ કાર્ય સિદ્ધ હોય છતાં તેનો આરંભ થાય તો તે કોઇક નિયમ માટે સમજવું –તે ન્યાયે અહીં ख्यागि સૂત્ર એમ સૂચવે છે કે વિસર્ગ સિવાયના કાર્યો બાધક બને છે. તેથી વિસર્ગ एव स्यात् – કથન મુજબ ख्यागि આવતા માત્ર વિસર્ગ જ કરવો.

★ શેષવૃત્તિ :— ।૧। शिड्घघोषात् १/३/५५ પદાન્ત र પછી અઘોષ અક્ષર હોય તેની પછી શિટ્

o o o o o o • o o o o o o o o o

*ख्यात् इति चक्षिकः બૃહન્યાસ પ્રથમોઽધ્યાય સૂત્ર १/३/५४ ख्यागि

*अदाद्यनदाद्योरनदादेरेव ન્યાય ૩ પૃ પર

*ન્યાય :— सिद्धे सति आरम्भो नियमार्थमू

અહીં અવ્યય હોય તો ર્ ના વિસર્ગ ન થાય
क प्मांति - કોણ બને છે. કર્+પ્માંતિ અહીં ર્ પછી પ છે તે અઘોષ છે પ્ પછી મ શિટ્ છે માટે ર્ નો વિસર્ગ થતો
એ રીતે ज्ञातर्+ज्ञानम्=ज्ञात ज्ञानम्-જેવી ક્રિયા —ર્ પછી क+ष(क्ष) છે માટે વિસર્ગ [૨૧]
[illegible] [illegible] ૧/૩/૫૬ પદાન્તે ર્ પછી શિટ્ અઘોષ હોય, પછી અઘોષ આવેલ હોય તો ર્ વિકલ્પે લોપ થાય છે. કર્+ત્સોતિ-કોણ ચૂએ છે
(૧) क ત્સોતિ (ર્ નો લોપ થયો ત્યારે વિકલ્પે
(૨) कः त्सोतिः (ર્ નો [illegible] ૧/૩/૫૩ થી વિસર્ગ થયો ત્યારે) વિકલ્પે
(૩) कष्त्सोतिः (શષસે વા ૧/૩/૬ થી વિકલ્પે ષ્ થયો [૨૨]

[૮૭]
(૭) अतोऽति रोरुः ૧/૩/૨૦

★ સૂત્રપૃથ -- अतः (૫-એ) अति (૭-એ) रोः (૬-એ.) उ (૧-એ) ચાર પદ
★ વૃત્તિ :— [illegible] [illegible] ।
[illegible] ।
[illegible] ।

卐 સૂત્રાર્થ : अ કારથી પર र (ર્) નો તેના પછી अ કાર આવતા उ થાય છે. [अवर्णस्ये ૧/૨/૬ સૂત્રથી अ+उ મળીને ओ થશે. —एदोतः पदान्ते ૧/૨/૨૭ થી ओ પછી આવેલા अ નો લોપ થશે].
कस्+अर्थः શુ અર્થ ?
कर्+अर्थ (સોરુઃ ૨/૧/૭૨ થી ર્)
क+उ+अर्थः (આ સૂત્રથી र નો उ થયો- કેમકે र પૂર્વે अ છે —પછી પણ अ છે)
को+अर्थः (अ+उ નો ओ ૧/૨/૬)
कोऽर्थः (अ નો લોપ ૧/૨/૨૭)
0 रोः એમ કેમ કહ્યું ?
—र કાર સંબંધિ ર્ લેવાનો છે માટે- સ્વાભાવિક ર્ હોય તો ર્ નો उ ન થાય જેમકે प्रातरत्र-प्रातर्+अत्र-માં उ ન થાય.

卐 વિશેષ :— 0 *સૂત્રના સ્પષ્ટ આદેશ દ્વારા वा ની જે અનુવૃત્તિ ૧/૩/૧૭ સૂત્રથી ચાલે તે નિવૃત્ત થતા અહીં નિત્ય उ થશે
0 સૂત્રના ક્રમ કિરવર્તન થી रः અન્તે વૃત્તિ ૧/૩/૧૯ સૂત્રની શિ ની અનુવૃત્તિ પણ નિવૃત્ત થઇ
0 अवर्णभोभगोऽघोर्लुगसंधिः ૧/૩/૨૨ (૯) સૂત્રમાં ર્ ના લુકની પ્રાપ્તિ છે તે પર સૂત્ર છે જ્યાં આ સૂત્ર અપવાદ સૂત્ર હોવાથી ર નો લોપ ન કરતાં उ થશે *૨ અન્યથા આ સૂત્ર નિર્વિષય બની જશે.
0 अति કેમ કહ્યું.
क इह —કોણ અહીં (इ છે માટે ર નો લોપ જુઓ સૂત્ર-૯
0 ? अतः કેમ કહ્યું ?
अग्निरत्र अग्निर्+अत्र-પૂર્વે इ છે માટે उ ન થયો.

[૮૮]
(૮) घोषवति ૧/૩/૨૧

★ સૂત્રપૃથ — रोः (૬-એ) घः (૧-એ, દ્વિ પદ
★ વૃત્તિ — अवर्णाद् भोस्, भगोस्, अघोस् इत्येतेभ्यश्च [illegible] रोः [illegible] [illegible] च [illegible] परे [illegible], लुग्वा [illegible] । कआस्ते, क आस्ते । कयिह, क इह । भोयत्र, भो अत्र । भगोयत्र, भगो अत्र । अघोयत्र, अघो अत्र । अवर्णा [illegible] किम्? [illegible] । भोस् [illegible] आमन्त्ये सकारान्ता अव्ययाः ।

卐 સૂત્રાર્થ :— अ વર્ણ અને भो भगो अघो શબ્દથી પર *(પદને અન્તે રહેલાં) र નો સ્વર પર છતાં य થાય છે. *તે य નો સ્વર પરમાં હોતે છતે વિકલ્પે (લુક્) લોપ થાય છે. લોપ થયા પછી પાસે પાસે આવેલા સ્વરોની સંધિ થતી નથી. જેમકે -
0 कर्+आस्ते -(र् નો य्) कयास्ते અને य् નો વિકલ્પે લોપ થતાં क आस्ते -કોણ બેસે છે?
0 कर्+इह -કોણ અહીં ?
कय् इह પછી क इह
भोस्-भगोस्-अघोस् આમંત્રણ અર્થવાળા સ્ કારાન્ત અવ્યયો છે.

*હેમ લઘુવૃત્તિ [illegible] -પ્રથમ વિભાગ

*જુઓ ન્યાય [illegible] -ન્યાય ૫૨, પૃ. ૮૬
*હૈમ લઘુ [illegible] વૃત્તિમાં [illegible] છે [illegible] છે તે અહીં પણ સમજી લેવા.

ભોસ્-અરે તુ ભો+अत्र (સોરુ: ૨/૧/૭૨)
ભોયત્ર વિકલ્પે ભોઅત્ર
ભગોસ્-અરે તુ ભગોસ+अत्र
ભગોયત્ર વિકલ્પે ભગો अत्र
અઘોસ્ -અરે! તું અઘોર્+अत्र
અઘોયત્ર વિકલ્પે અઘોઅત્ર
0 ? अवर्णात् કેમ કહ્યું ?
निधिरत्र -निधिर्+अत्र અહીં इ કારથી પર र् છે માટે र् નો य ન થયો.

★ અનુવૃત્તિ :—एदोतः पदान्तेऽस्यलुक् ૧/૨/૨૬ થી पदान्ते ૧/૩/૨૨ अवर्णभोभगोऽघोर्लुगसन्धिः થી अवर्णभोभगोऽघोस् -स्वरे वा ૧/૩/૨૪

卐 વિશેષ :— સિદ્ધહેમ શબ્દાનુશાસનની મૂળવૃત્તિ અનુસાર રોર્યः ૧/૩.૨૬ થી નો र् નો य् થાય તેટલુ જ વિધાન છે પણ અહીં પ્રક્રિયામાં બે સૂત્રો ભેગા કરેલ છે.
(૧) રોર્યः ૧/૩/૨૬ (૨) स्वरेवा ૧/૩/૨૪
स्वरेवा -પદને અન્તે આવેલા व् તથા य् ની પૂર્વે अ વર્ણ હોય અથવા ભો-ભગો-અઘો હોય અને તેની પરમાં સ્વર આવેલો હોય તો તે व् અને य् નો વિકલ્પે લોપ થાય છે. પછી સન્ધિ થતી નથી.
બન્નેનું અલગ ઉદાહરણ આ રીતે દર્શાવી શકાય (રોર્યः) देवाद्+आसते=देवायूआसते - દેવો બેસે છે. અહીં र् નો य् થયો છે. (रु ના र् નો य् એ નિત્ય વિધાન છે)
0 (स्वरेवा) य् देवाय्+आसते
देवा आसते વિકલ્પે देवायासते ("य् નો લોપ વિકલ્પે થતા બે રૂપો થશે)
व्-पटो+इह=पटव्+इह (ओदौतो वाऽव् ૧/૨/૨૪થીअव्) पट इह વિકલ્પે पटविह -હે ચતુરા અહીં
0 *નોંધ :- अतोऽति रोरुः ૧/૩/૨૦ આ સૂત્રનું બાધક છે તેથી र् પૂર્વે अ હોય પછી પણ સ્વર अ આવેતો र् નો य् ન થતાં उ થઈ જશે-(निर्विषयत्वात्)
0 ? स्वरे કેમ કહ્યું ?
कः करोति કોણ કરે છે. અહીં कर् र् પૂર્વે अ છે. પણ પરમાં વ્યંજન છે માટે रः पदान्ते ૧/૩/૫૩ થી र् નો વિસર્ગ થયો
0 ? गः કેમ કહ્યું ?

*બૃહન્ન્યાસ પ્રથમોઽધ્યાય સૂત્ર ૧/૩/૨૪

रु સમ્બન્ધિ જ र् નું ગ્રહણ કરવાનું છે માટે -पुनरिह-पुनर्+इह-સ્વાભાવિક र् છે.

[૮૯]

(૯) अवर्णभोभगोऽघोर्लुगसन्धिः ૧/૩/૨૨

★ સૂત્રપૃથ :— अवर्ण-भो-भगो-अघोः (૫-એ.) लुग् (૧-એ) असन्धिः ૧-એ.) ત્રિ ૫૬

★ વૃત્તિ :– अवर्णाद्भो इत्यादिभ्यश्च रोर्घोषवति परे लुक् स्यात्, स च न सन्धि हेतुः । देवायान्ति । भो यासि । भगोहस । अघो वद ।

卐 વૃત્યર્થ :— अ વર્ણથી પર અને ભો ભગો-અઘો થી પર (પદને અન્તે રહેલા) (रु) र् નો ઘોષ અક્ષર પરમાં આવતા લોપ થાય છે. -લોપ થયા પછી પાસે પાસે રહેલા વર્ણની સન્ધિ થતી નથી. જેમકે :-
देवा+स्+यान्ति=देवा+रु+यान्ति देवायान्ति- દેવો જાય છે. (रु પૂર્વે आ છે પછી य-ઘોષ વર્ણ છે માટે र નો લોપ થયો).-એજ રીતે
भो यासि-તું જાય છે. भोस्+यासि
भगो हस्-તું ! હસ भगोर्+हस
अघो वद्-તું ! બોલ अघोर्+वद्
(ત્રણે દૃષ્ટાન્તમાં स् નો સોરુ: થી र् થાય છે.)

★ અનુવૃત્તિ :— एदोतः पदान्तेऽस्यलुक् ૧/૨/૨૭ થી पदान्ते (સિદ્ધહેમની વૃત્તિમાં पदान्ते કહ્યું છે).
0 अतोऽति रोरु. ૧/૩ ૨૦ થી रोः घोषवति ૧/૩/૨૧

卐 વિશેષ :— स च न सन्धि हेतुः એમ વૃત્તિમાં લખ્યું તેનો અર્થ એકે લોપ થયા બાદ જો સન્ધિ પ્રાપ્ત થવાની શકયતા હોય તો સન્ધિ થતી નથી.
0 अ વર્ણનો અર્થ-હ્રસ્વ-દીર્ઘ-પ્લુત વગેરે બધાં ભેદે સમજવો છતાં घोषवति
(૧૦) ૧/૩/૨૧ સૂત્ર અપવાદ રૂપ છે. अ થી પર र् નો उ થશે -લોપ નહીં
0 रोः ની અનુવૃત્તિ ચાલુ છે તેથી रु નો र् સમજવો સ્વાભાવિક र् નહીં.
0 ? *असन्धि અનુવૃત્તિ ઉત્તર સૂત્રોમાં જાય છે તો અહીં ઉલ્લેખ શામાટે ?

*હૈમશબ્દાનુશાસન સુધા પ્રથમ વિભાગ સૂત્ર- अवर्णभोभगो ૧/૩/૨૨

0 लुक् सन्नियोग शिष्टत्वज्ञापन →

જે સ્થાનમાં આ અધિકાર વડે જ્યાં લુક્ થયેલો હોય ત્યાં જ "અસંધિ" થાય છે. તથા જ્યાં ૧/૩/૨૮ સૂત્રમાં તેને ગ્રહણ કરવામાં આવે તો સન્નિયોગ શિષ્ટત્વ નહીં રહેવાથી સ્વર નિમિત્ત હતા અસન્ધિ વિકલ્પે થઇ જાય છે કેમકે ત્યાં લુક્ વિકલ્પે છે. -તેથી લુક્ થાય તો અસન્ધિ થાય -લુક્ ન થાય ત્યારે સન્ધિ ન થાય.

[૯૦]

(૧૦) घोषवति १/३/२१

★ સૂત્રપૃથ — घोषवति (૭-એ) અ: ૫૬

★ વૃત્તિ — अत परस्य रो घोषवति उ स्यात् । धर्मो जयति ।

सामान्य शास्त्रतो नूनं, विशेषो बलवान् भवेत् ।
परेण पूर्वबाधो वा, प्रायशो दृश्यतामिह ॥१॥

गिरित्यत्र । प्रातर्याति ।

卐 વૃત્યર્થ :- अ થી પર રહેલા (પદાન્ત) रु નો ઘોષ અક્ષર પર આવતાં उ થાય છે. જેમકે :- धर्मो जयति -ધર્મ જય પામે છે.

धर्म+रु+जयति - धर्म+उ+जयति

(रु ની પૂર્વે म માં अ છે -પછી ज ઘોષ વ્યંજન છે).

धर्मोजयति (अवर्णस्ये १/२/६ થી अ+ओ

"¹સામાન્ય શાસ્ત્ર કરતા ²વિશેષ બળવાન થાય છે અને પર સૂત્રથી પૂર્વનો બાધ થાય છે તેવું પ્રાયઃ જોવા મળે છે." [જેમકે અહીં अवर्णभोभगो १/३/२२ સૂત્ર ૯(૯૦) સામાન્ય સૂત્ર છે જ્યારે घोषवति સૂત્ર માત્ર अ કારનો ઉલ્લેખ કરતું વિશેષ સૂત્ર છે. તો अवर्णभोभगो થી થતા લોપનો બાધકરી घोषवति થી र् નો उ થશે].

0 ? रो: એમ કેમ કહ્યુ ?

रु નો र् જ લેવાનો છે માટે જેમકે :- प्रातर्याति-प्रातर्+याति - પ્રાતઃ કાળે જનાર -(સ્વાભાવિક र् નો उ ન થાય.)

★ અનુવૃત્તિ :— अतोऽति रोरुः १/३/२० થી अतः ...रोरुः -

एदोतः पदान्तेऽस्य लुक् १/२/२७ पदान्ते

卐 વિશેષ — ¹સામાન્ય શાસ્ત્ર જેની બહુ વ્યાપક ભાગમાં પ્રાપ્તિ હોય તે

²વિશેષ :- જે અલ્પ વ્યાપક હોય તે

0 *"निरवकाश सावकाशात् बलीयः" એ ન્યાય

निरवकाश નિર વિષયક ક્ષેત્ર વિનાનું सावकाश - બહુ-વિષયક કાર્ય કરતા નિર વિષયક કાર્ય વધુ બળવાન છે. એટલે કે બહુ વિષયક કાર્યનો બાધ કરી પ્રવર્તે છે તેમ સમજવું. તેથી અહીં अ થી પર रु નો આ સૂત્રથી उ થાય થાય પણ સૂત્ર: ૯ થી લોપ ન થાય.

0 ? घोषवति કેમ કહ્યું ?

कः करोति - क + रु + करोति

र् પછી -અઘોષ વ્યંજન છે માટે उ ન થાય.

0 ? अतः કેમ કહ્યું ?

मुनिर्गच्छति - मुनि + रु + गच्छति

रु પછી ઘોષ છે પણ પૂર્વે इ કાર છે માટે उ ન થાય

[૯૧]

(૧૧) रोरे लुग् दीर्घश्चादिदुतः १/३/४१

★ સૂત્રપૃથ :- रः (૬-એ) रे (૭-એ.) लुक् (૧-એ) दीर्घः (૧-એ.) च (૧-એ) अत्-इत्-उतः (૬-એ.) ૭ ૫૬

★ વૃત્તિ :— रस्य रेफे परे लुक् स्यात् तत्सन्नियोगे च पूर्वस्थानां अ इ उ इत्येषां दीर्घः । मुनी राजते । साधू राजते । पुना रमते । अकारात्परस्य रोस्तु घोषवतीत्युकारः । जिनो राजते

卐 વૃત્યર્થ :— र નો પરમાં र આવતાં લોપ થાય છે. લોપ થાય ત્યારે તેની સાથે પૂર્વમાં રહેલા હ્રસ્વ अ-इ-उ દીર્ઘ થાય છે.

(इ) मुनि+सि+राजते (सि नो सोरुः થી रु) मुनि+र्+राजते=मुनी राजते -મુનિ શોભે છે. (અહીં र् પૂર્વે હ્રસ્વ इ છે તે દીર્ઘ થયો -र् પછી राजते નો र છે માટે પૂર્વ र् લોપ થયો)

(उ) साधु + र् + राजते :-

साधू राजते -સાધુ શોભે છે.

अ) पुनर्+रात्रि :-

*ન્યાય ૪૩, પૃ. ૪૧.

पुना रात्रि –ફરી રાત (र् લોપ પૂર્વ અદીર્ઘ)

0 *अनु વ્યાકરણ સંબંધિ અન્ય કાર્ય કર્યા બાદ આ સૂત્ર લાગશે] –જેમકે अ કાર થી પર રહેલા रु નો घोषवति પરમાં આવતા उ થાય जिनर् + राजते = जिन + उ + राजते (र् નો उ થયા બાદ र् છે જ નહીં માટે લોપની પ્રાપ્તિ રહેશે નહીં). =जिनो राजते

★ અનુવૃત્તિ :–ढ्रादर्घ स्वरस्यानु नवा १/३/३१થી अनु

卐 વિશેષ :— निरनुबन्ध ग्रहणे सामान्यम् ન્યાય મુજબ र થી रु અને र् બન્નેનું ગ્રહણ કરવું.

0 र् નો લોપ થતા પૂર્વના અવ્યવહિત अ–इ–उ દીર્ઘ થાય છે એટલે કે अ નો आ–इ નો ई અને उ નો ऊ થાય છે.

0 આ સૂત્રમાં ભિન્ન સ્થાની ભિન્ન નિમિત્તોનું કથન હોવાથી પદાન્ત અપદાન્ત બન્નેમાં આ સૂત્ર લાગશે ઉપરના ૧/૩/૩૯ સૂત્રથી આવતી अपदान्त ની અનુવૃત્તિ અટકશે.

[૯૨]

(૧૨) रो लुप्यरि २/१/७५

★ સૂત્રપૃથ :— रः (૬–એ.) लुपि (૭–એ.) अरि (૭–એ.) ત્રિ પદ

★ વૃત્તિ :— रेफ वर्जिते वर्णे परे पदान्त स्थस्याह्नो नस्य स्यादि लुपि सत्यां रः स्यात् – अहर्धीते अहर्गणः लुकितु

卐 વૃત્ત્યર્થ :— સ્યાદિ પ્રત્યયનો લોપ થયે છતે પદાન્તમાં રહેલા अहन् શબ્દ સંબંધિ न નો र् (रेफ સિવાયના વર્ણો પર છતાં र થાય છે. જેમકે :–

अहरधीते તે દીવસે ભણે છે.

अहन्+अम्+अधीते (कालाध्वनौ २ १/४१ થી अम्

अहन्+अधीते (अनतोलुप् १/४/५९ થી अम् લોપ

अहर्+अधीते (આ સૂત્રથી न् નો र् થયો.)

એજ રીતે अहर्गणः अहन्+गणः દિવસો ગણનાર

★ અનુવૃત્તિ :— पदान्ते २/१/६४ अह्नः २/१/७४

* સિદ્ધહેમ વ્યાકરણની વૃત્તિમાં अनु શબ્દ લીધો છે –માટે અહીં પણ ગ્રહણ કરવો.

卐 વિશેષ :— रः એવો જુદો ઉલ્લેખ સૂત્રમાં કર્યો છે તેથી આ र् ને रु નો र् સમજવો નહીં. પરિણામે અહીં अतोऽति रोरुः १/३/२० તથા घोषवति १/३/२१ લાગુ પડશે નહીં.

0 ? लुपि કેમ કહ્યું ?

हे दीर्घाह्नो । अत्र હે લાંબા દિવસો વાળા અહીં. दीर्घ + अहन् + अत्र–अहन्+सि (પ્રત્યય) सि નો લોપ दीर्घङ्याव व्यञ्जनान्त सेः થી लुक् (लुप् નહીં) लुक् થવાથી સ્થાનીવત્ ભાવ થાય તેથી આ સૂત્ર ન લાગે अह्नः २ १/७४ લાગીને न् નો रु થશે

अह+रु–अतोऽति १/३/२० થી उ

अह+उ+अत्र= दीर्घाह्नो अत्र થયું

0 ? अरि કેમ કહ્યું ?

र् સિવાયના સ્વર કે વ્યંજન પરમાં આવતા આ સૂત્ર લાગે अहो रूपम् – अहन्+रुपम् અન્ત્ય વ્યંજન પછી र् છે માટે આ સૂત્ર ન લાગે પણ अह्नः २/१/७४ થી रु નો उ થાય માટે अहोरूपम् થયું.

વિભક્તિ લોપ ન થાય ત્યારે જુઓ સૂત્ર ૧૩

[૯૩]

(૧૩) अह्नः २/१/७४

★ સૂત્રપૃથ :— अहन् (૬–એ) નું એક પદ

★ વૃત્તિ :— अहन् सम्बन्धिनो नस्य पदान्ते रुः स्यात् । हे दीर्घाहो निदाघ ।

■ :— अरीति किम् । अहोरूपम् ।

卐 વૃત્ત્યર્થ :— अहन् શબ્દ સંબંધિ અને પદને અન્તે રહેલા न् નો रु (र्) થાય છે. हे दीर्घाहो निदाघा હે લાંબા દિવસોવાળા ઉનાળા —*दीर्घाण्यहानि यस्मिन सः तत् સંબોધને સંબોધન दीर्घ+अहन्+सि

(दीर्घङ्याव व्यञ्जनान्त सेः १/४/४५ થી सि लुक्)

दीर्घ+अहन् –(આ સૂત્રથી न् નો र् થશે.)

दीर्घ+अहर् –(रु નો ઘોષવતિ થી उ થશે.)

दीर्घ+अहर=दीर्घाहो–निदाघ

(निदाघ+सिમાં अदेतः स्यमोर्लुक् થી सि લોપ)

* दीर्घाति... શ્રી સિદ્ધહેમ લઘુવૃત્તિ અવચૂરિ ૧ ગુચ્છ મંજરી પૃ. ૧૪૧

★ અનુવૃત્તિ :— પદાન્તે ૨/૧/૬૪
મોદ. ૧/૧/૭૨ થી ૨

卐 વિશેષ : આ સૂત્ર રાત્સ્યરિ ના અપવાદ સમાન પણ વ્યાપક સૂત્ર છે રાત્સ્યરિ-માં પરમાં આવતા ર નો નિષેધ છે ત્યારે અહીં કોઈ-પણ સ્વર કે વ્યંજનને પરમાં સ્વીકારેલ છે બીજુ અહીં ન નો ર થાય છે જ્યારે સૂત્ર ૧૨-(૯૩)માં ન્ નો ર્ થયો છે
ઉદાહરણ — દીર્ઘાહા નિદાઘ લાંબા દિવસવાળો ઉનાળો અહીં સંબોધન વિભક્તિને લીધે દીર્ઘાહો નિદાઘ થયું હતું અહીં પ્રથમા એ.વ. નો સિ છે તેથી સિનો રુ: થયા બાદ નિર્દીર્ઘ ૧/૪/૮૫ (શિષ્ટયુટ્માં જ લાગે છે સંબોધનમાં નહીં) સૂત્રથી ન્ ની પૂર્વેના સ્વર દીર્ઘ થતા-*દીર્ઘાહાર અનુ-દીર્ઘાહાર નિદાઘ મા ... ૧/૩/૨૮ થી ર્ ના લોપ થતા દીર્ઘાહા નિદાઘ થયુ
0 અહસ્સુ-અહન્+સુ-નામ સિદ્ધયવ્‌ વ્યંજને ૧/૧/૨૧ થી પદ સંજ્ઞા થવાથી આ સૂત્ર લાગી અહર્+સુ ઝટ્યે ... ૧/૩/૬થી અહસ્સુ વિકલ્પે અહઃસુ ર પદાન્તે ૧/૩/૫૩થી વિસર્ગ.

[૬૪]

(૧૪) વાઽહર્પત્યાદય: ૧/૩/૫૮

★ સૂત્રપૃથ . વા (૧-એ) અહર્પતિ-આદય (૧-બ) બે પદ

★ વૃત્તિ — એષુ વિસર્ગસ્યાભાવો વા સ્યાત્ । અહર્પતિ । અહ)(પતિ । અહઃપતિ ગી)(પતિ: । ગીર્પતિ । ગીઃપતિ ।

卐 વૃત્યર્થ :— અહર્પતિ વગેરે શબ્દોમાં વિસર્ગ વગેરેનો અભાવ વિકલ્પે (નિપાતન) થાય છે. જેમાં અહન્+પતિ: અહન્‌ના ન્ નો ર્-અહન: ૨/૧/૭૪ થી અહર્પતિ: વિકલ્પે અહ)(પતિ: વિકલ્પે અહ:પતિ: સૂર્ય (અહર્પતિ: હાંદહે ૧/૩/૩૧ પ દ્વિત્વ) ગિર્+પતિ: ગીર્પતિ પક્ષે ગી:પતિ: પક્ષે ગી)(પતિ: ઇરુવનો દીર્ઘ ગી-૨/૧/૬૮થી પદાન્તેથી થયો પંડિત.

卐 વિશેષ :— 0 નિપાતન:- નિપાતન એટલે એક પ્રકારનો આદેશ-જેમકે અહર્પતિ અહીં ર્ ના વિસર્ગનો અભાવ વિકલ્પે કરવો તેમ કહ્યું એટલે મૂળરૂપ અહર્પતિ થયું
0 આ સૂત્રમાં નિપાતનના સામર્થ્યથી રઃપદાન્તે વિસર્ગસ્તયો: ૧/૩/૫૩થી વિસર્ગ પ્રાપ્તિનો નિષેધ થાય છે-તેથી વિકલ્પ પક્ષે વિસર્ગ-અહઃપતિ: કે ર: ક×પ×પૌ: ૧/૩/૫૩ થી અહ)(પતિ: થયું.
એજ રીતે ઘાવપતિ રુત્વનો અભાવ થતા હે પ્રચેતા રાજન્-હે વરુણના રાજા થયું.
(પ્રચેતસ્-સૌ ... દીર્ઘ આદિ ૧/૩/૪૧થી પ્રચેતા થયું.) વિકલ્પે રુત્વ થતાં પ્રચેતા રાજન્-પ્રચેતસ્-પ્રચેતર્ પ્રચેત+ઉ-પ્રચેતો)
વ્યાખ્યા .—*અહર્પતિ વગેરે શબ્દો-(૧) કર્યો નથી વિસર્ગ જેમાં (૨ કર્યો છે રુત્વનો અભાવ જેમાં તેવા વિકલ્પે નિપાતન કરાય છે (યથાયોગમ્ સંભવ પ્રમાણે)
0 સૂત્રમાં બહુવચન આકૃતિ ગણને માટે મૂકેલ છે.
0 નિપાત – અપ્રાપ્તસ્ય વિધિશ્ચૈવ પ્રાપ્તસ્યાપિ નિષેધનં અધિકાર્થ વિવક્ષા ચ ત્રયમેતદ્ નિપાતનાત્ ॥
(૧) અપ્રાપ્તની વિધિ (૨) પ્રાપ્તનો નિષેધ અને (૩) અધિક અર્થનો ઉમેરો- આ ત્રણે બાબત સાથે કહેવામાં સૂત્રકાર નિપાતનનો આશ્રય લે છે.

[૬૫]

(૧૫) એતદશ્ચ વ્યઞ્જને અનગ્ નઞ્ સમાસે ૧/૩/૪૬

★ સૂત્રપૃથ :— એતદ: (૫-એ) ચ (૧-એ) વ્યઞ્જને(૭-એ)અનગ્ નઞ્ સમાસે (૭-એ)ચાર પદ

★ વૃત્તિ — એતચ્છબ્દાત્તચ્છબ્દાચ્ચ પરસ્ય સેર્વ્યઞ્જને પરે લુક્ સ્યાત્ । એષદત્તે । સ ચાતિ । અક્ નઞ્ સમાસે ચ ન । એષક: કૃષ્ણ: । સકો યાતિ । અનેષો યાતિ અસો યાતિ ।

卐 વૃત્યર્થ :— એતદ્ અને તદ્ શબ્દથી પર રહેલાં પ્રત્યય સિનો વ્યંજન પરમાં આવતા લોપ થાય છે. જેમકે :—
0 એષદત્તે-એ આપે છે- એતદ્+સિ
0 આ સૂત્રથી સિ નો લોપ થશે.
0 આદ્વેર: ૨/૧/૪૧થી દ્ નો અ એત+અ

*દીર્ઘાહાર-અહીં અસદ્ અધિકાર વિહિત હોવાથી ... અસત્ ગણી ન અન્તવાળો દીર્ઘાહ શબ્દ બનતા નિર્દીર્ઘ: લાગ્યું. (હૈમપ્રકાશ પૂર્વાર્ધ પૃ. ૮૫)

*અહર્પતિ-વ્યાખ્યા-બૃહદ્ હૈમ પ્રક્રિયા-સૂત્ર-૧૭૧

0 लुगस्या देत्यपदे २/१/११३થી પૂર્વનો अ લોપ एत्+अ=एस्
0 त.सौ:स २/१/४२થી त् નો स्
0 नाम्यन्तस्था २/३/१५થી सूनो ण्]
एष दत्तो (दा ધાતુનુ दत्त રૂપ છે.)
0 सलाति-તે લે છે.
तद्+सि+लाति
[0 આ સૂત્રથી सि લોપ-ઉપર મુજબ तद् નો स થશે तद्-त+अ त्+अ=स]
0 अक् પ્રત્યયનો વિષય હોય કે नञ् સમાસ હોય તો सि પ્રત્યયનો લોપ થતો નથી.
0 अक्-एषकःकृती-એ વિદ્વાન્ एतद्+अक्-(त्यादि सर्वादेः ७/३/२९થી अक्) एतकद्+सि ઉપર મુજબ एतद्+सि-एषकः सोरुः २/१/७२ થી रु, रःपदान्ते १/३/५३થી વિસર્ગ.
0 सकोयाति તે જાય છે.
तद्+अक्+सि=सक्+सि=सकोयाति
(अक् પ્રત્યય છે માટે सि લોપ ન થાય.
0 नञसमास :- नञ् સમાસમાં सु નો લોપ ન થાય :- જેમકે :- अनेष+सि-न एषः इति अनेषः अनेष+रु=अनेष+उ =अनेषोयाति
असोयाति- તે નહીં એવો થાય છે.
अस+सि- न स. इति असः

★ અનુવૃત્તિ — रोरेलुगदीर्घश्चादिदुतः १/३/४१થી लुक् 0 तदः सेः स्वरे पादार्था १/३/४५ थी तदः सेः

卐 વિશેષ — 0 अक् શબ્દ સહિત सिના લોપનો નિષેધ કર્યો કેમકે જો નિષેધ ન કરે તો ન્યાય *तनमध्ये पतितस्तद् ग्रहणेन गृह्यते-ન્યાયથી તેની મધ્યે પડેલાનું પણ તેના ગ્રહણ વડે ગ્રહણ થઇ જાય છે. એટલે अक् સહિતના एद्रत-तद्માં सिનો લોપ થઇ જાય.
?0 एतदश्च કેમ કહ્યુ ?
को दाता-કોણ દેનાર ?
किम्+सि-(किमः कस्तसादौ च २/१/४०થી किम्नो क) क+सि=क+रु (सोरुः २/१.७२) क+उ (घोषवति) को (अवर्णस्ये १/२/२) =को दाता-અહીં एतद्-तद् નથી માટે सि લોપ ન થયો.
?0 अक् પ્રત્યય ને आद्वेरः વગેરે સૂત્ર કેમ લાગે? *ન્યાયઃ प्रकृति ग्रहणे स्वार्थिक प्रत्ययान्तानामपि ન્યાયથી પ્રકૃતિના ગ્રહણમાં તેને લાગેલા સ્વાર્થિક પ્રત્યય પણ ગ્રહણ થઇ શકે તેથી अक् પ્રત્યય યુક્ત एतद् અને तद् ને आद्वेरः વગેરે લાગી एषक सक થઇ શકયું.

[૯૬]
(१६) तदः सेः स्वरे पदार्था १/३/४५

★ સૂત્રપૃથ : तदः (૫-એ) सेः(૬-એ) स्वरे (૭-એ) पाद्-अर्था (૧-એ) ચારપદ
★ વૃત્તિ :— तच्चब्दात्परस्य सेः स्वरे परे लुग्स्याद्यदि सेर्लुकि सत्यामेव श्लोकादि पादः पूर्येत. सैष दाशरथी राम सौष्धीरनुरुध्यति ॥ अन्यत्र यथा प्राप्तम् स एष भरतोराजा स एष नलभूपतिः ।।२।।

卐 વૃત્યર્થ :— तद् શબ્દ પછી सु (सि હોય તેના પછી સ્વર હોય તો (सि નો) લોપ થાય છે. પણ આ सि નો લોપ શ્લોક વગેરેના પાદ પૂર્તિને માટે હોવો જોઇએ. [લોપ થયા પછી પાસે પાસેના સ્વરોની સન્ધિ પણ થાય છે.] જેમકે-
सैष दाशरथी रामः (૮વર્ણ) તે આ દશરથનો પુત્ર રામ स+सि+एष એ પ્રમાણે પ્રયોગ છે એમાં આ સૂત્રથી सिનો લોપ થશ (स એ तद्નું પ્રથમા એ વ. છે) તેથી स+एष=सैष (एदौत् १/२/१२ अ+ए=ऐ થયો)
અહીં ૮ વર્ણનું એકપાદ બનાવવા માટે सैष કર્યું.
अन्यत्र :- બીજે જેમ પ્રાપ્તિ હોય તેમ કરવું. [એટલે કે सि લોપ વિના પણ જો પાદ પૂર્તિ થતી હોય તો सि લોપ ન થાય પણ પૂર્વ સૂત્રોજ પ્રવર્તશે]
स एष भरतो राजा-૮ વર્ણ स एष नल भूपति ૮ વર્ણ
અહીં सैष भरतो राजा કરે તો ૭ વર્ણ થઇ જતાં છંદ ભંગ થશે માટે सि. નો લોપ

*तनमध्ये :- ન્યાય સંગ્રહ, ન્યાય. ૯, પૃ. ૫૬.

*ન્યાય प्रकृति ग्रहणे ન્યાય સંગ્રહ ન્યાય ૬, પૃ.૫૦

કરી, સન્ધિ ન કરવી. પણ પૂર્વ સૂત્રો મુજબ: મન્+ત્રિ ના સોઢ ૨/૧/૨૭ થી મન્+દ્ર – ગાવે: ૧/૩/૬૬ થી રૂ નો ય; થઇ લોપ થતાં અસન્ધિ થશે. તેથી મ પદ સન્ધિ ગાગા થયું

★ અનુવૃત્તિ :– गम्भीरोऽत्वाविति १/३/५१ थी ...

卐 વિશેષ :— ધુઃ થવાથી સન્ધિ થતી ન હતી તેથી વિધિ દર્શાવવા માટે જ આ સૂત્ર બનાવેલ છે જે સન્ધિ પ્રાપ્ત કરાવે છે

[૯૭]

(૧૭) न सन्धिः ૧/૩/૫૨

★ સૂત્રપૃથક્ — ન (૧-એ) સન્ધિ (૧-એ)

★ વૃત્તિ :— उक्तं वक्ष्यमाणं च सन्धिकार्यं विरामे न स्यात्। दधि अत्र। जिन. जयति। ' न द्विरेकस्य ...

... समासे ... , ...

...

卐 વૃત્યર્થ — કહેવાયેલી અથવા જ (સ્વર–વ્યંજન–રેફ) સન્ધિ વિરામમાં (પછી કશું ન આવે ત્યારે) થતી નથી. જેમકે દધિ અત્ર – જિન જયતિ બન્ને ઉદાહરણમાં દધિ–પછી અટકીને અત્ર એમ કહીએ કે જિન પછી વિરામ લઇ જયતિ કરીએ તો સન્ધિ થાય નહીં.

–આખા સન્ધિ પ્રકરણને ઉદ્દેશીને શ્લોક સંધિ એકપદમાં નિત્ય થાય, ઉપસર્ગ અને ધાતુની સન્ધિ (પણ) નિત્ય થાય, સમાસમાં (પણ) સન્ધિ નિત્ય થાય, માત્ર વાક્યમાં સન્ધિ કરવાનું –સન્ધિ કરનારની ઇચ્છા પર આધાર રાખે છે.

★ અનુવૃત્તિ :— विरामे वा ૧/૩/૫૧ થી विरामे

卐 વિશેષ :— 0 વિરામ આવતાં કોઇપણ સ્વર વ્યંજનના ઉચ્ચારણમાં ક્યાં ફેર પડતો નથી.
–કહેવાયેલ કોઇપણ સન્ધિ થતી નથી.
0 એકપદ :– નૌ+ઔ=નૌ
0 ઉપસર્ગ+ધાતુ=ઉદ્+નતિ=ઉન્નતિ
0 સમાસ :– ... ...:
0 વાક્ય :– વાક્ય બોલનારની ઇચ્છા સન્ધિ કરવાની હોય તો સન્ધિ કરે, ઇચ્છા ન હોય તો સન્ધિ ન કરે.
0 સન્ધિના નિયમો કરતા પ્રત્યેક સૂત્રનું આ આવશ્યક છે.

[૯૮]

પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી ગણિવરે રચેલ હૈમ લઘુપ્રક્રિયાના રેફસન્ધિ પ્રકરણનો ગુજરાતી અનુવાદ તથા સસંદર્ભ વિવરણ સમાપ્ત.

"*વર્ણોનું અધિમાત્રથી અનતિરિક્ત કાલના અવ્યવધાન – પણાએ કરીને જે કહેવું તે સન્ધિ કહેવાય છે." –

એવી સ્વર – વ્યંજન – રેફ સન્ધિના વિભાગોનો અપવાદ સહિત અભ્યાસ કર્યો. સમગ્ર વ્યાકરણ અભ્યાસમાં સંજ્ઞાને જણાવ્યા બાદ સર્વ પ્રથમ સન્ધિ પ્રકરણનું નિદર્શન કરવાનો હેતુ પછીના પ્રકરણોને સમજવામાં ઉપયોગી થવાનો છે.

સૂત્ર–વૃત્તિ વગેરેમાં સન્ધિનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયો છે. તેથી તેના વાચન – અર્થઘટનમાં ભણનારને મુશ્કેલી ન પડે તે રીતે આ પ્રકરણમાં ક્રમશઃ રજૂઆત થયેલી છે. છતાં સૂત્ર પૃથક્કરણ વિભાગની માફક સન્ધિ રહિત વૃત્તિ–વાંચનની ટેવથી સન્ધિ–અભ્યાસ દૃઢ થઇ શકશે.

*સન્ધિ વ્યાખ્યા વાક્ય પ્રકાશ ...

સિદ્ધહેમ વ્યાકરણમાં આ પ્રકરણ ૧૦૬ સૂત્રોમાં અને પ્રથમ અધ્યાયના પાદ ત્રણમાં રજૂ થયું છે.

() अर्हम् ()

❁ વિભક્તિ પ્રકરણ ❁

* ષડ્ લિંગ *

વસ્તુત: ત્રણ લિંગ છે. પુલિંલગ-સ્ત્રીલિંગ-નપુંસક લિંગ આ ત્રણે લિંગોના સ્વરાન્ત અને વ્યંજનાન્ત એવા બે ભાગ કરીને છ લિંગ ભેદો ગણાવાય છે. તેને "ષટલિંગ" કહે છે. લઘુપ્રક્રિયા ગ્રન્થમાં પણ ગ્રન્થકારે પ્રથમ સ્વરાન્ત ત્રણ ભેદ અને પછી વ્યંજનાંત ત્રણ ભેદ વર્ણવેલા છે.

જો કે સિદ્ધહેમ શબ્દાનુંશાશન-મૂળ ગ્રંન્થનો ઉલ્લેખ કરીએ તો તેમાં લિંગનો ક્રમ સાચવ્યો નથી. પણ લિંગને સમુહમાં ગોઠવી (अन्त्य) अ કારાદિ ક્રમને જ ધ્યાનમાં લીધો છે.

ષડ્ લિંગના છ વિભાગોમાં સાતે વિભક્તિઓના નામના જે રૂપો થાય છે (સ્યાદ્યન્ત-રૂપો) તેની સાધનિકા દર્શાવેલ છે. -આમ વિભક્તિ લાગતા જે જે ફેરફારો થાય છે તેની ચર્ચા હોવાથી વિભક્તિ-પ્રકરણ નામ આપેલ છે.

લિંગ એટલે જાતિ ગુજરાતીમાં નર-નારી-નાન્યતર ત્રણ જાતિ છે - તે સંસ્કૃતમાં પુલિંલગ-સ્ત્રીલિંગ નપુંસકલિંગ એવા નામ ઓળખાય છે. - પ્રત્યેક લિંગને વચન ભેદે પણ ખ્યાલમાં લેવાના છે.

ટુંકમાં સ્વરાન્ત - વ્યંજનાન્ત અલગ ગણતાં છ લિંગ પ્રથમા-દ્વિતીયા - તૃતીયા એ રીતે સાત (આઠ) વિભક્તિ અને એકવચન દ્વિવચન બહુવચન એ ત્રણ વચન એ રીતે નામના રૂપોની સાધના કરવાની છે. જેમકે → પુલિંલગ - પ્રથમા વિભક્તિ - એકવચન जिनः - "જિન" એક રૂપ થયું.



સ્વરાન્ત પુલ્લિઙ્ગ

આ વિભાગમાં પુલ્લિઙ્ગ નામોની સાધના દર્શાવે છે. પુલ્લિઙ્ગ (નરજાતિના નામ) નિયમિત અને અનિયમિત બે પ્રકારોનો સાથે જ અભ્યાસ લેવામાં આવે છે. "બુક" કરવામાં પ્રથમ ભાગમાં राम शब्द જેવા નિયમિત નામો -એટલે કે જે નામોમાં કોઈ વિશેષ ફેરફાર ન થતો હોય તેવા નામના રૂપો આવેલ છે. જયારે બીજા ભાગમાં અનિયમિત નામો - એટલે કે જે નામના રૂપોમાં વિશેષ ફેરફારો થાય છે તેને લક્ષમાં લીધા છે. દા.ત सर्वपू द्वितीय વગેરે -અહીં પ્રક્રિયામાં આવું કોઈ વિભાગીકરણ નથી.

સ્વરાન્ત નામો એટલે જે નામોને અન્તે अ, आ, इ, उ વગેરે સ્વરો આવતા હોય તેને સ્વરાન્ત નામ કહેવાય છે આવા ૧૪ પ્રકારના નામો થશે - કેમકે સ્વરો ૧૪ છે.

સ્વરાન્ત પુલ્લિઙ્ગ :— "સ્વર છે અન્તે જેને તેવા પુલ્લિંગ નામો ને સ્વરાન્ત પુલ્લિગ નામ કહેવાય.

(૧) अधातु विभक्तिवाक्यमर्थवन्नाम १/१/२७

* સૂત્રપૃથ :— अ-धातु विभक्ति वाक्यम् अर्थवत् नाम

✤ વૃત્તિ :— धातुविभक्त्यन्त वाक्य वर्जमर्थवच्छब्दरूपं नाम स्यात् ततः स्यादयः सप्त विभक्तयो योज्यन्ते ।

卐 વૃત્ત્યર્થ :— ધાતુ, વિભક્ત્યન્ત (નામ ક્રિયાપદ) વાકયને વર્જીને અર્થવત્ શબ્દ રૂપને નામ કહેવાય.

[ततः ત્યાર પછી सि વગેરે સાત વિભક્તિ યોજવામાં આવે છે]

卐 વિશેષ — अधातु જે ધાતુ એટલે કે ક્રિયાપદ રૂપ ન હોય

अविभक्त्यन्त :- જેને છેડે વિભક્તિ ન લાગેલી હોય.

अवाक्य :- વાકયરૂપ બનેલ ન હોય જેમકે - वृक्ष ઝાડ, स्वर्-સ્વર્ગ, च અને, धन-ધીપળાનું વૃક્ષ अजा-બકરી (આ સૂત્રથી પણ નામ સંજ્ઞા થાય

0 ? अधातु કેમ કહ્યું ?

अहन्-हन् ધાતુનું ભૂતકાળનું રૂપ છે માટે ક્રિયાપદ કહેવાય ક્રિયાપદ કહેવાથી અન્ત્ય न નો લોપ થતો નથી

0 ? अविभक्त्यन्त કેમ કહ્યું ?

वृक्षान् - वृक्ष શબ્દનું દ્વિતીયા બહુવચન

0 ? अवाक्य કેમ કહ્યું ?

अहम् गच्छामि - હું જાઉં છું વાકય થયું

ધાતુ વિભક્તિ-વાકય કોને કહેવાય તેની પ્રસંગોચિત સંજ્ઞા અત્રે આપેલ છે. ૩/૩/૩ क्रियार्थो धातुः જેનો ક્રિયા અર્થ છે તેને "ધાતુ" કહેવાય છે. ૧/૧/૧૯ स्त्यादिर्विभक्तिः सि વગેરે અને ति વગેરે વિભક્તિ કહેવાય છે. ૧/૧/૨૬ सविशेषणमाख्यातं-वाक्यम् ક્રિયાપદ વિશેષણ સહિત હોય ત્યારે તેને વાકય રૂપ સમજવું.

[૯૯]

(૨) स्यौजसमौशस्त्यादि १/१/१८

☆ સૂત્રપૃથ :— सि-औ-जस् इत्यादि

★ વૃત્તિ :— सि औ जस् इति प्रथमा । अम् औ शस् इति द्वितीया । टा भ्यां भिस् इति तृतीया । ङे भ्यां भ्यस् इति चतुर्थी । ङसि भ्यां भ्यस् इति पञ्चमी । ङस् ओस् आम् इति षष्ठी । ङि ओस् सुप् इति सप्तमी । तत्राप्यर्थैकत्व विवक्षायां प्रथमैकवचनं सिः । इकार उच्चारणार्थ इत् । देव स् इति स्थिते । सोरुः । रः पदान्ते विसर्गस्तयोः । देवः । द्वित्वे देव+औ । बहुत्वे देव जस् । जकारो विशेषणार्थः ।

— અહીંથી વિભક્તિ પ્રકરણ શરૂ થતું હોવાથી —

*અન પ્રથકરણ વિભાગમાં વિભક્તિ ક્રમ લગાવ નથી.

卐 વૃત્યર્થ :—

પ્રથમા વિભક્તિ (કર્તા) सि औ जस्
દ્વિતીયા વિભક્તિ (કર્મ) अम् औ शस्
તૃતીયા વિભક્તિ (કરણ) टा भ्याम् भिस्
ચતુર્થી વિભક્તિ (સંપ્રદાન) ङे भ्याम् भ्यस्
પંચમી વિભક્તિ (અપાદાન) ङसि भ्याम् भ्यस्
ષષ્ઠી વિભકિત (સંબંધ) ङस् ओस् आम्
સપ્તમી વિભકિત (અધિકરણ) ङि ओस् सुप्

तत्रअपिः આ ૨૧ પ્રત્યયોની ઓળખ આપી પણ નામને આ બધા પ્રત્યયો સાથે ન લાગે જો નામનો 'एकत्व' અર્થ લેવો હોય તો નામથી પર सि, દ્વિત્વ અર્થે औ–बहुत्व અર્થમાં जस् એ રીતે થાય સિમાં इ ઉચ્ચારણ માટે જ છે–તે इत् છે. એ.વ. देव+सि =देव+स् = देव+र् (સોરુઃ ૨/૧/૭૨) = देवः (रःपदान्ते ૧–૩–૫૩) પ્રથમા દ્વિવચન–देव+ औ=देवौ (ऐदोत् सन्ध्य ૧/૨/૧૨)
પ્રથમા બહુવચન–देव+जस् देव+अस् (जस्માં ज् વિશેષાર્થ માટે છે. જેથી તે ङस्, शस् થી ભિન્ન દર્શાવી શકાય)
આ જ રીતે દ્વિતીયાથી સપ્તમીના રૂપો સમજાવી શકાય.

卐 વિશેષ :— વિભકિત સાત છે– છતાં સંબોધન વિભકિતના ઉપયોગની દૃષ્ટિએ આઠ વિભકિત થશે, સંબોધન વિભકિતના પ્રત્યયો स्यौजस् વગેરે પ્રથમાની જેવા જ છે. તેથી સાત વિભકિતની વિવક્ષા કરી છે.

0 પ્રત્યયો–इत् સહિત અને રહિત બન્ને ભિન્ન છે જેમકે सि નો स् એ રીતે

सि (स्) औ जस् (अस्) अम् औ शस् (अस्)
टा (आ) भ्याम् भिस् ङे (ए) भ्याम् भ्यस्
ङसि (अस्) भ्याम् भ्यस् ङस् (अस्) ओस् आम्
ङि (इ) ओस् सुप् (सु)

પ્રત્યયો કૌંસમાં દર્શાવેલા છે તે જ લાગે છે– इ, ज, श, ट, ङ, प એ અનુબન્ધો इत् છે

देव+सि ની સાધનિકા


देव–अघातुविभक्ति वाक्य ૧/૧/૨૭ નામ સંજ્ઞા देव+सि

0 स्यौजसमौशस... ૧/૧/૮ થી सि વગેરે પ્રથમા –દ્વિતીયા

0 स्त्यादिर्विभक्ति ૧–૧–૧૯ થી વિભકિત

0 नाम्नः प्रथमैक द्वि-बहौ ૨/૨/૩૧ થી વિભકિત લાગે. देव+स् अप्रयोगित् ૧/૧/૩૭ થી इत्, देव+रु–सोरुः ૨/૧/૭૨ स् નો रु, देव+र्–उ इत् છે, देवः, रःपदान्ते ૧/૩/૫૩ થી વિસર્ગ.

વિભકિત ચિત્ર



सुधा मालां सूत्रेण पूजायै उपवनस्य पुष्पेभ्यः प्रभाते ग्रथति ।

[વિભકિત સંબંધ વિશેષ સ્પષ્ટતા કારક પ્રકરણમાં છે.]

(૧) કર્તા–ક્રિયાનો કરનાર–सुधा
(૨) કર્મ–ક્રિયાનું કર્મ–मालां
(૩) કરણ–ક્રિયાનું સાધન–सूत्रेण
(૪) સંપ્રદાન–નિમિત્ત–ક્રિયાજેને માટે થતી હોય તે पूजायै
(૫) અપાદાન–ક્રિયા જેમાંથી કે જે કારણે થતી હોય पुष्पेभ्यः
(૬) સંબંધક–નામનો નામ સાથે સંબંધ उपवनस्य
(૭) અધિકરણ–ક્રિયાજે સમયે કે સ્થળે થતી હોય प्रभाते

[૧૦૦]

(૩) अत आः स्यादौ जस् भ्याम् ये ૧/૪/૧

★ સૂત્રપૃથ :— अतः आः सि–आदौ जस्–भ्याम्–ये ચાર ૫૬

★ વૃત્તિ — स्यादौ जसि भ्यामि ये च परे अत आः स्यात् । तत समानानां तेनेति दीर्घः, देवाः । अदीर्घो दीर्घतां याति, नास्ति दीर्घस्य दीर्घता । पूर्वं दीर्घस्वर दृष्ट्वा परलोपो विधीयते ।।१।।

यद्वा पर्जन्यवल्लक्षणप्रवृत्ति इति दीर्घस्यापि दीर्घत्वम् । (द्वितीयैकवचने, देव अम्)-

卐 સૂત્રાર્થ :— अथी પર સ્યાદિ સમ્બન્ધિ जस् भ्याम् અથવા ये આવે ત્યારે अ નો आ થાય છે. (પછી समानानां तेन दीर्घः થી) દીર્ઘ થાય છે. देव+जस्- (ज અપ્રયોગિત) देव+अस्=देवा+अस् = देवास् = देवार् (સોરુ: ૨/૧/૭૨)=देवाः (रःपदान्ते १/3/५3)

(અદીર્ઘ-દીર્ઘતાને પામે છે.[1] દીર્ઘનું દીર્ઘપણુ રહેતુ નથી.[2] પૂર્વમાં દીર્ઘસ્વર દેખાય તો પરના સ્વરનો લોપ થાય છે.[3])
(૧. समानानां तेन दीर्घः, २ ऋल्धतिहस्वो वा ३. एदोत पदान्तेऽस्यलुक्)

અથવા "पर्जन्यवल्लक्षणप्रवृत्तिः એટલે કે વરસાદની જેમ વ્યાકરણના સૂત્રોની પ્રવૃત્તિ થાય છે આ પ્રમાણે દીર્ઘનું પણ દીર્ઘ પણું થાય છે. તેથી देवा+अम्માં आ દીર્ઘ છે તો પણ દીર્ઘ થયો તેમ કહેવાય.

卐 વિશેષ :— समानानां थी आ નિષ્ઠ કતા ન નો आ કરવાનો આ સૂત્રમાં આદેશ છે -તેનુ કારણ એ કે સૂત્ર - लुगस्यादेत्यपदे ૨/૧/૧૧૪થી देव+अम् એ સ્થિતિમાં अ કાર લોપની પ્રાપ્તિ છે તેનો અહીં નિષેધ થશે અને देव+अम् નુ देवा+अम् થઈ देवा થઈ શકશે

0 जस्-પ્રથમા બ વ, भ्याम् તૃતીયા-ચતુર્થી પંચમી દ્વિ વ य-ચતુર્થી એ વ નો આદેશ.

?0 *प्रत्ययः प्रत्यया. प्रत्ययग्रहण प्रत्ययस्य--न्याय વડે जस्-भ्याम्-य કહેતા સ્યાદિ પ્રત્યય છે તે સ્પષ્ટ છે છતાં સ્યાદિ કેમ કહ્યુ ?

આ સ્પષ્ટતા णषमसत्परे स्यादि विधौ च ૨/૧/૬૦ના પ્રયોજન માટે છે, જેમકે राजन्+भ्याम् અહીં नाम्नो नो ૨/૧/૯૧થી અન્ત્ય न् લોપ થશે પણ સ્યાદિ વિધી કરવી હોય તો णषमसत्परे ૨/૧/૬૦ થી न् લોપ અસદ્ થતાં આ સૂત્રથી अ નો आ થઇ શકશે નહીં -એટલે કે राजा भ्याम् એવો ખોટો પ્રયોગ પણ થશે નહીં.

?0 स्यादौ કેમ કહ્યુ ?

बाणजम् (બાણનો ફેંકનાર) बाणान् जरयति इति णिच्-बाण+जस् (जस्) અહીં ધાતુ સંબંધિ जस् છે સ્યાદિ સબંધિ નહીં તેથી बाणजः થશે પણ ज નો आ થશે નહીં

?0 अतः કેમ કહ્યું ?

मुनिभ्याम्-मुनि+भ्याम् इ કારાન્ત છે તેથી आ ન થયો.

ઉદા.: -देवाभ्याम्-देव+भ्याम्=देवा+भ्याम्=देवाभ्याम् देवाय=देव+ङे (ચ.એ વ.) देव+य (ङेङस्योर्यातौ ૧/૪/૬ देवा+य (આ સૂત્ર થી अ નો आ)

0 પ્રથમા એ વ.

देवः (सि) देवौ (औ) देवाः (जस्)

[૧૦૧]

(૪) समानादमोऽतः ૧/૪/૪૬

★ સૂત્રપૃથ — समानात् अमः अतः त्रिपद

★ વૃત્તિ :—समानात्परस्यामोऽकारस्य लुक् स्यात् । देवम् । देवौ । (बहुवचने देव शस् । शकारः प्राग्वत्)

卐 સૂત્રાર્થ : સમાન (સ્વર)થી પર રહેલાં अम् પ્રત્યયના अ નો લોપ થાય છે. જેમકે देव+अम् એ સ્થિતિમાં अम् નો अ લોપાતા देव+म्=देवम् (દ્વિ એ.વ થયું)
देवौ-देव+औ (ऐदौत् सन्ध्य ૧/૨/૧૨ થી औ)
देवौ-(द्वि द्विव.)

★ અનુવૃત્તિ :- अदेतःस्यमोर्लुक् ૧/૪/૪૪ થી लुक्

卐 વિશેષ .— સમાન સ્વર :- (लृदन्ताः समानाः ૧/૧/૭) अ-आ-इ-ई-उ-ऊ-ऋ-ॠ-ऌ-ॡ

0 દ્વિતીયા એ.વ-अम् ઉપરાંત નપુંસક લિંગમાં स्यमोऽम् ૧/૪/૫૭થી થતા મિ ના अम्નું ગ્રહણ કરવું

?) समान કેમ કહ્યું ?

नौ+अम=नाव्+अम=नावम् औ પછી अम् છે માટે ન લેવાય.

?0 अम् કેમ કહ્યું ?

नदी+अस्=नद्यः -जस् છે.

*न्याय प्रत्ययः.. न्यायसंग्रह પૃ ૫૧ ન્યાય-૨

?0 स्यादि કેમ કહ્યું ?
अचिनवम्–चि+नु+अम् હ્યસ્તન ભૂતકાળનું ક્રિયાપદ ચિનું રૂપ છે માટે अम् નો अ ન લેવાય.
0 અન્ય ઉદાહરણો
माला+अम् = मालाम् માલાને, मुनि + अम् = मुनिम्, नदी+अम् = नदीम् – નદીને, वधू + अम् = वधूम्, धेनु+अम्=धेनुम् ગાયને, वन+अम्=वनम्

[૧૦૨]

(૫) शसोऽता सश्च नः पुंसि १/४/४९

★ **સૂત્રપૃથ :— शसः अता सः च नः पुंसि**

★ **વૃત્તિ :—** शसः सम्बन्धिनाऽकारेण सह पूर्वसमानस्य दीर्घः स्यात्, तत्सन्नियोगे च पुंलिङ्गे शसः सस्य नः स्यात् । देवान् । (तृतीयैक वचने देव–टा । टकार इत्)–

卐 **વૃત્ત્યર્થ :—(દ્વિતીયા બ.વ.) शस् સંબંધિ अ કાર સાથે પૂર્વનો સમાન સ્વર દીર્ઘ થાય અને શસ્ના દન્ત્ય સ્નો પુલ્લિંગમાં ન થાય.**

દા.ત.देवान्–देव+शस्=देवा+न्=देवान् (દ્વિ બ.વ.) દેવોને.

★ **અનુવૃત્તિ :—** समानादमोऽतः १/४/४६ થી समानात्

卐 **વિશેષ :— 0** દીર્ઘ કરવામાં આસન્ન પરિભાષા મુજબ સ્થાનની દષ્ટિએ નિકટનો દીર્ઘ સ્વર થાય. જેમકે अ નો आ થતા देवान् થયું
0 પુલ્લિંગ અભાવે દીર્ઘત્વ જ થાય જેમકે शालाः शाला+शस् शाला સ્ત્રિલિંગ છે તેથી शस् નો न् થાય – એ જ રીતે बुद्धिः – नदीः વગેરે
0 *જ્યારે શબ્દાનુ લિંગાનુશાસનથી પુલ્લિંગ પણ હોય છે ત્યારે વસ્તુતઃ સ્ત્રી પણા કે નપુંસક પણામાં પણ न કાર્ય થાય છે જેમકે (સ્ત્રી લિંગે) दारान्–સ્ત્રીઓને दार+शस्=दारा+न्=दारान् (નપુંસકલિંગે) षण्ढान्–નપુંસકોને षण्ढ+शस् षण्ढा+न्=षण्ढान् द्वितीया–देवम् (अम्) देवौ (औ) देवान् (शस्)
0 અન્ય ઉદાહરણો :– मुनि+शस्=मुनीन् મુનીઓને

o o o o o o o o o o o o o o o o o o o

*यदातु–હૈમપ્રકાશ પૃ ૮૮

वातप्रमी+शस्–वातप्रमीन्– ઝડપી ચાલનાર साधु+शस् –साधुन्–સાધુઓને हूहू+शस–हूहून्–ગંધર્વોને पितृ+शस्=पितृन्–પિતાઓને

[૧૦૩]

(૬) टाङसोरिनस्यौ १/४/४५

★ **સૂત્રપૃથ ;— टा–ङसोः इन–स्यौ** દ્વિપદ

★ **વૃત્તિ :—** आत्परयोष्टाङसोरिनस्यौ स्याताम् । देवेन अतआः स्यादौ इत्याऽऽत्वे देवाभ्याम्

卐 **વૃત્ત્યર્થ :– अ થી પર રહેલાં टा પ્રત્યયનો इन् અને ङस् પ્રત્યયનો स्य આદેશ થાય છે. देवेन–देव+टा=देव+इन=देवेन (દેવવડે) (अवर्णस्य १/२/६)**

[તૃ.દ્વિ.વ.–देव+भ्याम्=देवाभ्याम्–બે દેવોવડે]

★ **અનુવૃત્તિ :—** अतः आः स्यादौ जस् भ्याम् ये १/४/१થી अतः

卐 **વિશેષ :—** अतः કેમ કહ્યું ?
अति जरसा–अतिजर+टा (વૃદ્ધાવસ્થાને ઉલ્લંઘી ગયેલ પ્રાણી વડે).
जराया जरस्वा २/१/३થી जर નો जरस् આદેશ વિકલ્પે થાય તેથી अतिजरस्+टा=अतिजरसा स् વ્યંજન છે તેથી इन આદેશ થશે નહીં–જો વિકલ્પ ન સ્વીકારીએ તો अतिजर+टा=अतिजर+इन=अतिजरेण **થશે.**
0 टा–तृतीया એ.વ. ङस्–षष्ठी એ.વ.
0 અન્ય ઉદાહરણો :– देव+ङस=देव+स्य=देवस्य–દેવના. तद्+टा=तद्+इन=त+इन (आद्वेरः २/१/४१ थी द નો अ–પૂર્વ अ લોપ થતા त) तेन તેનાવડે (अवर्णेवर्णस्य १/२/६थी ए) यद्+ङस्=यद्+स्य=य+स्य =यस्य જેનું

[૧૦૪]

(૭) भिस ऐस् १/४/२

★ **સૂત્રપૃથ :— भिसः ऐस्** દ્વિપદ

★ **વૃત્તિ** – आत्परस्य स्यादेर्भिस ऐस् स्यात् । देवैः ■ (चतुर्थ्येकवचने, देव ङे । ङकारो ङित्कार्यार्थः सर्वत्र ।)

卐 **વૃત્ત્યર્થ :— अ થી પર રહેલાં સ્યાદિ સંબંધિ भिस् નો ऐस् થાય છે.**

(સમાન સ્વર) દીર્ઘ થાય છે. જેમકે -
देवानाम्-દેવોને देव+आम्=देव+नाम् (ह्रस्वापश्च १/४/३२ થી नाम्)=देवा+नाम्
(આ સૂત્રથી अ દીર્ઘ થશે).

★ અનુવૃત્તિ :— समानादमोऽतः १/४/४६ થી समान

卐 વિશેષ :— 0 नाम् પ્રત્યયમાં आमोनाम्वा १/४/३१ થી, ह्रस्वापश्च १/४/३२ થી, संख्यानां र्णाम् १/४/३३ થી -થયેલો ષષ્ઠી બ.વ.નો आम् નો नाम् આદેશ સમજવો.
0 ? अतिसृ . કેમ ?
तिसृ+आम् (त्रि નો तिसृ २/१/१ થી આદેશ થયો છે)
ત્રણની तिसृ+नाम् (संख्यानां र्णाम् १/४/३३)
तिसृणाम् (रषृवर्णान्नो ण २/३/६३ થી ण्)
चतसृ+आम् (चतुर् નો चतसृ આદેશ)
चतसृणाम् (ઉપર મુજબ) ચાર સ્ત્રીઓનું
ઉપરોક્ત દૃષ્ટાન્તોમાં સ્વર દીર્ઘ થયો નથી
0 ? नामि કેમ કહ્યું ?
चर्मन्+आम्=चर्मणाम्-ચામડાઓનું
0 ? स्यादि કેમ કહ્યું ?
दण्डयनाम इति दण्डनाम् અહીં नाम् એ સ્યાદિ પ્રત્યય નથી
0 ? पञ्चानाम् કઈ રીતે થયું :—
-अन्त થી र् रु નું જ વર્જન થયું છે न् નું નહીં
-તેથી पञ्चन्+आम्=पञ्च+आम् (नाम्नो नो २/१/९१ થી અન્ત્ય न् નો લોપ થશે). पञ्च+नाम् (संख्यानां र्णाम् १/४/३३ થી आम् નું नाम्=पञ्चा+नाम्

★ શેષવૃત્તિ :— સપ્તમી એકવચન -देव+ङि देव+इ=देवे (अवर्ण-वर्णस्य થી ए) દ્વિવચન :- देव+ओस्=देवे+ओस् (एद्बहुस्भोसि થી ए) देवय्+ओस् (एदैतोऽयाय् થી अय्) देवयोः
બહુવચન :- देव+सुप्=देवे+सु एद्बहुस्भोसि થી ए) -देवेषु (સૂત્ર ૧૨)

[૧૦૯]

(૧૨) नाम्यन्तस्थाकवर्गात् पदान्तः कृतस्य सः शिड्नान्तरेऽपि २/३/१५

★ સૂત્રપૃથક્ :— नामि-अन्तस्था-क वर्गात् पदान्तः कृतस्य सः शिड् न अन्तरे अपि પાંચ પદ

★ વૃત્તિ :— नाम्यन्तस्था कवर्गेभ्यः परस्य वर्गेभ्यः परस्य पदमध्ये वर्तमानस्य केनचित् सूत्रेण कृतस्य सस्य षः स्यात्, शिटा नकारेण च व्यवधानेऽपि स्यात् । देवेषु ।

卐 સૂત્રાર્થ :- [1]નામી અન્તસ્થા क વર્ગથી પર રહેલાં, પદમધ્યે વર્તતા, અને [2]કોઈપણ સૂત્ર વડે કરાયેલા 'स' નો "ष" થાય છે. [3]शिट् કે न કારનું વચ્ચે વ્યવધાન હોય તો પણ स् નો ष् થાય છે.
देव+सु=देवे+सु (एद्बहुस्भोसि १/४/४ થી ए) =देवेषु (આ સૂત્રથી ष्)

卐 વિશેષ :—(૧) નામી સ્વર (अवर्णवर्जनामी) અંતસ્થ (य, र, ल, व) क વર્ગ क्, ख्, ग्, घ्, ङ्
(૨) કોઈપણ નિયમથી કરેલ અથવા કોઈ નિયમથી કરેલ અક્ષરમાં રહેલો स्
(૩) નામ્યાદિથી પર એટલે કે નામી વગેરે તથા स् ની વચ્ચે કોઈ शिट् અક્ષર અથવા न આવે તો પણ ष् થાય
નોંધ :- ધાતુપાઠમાં ધાતુની યાદીમાં રહેલાં ष् નો स् થાય છે. (અપવાદ ष्ठिव्-ष्वष्क) દા.ત. ष्ठा गति निवृत्तौ ष्ठा નો स्था થશે
0 ધાતુ પાઠ ન જાણતા હોય તેને માટે સામાન્ય પદ્ધતિ -ધાતુની આદિમાં स् પછી સ્વર કે દન્ત્ય વ્યંજન હોય તો ष् નો स् થયો જાણવો
-स्मि, स्वद्, स्वञ्ज, स्विद् स्वप् પાંચે કૃત स् વાળા નથી
-सृप-सृज् स्तृ-स्तॄ सृ-सेक् એ કૃત स् વાળા નથી
0 ? शिट् કહેતાં અનુસ્વાર આવી જાય છે. છતાં शिट् અને न् અલગ કેમ કહ્યું ?
- न् ના સ્થાને અનુસ્વાર થયો હોત તો જ स् નો ष् કરવો પણ म् ના સ્થાનમાં અનુસ્વાર હોય તો स् નો ष् ન થાય, માટે न् અલગ કર્યો.
દા.ત. पुंसु-पुम्+सु (शिड्हेऽनुस्वारः १/३/४० થી અનુસ્વાર થયો) અહીં स् નો ष् ન થયો.
0 ? પદાન્ત કેમ ? પદાદૌ-પદાન્તે ન થાય આદિ) दधिसेक् इति दधिसेक् — દહીં છાંટનારો અહીં

वृत्यन्तोऽसषे १/१/२५ થી दधि એ પદ છે તેથી सेक् ના स् નો ष् ન થાય स् પદની આદિમાં છે.
પદાન્તે :- જેમકે अग्निस्तत्र અહીં. "अग्निस्" અંતે स् છે તો પણ ष् ન થયો. (પદાન્તર્-પદની મધ્યમાંજ स् નો ष् થાય)
0 ? કૃત स् કેમ કહ્યો ?
विसाम्–કમળનો ભાગ. *उणादयोऽव्युत्पन्नानि એ વચનથી विसम्–પ્રેરણે થયું છે –विस्यति (नाम्युपान्त्य ५/१/५४ થી) क् પ્રત્યયથી विसाम् અહીં स् નો ष् ન થાય
0 અન્ય ઉદાહરણો :—
નામી :– आशिस्+आ=आशिषा
आ+शास् ધાતુ –आशासति इति क्विप् (५/१/४८) आशास् અને (आङ् ४/४/१२० થી) इस् થતા आशिस्
0 અન્તસ્થા गीर्+सु=गीर्षु–વાણીમાં र् અન્તસ્થ છે. सुप् પ્રત્યય લાગ્યો તેથી ष् થયો
क વર્ગ :– वाक्+सु=वाक्+षु=वाक्षु–વાણીમાં
0 (शिट्) सर्पिस्+सु=सर्पिष्षु પક્ષે सर्पिःषु स्+र्+प्+इ+स् અહીં इ નામિ સ્વર પછી રહેલ स् शिट् છે છતાં स् નો ष् થઈ શકે છે.
0 (न्) सर्पिस्+जस्
सर्पिस्+शि (नपुंसकस्य शिः १/४/५५)
सर्पिन्+स्+इ (धुटांप्राक १/३/६६ થી न्)
सर्पिन्+षि (નામિ પછી न् છે તો પણ ष् થશે)
सर्पिंषि (शिड्ढेऽनुस्वारः १/३/४० થી અનુસ્વાર

[११०]

(१३) अदेतः स्यमोर्लुक् १/४/४४

★ સૂત્રપૃથ :— अत्–एतः सि–अमोः लुक्

★ વૃત્તિ :— अकारादेकारान्ताच्च सेस्तदादेशस्याऽमश्च संबोधने लुक् स्यात् । संबोधनाभिव्यक्तये हेशब्दस्य प्राकप्रयोगः । हे देव । हे देवौ । हे देवाः ।

■ एवं घटपटादयोऽकारान्ताः पुंलिङगाः । सर्वादिना तु विशेषः । सर्व । विश्व उभ उभयट् अन्य अन्यतर इतर डतर डतम त्व त्वत् नेम समसिमौ सर्वार्थौ । पूर्व परावर दक्षिणोत्तरा पराधराणि व्यवस्थाम् । स्वमज्ञातिधनाख्यायाम् । अन्तरम्बहिर्योगोपसंख्यानयोपुरि । त्वद् तद् यद् अदस् इदम् एतद् ऐक द्वि युष्मद् भवतु किम् इत्यसंज्ञायां सर्वादिः । एते सर्वादयः स्त्रिलिङ्गाः तत्र पुल्लिङ्ग रुपाण्युच्यन्ते । सर्वः । सर्वौ ।

卐 વૃત્યર્થ :— અકારાન્ત — એકારાન્ત નામથી પર રહેલા सिप્રત્યયનો અને सि નો अम् આદેશ થયો હોય તો अम्નો સંબોધનમાં લોપ થાય છે,
(...સંબોધનની અભિવ્યક્તિ માટે પુર્વે हे શબ્દનો પ્રયોગ થાય છે) हे देव । –देव+सि –સંબોધનમાં આ સૂત્રથી सि નો લોપ થશે. તેથી –એ.વ. हे देव –દ્વિ.વ. हे देवौ –બ.વ. हे देवाः

★ અનુવૃત્તિ :— मातुर्मातः पुत्रेऽर्हे सिनाऽऽमन्त्र्ये १/४/४०થી आमन्त्र्ये

卐 વિશેષ :- 0 ? સ્યાદેશત્વ વડે કરીને જ सि ના સ્થાનમાં થતાં अम् આદેશ નો લોપ સિદ્ધ છે છતાં अम्નું પૃથગ ગ્રહણ કેમ કર્યું :
0 अम् ના ગ્રહણથી सि ના સ્થાને થતાં अ- આદેશના લોપનો અભાવ કરવા માટે – દા. ત. हे कतरद् ! (कतर + सि = कतरद – हे બે માંના એક) અહીં पञ्चतोऽन्यादे.. १/४/५८થી થયેલ द નો લુક્ થતો નથી – કેમકે कतर + स =कतरद –એમાંથી કયું स ? નાસ્થાને द થયો છે, માટે લોપ ન થાય.
0 ? अदेतः કેમ કહ્યું ?
हे गौः । (ओत औः १/४/७४ થી गो નું औ થયું છે.
0 અન્ય ઉદાહરણ :-
(सि) हे जिन । (जिन+सि–सि લોપ) (अम्) हे उपकुम्भ –હે કુંભની સમીપ વર્તતા (विभक्ति समीप–समृद्धि ...३/१/३९ થી અવ્યયી ભાવ સમાસ થયો अतः–स्यमोऽम् १/४/५७થીअम्)આ સૂત્રથી अम् નો લોપ થયો.
0 (सि) हे अति हे – હે ને ટપી ગયેલા હે अति हे+सि આ સત્રથી લોપ.

★ શેષવૃત્તિ :— ઘટ, પટ વગેરે અકારાન્ત પુલ્લિંગ શબ્દો છે सर्वादि શબ્દો (અ કારાન્ત હોવા છતાં તેના રૂપો ભિન્ન રીતે થતાં હોવાથી વિશેષતા છે.

---
* उणादयो... ઉણાદિ સૂત્ર ૫૭૯

सर्वादि-સર્વનામો-सर्व, विश्व, उभ, उभयट, अन्य, अन्यतर, इतर, डतर, डतम, त्व, त्वत, नेम – આ સર્વનામો કોઈપણ અર્થમાં સર્વનામ તરીકે વપરાય છે

सम અને सिम શબ્દો सर्व અર્થમાં હોય તો સર્વનામ સમજવા (અન્ય અર્થને સૂચવે ત્યારે સર્વનામ ન થાય

पूर्व-पर अवर दक्षिण, उत्तर अपर-अधर-આ શબ્દો વ્યવસ્થા અર્થમાં સર્વનામ ગણાય છે

स्व જ્ઞાતિ કે ધન અર્થમાં સર્વનામ નથી પોતાના અર્થમાં સર્વનામ છે.

अन्तरम् શબ્દ બહિર્યોગ અને ઢાંકવો, છુપાવવા અર્થમાં સર્વનામ છે

त्यद् तद् यद् अदस् इदम् एतद् एक द्वि युष्मद् भवतु किम् સર્વનામો છે

सर्वथी किम् સુધીના સર્વનામો સંજ્ઞાભિન્ન (વસ્તુ કે વ્યક્તિના નામ સિવાય તથા બોલાયેલા શબ્દના અનુકરણ રૂપે ન હોય તો) અર્થમાં सर्वादि સમજવા

સર્વનામના રૂપો ત્રણે લિંગમાં ચાલે છે (પુલ્લિંગ રૂપો કહેવાય છે, જુઓ સૂત્ર ૧૪ વગેરે)

सर्वादि ગણ :—

(૧) सर्व–બધુ (सर्वमादिर्यस्यतेनेति सर्वादिः) સંજ્ઞા અર્થ લઈએ તો એકનુ જ ગ્રહણ થાય માટે તે सर्वादि ન કહેવાય વળી सर्वादिમાં आदि શબ્દ વ્યવસ્થા વાચક છે માટે कृत्स्न (બધું) શબ્દને सर्वादि ન કહેવાય

૨) विश्व બધુ–પણ જગત અર્થમાં सर्वादि નહી,

(૩) उभ બે–નિત્ય દ્વિ વ –૦ (પ્રશ્ન) – દ્વિ.વ માં ङे–ङसौ स्मात् વગેરે પ્રાપ્ય જ નથી તો सर्वादिमां ગ્રહણ કેમ કર્યુ

सर्वादिः सर्वाः ૨/૨/૧૧૯ થી सर्व વિભક્તિ થાય તે માટે

(૪) उभयट –જોડી યુગલ – (નિત્ય એ.વ. બ વ.) ट અનુબંધ સ્ત્રી લિંગમાં (૨/૪/૨૦ થી) ङी પ્રત્યય કરવા માટે છે ट इत् છે –उभयी –સ્ત્રીલિંગમાં થાય.

(શંકા) उभय –દ્વિત્વ –વિશિષ્ટ બે નો વાચક છે. તો પછી એકવચન બહુવચન કઈ રીતે થાય?

(સમાધાન) उभय શબ્દ બે અવયવ વાળા સમુદાયનો બોધક છે. દ્વિત્વ વિશિષ્ટ માત્રનો નહીં. તેથી એક સમુદાય માટે એકવચન, અનેક સમુદાય માટે બહુવચન થાય અને દ્વિવચન માટે મહાપુરુષોએ ઉપયોગ કર્યો નથી માટે ન થાય.

(૫) अन्य :– અન્ય બીજુ

(૬) अन्यतर :– બે માંથી એક डतर પ્રત્યયાન્તમાં अन्यतर આવી જ જશે તો અલગ ગ્રહણ કેમ?

–डतम પ્રત્યયાન્ત अन्यतम् सर्वादि નથી માટે અલગ ગ્રહણ કર્યું.

(૭) इतर બીજો અધમ અર્થમાં सर्वादि નથી.

(૮) डतर :– (૯) डतम् આ બન્ને પ્રત્યયો જેને અન્તે છે. તેવા શબ્દો (૭/૩/૫૨/૫૫) આ પ્રત્યયો एक यत्, तत्, किम् તથા अन्य શબ્દોને લાગે છે.

(શંકા) –આ બન્ને પ્રત્યયો સ્વાર્થિક છે તેથી *પ્રકૃતિ દ્વારા સિદ્ધ છતાં પૃથગ્ ઉપાદાન શા માટે?

सर्वादिના અન્ય સ્વાર્થિક પ્રત્યયો ગ્રહણ કરવા માટે પૃથગ્ ગ્રહણ કર્યા.

(૧૦) त्व અન્ય, બીજું

(૧૧ त्वत्–સમુચ્ચય

(શંકા) त्वत्ના રૂપો तिर्यक्त् જેવા છે છતાં सर्वादिमांગ્રહણ કેમ?

–જો सर्वादिमां ગ્રહણ ન કરે તો क्त પ્રત્યયથી त्वत्क થઈ અનિષ્ટ પ્રયોગ થાય છે માટે.

(૧૨) नेम-અર્ધું

(૧૩) सम સમસ્ત (સમાન અર્થમાં નહી)

(૧૪) सिम-સીમા-(સીમાડો અર્થ નહીં) समसिमौ – (૧/૪/૭ सर्वादेः લાગતું નથી) ૧/૪/૬ हंद्रस्थायोठी લાગે છે.

(૧૫) पूर्व (૧૬) पर–બીજી (૧૭) अवर–પશ્ચિમ (૧૮) दक्षिण (૧૯) उत्तर (૨૦) अपर – બીજી (૨૧) अधर–નીચે ૧૫થી૨૧ દિશા-દેશકાળ વાંચી વ્યવસ્થા અર્થમાં सर्वादि છે અન્ય અર્થમાં નહીં.

सर्वादि : (૧) હેમચન્દ્રાનુ શાસન સુધા ભા ૧-પૃ ૧૭૨-૧૭૮

(૨) મધ્યવૃત્તિ અવચૂરી ભા ૧, પૃ ૫૪૦-૪૨ ખાસ જોવા

---

*ન્યાય : प्रकृतिग्रहणे स्वार्थिक प्रत्ययान्तानामपि ग्रहणम् પૃ ૫૦

વ્યવસ્થા :- પોતાના અર્થની અપેક્ષા રાખતો જે અવધિનો નિયમ તે વ્યવસ્થા.
(૨૨) स्व -પોતે (આત્મા-આત્મીય -ज्ञान, ધન અર્થમાં નહીં.
(૨૩) अन्तर નગરી ભિન્ન બહિર્યોગ અને ઉપસંવ્યાન (ઢંકાય) અર્થમાં
(૨૩) त्वद् - તે (૨૫) तद् - તે
(૨૬) यद् - જે (૨૭) अदस् -એ (પરોક્ષ)
(૨૮) इदम् - આ (પ્રત્યક્ષ) (૨૯) एतद् - એ)
(૩૦) एक એક (૩૧) द्वि-બે
(૩૨) युष्मद् તું (૩૩) अस्मद् હું
(૩૪) भवतु-આપ (૩૫) किम् - કોમ
(શંકા) द्वि, युष्मद्, अस्मद्, भवतु ચારેમાં इ, स्मात्, स्मिन् આદેશો થતા નથી. છતાં સર્વાદિ કેમ?
-सर्वादि: सर्वा: ૨/૨/૧૧૯ સૂત્રથી સર્વે વિભક્તિ થાય છે તે માટે.
-सर्वादे: સૂત્રમાં ષષ્ઠીનો નિર્દેશ કરી तत्सम्बन्धि એવો અર્થ કર્યો છે. તેથી प्रियसर्व કે अतिसर्व માં सर्वादि: स्मैस्माता ૧/૪/૭ વગેરે વગેરે લાગતા નથી.

[૧૧૧]

(૧૪) जस इ: ૧/૪/૯

★ સૂત્રપૃથ — जस: इ: द्वि ५६
★ વૃત્તિ :— सर्वादेरकारान्तस्य जस इः स्यात् । सर्वे । (सर्व । सर्वौ । सर्वान्)

卐 વૃત્યર્થ :— **સર્વાદિ સમ્બન્ધિ અ કારાન્ત નામ (સર્વનામ) માં जस् નો ई થાય છે દા.ત. सर्व+जस्=सर्व+इ=सर्वे-બધાને (अवर्णस्ये ૧/૨/૬)**

★ અનુવૃત્તિ : सर्वादि: स्मैस्मातौ ૧/૪/૭ થી सर्वादे:

卐 વિશેષ :— 0 प्रत्ययस्य ૭/૪/૧૦૮ એ પરિભાષા મુજબ जस् ના સ્થાને इ આદેશ થયો છે -(षष्ठयान्तस्य ૭/૪/૧૦૬ થી માત્ર અન્ત્ય स् નો નહીં)
0 ? अत: કેમ કહ્યું ?
- सर्वा: -અહીં આ થી પર जस् છે.
0 ? सर्वाणि નપુંસકલિંગમા नाम ग्रहणे लिङ्ग विशिष्टस्यापि ग्रहणम् ન્યાયથી जस् નો इ કેમ ન થયો.
0 ? नपुंसकस्य शि: ૧/૪/૫૫ એ પર સૂત્ર છે તેથી બળવાન છે. અને તેથી स्वराच्छौ ૧/૪/૬૫ અને निदीर्घ: ૧/૪/૮૫ થી सर्वाणि સિદ્ધ છે.
0 અન્ય ઉદાહરણ :-
विश्व+जस्=विश्व+इ=विश्वे એજ રીતે उभये, તે વગેરે થાય.
सर्व ના રૂપો :—
प्रथमा सर्व: सर्वौ सर्वे
द्वितीया सर्वम् सर्वौ सर्वान्
(सर्वान्-सर्व+शस् = सर्वा+न् शसोऽता सश्चन: पुंसि થી -सर्वान्)

[૧૨૧]

(૧૫) रषृवर्णान्नोण एकपदेऽनन्त्यस्याऽल चटतवर्गशसान्तरे ૨/૩/૬૩

★ **સૂત્રપૃથ :— र-ष्-ॠ वर्णात् न: ण: एकपदे अन्-अन्त्यस्य ल-च-ट- वर्ग श स् अन्तरे**
★ **વૃત્તિ** :— रेफ ष कार ॠ वर्णेभ्य: परस्य एभि: सहैकपदस्थस्याऽनन्त्यस्य नो ण: स्यात्, लादिन्वना शेषवर्णव्यवधानेऽपि भवति । सर्वेण । एकपद इति किम् ? अग्निर्नयति । चर्मनासिक: । अनन्त्य इति किम् ? सर्वान् । लादि वर्जन किम् ? विरलेन । मूर्च्छनम् । दृढेन । तीर्थेन । रसना रचना ।

卐 **વૃત્યર્થ** :— **(રેફ) र्, ष કાર, ॠ વર્ણથી પર અને र् ष् ॠ સાથે એક પદમાં રહેલાં, અને અન્ત્ય નહીં તેવા न् નો ण् થાય છે. -જો તેની મધ્યમાં ल વગેરે [ल, च વર્ગ, ट વર્ગ, न વર્ગ, श, स] ન હોય તો —જેમકે सर्व+टा=सर्व+इन (टाङसोरि ૧/૪/૫ થી इन)=सर्वेन-બધાંવડે. આ સૂત્રથી सर्वेण થશે.**
-અહીં स+र्+व्+इ+न्+अ છે. र् પછી व् અને इ છે પણ તેનું વર્જન નથી માટે ण થઈ શકયો -બીજુ र અને न् એકપદમાં છે. તેમજ न् અન્તે નથી.
0 ? एकपदे કેમ કહ્યું ?

अग्निर्नयति-અગ્નિ લઇ જાય છે.
અહીં अग्निः એકપદ છે नयति બીજું પદ છે
चर्मणि नासिका यस्यसः=चर्मनासिकः (गोश्चान्ते ह्रस्वः २/४/९६ થી ह्रस्व) -અહીં સમાસ થયો છે તેથી અંતવર્તી વિભક્તિનો લોપ થયો છે -પણ વિભક્તિ સ્થાનીવત્ થવાથી चर्म-नासिका પદ જુદા પડે છે. માટે न् નો ण् થયો નહી.

0 ? अनन्त्य કેમ કહ્યુ ?
सर्वान् -न् અન્તે છે

0 ? ह વગેરે વર્જન કેમ કર્યું ?
विरलेन, दहन, तीर्थेन, रसना વગેરે દ્રષ્ટાન્તો માં न् નો ण् થયો નથી.

卐 વિશેષ - तृताया: सर्वं-अन्यर्वान्याम सर्वे
0 र्+न तीर्थेम -वार्+म - तरेषु
ઉદા · 0 पुरन्न=पुरणानि - पुरुनाति - पुष्ट-કરીને
0ऋ+न=तृणाम् - हन्नाम् - पुरुषेषु
0 र्+ अनन=करन+नम=करणम - हम्य
0 ऋ+०+ह+न=बृंहणम् - बृ+ह+नम - वधयु
0 र्+ह्+ह=नर्डेण - अ++क+क+न - चूर्णे

[११३]

(१६) सर्वादेः स्मै-स्मातौ १/४/७

★ સૂત્રાર્થ :— सर्वादेः स्मै-स्मातौ
★ વૃત્તિ :— सर्वादस्याकारान्तस्य ङे-ङस्योः स्मै स्मातौ स्याताम् । सर्वस्मै । सर्वस्मात्
卐 વૃત્ત્યર્થ : अ વર્ણાન્ત સર્વાદિ નામને ङे, ङसि પ્રત્યયનો स्मै-स्मात् એવો આદેશ થાય છે.
सर्व+ङे (૪ એ.વ) =सर्व+स्मै=सर्वस्मै
सर्व+ङसि (૫ એ વ) =सर्व+स्मात्=सर्वस्मात्

★ અનુવૃત્તિ :— अत आः स्यादौ जस्भ्याम्ये १/४/१ થી अतः

卐 વિશેષ :— 0 નોધ : સિદ્ધહેમ વ્યા. મા આ સૂત્રમાં सर्वादि ગણની ચર્ચા કરેલ છે
અહીં સૂત્ર ૧૩ (૧૧૧) अंतरः स्मोङ्कु मा थयेल विरामे वा १/३/५१ થી વિકલ્પે तू-द थाय तेथी सर्वस्माद्

0 અન્ય ઉદાહરણ :—
पूर्व+ङे=पूर्व+स्मै=पूर्वस्मै
पूर्व+ङसि=पूर्व+स्मात=पूर्वस्मात्
अन्यस्मै अन्यस्मात् વગેરે
ચતુર્થી :- सर्वस्मै-सर्वाभ्याम्-सर्वेभ्यः
પંચમી :- सर्वस्मात्-सर्वाभ्याम् सर्वेभ्यः

[११४]

(१७) अवर्णस्यामः साम् १/४/१५

★ સૂત્રાર્થ :— अवर्णस्य आमः साम्
★ વૃત્તિ :— अवर्णान्तस्य सर्वादेरामः साम् स्यात् । एतदलेषां । सर्वेषाम्
卐 વૃત્ત્યર્થ :- अ વર્ણાન્ત સર્વાદિ નામ માં (૬ બ.વ) आम् નો साम् થાય છે सर्व+आम्=सर्व+साम् (આ સૂત્રથી आम् નો साम् થયો) सर्वसाम् (एदबहुस्भोसि १/४/४ થી ए) सर्वेषाम् (नाम्यन्तस्था ..२/३/१५ થી षू)
★ અનુવૃત્તિ :— सर्वादेः स्मैस्मातौ १/४/७ થી सर्वादेः

卐 વિશેષ :— 0 અવર્ણાન્ત એટલે अ અને आ नु ગ્રહણ કરવું.
*सन्निपात लक्षणः विधिरनिमित्तं तद् विघातस्य — આ ન્યાયને અનિત્ય માનીને एद्बहुस्भोसि સૂત્ર અહી લાગશે તે તેમ ન માનીએતો सर्व ના अ કારનો साम् તે अ કારનો વિઘાતક છે.

0 ? अ वर्णस्य કેમ કહ્યું ?
भवत्+आम्=भवताम् -આપનું
અન્ય ઉદાહરણો :-
आ-विश्वा+आम=विश्वा+साम=विश्वासाम् (આંતિમ)
પછી सर्वस्य सर्वासां सर्वेषाम्

[११५]

(१८) ङ स्मिन् १/४/८

★ વૃત્તિ :— सर्वादेरकारान्तस्य ङेः स्मिन् स्यात् । सर्वस्मिन् । [सर्वेषाः सर्वेषु । हे सर्व, हे सर्वौ, हे सर्वे ।]

* सन्निपात....ન્યાય. ૧૯, પૃ. ૧૯.

卐 વૃત્યર્થ :— સર્વાદિ સમ્બન્ધિ અ કારાન્ત નામને ङि (સપ્તમી એ.વ.) નો स्मिन् થાય છે. જેમકે :—
सर्व+ङि=सर्व+स्मिन्=सर्वस्मिन् - બધામાં

★ અનુવૃત્તિ :— (૧) सर्वादेः स्मैस्मातौ १/४/७ થી सर्वादेः (૨) अतः आः स्यादौ जस् भ्याम्ये १/४/१ થી अतः

卐 વિશેષ — 0 ? अतः કેમ કહ્યું ?
भवत्+ङि=भवत्+इ=भवति त् વ્યંજનાન્ત છે,
0 ? सर्वादि કેમ કહ્યું ?
सार्व (કોઇનું નામ)+ङि=सार्व+इ=सर्वे (अवर्णस्ये... १/२/६ થી ए)

સપ્તમી :- सर्वस्मिन् सर्वयोः सर्वेषु
0 सर्वयो :- सर्व+ओस्=सर्वे+अेस्
(एद्बहुस्भोसि १/४/४ થી ए)=सार्वय्+ओस्
(एदैतोऽयाय् १/२ २३ થી अय्)=सार्वयोः
0 सर्वेषु :- सार्व+सु=सार्वे+सु (एद्बहुस् .. १/४/४ થી ए)=सार्वेषु (नाम्यन्तस्था २/३/१५)
સંબોધન: हे (સંબોધન સૂચક શબ્દ)
हे सर्व, हे सर्वौ, हे सर्वे
[પ્રથમા વિભક્તિની જેમ રૂપો થશે.]

[૧૧૬]

(૧૯) नवभ्यः पूर्वेभ्य इस्मात् स्मिन्वा १/४/१६

★ સૂત્રપૃથ :— नवभ्य पूर्वेभ्यः इ स्मात् -स्मिन् वा

★ વૃત્તિ — पूर्वादि नवकात् जस् ङसि ङीं नाम् इ-स्मात् स्मिनो वा स्युः। पूर्वे पूर्वाः । पूर्वस्मात्, पूर्वात्। पूर्वस्मिन्, पूर्वे। नवकादिति किम्? त्ये।

卐 વૃત્યર્થ : (सर्वादि સમ્બન્ધિ) पूर्वादि नव [पूर्व - पर - अवर - दक्षिण - उत्तर - अपर - अधर - स्व अन्तर] થી પર जस् (પ્રથમાં બ.વ.) નો इ, ङसि (પંચમી એ વ) નો स्मात् અને ङी (સાતમી એ.વ) નો स्मिन् વિકલ્પે થાય છે. જેમકે —
0 पूर्व+जस्=पूर्व+अस्=पूर्वाः પક્ષે
पूर्व+इ=पूर्वे-પૂર્વના લોકો.
0 पूर्व+ङसि=पूर्व+अस्=पूर्वस्मात्=पूर्वस्मात्-પૂર્વથી વિકલ્પે पूर्व+आत् (ङे ङस्यो १/४/६) =पूर्वात्
0 पूर्व+ङी=पूर्व+ई=पूर्वे વિકલ્પે पूर्व+स्मिन्= पूर्वस्मिन्-પૂર્વમાં
0 ? नवकात् એમ કેમ કહ્યું ?
त्ये-તેઓ. त्य+जस्=त्य+इ=त्ये
અહીં त्यद् શબ્દ पूर्वादि નવમાં આવતો નથી માટે વિકલ્પે પ્રાપ્તિ થશે નહીં.

★ અનુવૃત્તિ :- (૧) अत आः स्वादौ जस्भ्यामये १/४/१ થી अतः (२) जस् इः १/४/९ (३) ङेः स्मिन् १/४/८ (४) सर्वादिः स्मै स्मातौ १/४/७

卐 વિશેષ :— નોંધ :- પ્રથમા, સંબોધન બહુવચન, પંચમીએકવચન, સપ્તમીએકવચન સિવાયના બધાં રૂપો सर्व જેવા થાય. જેમકે :- पूर्वः पूर्वौ વગેરે.
પ્રથમા :- परः परौ परे-पराः વગેરે.

[૧૧૭]

(२०) नेमार्द्ध प्रथम चरम तयायाल्प कतिपयस्य वा १/४/१०

★ સૂત્રપૃથ :— नेम अर्द्ध प्रथम चरम तय अय अल्प कतिपयस्य वा

★ વૃત્તિ : - नेमादिनां शब्दानां तयाय प्रत्ययान्तानां च जस् इ र्वा स्यात्। नेमे, नेमाः। द्वितये, द्वितयाः। त्रये, त्रयाः। अत्र नेम शब्दस्य सार्वादि त्वान्नित्य प्राप्ते, शेषाणां चाप्राप्ते विकल्पः।

卐 વૃત્યર્થ :— नेम, अर्द्ध, प्रथम, चरम अल्प, कतिपय શબ્દો તથા तयट् (तय), अयट् (अय) પ્રત્યયાન્ત નામમાં जस् નો इ વિકલ્પે થાય છે. જેમકે : नेम+जस्=नेमाः (अत आः १/४/१ થી आ) વિકલ્પે नेम + इ (આ સૂત્રથી इ) नेमे (अवर्णस्ये १/२/१ થી ए) એ જ રીતે
द्वितय+जस्=द्वितयाः પક્ષે द्वितये
त्रय+जस्=त्रया પક્ષે त्रये
અહી नेम શબ્દથી સર્વાદિમાં નિત્ય પ્રાપ્તિ

દુતી આદીના શબ્દોમાં અપ્રાપ્તિ હતી. તે બન્નેમાં વિકલ્પે પ્રાપ્તિ આ સૂત્રથી થાય છે.

★ અનુવૃત્તિ :— અત આઃ સ્યાદૌ જસ્‌ભ્યામ્યે ૧/૪/૧ થી અત (૨) જસ્ ઇઃ ૧/૪/૯

卐 વિશેષ — નેમાદિના અર્થો નેમ-અર્ધું, અર્ધ-અડધું, પ્રથમ-પહેલું ચરમ-છેલ્લું, અલ્પ-થોડું, કતિપય-કેટલુંક, તયટ્‌પ્રત્યય જેમકે દ્વિતય-બે અવયવવાળુ અયટ્ પ્રત્યય 0 દ્વય-બે અવયવવાળું
0 નેમ શબ્દમાં પ્રથમા બ.વ.માં આ સૂત્ર લાગશે બાકીના રૂપો સર્વ મુજબ થશે
0 અર્ધ થી કતિપય માં પ્રથમા બ.વ.માં આ સૂત્ર લાગશે બાકીનાં રૂપો દેવ મુજબ થશે
0 નામ (સંજ્ઞા) હોવાથી આ સૂત્ર ન લાગે જેમકે કોઈનું નામ અર્ધ છે તો અર્ધ+જસ્=અર્ધાઃ
0 નેમાદિના દ્વન્દ્વ જેવી સમાસમાં રહેલા પ્રિયનેમાઃ — વિકલ્પે ઇ ન થાય
0 સ્વાર્થિક પ્રત્યયમાં પણ વિકલ્પે ન થાય જેમકે :- અર્ધકાઃ અહીં સ્વાર્થે ક પ્રત્યય છે
0 દ્વતય શબ્દ અયટ્ પ્રત્યયાન્ત છે ત્યાં આ સૂત્ર કેમ ન લાગે.

સર્વાદિમાં ગ્રહણ કરેલ દ્વય શબ્દ પ્રત્યય રહિત અવ્યુત્પન્ન છે માટે વિકલ્પે ઇ ન થાય
0 અન્ય ઉદાહરણ :-
પ્રથમ+જસ્=પ્રથમે પક્ષે પ્રથમાઃ
ચરમ+જસ્=ચરમે-પક્ષે ચરમાઃ
અલ્પ+જસ્=અલ્પે-પક્ષે અલ્પાઃ
કતિપય+જસ્=કતિપયે-પક્ષે કતિપયાઃ

[૧૧૮]
(૨૧) દ્વન્દ્વે વા ૧/૪/૧૧

★ વૃત્તિ :— દ્વન્દ્વ સમાસે સર્વાદેઃ જસ્ ઇઃ વા સ્યાત્ । પૂર્વાપરે, પૂર્વાપરાઃ

卐 સૂત્રાર્થ :— દ્વન્દ્વ સમાસમાં સર્વાદિના જસ્ નો ઇ વિકલ્પે થાય છે.
દા.ત. પૂર્વશ્ચ અપરશ્ચ=પૂર્વાપરાઃ પૂર્વ અને પાર વિકલ્પે-પૂર્વાપર+ઇ=પૂર્વાપરે
(જસ્ નો ઇ વિકલ્પે થતા બે રૂપો થયા)

★ અનુવૃત્તિ :—(૧) અત આઃ સ્યાદૌ જસ્‌ભ્યામ્યે ૧/૪/૧ થી અતઃ (૨) સર્વાદેઃ સ્મૈસ્માતૌ ૧/૪/૭ થી સર્વાદેઃ (૩) જસ ઇઃ ૧/૪/૯

卐 વિશેષ :— દ્વન્દ્વ સમાસ :- ચાર્થે દ્વન્દ્વઃ સહોક્તૌ-સરખે સરખા બે કે વધારે નામ ચ કાર યુક્ત કરવાથી દ્વન્દ્વ *સમાસ થાય છે. જેમકે :-
0 દ્વિ.વ. રામશ્ચ લક્ષ્મણશ્ચ=રામલક્ષ્મણૌ
0 બ.વ. રામશ્ચ લક્ષ્મણશ્ચ ભરતશ્ચ ઇતિ=રામલક્ષ્મણભરતાઃ
0 નની સીતા ચ રામશ્ચ=સીતારામૌ
0 ન સર્વાદિઃ ૧/૪/૧૨ સૂત્ર દ્વન્દ્વ સમાસમાં સર્વાદિનો નિષેધ કરે છે. તેનું આ બાધક સૂત્ર છે. તથા જસ ઇઃ ૧/૪/૯ ને પણ વિકલ્પે બાધક છે.
0 તુલ્યસ્થાન વિ ન થી પ્રિયકતર કતમાઃ એ પ્રયોગમાં જસ્ નો ઇ ન થાય કેમ કે પ્રિયકતર સર્વાદિ નથી.
—પણ કતરશ્ચાસૌ કતમતું કતરકતમ-કતમા :- કતર-કતમે એવા બે રૂપ વિકલ્પે થઇ શકશે
0 કતર :- કિમ્+ડતર
કિમ્+ડતર (યત્તત્કિમન્યાત્ ૭/૩/૫૩)
0 કતમ :- કિમ્+ડતમ
કિમ્+ડતમ (બહૂનાં પ્રશ્ને ડતમશ્ચ વા ૭/૩/૫૪)

[૧૧૯]
(૨૨) ન સર્વાદિઃ ૧/૪/૧૨

★ વૃત્તિ :— દ્વન્દ્વે સર્વાદિઃ સર્વાદિર્ન સ્યાત્ । પૂર્વાપરાય । કતરકતમાનામ્

卐 સૂત્રાર્થ : દ્વન્દ્વ સમાસમાં સર્વાદિ (ગણ) સર્વાદિ ગણાતો નથી. [સર્વાદિ શબ્દને ઉદ્દેશીને થતું કાર્ય દ્વન્દ્વ સમાસમાં થતું નથી.] પૂર્વાપરાય -ચતુર્થી એ.વ. અહીં સર્વાદિથી સ્મૈ પ્રત્યય થાય નહીં.
ષષ્ઠી બ.વ → કતરશ્ચ કતમશ્ચ તેષાં કતર કતમાનામ્ અહીં પણ સર્વાદિથી કતર-કતમેષામ્ થઇ શકે નહીં.

* સમાસમાં દરેક પદ સરખું મહત્વનું અને સ્વતંત્ર છે. પદોની સંખ્યા પરથી સમાસનું વચન નક્કી થાય છે. છેલ્લા પદની જાતિ આખા સમાસની જાતિ બને છે. સંસ્કૃત વ્યા. પે. ૮ પૃ ૫૧

★ અનુવૃત્તિ :— द्वन्द्वे वा ૧/૪/૧૧ सर्वादेः स्मै स्मातौ ૧/૪/૭ થી सर्वादि

卐 વિશેષ :— સર્વાદિને લાગતાં स्मै स्मात् स्मिन् साम् પ્રત્યયો અહીં લાગતા નથી અને સૂત્ર ૨૧ (૧૧૯) થી जस् નો इ વિકલ્પે થાય છે. જેમકે :—
पूर्वश्च अपरश्च इति पूर्वापरम् – तस्मै = पूर्वापराय [ચતુર્થી એ વ. ङे નો ङेङस्यो ૧/૪/૬ થી य]
તે જ રીતે...
पूर्वापरात् (પૂર્વ–અપરથી)
पूर्वापरे – (પૂર્વ–અપરને વિષે)

[૧૨૦]

(૨૩) तीयं ङित्कार्ये वा ૧/૪/૧૪

★ સૂત્રપૃથ :— तीयम् ङित् कार्ये वा

★ વૃત્તિ :— तीयान्तं ङे ङसि ङिषु सर्वादिर्वा स्यात्। द्वितीयस्मै, द्वितीयाय। द्वितीयस्मात्, द्वितीयात् द्वितीयस्मिन्, द्वितीये। तृतीयस्मै, तृतीयाय। तृतीयस्मात, तृतीयात्। तृतीयस्मिन्, तृतीये। शेषं देववत्

■ उमशब्दो नित्यं द्विवचनान्त उभौ २। उभाभ्याम् ३। उभयोः २। उभयशब्दस्य द्विवचनाभावः। एवं च द्वित्वे उमशब्दः, एकत्ववहुत्वयोश्चोभयशब्दः प्रयोज्यः –उमयो मणिः उमये देवमनुष्याः।

卐 વૃત્યર્થ :— तीय અન્તવાળા નામોમાં ङे (स्मै), ङसि (स्मात्) ङि (स्मिन्) વિકલ્પે સર્વાદિ થાય છે. જેમકે :—
द्वितीय+ङे–ङित् કાર્ય થાય તો स्मै (सर्वादेः स्मै-स्मातौ ૧/૪/૭) થી द्वितीयस्मै વિકલ્પે ङेऽस्यो ૧/૪/૬ થી द्वितीयाय
द्वितीय+ङसिः –બીજાથી
(ङित्) – द्वितीयस्मात् પક્ષે द्वितीयात्
द्वितीय+ङि બીજામાં
(ङित्) –द्वितीयस्मिन् (ङेः स्मिन् ૧/૪/૮) વિકલ્પે द्वितीये
એ જ રીતે
ચતુર્થી એ.વ. तृतीयस्मै पक्षे तृतीयाय
પંચમી એ.વ. तृतीयस्मात् पक्षे तृतीयात्
સપ્તમી એ.વ. तृतीयस्मिन् पक्षे तृतीये

બાકીના રૂપો દેવ જેવા થશે.

★ અનુવૃત્તિ :— सर्वादेः स्मैस्मातौ ૧/૪/૭ થી सर्वादेः

卐 વિશેષ :— ङित् કાર્ય એટલે ङ અનુબંધવાળા પ્રત્યયો સમ્બન્ધિ કાર્ય જેમાં ङ, ङसि, ङस्, ङि ચાર પ્રત્યયો સમાવિષ્ટ છે

0 સર્વાદિ પ્રત્યયમાં ङस् નું વિધાન અત્રે નથી કર્યું કેમકે ङस् ને બદલે અન્ય કોઇ પ્રત્યયનું વિધાન નથી.

0 तीय् અન્ત્યનામોમાં ङे (य–स्मै) ङसि (आत् – स्मात्). ङि (इ-स्मिन्) પ્રત્યયો વિકલ્પે લાગી બે રૂપો થશે. બાકીના રૂપોમાં કોઈ ફેરફાર ન થતો હોવાથી પુલ્લિંગના રૂપો देव જેવા અને નપુંસકલિંગના રૂપો कुण्ड જેવા થશે.

0 द्वितीया સ્ત્રીલિંગમાં ૨/૧/૧૮ થી ङित् કાર્યના ચારે રૂપો (ये०ङस्यै यास्–ङस्यास्, यास्–ङस्यास्, याम्–ङस्याम्) જેમાં ङ् इत् છે) વિકલ્પે બન્ને થશે. બાકીના રૂપો माला જેવા થશે

0 આ સૂત્ર ङित् કાર્યમાંજ વિકલ્પે સર્વાદિ કરે છે. તેથી त्यादि सर्वादेः ૭/૩/૨૯ થી અન્ત્ય સ્વરાદિ પૂર્વે अक् પ્રત્યય થતો નથી. પણ कुत्सिताल्पाज्ञाते ૭/૩/૩૩ થી સ્વાર્થે कप् (क) પ્રત્યય થાય છે. દા ત. द्वितीयकाय જ થશે.

0 अर्थवत् ग्रहणे नानर्थकस्य ग्रहणम् ન્યાય*થી पटुप्रकारोऽस्य इति पटुजातीय (प्रकारे जातीयर् ૭/૨/૭૫) तस्मै पटुजातीयाय (ચ.એ વ.) ડહાપણ જેતું વિશેષ છે તેવા માટે અહીં जातीय શબ્દ અર્થવાન છે तीय પ્રત્યય નહીં. તેથી આ સૂત્ર લાગશે નહીં.

0 लाक्षणिक प्रतिपदोक्तयोः प्रति पदोक्तस्यैव ग्रहणम् ન્યાય* મુજબ मुखतो भवो मुखतीयः गहादिभ्यः ૬/૩/૬૩ इय् तस्मै मुखतीयाय અહીં લાક્ષણિક तीय છે. માટે આ સૂત્ર લાગશે નહીં

★ શેષવૃત્તિ :– उभ(બે શબ્દ નિત્ય દ્વિવચનાન્ત છે.
પ્રથમા :– उभौ, દ્વિતીયા : उभौ, તૃતીયા :– उभाभ्याम्,
ચતુર્થી :– उभाभ्याम्, પંચમી : उभाभ्याम्,
ષષ્ઠી :– उभयोः સપ્તમી :– उभयोः

ન્યાય : अर्थवत् :– ન્યાય :– ૧૪, પૃ. ૧૪.
ન્યાય : लाक्षणिक :– ન્યાય ૧૫, પૃ. ૧૫.

उभय શબ્દમાં દ્વિવચનનો અભાવ છે એ.વ. -બ.વ.નું જ ગ્રહણ છે. उभयः उभये-પ્રયોગમાં - उभयोमणि - એકવચન પ્રયોગ
उभये देवमनुष्या :- બહુવચન પ્રયોગ

[૧૨૧]

(૨૪) मासनिशाऽऽसनस्य शसादौ लुग्वा २/१/१००

★ સૂત્રપૃથ : मास निशा आसनस्य शस्-आदौ लुक् वा

★ વૃત્તિ — शसादौ स्यादौ परे एषां लुग्वा स्यात्। षष्ठ्या निर्दिष्टस्यान्त्यस्य कार्यम्। मासः, मासान्। मासा मासेन।

卐 વૃત્યર્થ : સ્યાદિ સમ્બન્ધિ शस् વગેરે (शस् થી सुप्) પ્રત્યયો मास निशा અને आसन શબ્દને લાગે ત્યારે શબ્દના અન્ત્ય સ્વરનો વિકલ્પે લોપ થાય છે. - ષષ્ઠી વિભક્તિ દ્વારા નિર્દેશેલ અન્ત્યનું કાર્ય થાય છે. પરિભાષા ૭/૪/૧૦૬ 'षष्ठ्यान्त्यस्य'
मास+शस्=मास्+अस् (આ સૂત્રથી વિકલ્પે) =मासः (सोरुः, र पदान्ते) વિકલ્પે मास+शस् =मासान् (शसोऽता सश्च १/४/४९)
मास+टा=मास+इन (टाङसोरिन १/४/५)=मासेन (अवर्णस्य १/२/६) પક્ષે-मास्+आ=मासा

卐 વિશેષ :— 0 शस् થી सुप् એટલે બીજી વિભક્તિ બહુવચન સુધી

સ્ત્રીલિંગે :- निशा+शस्=निश्+अस्=निशः પક્ષે निशाः (समानानां થી દીર્ઘ) નજીકોને

નપુંલિંગ :- आसन+ङि=आसन्+इ=आसनि પક્ષે आसन+इ=आसने -આસન ઉપર

0 બૃહદ્વૃત્તિ ભાગ-૧ પૃ-૧૭-स्यादिनी અનુવૃત્તિ -आदि શબ્દની વ્યવસ્થા વાચિતા થી પ્રાપ્ત છે અથવા તો *1 मण्डुक प्लुति ન્યાયથી પ્રાપ્ત છે.

0 *2 स्यादि કહેવાથી शस् તદ્ધિતનો ન આવે

[૧૨૨]

(૨૫) नाम सिदय्व्यञ्जने १/१ २१

★ સૂત્રપૃથ :— नाम सिद् य-व्यञ्जने

★ વૃત્તિ :— सिति प्रत्यये य वर्ज व्यञ्जनादौ च परे नाम पदं स्यात्

☐ अवर्णे भोरिति रुलोपे माभ्याम्। घुटस्तृतीयः इतिदत्वे माद्भ्याम्। सर्वविभक्तिषु वा लुगिति केचित् माः मासः।

卐 વૃત્યર્થ :— सित् પ્રત્યય અને य સિવાયના આદિ વ્યંજનવાળો પ્રત્યય જે નામ પછી આવે તેને પદ કહેવાય.

★ અનુવૃત્તિ : तदन्तं पदम् १/१/२०

卐 વિશેષ :— सित् - જે પ્રત્યયની સાથે स् અનુબંધ હોય તેને સિત્ પ્રત્યયો કહેવાય
= अय् - य् સિવાયનો વ્યંજન જે પ્રત્યયની આદિમાં હોય તે अय् વ્યંજન
(सि) દા.ત. भवत्+ईयस्= भवत्+ईय (स् इत् છે)= भवदीयः આપનો (धुटस्तृतीः २/१/७६ થી द्)
(अय्) દા.ત. पयस्+भ्याम्=पयोभ्याम् (પદાન્તે થતા स् નો र् सोरुः થી થઈ घोषवति થી उ.
(य) દા.ત. वाच्+यन्ति (वाचम् इच्छन्ती વાણીને ઇચ્છે છે.) અહીં य આદિમાં છે માટે पद् પદ ન થાય
0 આ સૂત્રમાં सित् ગ્રહણ કરીએતો પણ લુપ્ત વિભક્તિનો સ્થાનીવત્ ભાવ માનીને भवदीय પ્રયોગ સિદ્ધ થઈ જાય છે. છતાં ગ્રન્થકાર सित्नुं ગ્રહણ કરીને જણાવે છે કે પ્રત્યય પર છતાં લુપ્ત વિભક્તિ સ્થાનીવત્ ભાવ માનીને પદ સંજ્ઞા થતી નથી.
0 ! सिदय्व्यञ्जने કેમ કર્યું ?
राजानौ राजन्+औ-औ પ્રત્યય છે
0 ! नाम કેમ કર્યું ?
ધાતુમાં ન થાય वच्मि=वच्+मि

★ ઉપવૃત્તિ :— मास्+भ्याम्-આ સૂત્ર થી પદ સંજ્ઞા - मार्+भ्याम् (सोरुः २/१/७२ થી रु-मा+भ्याम् अ वर्ण भो गंगो १/३/२२ થી र् લોપ) माभ्याम्, વિકલ્પે
मास्+भ्याम्=माद्+भ्याम् (धुटस्तृतीयः २/१/७६ થી द्) જો स નો લોપ ન થાય તો मासाभ्याम् (अत आः स्यादौ १/४/१)
0 કેટલાંક આચાર્યો સર્વ વિભક્તિમાં स નો વિકલ્પે લોપ ઇચ્છે છે
ત્યારે :- माः પક્ષે मासः (પ્ર. એ.વ.)

[૧૨૩]

* 1ન્યાય : ધર્મસૂરિનો ઉપકાર ન્યાય ૧૨ પૃ ૧૨ માં मण्डुक प्लुति न्याय
* 2स्यादि : शस् પ્રથમ ગુચ્છક મંજરી ૧ પૃ ૧૫૦

(૨૬) दन्तपादनासिकाहृदयासृग्यूषोदकदोर्ज-कृच्छकृतो दत्पन्नस् हृदसन्यूषन्नुदन्दोष-न्यकञ्शकन्वा २/१/१०१

★ સૂત્રપૃથ :—(૧) दन्त (२) पाद (३) नासिका (४) हृदय (५) असृज् (६) यूष (७) उदक (८) दोस् (९) यकृत् (१०) शकृत् – (१) दत् (२) पद् (३) नस् (४) हृद् (५) असन् (६) यूषन् (७) उदन् (८) दोषन् (९) यकन् (१०) शकन् वा त्रि ५६

★ वृत्ति :— शसादौ स्यादौ परे दन्तादीनां दशानां दत्प्रभृतयो दसादेशाः वा स्युः । दतः दन्तान् । दद्भ्याम् । पदः पादान् । पद्भ्याम् पादाभ्याम् ।

卐 વૃત્યર્થ :— સ્યાદીના शस् વગેરે પ્રત્યયો લાગે ત્યારે दन्त નો दत् पाद નો पद्, नासिका નો नस्, हृदय નો हृद्, असृज् નો असन्, यूष નો यूषन्, उदक નો उदन्, दोस् નો दोषन्, यकृत् નો यकन्, અને शकृन् નો शकन् આદેશ વિકલ્પે થાય છે. दन्त (દાંત)+शस्= (૧) दत+शस्=दत+अस्=दतः વિકલ્પે (૨) दन्त+शस्=दन्तान् (शसोऽतासश्च १/४/४९) दन्त+भ्याम्= (૧) दत+भ्याम्=दद्भ्याम् (धुटस्तृतीयः २/१/७६) પક્ષે (૨) दन्ताभ्याम् (अत आः स्यादौ) એ જ રીતે पाद+शस्=पदः પક્ષે पादान्–પગોને पाद+भ्याम्=पद्भ्याम् પક્ષે पादाभ्याम्

★ અનુવૃત્તિ :— भासनिशाऽसनस्य शसादौ लुग्वा २/१/१०० થી शसदौ स्यादौ

卐 વિશેષ :— 0 शस् વગેરે સ્યાદિની બીજી વિભક્તિ બહુવચન થી સપ્તમી વિભક્તિ બહુવચન
0 નામના રૂપોની સાધનિકાની દૃષ્ટિએ ઉપરોક્ત આદેશોના બે ભાગ પડી શકે
(૧) न् અન્ત્ય હોય તેવા શબ્દો यकन् शकन्
(૨) न् અન્ત્ય ન હોય તેવા શબ્દો दत् થી हृद्
न् અન્ત્યાદેશ વાળા શબ્દોની સાધનિકા નીચેના બે સૂત્રો ૨૭–૨૮ મુજબ થશે.
0 અન્ય ઉદાહરણ :—
नासिका (નાક)+टा=नासिकया પક્ષે नासा સ.એ.વ.– हृदय+ङी=हृदये પક્ષે हृदि–હૃદયમાં

[૧૨૪]

(૨૭) अनोऽस्य २/१/१०८

★ સૂત્રપૃથ :— अनः अस्य

★ વૃત્તિ :— ङ्याम्अघुट् स्वरे च अनोऽस्य लुक् स्यात् । यूष्णः, यूषान् ।

卐 વૃત્યર્થ :—अन् ના अ નો ङी પ્રત્યય અને ઘુટ્ વર્જિત સ્વરાદિ (સ્યાદિ) પ્રત્યયો પરમાં આવે તો લોપ થાય છે.
यूष નો दन्तपद...२/१/१०१ થી यूषन्
0 यूष+शस्=यूषान् (शसोऽता १/४/४९) વિકલ્પે यूषन्+शस् આ સૂત્રથી अ લોપ થતાં यूष्न+अस्=यूष्ण (रषृवर्णान्नो थी ण्)

